ગ્યારવીં શરીફ બગદાદ
બુકિંગ ચાલુ છે.
KAKI FOREX ફોરેન કરન્સી લે-વેચ માટે...
રઝાક એન્ડ સન્સ
કાકીવાલા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
Telefax : 079-26588888
Telefax : 22166666, 22131313 • www.hajindia.com
(M) 9898099980, 9426579900

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily)
ESTABLISHED-1991
AHMEDABAD

વિદેશ મંત્રાલય (હજ સેલ) દ્વારા માન્ય સંસ્થા
મોઈન હજ ટુર્સ
રબીઉલ અવ્વલ ઉમરાહ
ઈરાક (બગદાદ) ઝિયારત
એપ્રિલ વેકેશન ઉમરાહ, રમઝાન ઉમરાહ, હજ-૨૦૧૭ બુકિંગ ચાલુ છે.

Regd. No.Guj.168/2016-2018 Valid up to Dt. 31-12-2018 • તંત્રી : અઝીઝ ટંકારવી • E-mail : gujarattodaydaily@gmail.com • gujarattodaydaily@yahoo.com
News Web : www.gujarattoday.in RNI. No. 48870/91 • વર્ષ-૨૬ અંક-૧૦૯ • ૧૭ સફર હિજરી ૧૪૩૮ • શુક્રવાર તા.૧૮-૧૧-૨૦૧૬ • 18 NOVEMBER 2016 • PAGES 12 • PRICE Rs 4.00

નોટબંધી અંગે મોદીના જવાબની માગ સાથે વિપક્ષે સંસદ ખોરવી

નવી દિલ્હી, તા.૧૭

આજે સંસદના બંને સદનોમાં કાર્ય થયું ન હતું. રાજ્યસભાને ચાર વખત મોકુફ રખાઈ અને લોકસભાને સંપૂર્ણ દિવસ માટે મોકુફ રાખવામાં આવી હતી. વિરોધપક્ષોએ સરકાર ઉપર નોટબંધી મામલે હુમલાઓ ચાલુ રાખ્યા હતા. આજે શિયાળુ સત્રનો બીજો દિવસ હતો.

આજની ઘટનાઓના ૧૦ મુખ્ય મુદ્દાઓ.

૧. રાજ્યસભામાં નોટબંધી માટે બુધવારથી ચર્ચા થવાની હતી. પણ વિપક્ષોએ સૂત્રોચ્ચાર કરી માંગણી કરી કે મોદીએ રાજ્યસભામાં આવીને જવાબ આપવો જોઈએ, અને ચર્ચામાં ભાગ લેવો જોઈએ.

૨. આ દુઃખદ છે કે સરકાર વિપક્ષોની માંગણી પુરી નથી કરતી. નાણાં મંત્રી અરૂણ જેટલી ચર્ચામાં જવાબ આપશે, વિરોધ પક્ષોએ સરકાર ઉપર હુમલો કરી જણાવ્યું કે આ આર્થિક સરમુખત્યાર શાહી છે.

૩. લોકસભામાં ગઈકાલે કોઈ કાર્ય થયું ન હતું. વિરોધપક્ષોએ આજે ૨૧ સભા મોકુફીના પ્રસ્તાવો મુક્યા હતા, જેમાં માંગણી કરવામાં આવી હતી કે બધા કાર્યો ને બાજુમાં મુકીને નોટબંધી માટે ચર્ચા કરવામાં આવે.

૪. સ્પીકર સુમિત્રા મહાજને જણાવ્યું કે એ ચર્ચાની મંજૂરી આપશે પણ જ્યાં સુધી સાંસદો શોરબકોર બંધ નહીં કરે ત્યાં સુધી ચર્ચા શક્ય નથી. જ્યારે શોર બંધ થશે ત્યારે ચર્ચા કરાશે એવું કહીને લોકસભાને આજના દિવસ માટે મુલત્વી રાખી હતી.

૫. અમે બધા મુદ્દાઓ ઉપર ચર્ચા કરવા તૈયાર છીએ. અમારી પાસે છુપાવવા જેવું કંઈ નથી. અમે કોંગ્રેસ પાસેથી સ્પષ્ટતા માંગીએ છીએ કે એ સરકારના નિર્ણયને સમર્થન આપે છે કે નહીં તમને માંગણીઓ કરવાનો અધિકાર છે, અને સરકાર એ બધાના જવાબો આપવા બંધાયેલ છે. કેન્દ્રીય મંત્રી વૈંકૈયા નાયડુએ જણાવ્યું હતું.

૬. તૃણમૂલ કોંગ્રેસ સિવાય કોઈપણ વિરોધ પક્ષે આ નિર્ણય પાછો ખેંચવા માંગણી કરી નથી, પણ એમણે લોકોને પડતી હાલાકી બાબત નારાજગી દર્શાવી છે. જેમણે નોટો બદલવા અને બેન્કમાંથી નાણાં કઢાવવા મુશ્કેલીઓ થઈ રહી છે.

૭. વિપક્ષોએ પણ આક્ષેપો મુક્યા છે કે ભાજપે પોતાના મિત્રોને અગાઉથી જાણ કરી હતી. એમણે જેપીસીની તપાસ માટે માંગણી કરી છે.

૮. સરકારે માહિતી બહાર પાડવાની હકીકતને ખોટું જણાવ્યું હતું. આ બધા આક્ષેપો આધારવિહીન છે. ગયા અઠવાડિયે મોદીએ જાહેરાત કરી બધાને આશ્ચર્યમાં મુક્યા હતાં. જેમણે નોટો રદ કરવાના ઉદ્દેશ્યો જણાવ્યા હતા.

૯. સરકાર તરફે મંત્રીઓ ચર્ચામાં જણાવી રહ્યા હતા કે આ પ્રકારનો કઠોર નિર્ણય દેશ હિત માટે લેવામાં આવ્યો છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય કાળાં નાણાં અને બનાવટી નોટોને ડામવાનો છે. ઈમાનદાર વ્યક્તિઓને એક પણ રૂપિયાનું નુકસાન થવાનું નથી પણ જે લોકો પાસે કાળું નાણું અને મિલકતો છે એમને સહન કરવાનો વારો આવશે. એ સાથે ત્રાસવાદી સંગઠનોને પણ નોટ બંધીના કારણે પોતાની પ્રવૃત્તિઓ બંધ કરવી પડશે.

૧૦. શિયાળુ સત્રની શરૂઆતમાં મોદીએ જણાવ્યું હતું કે હું ચર્ચાઓને જોઈ રહ્યો છું અને મુખ્ય મુદ્દાઓ બાબત ચર્ચાઓ કરવામાં આવશે. હું આશા રાખું છું કે વિપક્ષો મને સહયોગ આપશે, અને બીજા પગલાઓ જેમકે જીએસટી બિલ બાબત અને બીજા આર્થિક સુધારણાઓ માટે સહકાર આપશે.

જેટલીએ નોટબંધી પર વડાપ્રધાનના જવાબની માગણી ઠુકરાવી કહ્યું, નોટબંધીનો નિર્ણય પાછો નહીં જ ખેંચાય

નોટબંધીના મુદ્દે વિપક્ષો સરકારને ભીંસમાં લઈ રહ્યાં છે તો સામે પક્ષે સરકાર પણ મક્કમ બની છે. ગુરવારે નોટબંધી પર વડાપ્રધાનના જવાબની માંગણી ઠુકરાવતાં નાણા મંત્રી અરૂણ જેટલીએ કહ્યું કે વડાપ્રધાન મોદી નોટબંધી પર જવાબ નહીં આપે કે તેઓ સંસદમાં હાજર પણ નહીં રહે. તેમજ નોટબંધીનો નિર્ણય પાછો ખેંચવાનો તો કોઈ સવાલ જ ઉઠતો નથી. રાજ્યસભાની કાર્યવાહી મોકૂફ રહ્યાં પછી સંસદીય બાબતોના મંત્રી વૈકેયા નાયડુએ કહ્યું કે વડાપ્રધાનના જવાબનો કોઈ સવાલ ઉપસ્થિત થતો નથી પરંતુ ગૃહના નિયમો અનુસાર નોટબંધીના મુદ્દે સરકાર વતી કોઈ સંબંધિત મંત્રી જવાબ આપશે. નાયડુએ કહ્યું કે લોકોને જે પ્રકારની અગવડો પડી રહી છે તેનું સમાધાન લાવવા માટે સરકાર પ્રયાસ કરી રહી છે. રાજ્યસભામાં સરકાર વતી જવાબ આપતાં નાણા મંત્રી અરૂણ જેટલીએ ભારપૂર્વક કહ્યું કે સરકાર આ માંગણી પર કોઈ જવાબ આપશે નહીં કે વડાપ્રધાન મોદી ગૃહમાં હાજર પણ રહેશે નહીં. જેટલીએ કહ્યું કે નોટબંધીનો નિર્ણય પાછો ખેંચવાનો તો કોઈ સવાલ જ ઉઠતો નથી. કેટલાક ચોક્કસ લોકોને નોટબંધીની આગોતરી જાણ કરી દેવામાં આવી હતી તેવા વિપક્ષના આક્ષેપ નકારી કાઢતાં જેટલીએ સંયુક્ત સંસદીય સમિતિની તપાસની માંગણી પણ ઠુકરાવી દીધી હતી. જેટલીએ કહ્યું કે આગામી થોડા દિવસોમાં હાલત સામાન્ય બની જશે કારણ કે રિઝર્વ બેન્ક પાસે પર્યાપ્ત માત્રામાં પૈસા ઉપલબ્ધ છે.

CELEBRATING EXCELLENCE 26 years GT

અલ ઈમાદ ટુર્સ & ટ્રાવેલ્સ
વેકેશન ઉમરાહ · રમઝાન ઉમરાહ
અમદાવાદ થી અમદાવાદ
9925791991, 7043191991

અલ અખ્તર ટુર્સ & ટ્રાવેલ્સ
ઈદે મીલાદ મદીના શરીફ માં

અલ્હાજ સાજીદ રોલવાલા
9825465965, 9712965965
અલીફ ટુર્સ ઓફ ઈન્ટરનેશનલ
ઉમરાહ-૨૦૧૭ દિન-૧૬ બુકીંગ ચાલુ છે
૨-ડિસે.૧૬, ૨૫ જાન્યુ-૨૦-એપ્રિલ-૧૭
હજ-રમઝાન ઉમરાહ-૨૦૧૭
૮, નગીના ટાવર, નગીના મસ્જિદ પાસે, નાડીયાવાડ, જમાલપુર, અમદાવાદ-૧

ઉરી હુમલા કરતાં તો નોટબંધીને કારણે વધારે લોકોનાં મોત થયા : ગુલામનબી આઝાદ

નવી દિલ્હી તા. ૧૭

વિપક્ષો નોટબંધીના મુદ્દે સંસદના બન્ને ગૃહોમાં સરકારને ભીંસમાં લઈને તેની ઉગ્ર આલોચના કરી રહ્યાં છે. નોટબંધી પર રાજ્યસભામાં આજની ચર્ચા દરમિયાન કોંગ્રેસના સીનિયર નેતા ગુલામ નબી આઝાદે એવું જણાવ્યું કે ઉરી હુમલા કરતાં તો નોટબંધીને કારણે વધારે લોકોનો મોત થયાં છે. લોકોને પડી રહેલી અવગડ તરફ ધ્યાન દોરતાં આઝાદે કહ્યું કે નોટબંધીને કારણે ઘણા લોકો મોતને ભેટ્યાં છે. મૃત્યુ પામનાર લોકોની સંખ્યા વધીને ૪૦ થઈ છે. અરે, ઉરી આતંકવાદી હુમલામાં તો આનાથી અડધા ભાગના લોકોનો મોત થયાં હતા. સરકારની ખોટી નીતિઓને કારણે આવું બન્યું છે. જોકે સંસદીય બાબતોના મંત્રી વૈકેયા નાયડુએ ગુલામ નબી આઝાદની આવી ટીપ્પણી પર તેમને આકરો ઠપકો આપતાં એવું જણાવ્યું કે આઝાદની ટીપ્પણી જુલમી અને ભયંકર છે અને તેઓ આવી તુલના કેવી રીતે કરી શકે. તેમણે કહ્યું કે નોટબંધીના નિર્ણયને તમે પાકિસ્તાન સાથે કેવી રીતે સરખાવી શકો. નાયડુએ કહ્યું કે

તમે પાકિસ્તાનને પ્રમાણપત્ર આપી રહ્યાં છો. વળતાં જવાબમાં આઝાદે કહ્યું કે હું તો ફક્ત તમારા આપેલા આંકડાઓ જણાવી રહ્યો છું. નોટબંધી પર ચર્ચા ચાલુ રહેવાની હતી પરંતુ વિપક્ષોએ એકસૂરે એવી માંગણી કરી જો વડાપ્રધાન મોદી ગૃહમાં હાજર રહીને જવાબ આપે તો જ રાજ્યસભાની કાર્યવાહી ચાલવા દેવામાં આવશે. જોકે સરકાર વતી નાણા મંત્રી અરૂણ જેટલીએ નમતું ન જોખીને ભારપૂર્વક કહ્યું કે સરકાર આ માંગણી પર કોઈ જવાબ આપશે નહીં કે વડાપ્રધાન મોદી ગૃહમાં હાજર પણ રહેશે નહીં. જેટલીએ કહ્યું કે નોટબંધીનો નિર્ણય પાછો ખેંચવાનો તો કોઈ સવાલ જ ઉઠતો નથી.

સામાન્ય માનવીઓને વધુ એક ફટકો : ચાર હજારને બદલે માત્ર ૨૦૦૦ની જ જૂની નોટો બદલી અપાશે

જૂની નોટોની મર્યાદામાં ઘટાડો, લગ્નખર્ચ માટે અઢી લાખ સુધીની રકમ અને ખેડૂતો ૨૫ હજાર ઉપાડી શકશે

નવી દિલ્હી તા. ૧૭

નોટબંધીના નિર્ણય પછી સરકારે ફરી એક વાર ખેડૂતો અને લોકોને રાહત આપતાં કેટલાક પગલાંઓની જાહેરાત કરી છે જે અનુસાર ૫૦૦ અને ૧૦૦૦ ની જુની નોટો બદલવાની મર્યાદા ફક્ત રૂ. ૨૦૦૦ સુધીની કરી દેવામાં આવી છે.

મહત્વની ૧૦ વાતો

૧. શુક્રવારથી ૪૦૦૦ ને બદલે ફક્ત ૨૦૦૦ ની જુની નોટો બદલી આપવામાં આવશે. આર્થિક સચિવ શશીકાંત દાસે કહ્યું કે તેનાથી વધારે લોકો નોટો બદલાવી શકશે.

૨. હજુ તો ચાર દિવસ પહેલા જ રૂ. ૪,૦૦૦ રકમ ઉપાડવાની જાહેરાત કરવામાં આવી, ઘણા લોકોએ આ પગલાંનું સ્વાગત કર્યું કારણ કે તેનાથી લોકો વારંવાર બેન્કોમાં આવતા અટકશે.

૩. લોકો લગ્નખર્ચ માટે અઢી લાખ સુધીની રકમ ઉપાડી શકાશે.

૪. ખેડૂતો ખાતર અને બિયારણ ખરીદવા માટે તેમને આપવામાં આવેલી લોનની સામે એક અઠવાડિયામાં ૨૫,૦૦૦ ની રકમ ઉપાડી શકશે.

૫. શાકભાજનો જથ્થાબંધ વેપાર કરતાં લોકો એક અઠવાડિયામાં ૫૦,૦૦૦ ની સુધીની રકમ ઉપાડી શકે છે

૬. ખેડૂતો ખેતીની ઉપજ પેટે મળતાં ચેક દ્વારા એક અઠવાડિયામાં ૨૫,૦૦૦ ઉપાડી શકે છે.

૭. પાક વીમા પર વીમાના પ્રીમિયમની

ચુકવણીની સમય મર્યાદામાં ૧૫ દિવસનો વધારો કરવામાં આવ્યો

૮. સરકારી કર્મચારીઓ પાસે રોકડમાં એડવાન્શ પગાર મેળવવાનો વિકલ્પ ઉપલબ્ધ રહેશે.

૯. સરકારે અચાનક જ નોટબંધીનો નિર્ણય જાહેર કરતાં દેશના હજારો લોકોએ બેન્કો અને એટીએમમાં ઘસારો કર્યો હતો.

૧૦. ૮ નવેમ્બર પછી સરકારે લોકો પરનું ભારણ ઘટાડવા માટે વધારાના કેટલાક પગલાંની જાહેરાત કરી છે.

૫૦૦ની નોટ ફેંકી દઈ ડોક્ટરે સારવાર માટે દર્દીને મોદી પાસે જવા કહ્યું

ભોપાલ તા. ૧૭

મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં એક હોસ્પિટલમાં સારવાર કરાવવા આવેલા એક દર્દીએ ડોક્ટરને જ્યારે ૫૦૦ રૂપિયાની જુની નોટ આપવાની વાત કરી ત્યારે દર્દીનો જવાબ સાંભળતા ભડકેલા ડોક્ટરે નોટ સ્વીકારવાને બદલે દર્દીને સારવાર માટે વડાપ્રધાન મોદી પાસે જવાનું જણાવ્યું હતું. આરોપ છે કે ડોક્ટરે દર્દીને આપેલે નોટ સ્વીકારવનો ઈન્કાર કર્યો અને દર્દીને સારવાર માટે મોદી પાસે જવાનું કહ્યું હતું. ડોક્ટરનો જવાબ સાંભળીને ફરિયાદી આર કે શિવહરે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. શિવહરે એવો આક્ષેપ કર્યો કે હું મારા પુત્રને લઈને ડોક્ટર મુકેશ ચંગુલાણીના દવાખાને ગયો હતો જ્યાં ડોક્ટરે ૫૦૦ ની નોટ ફેંકી દીધી હતી અને મને કહ્યું હતું કે જાઓ વડાપ્રધાન મોદી પાસે જઈને સારવાર કરાવો. શિવહરેએ વધુમાં કહ્યું કે મેં ડોક્ટરને કહ્યું હતું કે દવાખાનામાં જુની નોટો સ્વીકારવા માટે સરકારે આદેશ આપ્યો છે. મારી વાત સાંભળતાં ડોક્ટરે મારી સાથે ગેરવર્તાવ કર્યો અને મને દવાખાનાની બહાર કાઢી મૂકવામાં આવ્યો. ત્યાર બાદ શિવહરેએ જિલ્લા કલેક્ટર અને પોલીસ અધિક્ષકનો સંપર્ક સાધ્યો હતો અને ડોક્ટરની ફરિયાદ કરી હતી. જોકે ડોક્ટરે એવો આગ્રહ કર્યો કે હું ખાનગી ડોક્ટર છું અને તેથી ઈમરજન્સી સેવાના વ્યાપમાં આવતો નથી.

નોટબંધીનો નિર્ણય પાછો ખેંચવા સરકારને મમતા-કેજરીવાલનું ત્રણ દિવસનું અલ્ટીમેટમ

મમતા અને કેજરીવાલે દિલ્હીમાં એક સાથે રેલી યોજી • મમતાએ કહ્યું પહેલાં ૪૫૦૦ અને હવે ૨૦૦૦, વડાપ્રધાનના મગજમાં ચાલી શું રહ્યું છે ?

નવી દિલ્હી તા. ૧૭

વિપક્ષો સડકમાંથી માંડીને સંસદ સુધી નોટબંધીના સરકારના નિર્ણયનો વિરોધ કરી રહ્યાં છે. નોટબંધીના મુદ્દે એક બાજુ સંસદના બન્ને ગૃહોની કાર્યવાહી સમગ્ર દિવસ દરમિયાન ઠપ્પ રહી તો પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સાથે મળીને એક રેલી યોજીને વડાપ્રધાન મોદી પર ઉગ્ર હુમલો કર્યો. દિલ્હીના આઝાદપુર મંડિમાં એક રેલીને સંબોધિત કરતાં મમતા બેનરજીએ નોટબંધીનો નિર્ણય પાછો ખેંચવા સરકારને ત્રણ દિવસનું અલ્ટીમેટમ આપ્યું હતું. મમતા બેનરજીએ એવી દલીલ કરી કે નોટબંધીના પગલાંને કારણે ભારત ૧૦૦ વર્ષ પાછળ ધકેલાયું છે. અરે કટોકટી કાળમાં પણ આવી સ્થિતિ થઈ નહોતી. મોદી પર કટાક્ષ કરતાં બેનરજીએ કહ્યું કે આજકાલ તો લોકો કેટલાક દેશોમાં ફરી આવ્યાં હોવાથી પ્લાસ્ટિકના ચલણની વાતો કરી રહ્યાં છે

પરંતુ તેમને અર્થતંત્રની શું ખબર, અહિં તો લોકો મરી રહ્યાં છે અને તેઓ એવું જણાવી રહ્યાં છે કાળા નાણા પર સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવી છે. મમતાએ કહ્યું કે લોકોની મુશ્કેલીઓ જાણવા વડાપ્રધાને ખુદ લાઈનમાં ઊભા રહેવું જોઈએ. જોકે તેમણે એવો પણ ખુલાસો કર્યો કે હું કાળા નાણાની વિરૂદ્ધમાં છું પરંતુ સરકારે જે રીત અપનાવી છે તે મંજૂર નથી. મંચ પર મમતાને સાથ આપતાં કેજરીવાલે કહ્યું કે નોટબંધી સ્વતંત્ર ભારતનું સૌથી મોટું કૌભાંડ બન્યું છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન મોદી રૂ. ૧૦ કરોડની રકમ જમા કરાવનારા લોકોની ૮ લાખ કરોડની લોન માફી કરી દેશે. અત્યાર સુધી લાઈનમાં ઊભા રહેલા લગભગ ૪૦ લોકોના મોત થયાં છે. શું મોદીના મત પ્રમાણે આ દેશભક્તિ છે. સામાન્ય લોકોના મોત માટે કોણ જવાબદાર છે. દિલ્હીના વેપારીઓ વિશે વાત કરતાં કેજરીવાલે આગળ કહ્યું કે નોટબંધીના નિર્ણય પહેલા આઝાદપુર મંડિ શાકભાજી અને ફળોથી ધમધમી રહેલું એક મોટું માર્કેટ હતું પરંતુ જ્યારથી નોટબંધી કરવામાં આવી ત્યારથી અહિં કાગળ ઉડી રહ્યાં છે. બજારમાં પૈસા ફરતા અટકી ગયા છે. કેજરીવાલે કહ્યું કે અમે ભ્રષ્ટાચારની સામે ઉગ્ર લડાઈ લડી રહ્યાં છીએ. નોટબંધી ૮ લાખ કરોડનું કૌભાંડ છે. તેમણે કહ્યું કે મોદીએ દેશ સાથે છેતરપિંડી કરી છે. રેલીમાં મમતાએ કહ્યું કે અમે સરકારને નોટબંધી પાછી ખેચવા માટે ત્રણ દિવસનો સમય આપીએ છીએ. જો ત્રણ દિવસમાં નોટબંધીનો નિર્ણય પાછો નહીં ખેંચાય તો અમે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવાનું ચાલુ રાખીશું.

ઉત્તરપ્રદેશની ચૂંટણીઓમાં

જો તમે BSPને મત નહીં આપો તો એક પણ મુસ્લિમ ધારાસભ્ય નહીં રહે : નસીમુદ્દીન સિદ્દીકીની ચેતવણી

(એજન્સી) રાયબરેલી, તા.૧૭

BSPના સેક્રેટરી નસીમુદ્દીન સિદ્દીકીએ મુસ્લિમ બહુમતી ધરાવતા ગામમાં ચૂંટણીલક્ષી સંબોધન કરતાં કહ્યું કે, માયાવતીએ તમને લોકસભાની ચૂંટણી વખતે વિનંતી કરી હતી કે કોંગ્રેસ અથવા સમાજવાદી પક્ષને મત આપી મત બગાડશો નહીં પણ તમોએ ધ્યાન આપ્યું નહીં એનું પરિણામ એ આવ્યું કે એક પણ મુસ્લિમ સાંસદ ઉત્તરપ્રદેશમાંથી ચૂંટાયો નહીં અને હવે પણ વિધાનસભામાં તમારા મતોનું વિભાજન થશે તો એક પણ મુસ્લિમ ધારાસભ્ય વિધાનસભામાં નહીં હોય. સિદ્દીકીને મુસ્લિમોનો ચહેરો માનવામાં આવે છે. એ પક્ષના ઉમેદવારના સમર્થનમાં સંબોધન કરી રહ્યા હતા. એમણે કહ્યું કે, અમે દલિતો અને મુસ્લિમોને ભેગા કરવાના પ્રયાસો કરી રહ્યા છીએ. લઘુમતી કોમના સમર્થનથી જ અમે આ પહેલાં શાસન કરી શકયા હતા. એમણે દાવો કર્યો કે ભાજપના શાસનમાં દલિતો અને મુસ્લિમો ઉપર અત્યાચારો થઈ રહ્યા છે. ઘરવાપસી, લવજીહાદ, ગૌમાંસ અને ગૌરક્ષાના નામે મુસ્લિમો ઉપર હુમલાઓ કરવામાં આવી

રહ્યા છે. એમણે ઉનાની ઘટનાઓનો હવાલો આપ્યો હતો. એમણે કહ્યું કે, સમાજવાદી પક્ષના શાસનમાં ૪૦૦ કોમી રમખાણોના બનાવો બન્યા હતા જે ભાજપ અને એસપી દ્વારા પ્રેરિત હતા. જ્યાં સુધી ભાજપ હશે ત્યાં સુધી એસપી હશે અને આ ચૂંટણીઓમાં બન્નેનો સફાયો થશે. એમણે મુસ્લિમોને વિનંતી કરી કે તમે એસપીનો સાથ છોડો. તમે છેલ્લા ૨૦ વર્ષથી એમને સમર્થન આપો છો પણ તમને શું મળ્યું ? આજે પણ તમારી ફરિયાદો એમની એમ જ છે. એમાં કોઈ ફેર પડયો નથી. ઉત્તરપ્રદેશમાં મુસ્લિમો ૨૦ ટકા છે અને દલિતો ૨૪ ટકા છે. સરકાર બનાવવા માટે ૩૦ ટકા મતોની જરૂર રહે છે. જો મુસ્લિમો અને દલિતો ભેગા થાય તો એમની સરકાર બની શકે છે.

કરન્સી માર્કેટ

US.ડોલર	૬૭.૯૦
પાઉન્ડ	૮૪.૫૧
યુરો	૭૨.૫૯
યેન	૬૨.૦૮
સઉદી રિયાલ	૧૮.૧૦

ક્યા બાત હૈ ?!

નોટબંધીના આઠ દિવસમાં લગભગ ૪૭ લોકોનાં મોત

નવી દિલ્હી તા. ૧૭

૫૦૦ અને ૧૦૦૦ ની નોટોને ચલણમાંથી નાબૂદ કર્યાંના આઠ દિવસ પછી લગભગ ૪૭ જેટલા લોકો એક યા બીજી રીતે મોત પામ્યાં છે જેમાં કોઈકે આત્મહત્યા, કોઈને હાર્ટ એટેકેનો હુમલો કે પછી હોસ્પિટલની બેદરકારી કે આવેશમાં આવી જઈને ખૂન જેવી ઘટનાનો સામેલ છે. વડાપ્રધાન મોદીએ નોટબંધીની જાહેરાત કરી તે પછી એકલા યુપીમાં જ ૧૧ લોકો મોતને ભેટ્યાં છે, આસામ, મધ્યપ્રદેશ, ઝારખંડ અને ગુજરાતમાં એક-એક વ્યક્તિનું મોત થયું છે. ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, દિલ્હી, છત્તીસગઢ, રાજસ્થાન અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં પણ મોતની ઘટના બની છે. પહેલા તો મુંબઈમાં એક દવાખાનામાં ડોક્ટરે જુની નોટો ન સ્વીકારતાં એક નવજાત બાળકનું મોત થયું હતું ત્યાર બાદ પણ દેશભરમાં નોટબંધીને કારણે લોકોનો મોત થઈ રહ્યાંની ઘટના બની રહી છે અને છેલ્લી માહિતી અનુસાર કુલ ૪૭ લોકોના મોત થયાં છે. છેક છેલ્લે છત્તીસગઢના રાયગઢમાં છેલ્લા બે દિવસથી નોટો બદલવા લાઈનમાં ઊભા રહેલા ૪૫ વર્ષીય એક ખેડૂતે આત્મહત્યા કરી લીધી છે. મૃતક ખેડૂત પોતાની જુની નોટો બદલવા માટે છેલ્લા બે દિવસથી લાઈનમાં ઊભો રહ્યો હતો તેમ છતાં પણ તેનું કામ થયું નહોતું પરિણામે લાગી આવતાં તેણે આત્મહત્યા કરી લીધી હતી. હૈદરાબાદમાં પણ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાની એક શાખામાં રોકડ રકમ જમા કરાવવા આવેલા ૭૮ વર્ષીય એક જૈફ વયની વ્યક્તિને હાર્ટ એટેકે આવતાં તેનું મોત નીપજ્યું હતું.

કાશ્મીર : ધોરણ પથી ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓને સામૂહિક રીતે પ્રમોશન અપાશે

સરકારની જાહેરાત

(એજન્સી) શ્રીનગર, તા.૧૭

જમ્મુ-કાશ્મીર રાજ્ય સરકારે ધોરણ ૮,૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ માટે સરકારની શાળાઓ અને સરકાર માન્ય ખાનગી શાળાઓને બીજા ટર્મની પરીક્ષાઓમાંથી મુક્તિ આપવાની જાહેરાત કરી છે. સરકારે જણાવ્યું કે, ધો.પથી ૮ના વિદ્યાર્થીઓને ફેલ નહીં કરવાની નીતિને ચાલુ રાખવામાં આવશે. રાજ્ય સરકારના શિક્ષણ બોર્ડે આદેશ બહાર પાડયો છે કે, ધો.પથી ૯ અને ધો.૧૧ના બધા વિદ્યાર્થીઓને સામૂહિક રીતે આગલા વર્ગમાં પ્રવેશ આપવામાં આવશે. જેના પરિણામે નવા શૈક્ષણિક વર્ષથી શાળાઓમાં નવા વર્ષની શરૂઆત થશે. સરકારે ઓર્ડર નં.૩૩પ-એક્યુ-૨૦૧૬ તા.૧૬-૦૯-૨૦૧૬ બહાર પાડયો હતો જેમાં કોઈને પણ નાપાસ કરવાની નીતિ જાહેર કરાઈ હતી જે આવતા વર્ષ ૨૦૧૭થી અમલમાં આવશે.

રામગોપાલ યાદવની હકાલપટ્ટી રદ, દરેક હોદ્દા પાછા મળ્યા

(એજન્સી) લખનૌ, તા.૧૭

ગત દિવસોમાં સપામાંથી રામ ગોપાલ યાદવની પાર્ટીમાંથી હકાલપટ્ટી કરવામાં આવી હતી. પરંતુ આજ તરત જ પાછી પક્ષમાં ખેંચી લેવામાં આવી હતી. આની સાથે જ તેમને તેમના દરેક હોદ્દાઓ પાછા આપી દેવામાં આવ્યા છે. પાર્ટીના અધ્યક્ષ મુલાયમસિંહ યાદવે ગુરૂવારે આ ઘટના સંબંધિત માહિતી આપતો પત્ર રજૂ કર્યો. જેમાં લખ્યું હતું કે પ્રો.રામ ગોપાલ યાદવની સપામાંથી જે હકાલપટ્ટી કરવામાં આવી હતી તેને ઝડપી અસરોને કારણે ખંડિત કરવામાં આવી છે. પ્રોફેસર રામ ગોપાલ યાદવ રાજ્યસભામાં સમાજવાદી પાર્ટી સંસદીય દળના નેતા, પાર્ટીના મહાસચિવ અને પ્રવક્તાની સાથે પાર્ટીના કેન્દ્રિય સંસદીય બોર્ડના સભ્યના રૂપે કામગીરી કરતાં રહેશે. રામ ગોપાલ યાદવની ૨૩ ઓક્ટોબરે સપામાંથી છ વર્ષ માટે હકાલપટ્ટી કરવામાં આવી હતી. પાર્ટીના અધ્યક્ષ શિવપાલ યાદવે મુલાયમસિંહ તરફથી પોતે જાહેરાત કરી હતી. તેમના પર પાર્ટીના વિરોધની ગતિવિધિઓનો આરોપ લગાવતા આ નિર્ણય સંભળાવવામાં આવ્યો હતો. બરતરફીને પાછી ખેંચતા રામ ગોપાલે કહ્યું નેતાજીની કૃપા છે કે એમણે મને પાછો લઈ લીધો. મેં ક્યારેય મારી જાતને પાર્ટીથી અલગ સમજી જ નથી. તેમણે તેમ પણ કહ્યું કે નેતાજી ક્યારેય મારી વિરૂદ્ધમાં હતા જ નહીં.

નોટો રદ કર્યા વગર પણ કાળાં નાણાંને નાથવાના અનેક રસ્તા : રઘુરામ રાજન

મુંબઈ,તા.૧૭

ભારતીય રિઝર્વ બેંકના પૂર્વ ગવર્નર રઘુરામ રાજને જણાવ્યું હતું કે કાળાં નાણાંને નાથવા માટે રૂપિયા ૫૦૦ અને રૂપિયા ૧૦૦૦ની ચલણી નોટો રદ કરવા સિવાય પણ અનેક રસ્તાઓ છે. રાજને લલિત દોશી સ્મૃતિ વાર્ષિક વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે કાળું નાણું બહાર કઢાવવા જૂની ચલણી નૉટ્સ રદ કરવાની પ્રથા ભૂતકાળમાં યોગ્ય ગણાતી હતી, પરંતુ તેના અન્ય વિકલ્પ પણ છે. તેમણે જણાવ્યું હતું કે જૂની ચલણી નોટો રદ કરવાથી શ્રીમંત લોકોએ જાહેર કરવું પડે છે કે પોતાની પાસે રૂપિયા દસ કરોડ રોકડા ક્યાંથી આવ્યા? કાળું નાણું પકડવા આ રીત સામાન્ય છે. હું કાળાં નાણાંનું દૂષણ નાથવા અન્ય હોશિયારીભરી યુક્તિ વાપરવામાં માનું છું. ભારતીય રિઝર્વ બેંકના ભૂતપૂર્વ ગવર્નર રઘુરામ રાજને જણાવ્યું હતું કે હું જાણું છું કાળું નાણું પકડવાનું કામ સરળ નથી. કાળા નાણાંનો સંગ્રહ કરનારા લોકો પોતાની પાસેના કાળાં નાણાંનું નાની નાની રકમમાં વિભાજન કરે છે અને તેને સગેવગે કરે છે. જે લોકોને કાળાં નાણાં ધોળાં કઈ રીતે કરવા એ સમજાતું નથી, તેઓ મંદિરોની દાનપેટીમાં પણ નાખી દે છે. રાજને જણાવ્યું હતું કે અમુક લોકો કાળાં નાણાંનું સોનું ખરીદી લે છે અને તેથી તેઓને પકડવા મુશ્કેલ છે. હું કાળાં નાણાંના ઉત્પાદન અને તેને જાળવી રાખવામાં સહાયરૂપ થતાં 'પ્રોત્સાહનો' બંધ કરાવવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં માનું છું. રાજને જણાવ્યું હતું કે ભૂતકાળમાં યુરોપિયન મોનેટરી યુનિયનના સભ્ય રાષ્ટ્રોએ યુરોને ચલણ તરીકે અપનાવ્યું ત્યારે લોકોને જૂની ચલણી નૉટો વટાવીને યુરો લેવા સમય અપાયો હતો. ઝિમ્બાબ્વે, મ્યાનમાર, ફિજી, સિંગાપોર અને ફિલિપાઈન્સ સહિતના અનેક દેશે પોતાનું ચલણ રદ કરીને નવું શરૂ કર્યું હતું.

લ્યો.. હવે નાણામંત્રી કહે છે કે ૧૦૦૦ની નવી નોટ નહીં આવે

અગાઉ નાણાં સચિવે કહ્યું હતું કે, ૧૦૦૦ની નવી નોટ બજારમાં લવાશે: સરકારમાં સંકલન જેવું છે કે નહીં??

નવી દિલ્હી,તા.૧૭

એક તરફ ૫૦૦-૧૦૦૦ની નોટ બંધ થવાથી પ્રજા પરેશાન થઈ રહી છે ત્યારે સરકાર રોજ રોજ નવા નિયમોની ઘોષણા કરી રહી છે. હવે નાણામંત્રી અરૂણ જેટલીએ જાહેરાત કરી છે કે ૧૦૦૦ની નોટ હાલમાં લાવવાનો સરકારનો કોઈ જ પ્લાન નથી. નોટબેન બાદ આર્થિક બાબતોના સચિવ શક્તિકાંત દાસએ કહ્યું હતું કે, સરકાર જલ્દી જ નવા ડિઝાઈનમાં ૧૦૦૦ની પણ નોટ બજારમાં લાવશે. પરંતુ આજે જેટલીએ આ તમામ અટકળો પર પૂર્ણવિરામ મૂકી દીધું છે. આ ઉપરાંત જેટલીએ કહ્યું છે કે શુક્રવારથી પ્રજાની હેરાનગતિ દૂર થઈ જશે. કારણ કે દેશભરના વધુ ૨૨,૫૦૦ એટીએમમાં ૫૦૦ અને ૨૦૦૦ની નોટ પણ મળવા લાગશે.તેમણે જણાવ્યું છે કે હાલમાં દેશના ૨ લાખ એટીએમમાં પહેલેથી જ નવી ચલણી નોટો છે જ. અને આજથી વધુ ૨૨,૫૦૦ એટીએમ નવી નોટો આપશે.

ચલણ વિમુદ્રીકરણ : આ બે આંકડા દર્શાવે છે કે ચલણ પ્રતિબંધની ભારતના સમૃદ્ધ અને ગરીબ લોકો પર શું અસર થઈ છે ?

(એજન્સી) તા.૧૭

વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલ આશ્ચર્યજનક જાહેરાત બાદ આ અસ્તવ્યસ્ત દિવસોમાં, બે આંકડાઓએ રાષ્ટ્રવ્યાપી જાહેર ધ્યાન ખેંચ્યું છે (ઓછામાં ઓછા આ તબક્કે). પ્રથમ આંકડો ૪૭ છે અને બીજો આંકડો ૫૫૦ છે.

આ બે આંકડા શું છે?

વેલ, ૪૭નો આંકડો એ ચલણ રદ કર્યા પછી સમગ્ર ભારતમાં ફેલાયેલ અંધાધૂંધી સાથે જોડાયેલ છે. તાજેતરની ગણતરી મુજબ મોટે ભાગે વૃદ્ધ લોકો જેઓ બેંક ખાતાઓ માથી નાણાં લેવા કે તેમના પોતાના ૫૦૦ અને ૧,૦૦૦ રૂપિયાની જૂની નોટો બદલવા માટે કતારોમાં ઊભા હતા તેઓ રાહ જોતા જોતાં મૃત્યુ પામ્યા હતા. વાસ્તવિક રીતે મૃત્યુના આ આંકડા ઉચ્ચ અથવા ઓછા હોઈ શકે છે કારણ કે ત્યાં કોઈ ચોક્કસ મીડિયા અહેવાલો નથી.

જ્યારે બીજો આંકડો ૫૫૦ એ રૂપિયા ૫૫૦ કરોડનો ઉલ્લેખ કરે છે.

અને આ નાણાં એક લગ્નમાં કે જેમાં બંને ભાજપ અને કોંગ્રેસના રાજકારણીઓએ હાજરી આપી હતી તેમાં વાપરવામાં આવ્યા છે. આ રકમ કર્ણાટકના રાજકારણી અને ખાણકામના કિંગ, જી જનાર્દન રેડ્ડીએ તેમની એક માત્ર પુત્રી, બ્રાહ્મીના ભવ્ય લગ્નમાં ખર્ચ્યા છે. રેડ્ડીએ તેમની પુત્રીને એક મહેલ પણ ભેટમાં આપ્યો છે.

આ બે ઉદાહરણો દર્શાવે છે અને આ બે આંકડા નિરૂપણ કરે છે કે કેવી રીતે સમૃદ્ધ અને આ સમાજમાં ગરીબ લોકોને મોદીના ઐતિહાસિક ચલણ રદ કરવાના નિર્ણયની અસર થઈ છે. ૪૭ સામાન્ય નાગરિકો કતારોમાં ઊભા રહીને મૃત્યુ પામ્યા છે અને રેડ્ડીના લગ્ન ધામધુમથી થાય છે. આ આંકડા અમને જણાવે છે કે કેવી રીતે 'સમૃદ્ધ અને શક્તિશાળી' લોકોને આ નિર્ણયની કોઈ અસર થઈ નથી અને કેવી રીતે એક સામાન્ય માણસ, કે જનતા જનાર્દન, જે વાસ્તવિક રીતે બલીનો બકરો બની ગઈ છે.

રેડ્ડી આ દેશમાં સમૃદ્ધ અને રાજકીય રીતે શક્તિશાળી માનવીનું પ્રતિક છે અને આ લોકોજ સામાન્ય માણસો માટે નિયમો બનાવે છે. આ એક એવી ક્લબનું પ્રતીક છે કે આ ક્લબને મોદીના ચલણ પ્રતિબંધ વિશે ક્યારેય હેરાનગતિ થઈ નથી.

રેડ્ડીએ કેવી રીતે તેમની પુત્રીના આ ભવ્ય લગ્ન માટે ૫૫૦ કરોડની વ્યવસ્થા કરી હશે? જો તેઓએ આ સમગ્ર રકમ પ્લાસ્ટિક ચલણ અથવા ઈલેક્ટ્રોનિક ચલણમાં વાપરી છે તો રેડ્ડી પાસે એનો જવાબ હોવો જ જોઈએ કે કેવી રીતે ભારતમાં કેશલેસ અર્થતંત્ર લાગુ કરી શકાય. માટે તેઓને કેન્દ્રીય નાણા પ્રધાન કે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ગવર્નર બનાવવા જોઈએ. કારણ કે સમગ્ર દેશ આ સ્થિતિમાં આ ધ્યેય હાંસલ કરવા માટે સંઘર્ષ કરી રહ્યો છે.અને જો રેડ્ડીએ આ ખર્ચ રોકડમાં કર્યો છે અને ધારો કે માત્ર ૧૦૦ કરોડ રૂપિયા તેઓએ રોકડ ખર્ચ કર્યા છે તો તેનો અર્થ એ થાય કે રેડ્ડીએ ચલણ પ્રતિબંધ પહેલાં તેના ગુપ્ત ચેમ્બરમાં આ નાણાંનો સંગ્રહ કર્યો હતો. તો પછી પ્રશ્ન એ ઊભો થાય છે કે : કેવી રીતે રેડ્ડીએ ૧૦૦ કરોડ રૂપિયા કે તેથી વધુનું નવા ચલણ મળ્યું હતું. જ્યારે સામાન્ય માણસ નવી ચલણી નોટોની એક ઝલક મેળવવા અથવા તો જૂની ૧૦૦ રૂપિયાની નોટ મેળવવા માટે ફાંફા મારી રહ્યો છે તો તેઓ પાસે આ જંગી નાણાંની વ્યવસ્થા કેવી રીતે થઈ હશે?

શું કોઈ બેન્કરે અથવા સરકારના તેમના બાળપણના મિત્રએ રેડ્ડીને મદદ કરી હશે?

તેનો જવાબ માત્ર આવકવેરા વિભાગ, પોલીસ, ફાઈનાન્સિયલ ઈન્ટેલિજન્સ યુનિટ અને છેવટે, નરેન્દ્ર મોદીની સરકારે આપવું જોઈએ. અને તે માત્ર રેડ્ડી માટે જ મર્યાદિત નથી; પરંતુ બધા કિસ્સાઓમાં સમાન જ પગલાં લેવા જોઈએ અને તપાસ થવી જોઈએ અને દોષિતને કાયદા સમક્ષ લાવવા જોઇએ.

પરંતુ, તર્ક એ કહે છે કે જે મુશ્કેલીઓ સામાન્ય માણસને લાગુ પડે છે તેવી જ મુશ્કેલીઓ રેડ્ડીને કેમ લાગુ પડી નથી, જો નિયમો દરેક નાગરિક માટે સમાન હોય તો પછી આ ભેદભાવ કેવી રીતે થાય છે?

સરકાર પોતે પણ એ વાત પર સંમત છે કે છ મહિના અગાઉ જ ચલણ રદ કરવાની કવાયતનું આયોજન કરવામાં આવ્યું હતું માટે તે માર્મિક છે કે આ યોજના અને આકસ્મિક પગલાં માટે તૈયાર રહેવા માટે સરકાર પાસે ઘણો સમય હતો.

પરંતુ, હજુ પણ સરકાર કે તેના માસ્ટર માઈન્ડ એ આત્મસાત્ કરી શક્યા નથી કે તેમના આ નિર્ણય પછી સામાન્ય માનવીના જીવન ક્રમ પર શું અસર થશે.

જે લોકો કતારોમાં ઊભા છે તેમાં મુખ્યત્વે વરિષ્ઠ નાગરિકો, ઓફિસ-જનારાઓથી લઈને ગૃહિણીઓ છે જેઓ છેલ્લા આઠ દિવસોમાં નાણાં પાછા મેળવવા માટે અસમર્થ રહ્યા છે અને મહત્તમ શક્ય અંશે તેમના ખર્ચમાં કાપ મૂક્યો છે, જ્યારે બીજી બાજુ રેડ્ડી જેવા શ્રીમંત લોકો હજી પણ તેમના 'નમ્ર' લગ્ન માટે જાદુઈ લાકડીથી મોટી રોકડ રકમ મેળવી શકે છે.

જે રકમ રેડ્ડી દ્વારા ખર્ચવામાં આવી—આશરે ૫૫૦ કરોડ રૂપિયા—અ રકમથી સમગ્ર દેશમાં ૨૭,૫૦૦ એટીએમ ભરી શકાય તેમ છે. અને રેડ્ડી કર્ણાટકમાં પોતાની દીકરીના ભવ્ય લગ્નમાં વ્યસ્ત હતા ત્યારે સમગ્ર દેશમાં અનેક પિતાઓએ તેમની પુત્રીઓ લગ્ન માટે અને અન્ય ખર્ચને પહોંચી વળવા માટે અસમર્થ હોવાના લીધે આત્મહત્યા કરી છે. કારણ કે તેઓ કરિયાણા પણ ખરીદી શકે તેમ નથી. અને એ વા યાદ રાખવી જોઈએ કે જીવનનું નુકશાન એ કામચલાઉ પીડા તરીકે ગણવામાં આવતી નથી માટે જ આ મુદ્દો ખૂબ જ ગંભીર છે.

ચલણ રદ કરવાના કોઈ લાંબા ગાળાના લાભ હોય કે ન હોય પરંતુ એ હકીકત છે કે જે મુશ્કેલીઓનો સામાન્ય માણસને આ જાહેરાત પછીના દિવસોમાં સામનો કરવો પડ્યો છે તેના નુકસાન માટે મોદી સરકાર જવાબદાર છે.

આ બે આંકડા...... - ૪૭ અને ૫૫૦ - નરેન્દ્ર મોદી અને તેમના પ્રધાનો માટે એક આંખ ઊઘડનાર બનવા જોઈએ.

(સૌજન્ય : ફર્સ્ટ સ્પોટ. કોમ)

ચલણ નાબૂદી બાદ મૃત્યુઆંક વધ્યો

તેલંગાણામાં દેવામાં ડૂબેલા ખેડૂતે પરિવારને ઝેર ખવડાવ્યું

ખેડૂત અને તેના પિતાનું મોત, હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતાં પત્ની અને પુત્ર

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૭

ચલણી નોટો પર લાગેલા પ્રતિબંધ પછી તેલંગાણામાં દેવાદાર બનેલા ખેડૂતે જમીન વેચવાના નિષ્ફળ પ્રયાસ બાદ પોતાના પિતા સાથે આત્મહત્યા કરી હતી. પિતા-પુત્ર બંને હતાશ થઈ ગયા હતા. તેઓ પોતાનું દેવું ચૂકવવા માટે પોતાની જમીન વેચવા ઈચ્છતા હતા. પરંતુ ૮ નવેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ચલણી નોટોના પ્રતિબંધની જાહેરાત કરાતા તેમનો જમીન વેચવાનો પ્રયાસ નિષ્ફળ નિવડ્યો હતો. ચલણી નોટો પરના પ્રતિબંધે તેલંગાણામાં ચાર લોકોના જીવ લીધા છે.

લગ્ન માટે લોન : પોલીસના મત અનુસાર ખેડૂતે પોતાની પુત્રીના લગ્ન માટે ધનાઢ્ય શાહુકાર પાસેથી ઉછીના રૂપિયા લીધા હતા. આ ઘટના સિદ્દીપેટ તાલુકાના ધર્મારામ ગામની છે. જ્યાં ૪૦ વર્ષીય વી.બાલૈયાહ નામના ખેડૂતે પોતાના પરિવારના અન્ય ત્રણ સભ્યોને ચિકન કરીમાં જંતુનાશક ભેળવીને કથિતરૂપે આત્મહત્યા કરી હતી.

પરિવાર સહ આત્મહત્યા સાથે સમજૂતી ? થોડાક અઠવાડિયા પહેલા આ ખેડૂતને તેની જમીન ૧૨ લાખ રૂપિયામાં વેચવાની ઓફર મળી હતી પરંતુ સરકાર દ્વારા રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ નોટો પર પ્રતિબંધ લગાવતા તે પ્રદેશમાં જમીનના ભાવ નીચા ગયા હતા. જેના કારણે આ ખેડૂતને આઘાત લાગ્યો હતો. આથી જ તેણે પોતાના પરિવારની સાથે સામૂહિક આત્મહત્યાનો પ્રયાસ કર્યો. ખેડૂતના ૬૫ વર્ષીય પિતાનું નામ વી.ગાલૈયાહ મોત નિપજ્યું હતું. જ્યારે તેની પત્ની અને પુત્ર જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે.

તેલંગાણામાં ચારનાં મોત : તેલંગાણા રાષ્ટ્ર સમિતિના સ્થાનિક ધારાસભ્ય રામાલીંગા રેડ્ડીએ જણાવ્યું કે ખેડૂતોની આત્મહત્યાની જવાબદારી કેન્દ્ર સરકારે જાતે લેવી જોઈએ. થોડા દિવસો અગાઉ હૈદરાબાદની બેંકમાં સ્થગિત થઈ ગયેલા નાણાં જમા કરાવવા ગયેલા વૃદ્ધનું કતારમાં ઉભા હતા ત્યારે અચાનક થયેલા હૃદય રોગના હુમલાને કારણે મોત નિપજ્યું હતું. નિઝામાબાદ તાલુકાના એક રિક્ષા ચાલકે પણ પોતાનું બલિદાન આપી દીધું કે જ્યારે નાણાંકીય નિષ્ણાંતે તેના વાહનની લોન ચૂકવણી પેટે રદ થયેલા નાણાં લેવાની ના પાડી દીધી.

CPI(M)ના RSS પર આકરા પ્રહાર

કેરળ : સંઘ પરિવાર હિંસા માટે જન્મ્યો છે હિંસાના આધારે જ મોટો થયો છે : યેચુરી

(એજન્સી) ચેન્નાઈ, તા.૧૭

દક્ષિણ કેરળમાં યોજાયેલ હિંસા પર ફોટો એક્ઝિબિશનના ઉદ્‌ઘાટન સમયે સીપીઆઈ (એમ)એ આરએસએસ પર હિંસા ફેલાવવાનો આરોપ મૂકયો હતો. સીપીઆઈ (એમ)ના સેક્રેટરી સીતારામ યેચૂરીએ ઉદ્‌ઘાટન કરતી વખતે સંબોધનમાં જણાવ્યું હતું કે, સંઘ પરિવારનો જન્મ હિંસા માટે જ થયો છે અને હિંસાના આધારે જ મોટો થયો છે. આ સંસ્થાનું કામ જ છળ-કપટ કરવાનું છે. દેશમાં ભાજપ અને આરએસએસ આતંકવાદનો ખોટો પ્રચાર કરી રહી છે. આરએસએસ કોમી રમખાણો કરાવી રહી છે. કેરળના મુખ્યમંત્રી પિનારાયી વિજયને પણ આ કાર્યક્રમમાં સંઘ પરિવારની તુલના નાઝી ફાસીવાદી તત્ત્વો સાથે કરી હતી. જણાવ્યું હતું કે, સંઘ પરિવાર કેરળમાં આતંક ફેલાવી રહ્યું છે. તેનો ઉદ્દેશ લઘુમતીઓને સાફ કરી દેશને સાંપ્રદાયિક રાજ્ય બનાવવાનો છે. યેચૂરીએ વધુમાં જણાવ્યું હતું કે, એક સાક્ષીએ જણાવ્યું હતું કે, આરએસએસ દ્વારા અમારા માણસની ક્રૂર હત્યા કરવામાં આવી હતી અને તેની સાથે તેઓએ દેશભરમાં સીપીઆઈ(એમ) અને સામ્યવાદી હિંસા ફેલાવી રહ્યાનો આરોપ મૂકી અભિયાન છેડયું છે. પરંતુ જો તમે આરએસએસના મૂળિયા ચકાસશો તો જાણવા મળશે તે હિંસા માટે જન્મ્યો છે અને તેના આધારે જ વિકસ્યો છે. મુખ્યમંત્રીએ પણ સંઘ પરિવારના હુમલાઓ વિરૂદ્ધ ચૂપી જાળવી રાખેલ કોંગ્રેસ અને યુડીએફ પક્ષ પર નિશાન તાક્યું હતું. છેલ્લા છ મહિનામાં સીપીઆઈ(એમ)ના છ કાર્યકરોની હત્યા કરવામાં આવી હતી જ્યારે ૨૦૦ લોકો ગંભીર ઈજાગ્રસ્ત બન્યા હતા. જ્યારે ૮૦થી વધુ ઘરો અને પક્ષની ૩૫ ઓફિસોને નષ્ટ કરી હતી. આ તમામ હુમલા સંઘ દ્વારા કરવામાં આવ્યા હતા અને કોંગ્રેસ અને યુડીએફ આ અંગે ચૂપી સાધીને બેઠી છે. આ એક્ઝિબિશનમાં આરએસએસ દ્વારા કરવામાં આવેલ ક્રૂર ઘટનાઓના ચિત્રો છે.

સુપ્રીમકોર્ટમાં ડિમોનેટાઈઝેશન પરના કાનૂની પ્રશ્નો અનુત્તરીય રહ્યા

કાનૂની જોગવાઇ હેઠળ કેન્દ્રને સમગ્ર હયાત કરન્સી રદ કરવાની સત્તા નથી, પરંતુ બેંક નોટની સિરીઝ રદ કરવાની સત્તા છે : પિટિશનરની રજૂઆત

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનું ૮ નવે.નું વિમુદ્રીકરણ જાહેરનામું જે કાનૂની જોગવાઇ હેઠળ જારી કરવામાં આવ્યું હતું તે કેન્દ્ર સરકારને રૂા.૫૦૦ અને રૂા.૧૦૦૦ની નોટનું સમગ્ર હયાત ચલણ રદ કરવાની સત્તા આપતી નથી પરંતુ બેંક નોટની કેટલીક સિરીઝ જ રદ કરવાની સત્તા આ જોગવાઇ કેન્દ્ર સરકારને આપે છે. આમ કેન્દ્ર સરકાર આખેઆખી કરંસી રદ કરી શકે નહીં પરંતુ કેટલીક સિરીઝની બેંકનોટ રદ કરી શકે.

આ નોટિફીકેશન ૧૯૩૪ના રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ) અધિનિયમની કલમ ૨૬ (૨) હેઠળ જારી કરવામાં આવ્યું હતું. આ કલમ કેન્દ્રને કોઇ પણ મૂલ્યની બેંક નોટની કોઇ પણ સિરીઝ કાનૂની ચલણ તરીકે રદ કરવાની સત્તા આપે છે. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ ટી એસ ઠાકુર અને ન્યાયમૂર્તિ ડીવાય ચંદ્રચૂડની બનેલી સુપ્રીમકોર્ટની બેંચ સમક્ષ આ દલીલ રજૂ કરવામાં આવી હતી અને હવે સુપ્રીમકોર્ટે તેના પર ધ્યાન આપવાનું છે.

પિટિશનર આદિલ અલવી વતી હાજર રહેલા સિનિયર એડવોકેટ કપિલ સિબ્બલે જણાવ્યું હતું કે અમે નવે. ૮ના રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડિમોનેટાઇઝેશન નોટિફિકેશનની બંધારણીય કાયદેસરતાનો મુદ્દો ઉઠાવ્યો છે. ક્યા આદેશ હેઠળ રૂા. ૫૦૦ અને રૂા. ૧૦૦૦ની તમામ સિરીઝની નોટો કાળુંનાણું બની ગઇ હતી ? શું આનો અર્થ એ થાય છે કે રૂા. ૫૦૦ની કોઇ પણ નોટ કાળુંનાણું છે ? એવા પ્રશ્નો સિનિયર એડવોકેટ કપિલ સિબ્બલે ઉઠાવ્યા હતા.

ઓળખપત્રો

બીજુ સુપ્રીમકોર્ટને જણાવાયુ હતું કે સરકારે રૂા. ૫૦૦ અને રૂા. ૧૦૦૦ની રદ થયેલી જૂની નોટો બદલવા અને તેની સામે નવી નોટો લેવા આવતા લોકો માટે સરકારે ક્યા આધારે ઓળખપત્રો માટે આગ્રહ રાખ્યો છે? ૧૯૩૪ના આરબીઆઇ અધિનિયમની કલમ ૨૬(૨) અન્વયે આવી કોઇ જરુરીયાતની પૂર્તતા જરુરી નથી. એ જ રીતે આજથી વારંવાર નોટો બદલવામાં ન આવે તે માટે ઉપયોગમાં લેવાયેલ અવિલોપ્ય સાહીનો ઉપયોગ એ પણ કાનૂની જોગવાઇ નથી. અદાલતને દેશના નાગરિકોને પોતાના જ બેંક ખાતામાંથી નાણાં પરત લેવાના તેમના અધિકારને નિયંત્રિત કરતા નોટિફિકેશનની સત્તા પર નિર્ણય આપવા જણાવાયું છે.

ઉપાડ પર નિયંત્રણો

કાયદા હેઠળ બેંક દ્વારા નાણાની ચુકવણીની બાંહેધરી આપવામાં આવી છે. બેંકો નાગરિકોના પૈસાના માત્ર ટ્રસ્ટીઓ છે. હું ગમે એટલી રકમ ઉપાડી શકું છું. તમે કાયદા હેઠળ નાણાં ઉપાડવાનો મારો અધિકાર કઇ રીતે મર્યાદિત કરી શકે છો ? એવું કપિલ સિબ્બલે પૂછ્યું હતું.

અદાલત સમક્ષ બીજો કાનૂની પ્રશ્ન એ ઉઠાવવામાં આવ્યો છે કે નોટિફિકેશનમાં આજના ફુગાવાના યુગમાં રૂા.૫૦૦ની નોટને ઊંચા મૂલ્યની નોટો કઇ રીતે ગણાવી શકાય ? ખાસ કરીને જ્યારે રૂા. ૫૦૦ની નોટો ચલણનું ૮૬ ટકા મૂલ્ય ધરાવે છે ત્યારે તેને કઇ રીતે ઊંચા મૂલ્યની નોટો ગણી શકાય ? અમે સરકાર આ નિષ્કર્ષ પર પહોંચવા માટે કઇ કઇ બાબતો ધ્યાનમાં લીધી છે તે જોવું પડશે એવી કપિલ સિબ્બલે રજૂઆત કરી હતી.

પ્રથમ ડિમોનેટાઇઝેશન (પ્રથમ વિમુદ્રીકરણ)

આરબીઆઇના ૧૯૩૪ના અધિનિયમની કલમ ૨૬ (એ)માં નોંધ્યું છે કે ૧૯૫૬માં પ્રથમ વખત ચલણી નોટો રદ કરવામાં આવી હતી અને એ વખતે ૧૩ જાન્યુ.૧૯૪૬ પહેલા છાપવામાં આવેલી રૂા. ૫૦૦, રૂા. ૧૦૦૦ અને રૂા. ૧૦,૦૦૦ની નોટ રદ કરવામાં આવી હતી. ૧૯૭૮માં ફરી ડિમોનેટાઇઝેશન થયું હતું પરંતુ એ વખતે રદ કરાયેલી બેંક નોટ સરક્યુલેશનમાં ચલણી મૂલ્યના માત્ર બે ટકા જેટલી જ હતી.

ભારતમાં રોકડ માટે કતારમાં ઊભા રહેલા લોકો શું ચર્ચા કરી રહ્યા છે ?

(એજન્સી) તા.૧૭

એક સપ્તાહ પહેલાં સરકાર દ્વારા ૫૦૦ રૂપિયા અને ૧૦૦૦ રૂપિયાની નોટો અમાન્ય કરવાના નિર્ણયની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ આજ સુધી લોકો માટે યાતના ચાલુ રહે છે તેઓ તેમના દરરોજના ખર્ચ મેનેજ કરવા માટે રોકડ મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. અને જાણે ભારતના દરેક લોકો બેન્કની બહાર કતારમાં આવી ગયા છે.

આ કતારો એક મહાન એકતા દર્શાવે છે. તેમાં કોઈ સમૃદ્ધ છે તો કોઈ ગરીબ છે. કોઈ આ લાઈનમાં લેપટોપ બેગ લઈને તો કોઈ રમતગમતના સાધનો લઈને ઊભો છે. ગૃહિણીઓ પોતાના નાના બાળકો સાથે ઊભી છે તો કામ કરતી સ્ત્રીઓ પણ છે, વરિષ્ઠ નાગરિકો, ગરીબ મજૂરો, ઘરગથ્થુ કામ કરનારા લોકો, સરકારી અધિકારીઓ અને કેટલાક પોલીસ અધિકારીઓ પણ છે.

દરેક વ્યક્તિ એકબીજાને કહે છે કે "મારી જગ્યા સાચવો, હું ઝડપથી પાછો આવું છું,"

અને આ કતારોમાં ઊભા રહેલા લોકો લાંબા સમય સુધી રાહ જુએ છે અને પછી તેમનો ગુસ્સો બહાર આવે છે. અમુક લોકો ભાજપને મત આપવા બદલ અફસોસ કરી રહ્યા છે.

એક કહે છે કે "ચલણ રદ કરવાનું કાર્ય ૧૦ મહિનાથી કરવામાં આવી રહ્યું હતું, આ ક્યાં પ્રકારનું આયોજન છે ? અને માત્ર સામાન્ય વ્યક્તિ જ પીડાય છે. અને આરબીઆઈ કહે છે કે નવી નોટોની કોઈ અછત નથી, તો પછી નવી નોટો ક્યાં છે ?"

એક સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે "મેડમ, તમને એકલાને જ નોટો બદલવામાં મુશ્કેલી પડે છે ? શું બેંક અધિકારીઓ કામ નથી કરતાં ? તમે લોકોને શા માટે સતાવો છો ? એટીએમ પણ બંધ છે. હું ત્રણ દિવસથી અહી રોજ સવારે આવું છું."

એક નોકરિયાત કહે છે કે "હું ગુડગાંવમાં કામ કરૂં છું. હું બેન્કમાંથી રોકડ લેવા માટે પ્રયાસ કરું છું. આ વસ્તુઓ થોડા દિવસો પછી થોડીક સરળ થશે. મારી પાસે રોકડમાં ૨૦૦ રૂપિયા છે. મારા અધિકારીઓ આ જ મુદ્દાનો સામનો કરી રહ્યા છે. પરંતુ આ કેટલા લાંબા સમય સુધી ચાલશે ?"

દિલ્હી યુનિવર્સિટીના એક વિદ્યાર્થી જે દિલ્હીમાં એકલો રહે છે તે કહે છે કે "મારી પાસે મેટ્રોનું ભાડું ઓટો ભાડું, બસ ભાડું, દેવા માટે નાણાં નથી. કાર્ડ દ્વારા તમે કાફેમાં ચુકવણી કરી શકતા નથી. હું કેવી રીતે મેનેજ કરું? મારી પાસે કાર નથી, અને આ સરળ સમય નથી. રોકડ લેવા માટે મારી પાસે ચેકબુક નથી. મારા માતા-પિતા દર મહિને મારા એકાઉન્ટમાં રોકડ જમા કરાવે છે. મારી પાસે કેટલીક જૂની ૫૦૦ ની નોટો છે તે બદલવા માટે હું અહી ઊભો છું. પરંતુ હું કોલેજ જઈ શકતો નથી. અને લાઈનમાં ઊભા રહેવા સિવાય મારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી."

વેપારીઓ તેમના કર્મચારીઓને તેમની સાથે લાઇનમાં ઊભા રાખે છે અને તેમના નાણાં બદલી કરવા માટે અન્ય કોઈ વિકલ્પ નથી.

કેટલાક સિનિયર નાગરિકો પણ છે. જેઓ દેખીતી કતારમાં ઊભા રહેવામાં સંઘર્ષ કરી રહ્યા છે. પરંતુ દેશમાં આ ટૂંકા ગાળાની મુશ્કેલી પર ઝઘડો કરવાનું બંધ કરવાની તરફેણ કરે છે. તેઓ યુવાનોને કહે છે કે "તમે કોન્સર્ટ ટિકિટો, ઇન્ડિયન આઇડોલ અથવા કોઈપણ રિયાલિટી શોના ઓડિશન અને કેટલીક અન્ય પ્રવૃત્તિ માટે કે ખરીદી માટે લાઇનમાં ઊભા રહો છો, પરંતુ કાળા નાણાં માટે તમે થોડા કલાક માટે બેંકની કતારમાં ઊભા રહેવા માટે ઝગડો કરો છો. બ્લેક મનીએ દેશનું નાશ કર્યું છે. આપણે વિદેશમાંથી કાળું નાણું પાછું લાવવા માટે સતત પ્રયાસ કરવા જોઈએ પરંતુ સૌપ્રથમ આપણે કાળા નાણાં અને સંગ્રહખોરી કરનારાઓને રોકવા જોઈએ. તમે આ સ્ત્રોત જ કાપી નાખો તો લિકેજ અટકાવવું સરળ છે."

સરકાર સામે ગણગણાટ થતો હોવા છતાં તેની આ ચાલ માટે અનેક લોકો ટેકો પણ આપતા હતા. અને અનેક લોકો મુશ્કેલીઓ સહન કરવા તૈયાર હતા. જોકે, તેઓની ઈચ્છા હતી કે સરકારે થોડી વધુ અસરકારક રીતે આયોજન કરવાની જરૂર હતી.

ઈ-ચુકવણી જેવા વૈકલ્પિક ચુકવણી વિકલ્પો પણ આ જટિલ પરિસ્થિતિમાં લોકોનાવધારાના ભારના કારણે મુશ્કેલી નિયંત્રિત કરવા માટે તૈયાર ન હતા. એક યુવાન કહે છે કે "મારી માતાની કેન્સર દવા દરરોજ ૧,૮૦૦ રૂપિયાની આવે છે. અમારી પાસે આ દવા ખરીદવા માટે રોકડ નથી. અને ઈ-ચૂકવણી અને કાર્ડ ચૂકવણી માટે બેંક સર્વર્સ પર અચાનક લોડ વધતાં વ્યવહારો નિષ્ફળ જાય છે અને વેપારીઓ રોકડ ચૂકવણી વગર વસ્તુઓ આપવાનો ઈન્કાર કરે છે. લગભગ તમામ રિટેલ આઉટલેટ્સ પર બહુવિધ ચુકવણી મશીનો પર ભારે ભીડ છે. એટીએમ પણ અનેક સ્થળોએ બંધ છે. અમે ત્રણ ભાઈઓ પૈસા લેવા માટે આવ્યા છીએ. આ સરળ વાત નથી."

૨,૦૦૦ રૂપિયાની નવી નોટો માત્ર બેંકો પર જ મળે છે. કારણ કે બે લાખ એટીએમ તેના માટે તૈયાર નથી. નવી ૫૦૦ રૂપિયાની નોટોનું પરિભ્રમણ પણ ઓછું છે. ૧૦૦ રૂપિયાની નોટોની અછત છે. શહેરમાં અનેક એટીએમ પર "એટીએમ બંધ છે" અથવા "કામ કરતું નથી" તેવા બોર્ડ લાગેલા છે. હવે જોઈએ કે આ "અસુવિધા" કેટલાક સમય સુધી ટકી શકે છે.

રોકડની તંગીથી ત્રસ્ત ૨૮ લોકોએ યુપીમાં આત્મહત્યા કરી : શિવપાલ યાદવ

(એજન્સી) લખનૌ, તા.૧૭

સમાજવાદી પાર્ટીના યુપી એકમના પ્રમુખ શિવપાલ યાદવે દાવો કર્યો છે કે ચલણી નોટોની તંગીના કારણે યુપીમાં ૨૮ લોકોએ આત્મહત્યા કરી છે. નોટો રદ કરવાના પગલાંથી અંધાધૂંધી ફેલાઈ છે. શિવપાલ યાદવે કહ્યું કે, નવી નોટોની તંગી અને જૂની નોટો બદલવાની મુશ્કેલી સાથે ખેડૂતો અને સામાન્ય માણસો મુશ્કેલીમાં મૂકાયા છે. આ દુ:ખદ છે. વડાપ્રધાને આ ભયાનક સમસ્યાને ઉકેલવી જોઈએ. તેમણે રાજ્યની જનતાને કહ્યું કે, તેઓ હતાશ ન થાય. સમાજવાદી પાર્ટી તેમની સાથે છે. બેન્ક ખાતું ATM નથી તેવા લોકો રોકડ આવક પર નભે છે. જે બંધ છે તેઓ માટે હવે મોત બાકી છે. તેમનું ભવિષ્ય અંધકારમય છે. તેમણે આત્મહત્યા કરનારા લોકોની યાદી આપી ન હતી. મુખ્યમંત્રી અખિલેશ યાદવે કહ્યું કે, નોટો રદ કરવાથી કાળું નાણું ખતમ નહીં થાય. ભ્રષ્ટાચાર નાબૂદી માટે આ ચેતવણી છે પરંતુ રૂા.૫૦૦/૧૦૦૦ની નોટો બદલી લોકો ૨૦૦૦/-ની નોટો લેવાની રાહ જોઈ રહ્યા છે. ગરીબોને દવા માટે દવાખાનાઓમાં ૩૦ નવેમ્બર સુધી જૂની નોટો ચાલુ રાખવા વિનંતી કરાઈ છે. વિદેશ સહેલાણીઓ નોટો રદ થવાથી મુશ્કેલીમાં મૂકાયા છે. મુખ્યમંત્રીએ મુખ્ય સચિવને નાણાંની અદલા-બદલી માટે વધુ કાઉન્ટર ખોલવા જણાવ્યું છે. મુલાયમસિંગ યાદવે આ નિર્ણયને પાછો ખેંચવા કહ્યું છે અને અઠવાડિયાનો સમય આપવા જણાવ્યું છે.

JNUના લાપતા વિદ્યાર્થી નજીબ અંગે માહિતી આપનારને હવે રૂા.૫ લાખનું ઈનામ મળશે

પોલીસે છેલ્લા એક મહિનાથી લાપતા નજીબ અહમદ પર માહિતી મેળવવા ઈનામની રકમ રૂા. ૨ લાખથી વધારીને રૂા. ૫ લાખ કરાઈ

(એજન્સી) નવી દિલ્હી તા.૧૭

દેશની પ્રતિષ્ઠિત જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના (જેએનયુ) લાપત્તા થયેલા એમએસસી બાયો ટેક્નોલોજીના પ્રથમ વર્ષના વિદ્યાર્થી નજીબ અહમદ (ઉ.વ.૨૭) પર ઈનામની રકમ વધારીને ૫ લાખ કરવામાં આવી છે. દિલ્હી પોલીસ કમિશનરે એવી જાહેરાત કરી છે કે જો કોઈ વ્યક્તિ નજીબ અહમદ અંગે કોઈ માહિતી કે સુરાગ આપશે તો તેને ૫ લાખનું ઈનામ આપવામાં આવશે. આમ દિલ્હી પોલીસે નજીબ અહમદ અંગે માહિતી કે સુરાગ આપનાર માટે અગાઉ ઈનામની રકમ રૂા. ૨ લાખ હતી તે વધારીને હવે રૂા.૫ લાખ કરી છે. પોલીસ દ્વારા જારી કરાયો નિવેદનમાં જણાવાયુ છે કે આ આદેશ તત્કાળ અસરથી અમલમાં આવશે અને જ્યાં સુધી લાપત્તા વ્યક્તિ મળશે નહીં ત્યાં સુધી તે અમલમાં રહેશે. નિવેદનમાં જણાવાયું હતું કે લાપતા વિદ્યાર્થી નજીબને શોધવા માટે તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા પરંતુ હજુ સુધી કોઈ સુરાગ મળ્યા નથી. ગત સપ્તાહે આ કેસ સાઉથ ડિસ્ટ્રીક્ટ પોલીસથી તબદિલ કરીને વધુ સઘન તપાસ માટે ક્રાઈમ બ્રાંચને સોંપવામાં આવ્યો છે. સંયુક્ત પોલીસ કમિશનર (ક્રાઈમ બ્રાંચ) રવિન્દ્ર યાદવે સમર્થન આપતા જણાવ્યું હતું કે પોલીસ કમિશનર આલોક વર્માએ નજીબ અંગે માહિતી આપનારને હવે રૂા.૫ લાખ ઈનામ તરીકે મળશે.

ઈઝરાયેલમાં અભ્યાસ કરતા વિદેશીઓમાંથી ૧૦ ટકા ભારતીય વિદ્યાર્થીઓ : રિવલિન

નવી દિલ્હી,તા.૧૭

ભારત અને ઈઝરાયેલ વચ્ચે શૈક્ષણિક સબંધો વધુ પ્રમાણમાં છે. ઈઝરાયેલમાં અભ્યાસ કરતા વિદેશી વિદ્યાર્થીઓમાંથી ૧૦ ટકા વિદ્યાર્થીઓ ભારતીય છે. ઈઝરાયેલના રાષ્ટ્રપતિ રિવલિને ભારત ખાતેની મુલાકાતમાં જણાવ્યું છે એમણે કહ્યું કે, છેલ્લા ૩ વર્ષથી ભારત અને ઈઝરાયેલ વચ્ચે શૈક્ષણિક સહયોગમાં વધારો થયો છે. બન્ને દેશની સરકારો દ્વારા રિસર્ચ પ્રોજેક્ટો શરૂ કરવામાં આવ્યા છે. ઈઝરાયેલની યુનિવર્સિટીઓમાં ભારતીય ભાષાઓ પણ શીખવાડવામાં આવે છે. હાલમાં જ પ્રણવ મુખર્જીએ જણાવ્યું હતું કે, દુનિયામાં શિક્ષણ બાબત ઉચ્ચ સ્થાન મેળવવા માટે અમને શિક્ષણની ગુણવત્તા અને રિસર્ચને ઉંચું લાવવું પડશે અને એ માટે અન્ય યુનિવર્સિટીઓની મદદ લેવી પડશે. ઈઝરાયેલના રાષ્ટ્રપતિ ભારતના રાષ્ટ્રપતિના નિમંત્રણથી આવ્યા છે. છેલ્લા ૨૦ વર્ષમાં ઈઝરાયેલી રાષ્ટ્રપતિની આ પ્રથમ મુલાકાત છે. રિવલિનની સાથે ઉદ્યોગપતિઓ અને શિક્ષણ જગત સાથે સંકળાયેલા વ્યક્તિઓ પણ છે. રિવલિને રવિન્દ્રનાથ ટાગોરના વખાણો કર્યા હતા. એ આલ્બર્ટ આઈન્સટાઈનના મિત્ર હતા. ભારત અને ઈઝરાયેલે શિક્ષણ સત્ર બાબત એમઓયુ અને કરારો કર્યો છે. આ પ્રસંગે એચ.આર.ડી.મંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યું કે, અમને એમઓયુને હકીકતોમાં બદલવું છે ફક્ત રેકર્ડ રાખવા માટે એમઓયુ કરવાના નથી. એ અર્થસભર હોય એ આવશ્યક છે.

ચલણ નાબૂદી : રોકડ મેળવવાની કતારમાં ઊભા રહેવા લોકોએ કામ છોડયું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

દિલ્હી અને તેના પાડોશી શહેરો નોઈડા અને ગુરૂગ્રામે બેંક અને એટીએમની બહાર ઊભી થયેલી અસ્તવ્યસ્ત પરિસ્થિતિ અને લાંબી કતારોને લીધે ગુરૂવારે પણ બેંકોનું કાર્ય આગળ ધપાવ્યું હતું. જેથી કરીને ગયા અઠવાડિયે સરકાર દ્વારા રદ કરાયેલી ચલણી નોટોને લોકો ઝડપથી બદલાવી શકે તથા નાણાંનો ઉપાડ કરી તેમની પ્રાથમિક જરૂરિયાતોને પૂર્ણ કરી શકે. નાણાં બદલાવાના પૂર્વ પ્રયાસમાં નિષ્ફળ થનાર ઘણા લોકોએ ગુરૂવારે પોતાના કામ છોડીને નાણાંના ઉપાડ માટે કલાકો સુધી લાંબી કતારોમાં ઊભા રહેવું પડયું હતું. આઈએએનએસના ડઝનેક લોકોએ ફરિયાદ પણ કરી હતી કે બેંક અને એટીએમની કામગીરી ખૂબ ધીમી ગતિએ ચાલી રહી છે નહીં તો તેમનો વારો બુધવારે જ આવી ગયો હોત. ન્યુ ફ્રેન્ડસ કોલોનીમાં આવેલી બેંક ઓફ બરોડાની કતારમાં ઊભેલા અસીમ મલિક નામના ખાનગી વ્યવસાયિક જણાવે છે કે, હું બેંકમાંથી નાણાં ઉપાડી શકું તે માટે મેં ગઈકાલે (મંગળવારે) રજા લીધી હતી. જો કે, બેંકમાં નાણાં પૂરા થઈ જતાં મારે ફરીથી એક રજા લઈને મારા નસીબને અજમાવવું પડશે. સન્ની અગ્રવાલ નામની કોલેજની વિદ્યાર્થિની જણાવે છે કે, તેણીની બે દિવસથી તેનો અભ્યાસ છોડી રહી છે. નાણાંની બિનઉપલબ્ધિએ આપણા જીવનની મુશ્કેલીઓ વધારી દીધી છે. રોજીંદા વ્યવહાર માટેના થોડા ઘણા નાણાં મેળવવા માટે મારે મારું ભણતર છોડીને કલાકો સુધી કતારમાં ઊભું રહેવું પડે છે. ઘણી બેંકો એવી છે કે, જેમાં ગુરૂવાર સવાર સુધી તો કાયમી રહે તેવી શાહી પણ પહોંચી નથી કે જેનો ઉપયોગ બંધ થયેલી જૂની રૂા.૫૦૦ અને ૧૦૦૦ની નોટોના બદલામાં નવી નોટો બદલાવનાર વ્યક્તિના હાથમાં ચિહ્ન બનાવવા માટે થનાર છે.

નોટબંધીનો વિવાદ શમવાનું નામ લેતો નથી અરાજકતા અને રાજકારણની પાંચ મહત્ત્વની બાબતો

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૭

કેન્દ્ર સરકારે રૂા.૫૦૦ અને રૂા.૧૦૦૦ની જૂની નોટો રદ કર્યા બાદ અરાજકતા સર્જાઈ છે અને આજે બુધવારે પણ બેંકો અને એટીએમ પર લોકોની લાંબી કતારો જોવા મળી હતી. લોકોને દૈનિક ખર્ચ માટે નોટો મેળવવા લાંબી કતારોમાં ઊભા રહ્યા વગર કોઈ વિકલ્પ નથી કારણ કે એટીએમ મશીનોમાં જેવા રૂપિયા ભરવામાં આવે છે કે કલાકોમાં મશીનો ખાલી થઈ જાય છે. બીજુ હજુ હજારો એટીએમ કાર્યાન્વિત થયા નથી અને સામાન્ય લોકોની મુશ્કેલીઓ અને હાડમારીઓ વધી રહી છે.

નોટબંધીના મુદ્દે બુધવારે પાંચ બાબતો જોવા મળી હતી.

૧. બેંકોએ ફરીથી નોટો બદલવામાં ન આવે તે માટે અવિલોપ્ય સાહીનો ઉપયોગ શરૂ કર્યો

રદબાતલ કરવામાં આવેલી નોટો બદલવા માટે લોકો ફરીને ફરી બેંકમાં આવે નહીં તે માટે બેંકોએ હવે કેટલાક ચુનંદા મહાનગરોમાં ગ્રાહકોની

જમણા હાથની પ્રથમ આંગળી પર અવિલોપ્ય સાહીથી નિશાન કરવાનું શરુ કરી દીધું છે. દિલ્હીમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને અન્ય બેંકોએ આ સાહીનો ઉપયોગ શરુ કરી દીધો છે.

૨.રાહુલે પીએમ મોદી સામે નિશાન તાક્યું

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે નિશાન તાકતા કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ કાળાનાણાનો સંગ્રહ કરતા લોકો અને તેમના મિત્રો સામે કાર્યવાહી કરવાની માગણી કરી હતી. ભીવંડીમાં કોંગ્રેસ કાર્યકરોની એક વિશાળ સભાને સંબોધતા રાહુલ ગાંધીએ એવો આક્ષેપ કર્યો હતો કે મોદીએ મુઠીભર ૧૫ ઉદ્યોપતિઓની રૂા. ૧,૧૦,૦૦૦ કરોડની લોનો માંડવાળ કરી છે. હવે વિમુદ્રીકરણ દ્વારા તેમણે પ્રત્યેક નાગરિકના ખિસ્સામાંથી પૈસા લઈને પોતાના મિત્રો એવા ઉદ્યોગપતિઓને આપ્યા છે અને તેમની વિરુદ્ધ કોઈ પગલાં લેવામાં આવ્યા નથી.

૩. ભાજપ અને તેના મિત્રોને વિમુદ્રીકરણની જાણ હતી : વિપક્ષોએ રાજ્યસભામાં મુદ્દો ઉઠાવ્યો

મોદી પર તેજાબી પ્રહાર કરતા વિરોધ પક્ષોએ એવો આક્ષેપ કર્યો હતો કે રૂા.૫૦૦ અને રૂા.૧૦૦૦ની નોટ રદ કરવાની માહિતી બીજેપીના મિત્રોને લીક કરી દેવામાં આવી હતી અને એવી માગણી કરી હતી કે જેમણે એપ્રિલ બાદ રૂા.૧ કરોડ કરતા વધુ કિંમતના સોના અને વિદેશી હૂંડિયામણની ખરીદી કરી હોય તેમના નામો જાહેર કરવામાં આવે.

૪. ઉ.પ્ર.માં એટીએમ, બેન્કો પર હિંસક ઘટનાઓ

દેશના અનેક ભાગોમાં બેંકો અને એટીએમ પર થતી લાંબી કતારો વહીવટી તંત્ર માટે ચિંતાજન છે કારણ કે લોકો હવે ગુંડાગર્દી પર ઉતરી આવે છે. છેલ્લા ૨૪ કલાકમાં બેંકની મિલકતોને નિશાન બનાવતા રોષે ભરાયેલા ટોળાઓ દ્વારા હિંસાની ડઝન જેટલી નાની મોટી ઘટનાઓ બની હતી અને લોકોને પોલીસ સામે પણ અથડામણ થતા કેટલાક સ્થળોએ પોલીસને લાઠીચાર્જ કરવો પડ્યો હતો.

૫. મંદિરોને પણ અસર : પ્રવાસીઓની સંખ્યા ઘટી

નોટબંધીના કારણે મંદિરોને પણ અસર પહોંચી છે. પૂરીમાં જગન્નાથ મંદિરમાં યાત્રીઓની સંખ્યામાં સારો એવો ઘટાડો થયો છે. કેટલાક મંદિરો જૂની નોટો સ્વીકારતા નથી.

રેડ્ડી પરિવારના લગ્નમાં ભાજપ નેતાઓની હાજરી કાળાં નાણાં અંગે તેના બેવડા કાટલાનો પર્દાફાસ કરે છે

(એજન્સી) બેંગ્લુરુ,તા.૧૭

'બેલારીના અમે નીચે સહી કરનાર રેડ્ડી બંધુઓ આથી બેંગ્લુરુ પેલેસ ગ્રાઉન્ડને વૈભવી ભવ્ય બેલારી પ્રજાસત્તાકમાં ફેરવવા અને તમામ રાજકીય મિત્રોને સુરક્ષિત કરવા ઠરાવ કરીએ છીએ. કલંકિત ખનન માંધાતા અને કર્ણાટકના પૂર્વ પ્રવાસન પ્રધાન ગલિ જનાર્દન રેડ્ડી પોતાની પુત્રી બ્રહ્માણીના લગ્નમાં આ પ્રકારનું આમુખ લખી શક્યા હોત. માઈનિંગ કિંગ તરીકે ઓળખાતા કર્ણાટકના પૂર્વ પ્રધાન જનાર્દન રેડ્ડીની પુત્રીના લગ્ન અત્યારે હોટ ટોપીક છે.

ભાજપ દ્વારા અનૌપચારિક રીતે મનાઈ ફરમાવવા છતાં પૂર્વ મુખ્ય પ્રધાન અને કર્ણાટક પ્રદેશ ભાજપના અધ્યક્ષ બી એસ યેદિયુરપ્પા કેટલાક નેતાઓ સાથે લગ્ન સમારંભમાં સામેલ થયા હતા. યેદિયુરપ્પાને જગદીશ સેટાર, રેણુકાચાર્ય ભાજપ નેતાઓ સાથે જનાર્દન રેડ્ડીને અભિનંદન આપતા જોવા મળ્યા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર ભાજપ હાઈકમાન્ડે એવો નિર્દેશ આપ્યો હતો કે પક્ષના નેતાઓ જનાર્દન રેડ્ડીની પુત્રી બ્રહ્માનીના લગ્નમાં ન જાય. કેટલાક નેતાઓનું કહેવું છે કે જે શખ્સની કેટલીય એજન્સીઓ તપાસ કરી રહી હોય તે શખ્સ ભાજપની ભ્રષ્ટાચાર વિરોધી છબી માટે યોગ્ય નથી. ખાસ કરીને જ્યારે કાળાનાણા સામે મોદી સરકારે નોટબંધી જેવો નિર્ણય લીધો છે ત્યારે ભાજપના નેતાઓની રેડ્ડીની પુત્રીના લગ્નમાં હાજરી યોગ્ય નથી. પરંતુ તેમ છતાં ભાજપના કેટલાક નેતાઓએ લગ્નના કાર્યક્રમમાં હાજરી આપી હતી એવું માનવામાં આવે છે કે આગામી સમયમાં યોજાનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને રેડ્ડીની દીકરીના લગ્ન સમારંભમાં કેટલાક લોકોએ હાજરી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે રેડ્ડી ભાજપના પૂર્વ વિધાનસભ્ય પણ છે. સીબીઆઈ અને ઈડી અત્યારે રેડ્ડીની તપાસ કરી રહી છે. રેડ્ડીની પુત્રીના લગ્નમાં રૂા. ૫૦૦ કરોડનો ખર્ચ થશે એવો આંકડો કદાચ અતિશયોક્તિભર્યો ગણાશે પરંતુ એક વાત સ્પષ્ટ છે કે જે રીતની આ લગ્ન સમારોહ માટે વ્યવસ્થા કરવામાં આવી રહી છે તે જોતા ખરેખર રૂા.૧૫૦ કરોડ ખર્ચાયા હશે. રથ અને વિદેશી ડાન્સર્સ સાથે હેલિપેડ, ૧૫૦૦ હોટલના રુમ, ૨૦૦૦ કરતા વધુ ટેક્સીઓ અને ૩૦૦૦ બાઉન્સરો આ લગ્ન સમારોહમાં જોવા મળ્યા હતા. રેડ્ડીએ પુત્રીના લગ્ન માટે ખાસ વેડિંગ કાર્ડ તૈયાર કરાવ્યું હતું જેમાં એલસીડી સ્ક્રિન લાગેલો છે એટલું જ નહીં તેમાં ઓટો પ્લે મોડમાં એક ગીત પણ સેટ કરવામાં આવ્યું છે. વીડિયોમાં રેડ્ડી, તેમની પત્ની, પુત્રી બ્રહ્માણી અને તેમનો પુત્ર તેમજ ભાવિ જમાઈ રાજીવ રેડ્ડી પણ દેખાય છે.

હવે તો ખુદ ભાજપના ધારાસભ્યએ પણ કહ્યું કે નોટબંધીની જાણકારી અદાણી અને અંબાણીને અગાઉથી જ હતી

(એજન્સી) જયપુર, તા.૧૭

રાજસ્થાનના લાડપુર વિધાનસભા બેઠકના ધારાસભ્ય ભવાનીસિંગ રાજવટે દાવો કર્યો છે કે રૂા.૫૦૦ અને રૂા.૧૦૦૦ની નોટો રદ કરવાના નિર્ણયની ઉદ્યોગપતિ અંબાણી અને અદાણીએ અગાઉથી જાણ હતી. તેમણે આ વાત એક વીડિયોમાં જાહેર કરી હતી. વીડિયોમાં રાજવટે કહ્યું કે અષ્ટમ-સષ્ટમવાળા અદાણી-અંબાણીને પહેલેથી જ ખબર હતી. તેમને ઈશારો કરી દેવામાં આવ્યો હતો. જેથી તેમણે તેમનું કામ કરી લીધું.

આ ટિપ્પણી બાદ પાછળથી ધારાસભ્ય રાજવટે કહ્યું કે પત્રકારો સાથે આ એક મજાક હતી. જેને પાછળથી તેને ખોટી રીતે રજુ કરી હતી. વીડિયોમાં બતાવેલ વાત મેં કરી નથી. તેમણે વીડિયોમાં નવી ચલણી નોટની ટીકા કરી છે. જે થર્ડક્લાસ અને નકલી જેવી લાગે છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નોટો રદ કરતાં પહેલા જરૂરી નવી નોટો છાપ્યા બાદ જૂની રૂા.૫૦૦ અને ૧૦૦૦ની નોટો રદ કરી હોત તો મુશ્કેલી પડતી નહીં. પેટ્રોલના ભાવની વધ-ઘટની જાહેરાત જેવી નોટો અંગેની જાહેરાત કરી. ધારાસભ્ય રાજવટે કહ્યું કે કેટલાક પત્રકારો તેમની પાસે આવ્યા હતા અને નોટો બદલવાના નિર્ણય અંગે તેમનો અભિપ્રાય માંગ્યો હતો જેમાં મે કહેલી તમામ વાતો રજૂ કરવાના બદલે બિન-સત્તાવાર વાત રજૂ કરી વિવાદ ઊભો કર્યો છે. નોટો રદ કરવાના અચાનક નિર્ણયથી બેંકો અને એટીએમ આગળ લોકોની લાઈનો ખડકાઈ છે.

ઘાતક વાયુ પ્રદૂષણના કારણે વર્ષ ૨૦૧૫માં ચીન કરતાં ભારતમાં વધુ મૃત્યુ થયા

ભારતમાં વાયુ પ્રદૂષણનું સ્તર એક દાયકામાં વધ્યું જ્યારે ચીનમાં ઘટ્યું

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૭

ભારતમાં ચીન કરતા વધુ ઘાતક પ્રદૂષણ છે. બાહ્ય વાયુ પ્રદૂષણના કારણે થતા મૃત્યુની બાબતમાં ભારતે ચીનને પાછળ રાખી દીધુ છે. ભારત પ્રદૂષણને કારણે થનારા મૃત્યુની બાબતમાં ચીનથી આગળ છે.

ગ્લોબલ બર્ડન ઓફ ડિસીઝ પ્રોજેક્ટ અનુસાર ૨૦૧૫માં દેશમાં પ્રદૂષણના કારણે દરરોજ ચીન કરતા વધુ ૫૦ મોત નોંધાયા છે. તાજેતરના ડેટા અનુસાર એવું જાણવા મળ્યું છે કે ૨૦૧૫માં ઓઝોન સઘનતા અને પાર્ટીક્યુલેટ મેટર સઘનતાના કારણે દરરોજ ૩૨૮૦ કમોત થયા હતા જ્યારે ચીનમાં દરરોજ પ્રદૂષણના કારણે થનારા મૃત્યુનો આંક ૩૨૩૦ હતો. વર્ષ ૨૦૧૦માં ભારતમાં ૨૮૬૩ કમોત થયા હતા

જ્યારે ચીનમાં કમોતનો આંકડો ૩૧૯૦ હતો. આ રીતે ૨૦૦૫માં ભારતમાં ૨૬૫૪ લોકો અને ચીનમાં ૩૩૩૨ લોકોનાં મોત થયા હતા. આમ છેલ્લા એક દાયકામાં ભારતમાં પ્રદૂષણના કારણે થતાં કમોતમાં ૨૩ ટકાનો વધારો થયો છે જ્યારે ચીનમાં તેનાથી ઉલ્ટો ક્રમ જોવા મળ્યો છે અને ૩ ટકાનો ઘટાડો થયો છે. સિએટલમાં વોશિંગ્ટન યુનિવર્સિટીની ઈન્સ્ટીટ્યૂટ ફોર હેલ્થ મેટ્રિક્સ એન્ડ ઈવોલ્યુશને ગ્લોબલ બર્ડન ઓફ ડીસીઝ એટલે કે જીબીડી પ્રોજેક્ટ તૈયાર કર્યો છે. આ અભ્યાસ અનુસાર ભારતમાં કમોતનો દર ખતરનાક પ્રમાણમાં વધી રહ્યો છે અને ૧૯૯૦માં પ્રતિ દિન ૨૧૪૦ મોત થતા હતા તે વધીને ૨૦૧૫માં ૩૨૮૦ મોત થયા હતા. આ અંગે એક્ટિવિસ્ટ દ્વારા તુરંત કાર્યવાહી કરવાની તાકિદ કરવામાં આવી છે. ગ્રીનપીસ ઈન્ડિયાના કેમ્પેનર સુનિલ દહીયાએ જણાવ્યું હતું કે તેના પરથી સ્પષ્ટ સંકેત મળે છે કે પ્રદૂષણ સાથે કામ લેવા માટે ચીનની સઘન કવાયતના પગલે વર્ષ પ્રતિવર્ષ ગુણવત્તામાં સુધારો આવ્યો છે જ્યારે તેના વિરુદ્ધમાં ભારતમાં પ્રદૂષણનું સ્તર છેલ્લા એક દાયકામાં વધ્યું છે. તેમણે જણાવ્યું હતું કે આ અભ્યાસને ગંભીરતાથી લેવો જોઈએ કારણ કે ભારતમાં ચારે બાજુ વાયુની ગુણવત્તામાં ઘટાડો થયો છે અને સબંધીત ઓથોરિટીએ તત્કાળ કાર્યવાહી કરવી જોઈએ. આ ઉપરાંત એરોસોલ ઓપ્ટિક ડેપ્થ એવોડી ફોર ઈન્ડિયા એન્ડ ચાઈનાએ ભારત તરફ વધતા વાયુ પ્રદૂષણના સ્તર માટે નાસા સેટેલાઈટ તસવીરોનો અભ્યાસ કર્યો છે જ્યારે ચીનમાં ૨૦૦૫થી ૨૦૧૫ સુધી પ્રદૂષણના સ્તરમાં ઘટાડો થયો છે.

નોટબંધી : ગ્રામીણ બેન્કના એક કર્મચારીની વિતકકથા જાણીને તમારૂ દિલ ભરાઈ આવશે

મુંબઈ તા. ૧૭

સરકારના નોટબંધીના નિર્ણયને કારણે ગ્રામીણ ભારતના લોકોને ખૂબ પરેશાની અને અગવડ વેઠવાનો વારો આવ્યો છે. દિનપ્રતિદિન પરિસ્થિતિ ગંભીર બની રહી છે અને બેન્કો પાસે ઓછી રકમ હોવાથી ઘણા બધા લોકો રોકડ રકમની તંગીનો સામનો કરી રહ્યાં છે. પરંતુ રોકડ રકમની તંગી અને લોકોની પરેશાની વચ્ચે બેન્કના કર્મચારીએ વ્યક્ત કરેલી એક વિતકકથા જાણીને

આપણું દિલ જરૂરથી ભરાઈ આવશે. છત્તીસગઢના બસ્તરમાં લોકો પાસે પૈસા ન હોવાથી ભૂખમરાની સ્થિતિ પેદા થઈ છે.અહિંની ગ્રામીણ બેન્કમાં કામ કરતાં એક કર્મચારીએ કહ્યું કે આવતીકાલે કદાચ મારે વધુ એક માતાને કહેવું પડશે કે બેન્ક તેમના બાળકની સારવાર માટે પૈસા નહીં આપી શકે. અને જો આવી કોઈ મહિલા નજરે પડશે તો મારુ હૃદય બેસી જશે. સરકારે અચાનક જ નોટબંધીનો નિર્ણય જાહેર કરતાં દેશના હજારો લોકોએ બેન્કો અને એટીએમમાં ધસારો કર્યો હતો.એક અંગ્રેજી અખબારમાં પ્રસિદ્ધ થયેલી ખબર અનુસાર ગ્રામીણ સ્તરે કામ કરતાં બેન્કના કર્મચારીઓ માટે તો પરિસ્થિતિ સાથે કામ પાર પાડવું અત્યંત મુશ્કેલ બની રહ્યું છે.

બે માસના લાલુ પરિવારના પુત્રએ સંસદમાં પ્રવેશ કર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

સંસદના ઉપલા ગૃહ રાજ્યસભામાં એક નવા મહેમાનનો પ્રવેશ થયો છે. જે હવે કાયમ માટે રહેશે. લાલુ યાદવના પુત્રી મીસા યાદવ રાજ્યસભાના સાંસદ છે. તેઓ તેમના બે માસના પુત્રને લઈ સંસદ ભવનમાં પ્રવેશ્યા હતા ત્યારે રાજ્યસભામાં સૌ ચોકી ગયા હતા. મીસા ભારતીએ કહ્યું કે તેઓ શિયાળું સત્રમાં તેમના બે માસના પુત્ર સાથે રોજ આવશે. મીસા ભારતીએ કહ્યું કે તેઓ બાળકને સ્તનપાન વગર રાખી શકે નહીં. નવા મેટરનીટી બીલનો તેમને લાભ મળશે. તેવી આશા હતી. નવા મહેમાનનું હજુ નામકરણ થયું નથી. નામ અંગે સહમતી સધાઈ નથી. મીસા ભારતીનો જન્મ પણ એક રહસ્યમય કથા છે. લાલુ યાદવ જ્યારે કટોકટી સમયે મીસાના કાયદા હેઠળ જેલવાસ ભોગવી રહ્યા હતા ત્યારે તેમના ઘરે રાબડી દેવીની કુખે બેબી અવતરી હતી. લાલુ યાદવે આ બેબીનું નામ મીસા રાખ્યું હતું. મીસા ભારતીને બે દીકરીઓ છે. ૪૦ વર્ષના મીસા

ભારતી પાટલીપુત્ર લોકસભાની ચૂંટણી હારી ગયા હતા. ત્યારબાદ રાજ્યસભાના સભ્યપદે ચૂંટાયા છે. જ્યારે બંને પુત્રો વિસ્તારના મંત્રી મંડળમાં છે.

બ્લેક મની આફ્ટરશોક : મોદીજી, તમે જાણતા જ હતા કે સરકારી તંત્ર કઈ રીતે કામ કરે છે ?

નોટબંધી બાદ ગેરવ્યવસ્થા, ગેરવહીવટના કારણે અર્થતંત્ર ખરાબ રીતે પ્રભાવિત થયું છે. જો આ રીતે તંત્ર ઠપ રહેશે તો GDPમાં ૩ ટકાનું નુકસાન થઈ શકે છે ● સરકાર દ્વારા ગેરવહીવટ

રૂા. ૫૦૦ અને રૂા.૧૦૦૦ની નોટો રદ કરવાના નિર્ણય બાદ વહીવટી તંત્ર જે પ્રકારના બહાના આગળ ધરી રહ્યુ છે તેના પરથી તેની નિષ્ફળતા છતી થાય છે. રોકડ ઉપાડની મર્યાદા દરરોજ બદલવામાં આવે છે. જૂની નોટો સ્વીકારવા માટે રોજ નવા અપવાદો યાદીમાં ઉમેરવામાં આવે છે અને હવે બાકી હતું તે અવિલોપ્ય સાહીનો ઉપયોગ કરાશે અને નોટો બદલવા માટે બેંકમાં આવનાર વ્યક્તિના હાથમાં સાહીથી નિશાન કરવામાં આવશે કે જેથી તે વ્યક્તિ ફરીથી નોટ બદલવા આવે તો ઓળખી શકાક્ત

આ બધું બતાવે છે કે સરકારી તંત્ર આ માટે તૈયાર ન હતું. કરવેરા અધિકારીઓએ જાણવું જોઈએ કે લોકો પોતાના નાણા સફેદ કરવા માટેના રસ્તા શોધી કાઢશે અને તેથી અગાઉથી તેની જાણ હોવી જોઈએ અને તે અંગેના ઉપાયો કરવા જોઈતા હતા.

અધિકારીઓ હવે એ વાત પર કાગારોળ મચાવી રહ્યા છે કે જનધન બેંક ખાતાઓનો દુરુપયોગ થઈ રહ્યો છે. એ જ રીતે કરમુક્ત કૃષિ આવકનો પણ દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. લોકો મોટા પાયે નોટ બદલવા, ડિપોઝિટ કરવા કે ઉપાડવા માટે નામો અને ઓળખ બદલી રહ્યા છે.

નવી નોટો વગર વિચાર્યે દાખલ કરી દીધી

નવી નોટોની સાઈઝ બદલવામાં અને સમાહો સુધી તમામ એટીએમ બિનકાર્યાન્વિત કરવામાં રહેલી હોશિયારી કઈ રીતે સમજાવી શકાય ? સરકાર અને આરબીઆઈ નવા સુરક્ષા

પાસા ઉમેરી શકી હોત. પરંતુ હવે એવું કહેવામાં આવે છે કે કોઈ નવા સુરક્ષા પાસા નવી નોટમાં નથી. નવી ચલણી નોટો અમેરિકન ડોલર જેવી પાતળી દેખાય તેની પાછળનું કારણ શું છે ? જો વર્તમાન એટીએમમાં સમાવેશ કરી શકાય એવી નવી નોટો તૈયાર કરવામાં આવી હોત તો લોકોની હાલાકી કંઈક અંશે ઓછી થઈ હોત.

અર્થતંત્ર ખરાબ રીતે પ્રભાવિત

આ નિર્ણય લેતા પહેલા ખર્ચ અંગેના ફાયદાનું કોઈ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું ખરુ ? એકંદરે જોઈએ તો અર્થતંત્રને મોટું નુકસાન થયું છે. અહેવાલો અનુસાર લોકોના કામધંધા ઠપ થઈ ગયા છે. નાની દુકાનો, છૂટક વેપારીઓ

અને રેસ્ટોરન્ટની આવકમાં ૫૦ ટકા જેટલો ઘટાડો થયો છે. ફલોર મિલના માલિકો ખેડૂતોને તેના અનાજ બદલ ચુકવણી કરતા નથી. ગ્રાહક વપરાશની ટકાઉ ચીજવસ્તુઓનું વેચાણ પણ ઘટયું છે. કૃષિ ઉત્પન્ન બજાર સમિતિઓ પણ ૪૦થી ૫૦ ટકાનો ઘટાડો થયો હોવાનું જણાવે છે.

જીડીપીને ફટકો

કુલ ૬ કરોડ રજીસ્ટર્ડ બિઝનેસ આઉટલેટ છે જ્યારે તેમાં અનરજીસ્ટર્ડ વિક્રેતાઓની ગણતરી કરવામાં આવી નથી અને તેમની સંખ્યા પણ રથી ૩ કરોડ જેટલી હોઈ શકે છે. વર્તમાન અંદાજ અનુસાર અર્થસભર આર્થિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ૫ કરોડ લોકોને એકાએક જોરદાર આંચકો લાગ્યો છે. નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ પબ્લિક ફાઈનાન્સ એન્ડ પોલીસીના અજય શાહે એક લેખમાં જણાવ્યું છે કે ધંધા રોજગાર ઠપ થવાથી જીડીપીને ત્રણ ટકા જેટલું નુકસાન થઈ શકે છે. ૩.૬૫ દિવસના સમયગાળો એક વર્ષની જીડીપીનો એક ટકા થવા પામે છે એટલે કે રૂા. ૧,૨૦,૦૦૦ કરોડ થાય છે. જો ચોથા ભાગનું ઉત્પાદન અવરોધાય તો અર્થતંત્રમાં ૩૦,૦૦૦ કરોડનું નુકસાન થાય છે અને જો આ સ્તરે ૧૫ દિવસ ધંધા રોજગાર ઠપ રહે તો ૧,૨૦,૦૦૦ કરોડનું નુકસાન થઈ શકે છે.

-સંજય પુગાલિયા

(સૌ.: ધ ક્વિન્ટ.કોમ)

ગાંધીધામથી નડિયાદ જતા સર્જાયો અકસ્માત

ધ્રાંગધ્રા નજીક કાર પલટી જતાં માતા-પુત્રનાં મોત

ભૂજ,તા.૧૭

ધ્રાંગધ્રા નજીક આજરોજ કાર પલ્ટી મારી જતા ગાંધીધામના રહીશ માતા-પુત્રના સ્થળ ઉપર જ મોત થતાં ગાંધીધામમાં શોકની લાગણી ફરી વળી હતી. ઘટનાની વિગતો એવી છે કે, ગાંધીધામના અંકીતકુમાર ગુપ્તા (ઉ.વ.૩૨) તથા તેમના માતા ઉવાબેન રાજકુમાર ગુપ્તા (ઉ.વ.૬૦) પોતાની જીજે.૧૨.સિડી.૬૮૯૧ નંબરની સ્વીફ્ટ કાર લઈને ગાંધીધામથી નડિયાદ જઈ રહ્યા હતા ત્યારે આજે તા.૧૭ના રોજ સવારે ૧૧ વાગ્યે તેઓની કાર ધ્રાંગધ્રા નજીક પલ્ટી મારી જતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં કારમાં સવાર માતા-પુત્રના મોત થયા હતા. જ્યારે કારના ચાલક દિપકભાઈ મહેશ્વરીને ઈજાઓ થઈ હતી. અકસ્માતની જાણ થતાં ગાંધીધામ ખાતે શોકનું મોજું ફરી વળ્યું હતું. અકસ્માત અંગે ધ્રાંગધ્રા પોલીસ તપાસ ચલાવી રહી છે.

અમરેલીમાં દારૂલ ઉલુમ મહેબુબયાહ ખાતે દસ્તારબંધી ઉર્સ યોજાયો

અમરેલી,તા.૧૭

અમરેલીમાં હઝરતે મહેબૂબ રહેમાન કાદરીયુલ જિલ્લાની રહેમતુલ્લાહ અલયનો ઉર્ષ તેમજ દારૂલઉલુમ મહેબુબયાહમાં હાફિઝની તાલીમ મેળવનાર બે તાલીમાર્થીઓને હિફઝુલ કુર્આનની દસ્તારબંધીનો પ્રોગ્રામ યોજાયો હતો આ કાર્યક્રમમાં વટવા અમદાવાદના પીરે તરીકત હમીદબાબા કાદરી અહમદીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો કાર્યક્રમમાં ધોરાજી દારૂલઉલુમ મિસ્કિનિયાહના નાઝીમે આલા ગુલામગોષ અલ્વીયુલ હાશ્મી ખાસ ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમમા પધારેલ તમામ મહેમાનોનું સંસ્થાના પ્રમુખ સૈયદ જિયાઉર્રહમાનબાપુ કાદરીએ ફૂલોના હારથી સ્વાગત કર્યું હતું.

જામનગર મનપાના ઈતિહાસમાં પહેલીવાર

વેરાની ભરપાઈ માટે વોરંટ ઈસ્યુ કર્યા બાદ કારખાનેદારોને નોટિસ ફટકારાઈ

જામનગર તા. ૧૭

જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના બાકી વેરાદારો પાસેથી જંગી રકમની વસુલાત માટે ૧૩૮૦૦ આસામીઓને વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યા હતાં જામ્યુકાના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત કમિશ્નર આર.બી. બારડ અને ચીફ એકાઉન્ટન્ટ જીજ્ઞેશ નિર્મળ દ્વારા સર્જીકલ સ્ટ્રાઈક સર્જવાની સાથે તંત્રના ૫૫૦ કર્મચારીઓને આ કામગીરીની સોંપણી કરવામાં આવી હતી.દરમ્યાન રૂા. ૫૦૦-૧૦૦૦ની ચલણી નોટ સંદર્ભે સર્જાયેલી સમસ્યાઓ હળવી બનાવવાના ઉદ્દેશ સાથે જામનગર મહાનગરપાલિકાની હદમાં સમાવિષ્ટ થયેલા વિસ્તારોમાંથી ઔદ્યોગિક વિસ્તારોના કારખાનેદારોના વ્યવસ્થા વેરા સહિતના વિવિધ વેરાઓ ભરપાઈ કરવાના બાકી રહેતાં હોય જેથી આવા બાકીદારોએ તાકીદ રકમની ભરપાઈ કરવા ખાસ આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યું હતું.જેના પગલે જામ્યુકો કમિશ્નર આર.બી. બારડની સુચનાથી ચીફ એકાઉન્ટન્ટ જીજ્ઞેશ નિર્મળના નેજા હેઠળ ૨૯૭૪ કારખાનેદારોને બાકી વેરાની રકમ ભરપાઈ કરવા નોટીસ ઈસ્યુ કરવામાં આવી છે. તંત્રની નોટીસની બજવણી કરવા આજે દસ ટીમો દ્વારા જીઆઈડીસી, દરેડ સહિતના વિસ્તારોમાં કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી દરમ્યાન જામ્યુકોને રૂા. દસ કરોડની આવક થવાનો અંદાજ દર્શાવવામાં આવ્યો છે.

વેરાવળ : નવા મેડિકલ બિલ સામે તબીબોના ધરણા-રેલી

(સંવાદદાતા દ્વારા) વેરાવળ, તા.૧૭

વેરાવળમાં ઈન્ડિયન મેડિકલ એસો.ના તબીબી સભ્યો દ્વારા ગઈકાલે ચાર કલાક પ્રેક્ટિસ બંધ રાખી સત્યાગ્રહ સાથે ધરણા યોજી રેલી સ્વરૂપે કલેક્ટર કચેરીએ જઈ પ્રધાનમંત્રીને સંબોધેલ આવેદનપત્ર સુપ્રત કરેલ હતું.

વેરાવળ આઈ.એમ.એ.ના પ્રમુખ ડૉ. હિરેન થાનકી, સેક્રેટરી ડૉ. ચંદ્રકાંત પટેલે સંયુક્ત યાદીમાં જણાવેલ કે, ભારત સરકાર મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને વિખેરી નેશનલ મેડિકલ કમિશનની સ્થાપના કરી પ્રાઈવેટ મેડિકલ કોલેજોને ૬૦થી ૯૯ ટકા સુધીની એમ.બી.બી.એસ. અને પોસ્ટ ગ્રેજ્યુએટની સીટોને તેમની મરજી મુજબની ફી વસૂલવાની પરવાનગી આપશે. તેનાથી તબીબી શિક્ષણ ખૂબ મોંઘું થશે તેમજ એન.એમ.સી. બિલના શિડ્યુલ મુજબ આયુર્વેદિક, હોમિયોપેથી તથા અન્ય શાખાના લોકોને મોર્ડન એલોપેથીની પ્રેક્ટિસ કરવાની છૂટ આપવાની વાત છે. જે દર્દીઓના આરોગ્ય સાથે ગંભીર ચેડાં સમાન હોય આ બિલનો અમારા એસો. દ્વારા વિરોધ કરી રદ કરવાની માંગણી સાથે ગઈકાલે ધરણા યોજી આવેદનપત્ર આપેલ અને સરકાર દ્વારા દોઢ માસમાં આ માગણી સંદર્ભે યોગ્ય પગલાં ભરશે નહીં તો આઈ.એમ.એ.ને જલદ કાર્યક્રમ આપવાની ફરજ પડશે તેવી અંતમાં ચીમકી આપેલ છે.

સંસ્થા સમાચાર

ગીર સોમનાથના કલેક્ટરની દિવ્યાંગ બાળકો સાથે દિવાળી

જીવનદિપ હેલ્થ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ કોડીનાર સંચાલિત દિવ્યાંગ બાળકોના દિશા અર્લી ઈન્ટરવેનશન એન્ડ સ્કૂલ રેડીનેસ સેન્ટર તથા વિકાસ ડે કેર સેન્ટરમાં આવતા દિવ્યાંગ બાળકો સાથે ગીર સોમનાથના કલેક્ટર ડો.અજયકુમારે દિવાળીની ઉજવણી કરી હતી. કલેક્ટર સાથે રેસીડેન્સ એડીશનલ કલેક્ટર પી.બી.પંડ્યા, તથા મામલતદાર કોડીનાર પી.એ.ગોહિલ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી અમિતકુમાર ભટ્ટ તથા ચાઈલ્ડ પ્રોટેક્શન યુનિટના પ્રોગ્રામ ઓફિસર પ્રિયંકાબેને સંસ્થાની મુલાકાત દરમ્યાન દિવ્યાંગ બાળકોને દિવાળીની મીઠાઈઓ તથા નાસ્તો વહેંચ્યો હતો. સંસ્થાની મુલાકાત દરમ્યાન સંસ્થા દ્વારા આ કાર્યક્રમની વ્યવસ્થા કામગીરી માટે સંસ્થાના સ્ટાફગણ તથા ગીર સોમનાથ જિલ્લા બાળ સુરક્ષા યુનિટની ટીમે જહેમત ઉઠાવી હતી.

વિસાવદરમાં ફાટેલા હોઠ તથા તાળવાની સર્જરી માટે કેમ્પ

વિસાવદર શહેરની સેવાભાવિ સંસ્થા સમભાવમિત્ર મંડળ તથા ગુજરાત કલેફ્ટ એન્ડ કેનિયો ફેસિયલ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ (જી.સી.સી.આર.આઈ) અમદાવાદના સંયુક્ત ઉપક્રમે ફાટેલા હોઠ, ફાટેલ તાળવાની સર્જરીનો તથા ચહેરા પરની જન્મજાત ખોડ ખાંપણનો વિનામૂલ્યે નિદાન તથા સારવાર કેમ્પ તથા બહેરા મૂંગા બાળકો માટેનું માર્ગદર્શન તા.૨૭મી નવેમ્બરે રવિવારના રોજ યોજાશે. આ કેમ્પ ભારમલલાતી કલસારી રોડ વિસાવદર ખાતે રાખવામાં આવેલ છે. સમભાવમિત્ર મંડળના પ્રમુખ ઈલ્યાસભાઈ ભારમલએ એક યાદીમાં જણાવ્યા અનુસાર.

ભૂજની વિવિધ સંસ્થાઓ દ્વારા મીઠાઈ-કપડાનું વિતરણ

ભૂજની સેવાભાવિ સંસ્થા એક હી આવાઝ સંસ્થા દ્વારા દિવાળી તેમજ ભાઈબીજના દિવસે ભૂજની માનસિક આરોગ્ય હોસ્પિટલમાં દર્દીઓને સ્વાદિષ્ટ ભોજન કરાવવામાં આવ્યું હતું. તેમજ બીજા એક સેવાકીય કાર્ય કરનારા આતીફ ગ્રુપ દ્વારા હમીસર તળાવ પાસેની ઝુંપડપટ્ટીમાં વસ્તા ગરીબ, જરૂરતમંદ પરિવારના લોકોમાં મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ સહકાર યુવક મંડળ દ્વારા હંગામી આવાસ જી.આઈ.ડી.સી.માં વસ્તા શ્રમજીવી પરિવારના લોકો માટે મીઠાઈ તથા કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તમામ કાર્યક્રમમાં એક હી આવાઝ સંસ્થાના પ્રમુખ કે.એન.ચાકી, કેશરબેન ચાવડા, જહાંગીર ખાન પઠાણ, સહકાર યુવકના પ્રમુખ ઝહીર સમેજા, હુસેન થેબા, ભોગીલાલ વોરા, સિંકદર શાયર વગેરે સમાજ સેવકો હાજર રહ્યા હતા.

આર.ડી.સી.બેંકને રૂા.૫૦૦-૧૦૦૦ની નોટો પૂરી પાડવા માગ

રાજકોટ જિલ્લા સહકારી બેંકનો વહીવટ અટકતાં ખેડૂતો તથા દૂધ ઉત્પાદકો મુશ્કેલીમાં : પીરઝાદા

(સંવાદદાતા દ્વારા) વાંકાનેર,તા.૧૭

સરકાર દ્વારા રૂા.૫૦૦ અને રૂા.૧૦૦૦ની ચલણી નોટો બંધ કરવાના નિર્ણય સાથે ગુજરાતની જિલ્લા સહકારી બેંકોને પણ રૂા.૫૦૦ તથા રૂા.૧૦૦૦ની ચલણી નોટો સ્વીકારવા મનાઈ કરવામાં આવેલ છે. તેમજ હાલ રાજકોટ જિલ્લા સહકારી બેંક (આર.ડી.સી. બેંક)ને નવી ચલણી નોટો આપવામાં આવતી નથી.

રાજકોટ તથા મોરબી જિલ્લાના મોટા ભાગના ખેડૂતો તથા દૂધ ઉત્પાદકો ફક્ત આર.ડી.સી. બેંકમાં જ ખાતુ ધરાવે છે. જે રૂા.૫૦૦ તથા રૂા.૧૦૦૦ની ચલણી નોટો સ્વીકારી શક્તી ન હોઈ, બીજી કોઈ બેંકમાં ખાતુ ન ધરાવતા ખેડૂતો તથા દૂધ ઉત્પાદકો ખરેખર ખુબ મુશ્કેલીમાં મુકાયા છે. તેઓના મહેનતના પૈસા હાલ રદ થઈ જાય તેવી પરિસ્થિતિ ઉભી થઈ છે. એમ ધારાસભ્ય મહંમદ પીરઝાદાએ વધુમાં જણાવ્યું કે, મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના ૧૦૧ ગામના દૂધ ઉત્પાદકો, રાજકોટ જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘને પોતાના ગામની દૂધઉત્પાદક સહકારી મંડળી મારફત દૂધનું વેચાણ કરે છે. દર ૧૦ દિવસે વાંકાનેર તાલુકાના દૂધ ઉત્પાદકોના અંદાજીત રૂા.૧.૫ કરોડ (રૂા.દોઢ કરોડ) આર.ડી.સી. બેંકના તેમના ખાતામાં દૂધના વેચાણના બિલ તરીકે જમા થાય છે.ચલણી નોટો બંધ થયા બાદ તા.૯-૧૧-૨૦૧૬ના રોજ આ બિલ જમા થયેલ અને હવે તા.૧૯-૧૧-૨૦૧૬ના રોજ દૂધઉત્પાદકોનો ત્રીજો હિસાબ તેમના ખાતામાં જમા થશે પરંતુ આર.ડી.સી. બેંકને રિઝર્વ બેંક દ્વારા નવુ ચલણ મળતું ન હોવાથી દૂધ ઉત્પાદકો પોતાની મહેનતના પૈસા પોતાના ખાતામાંથી ઉપાડી શકતા નથી. તેઓનો આર્થિક વ્યવહારો ઠપ્પ થઈ જવા પામ્યા છે અને રોજી-રોટીનો પ્રશ્ન ઉભો થવા પામેલ છે. તેમજ આર.ડી.સી. બેંક પોતાના ખાતેદારોને અન્ય બેંકોની જેમ જૂનું ચલણ બદલી આપી શકતી નથી.

આ અંગે સરકારે તાત્કાલિક નિર્ણય લઈ આર.ડી.સી. બેંકને પુરતુ ચલણ પુરૂ પાડવું જોઈએ અને અન્ય રાષ્ટ્રીયકૃત તથા ખાનગી બેંકોની જેમ રૂા.૫૦૦ તથા રૂા.૧૦૦૦ની ચલણી નોટો સ્વીકારવાની છૂટ આપી, ખેડૂતો તેવી માંગણી વાંકાનેરના ધારાસભ્ય અને આર.ડી.સી. બેંકના ડિરેક્ટર શ્રી મહંમદ જાવેદ પીરઝાદા દ્વારા કરવામાં આવેલ છે.

કોંગી કોર્પોરેટરે ભાજપની દાનત સામે પ્રશ્નો કર્યા..

સુરત મનપાએ સામાન્ય સભાના ઠરાવથી ઉપરવટ જઈ ઈ-ટેન્ડર બહાર પાડતાં વિવાદ

સુરત,તા.૧૭

સુરત ખાતે આવેલ ટી.પી.૭ આંજણાની ૧૪ ઝુંપડપટ્ટીઓને વર્ષ ૨૦૧૩માં સામાન્યસભાના ઠરાવથી મુખ્યમંત્રી ગૃહયોજના અંતર્ગત પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ દ્વારા પુનઃવસન કરવાની નીતિ જાહેર કરવામાં આવી હતી. પરંતુ સુરતના બિલ્ડરોએ સત્તાપક્ષ ભાજપ સાથે મળી ગેરરીતી આદરી ભોળી ગરીબ પ્રજા સાથે છેતરપિંડી કરી મકાનોની કિંમત વધુ વસુલ કરી હતી. આ બાબતની જાણ હોવા છતાં મનપાએ સામાન્ય સભાના ઠરાવથી ઉપરવટ જઈ ઈ-ટેન્ડર બહાર પાડતાં કોંગ્રેસ પક્ષના કોર્પોરેટર દ્વારા આ અંગે કમિશનરને લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી.આંજણાની ઝુંપડપટ્ટીઓ તેમજ આંબેડકર વસાહતમાં પી.પી.પી. યોજના હેઠળ પુનઃવસનનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. પરંતુ બિલ્ડરો એક ફ્લેટના ૬ લાખથી વધુ વસુલી સત્તા પક્ષ સાથે મળી ગેરરીતિ આચરતા હોવાના આરોપો અવારનવાર લાગતા હોવાથી મનપાની સામાન્ય સભામાં ખાનગી બિલ્ડરોની જગ્યાએ સુરત મનપા પોતે જ આ પ્રોજેક્ટ પર કાર્ય કરશે તેવું જણાવાયું હતું. પરંતુ તા.૧૨મી નવેમ્બરના રોજ સુરત મનપાએ આ વસાહતોના પુનઃવસન માટે ઈ-ટેન્ડર બહાર પાડતાં ભાજપની દાનત સામે અનેક પ્રશ્નો ઊભા થયા છે. આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હોવાના આક્ષેપો સાથે કોંગ્રેસ પક્ષના કોર્પોરેટર અસલમ સાયકલવાલા અને શૈલેષ રાયકાએ મ્યુનિ.કમિશનરને લેખિતમાં રજૂઆત કરી છે અને જો આ અંગે યોગ્ય પગલાં નહીં લેવાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

પોસ્ટ ઓફિસમાં પૂરતી ''કેશ''ના હોવાથી લોકો પરેશાન

ધોળકામાં SBIની લાઈનમાં ઊભેલા ''ભાડુતી'' માણસોને પોલીસે ભગાડ્યા

(સંવાદદાતા દ્વારા) ધોળકા, તા.૧૭

ધોળકા ખાતે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની બજાર બ્રાન્ચ બહાર રૂા.૨૦૦થી રૂા.૫૦૦ લઈ દાડીયાની જેમ બીજાના નાણા એકસચેન્જ કરાવવા ઉભા રહેતા લોકોને સ્થાનિક પોલીસે મેથીપાક ચખાડતા બેંકની બહાર લાઈનોમાં ખોટી ભીડ કરતા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ખરેખર જરૂરિયાતમંદ લોકોને ઘણી રાહત થઈ હતી. તો ધોળકા હેડ પોસ્ટઓફિસમાં પર્યાપ્ત 'કેશ'ના હોવાથી આજે પણ બપોર સુધીમાં કેશ એકસચેન્જ બંધ કરાતા લોકો નિરાશ થયા હતા.

(તસવીર : લિયાકત મનસુરી, ધોળકા)

પ્રાપ્ત માહિતી મુજબ રૂા.૫૦૦ અને રૂા.૧૦૦૦ની ચલણી નોટો બંધ કરાતા તેને જમા કરાવવા તથા નાણા એકસચેન્જ કરાવવા છેલ્લા આઠ દિવસથી ધોળકાની વિવિધ રાષ્ટ્રીયકૃત બેંકો ખાતે સવારથી જ લોકોની લાંબી લાઈનો લાગે છે. પૈસાદાર લોકો અમુક પુરૂષો તથા મહિલાઓને રૂા.૨૦૦થી રૂા.૫૦૦ આપીને વિવિધ બેન્કોની લાઈનોમાં ઉભા રાખે છે. આથી દરેક બેન્કોની બહાર ખૂબ મોટી લાઈનો લાગતી હતી. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા-ધોળકા બજાર બ્રાન્ચના કર્મચારીઓએ ધોળકા પોલીસનું ધ્યાન દોરતા પોલીસે લાલ આંખ કરી લાઈનમાં ઉભા રહેલા લોકોના ડોક્યુમેન્ટ ચેક કરી પૂછપરછ કરતાં ઘણા લોકો ''ભાડૂતી'' નીકળ્યા હતા. આથી અમુક ભાડુતી ઈસમોની પોલીસે ''આગવીઢબે સરભરા'' કરતાં અડધો અડધ લાઈન આપોઆપ ખાલી થઈ હતી. એટલે કે એસબીઆઈની લાઈનમાં નાણાં એકસચેન્જ કરાવવા ઉભેલા કુલ માણસોમાંથી અડધો અડધ ભાડૂતી માણસોમાંથી અડધો અડધ ભાડૂતી માણસો હતા. પોલીસે લાલ આંખ કરતા ખરેખર જરૂરિયાતમંદ અને સાચા ગ્રાહકોને ઘણી રાહત થઈ હતી. આ ઉપરાંત ધોળકા દેના બેંક બજાર શાખાની વાત કરીએ તો અહીં ૪.૩૦ વાગે એટલે ગ્રાહકોને બેંકની અંદર જવા દેવામાં આવતા નથી આથી સવારથી લાઈનમાં ઉભા રહેલા લોકો નિરાશ થઈ પરત ફરી રહ્યા છે. ગ્રાહકોની માગણી છે કે સાંજના ૬ વાગ્યા સુધી ગ્રાહકોને બેંકમાં એન્ટ્રી આપવી જોઈએ. આ ઉપરાંત ધોળકામાં ગનીપુર પાણીની ટાંકી પાસે આવેલ ધોળકા હેડ પોસ્ટઓફિસમાં પૂરતી ''કેશ''ના હોવાથી દરરોજ બપોર સુધીમાં તો નાણાં એક્ષચેન્જ કરવાનું કામ બંધ કરી દેવામાં આવે છે. પોસ્ટઓફિસના જવાબદાર અધિકારીઓ દ્વારા લોકોને સંતોષકારક જવાબો આપવામાં આવતા ના હોવાનું માજી મ્યુ. સભ્ય ફિરોજખાન પઠાણે જણાવ્યું હતું.

દાહોદ જિલ્લાના એટીએમ બંધ હોવાથી હાલાકી

દાહોદ જિલ્લાના ફતેપુરા ગામમાં ૧૦૦૦ અને ૫૦૦ની નોટો બંધ જઈ ગઈ છે. ત્યારે યૂનિયન બેન્ક અને બીઓબીના બન્ને એટીએમ ચાલુ કરવામાં આવ્યા નથી. પુછતા જાણવામાં આવે છે કે છુટ્ટા પૈસા ન હોવાના કારણેથી એટીએમ બંધ રાખવામાં આવ્યુ છે એના કારણે બેન્કોમાં બહુ જ લાંબી લાઈનો લાગે છે અને ગરીબોનો મરો થાય છે લોકો આખો દિવસ બગાડીને લાઈનોમાં ઊભા રહે છે. મજૂરી કરીને કમાઈને ખાવાવાળાની હાલત કફોડી બની જાય છે. કદાચ સાંજ પડી જાય તો કદાચ ફરી બીજા દીવસે ઉભા રહીને ધક્કા ખાવા પડે છે જો એટીએમ ચાલુ રાખવામાં આવે તો લોકોની લાઈનો ઓછી થાય અને ગરીબ જનતાનો કિંમતી અને રોજ કમાઈને ખાવાવાળાનો સમય બચે તેમ છે. આ બાબતે તંત્ર એ ધ્યાન આપે.

(તસવીર : આઝાદ એસ. મન્સુરી, ફતેપુરા)

ગાંધીધામના પરિવારને નડયો અકસ્માત

ધ્રાંગધ્રા નજીક કારનું ટાયર ફાટતાં ટ્રક સાથે અથડાતાં માતા-પુત્રનાં મોત

(સંવાદદાતા દ્વારા) સુરેન્દ્રનગર, તા.૧૬

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા પાસેના હળવદ માર્ગ ઉપર કારનું એકાએક ટાયર ફાટતાં ડિવાઈડર કૂદીને સામે આવતા ટ્રક સાથે ધડાકાભેર અથડાવાના બનાવમાં ગાડીમાં રહેલા ડ્રાઈવર સહિત ચાર પૈકીના બેનાં ઘટનાસ્થળ ઉપરમાંથી નીપજ્યા છે.

આ બનાવની જાણકારી મળતા પોલીસ અકસ્માત સ્થળે પહોંચી ગયેલ. કાર કાટમાળમાં ફેરવાઈ ગયેલ છે. કારના પતરા ચીરીને બન્ને માતા-પુત્રના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા.

આ બનાવમાં ધ્રાંગધ્રા સરકારી દવાખાનેથી જાણવા મળી રહેલ વિગતો અનુસારમાં ધ્રાંગધ્રા-હળવદ બાયપાસ પાસે આજે સવારના ૯.૩૦ વાગ્યાના અરસામાં ગાંધીધામનો પરિવાર પોતાના કામ માટે આ માર્ગ ઉપરથી પસાર થઈ રહ્યો હતો.

ગાંધીધામના રાજકુમારભાઈ અને તેમના પત્ની-પુત્ર-ડ્રાઈવર સાથે આ માર્ગ ઉપર પસાર થતાં હતા ત્યારે કારની ગતિ વધારે હોવાના કારણે કારનું ટાયર ફાટવાના કારણે કાર ડિવાઈડર કૂદીને સામેના ભાગે આવતા ટ્રક સાથે ધડાકાભેર અથડાતા કાર કાટમાળમાં ફેરવાઈ ગઈ હતી.

ડ્રાઈવર અને રાજકુમાર ભાઈની હાલત અતિ નાજુક હોવાનું જાણવા મળે છે. જેઓને અમદાવાદ ખસેડવા માટે તજવીજ હાથ ધરવામાં આવેલ છે. જ્યારે આ અકસ્માતના બનાવમાં માતા અને પુત્રના ઘટનાસ્થળે મોત નીપજ્યા છે.

વિકરાળ આગ

સુરેન્દ્રનગર જિલ્લામાં હાલમાં ગેસની લાઈન નાખવા માટે ખોદકામ કરી ગેસ લાઈન નાખવામાં આવી હતી. ત્યારે અચાનક જ અરૂણ સોસાયટીમાં ગેસની લાઈન લીક થતાં આગ લાગી ગઈ હતી. આ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આ આગની લોકોએ ફાયરબ્રિગેડને જાણ કરી આગને કાબુમાં કરાઈ હતી.

(તસવીર : ફારૂક ચૌહાણ, વઢવાણ)

સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત

સંજેલીના ભાણપુર-ડુંગરા ગામમાં ૧૨૦૦ પ્રશ્નોનો સ્થળ ઉપર નિકાલ

(સંવાદદાતા દ્વારા) સંજેલી, તા.૧૭

રાજ્ય સરકાર દ્વારા પ્રજાના આંગણે અભિગમને સાકાર કરવા અમલી બનાવેલ સેવા સેતુ કાર્યક્રમને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. એક જ દિવસમાં ભાણપુર ગામે તા.૧૧/૧૧/૨૦૧૬ના રોજ ભાણપુર કલસ્ટરમાં ૧૧ જેટલા ગામોમાં ૫૫૧ જેટલી અરજીની સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો. જ્યારે ડુંગરા ગામે કલસ્ટરની ૧૩ જેટલા ગામોની ૬૨૮ અરજીની સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો. ઝાલોદ તાલુકાના ના.કલેક્ટર વી.સી.ગામીત અધ્યક્ષતામાં સેવાસેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત ધારાસભ્ય રમેશ કટારા, ભા.જિલ્લા પ્રમુખ શંકર આમલીયાર, સંજેલી પાર્ટી પ્રમુખ ફુલસીંગ ભમાત, સંજેલી મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી અને સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે ડુંગરા ગામે સેવાસેતુ કાર્યક્રમમાં ત્રણ ખાતાના અધિકારી કે સ્ટાફ હાજર ન હતા. (૧) જમીન સંરક્ષણ ખાતું (૨) પાણી પુરવઠા વિભાગ (૩) રાજ્ય માર્ગ અને મકાન વિભાગ (૪) જ્યારે નેનકી ગામે રોડની સાઈટમાં ઉગેલા ગાંડા બાવળો કાપવા માટેની અરજીનો નિકાલ ના થયો, સ્ટાફની ગેરહાજરીના કારણે.

માંડવી ખાતે ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

ભૂજ, તા.૧૭

માંડવી નગર સેવા સદનના ઉપક્રમે વિન્ડફાર્મ બીચ ખાતે આયોજિત કાર્યક્રમ સ્વ.અનંત દવે દ્વારા તેમજ પ્રો.કે.ટી.શાહ કોમ્પ્લેક્ષ અને ભૂજ-માંડવી ૪૦ કિ.મી.ના રસ્તાનું ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માંડવીના મેયર સુજાતાબેન, માંડવી ધારાસભ્ય તારાચંદ છેડા, કચ્છના પ્રભારી મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી, કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલા તથા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન અનિરૂધ્ધ દવે દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

મોટી નોટોની રામાયણ સર્જાતાં

સુરત પંથકના ખેડૂતોની પરેશાની પરાકાષ્ટાએ !

(સંવાદદાતા દ્વારા) માંગરોળ, તા.૧૭

કેન્દ્ર સરકારે કાળાં નાણાંને ડામવા માટે ૧૦૦૦ અને ૫૦૦ રૂપિયાની નોટો ચલણમાંથી રદ કરી છે એ નિર્ણય આવકારદાયક છે.

પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં ૯૦ ટકા વહેવારો રોકડમાં થાય છે. જેથી ઉપરોક્ત નિર્ણયથી ખાસ કરી ગ્રામીણ વિસ્તારના ખેડૂતો અને ખેતમજૂરોની સ્થિતિ ખૂબ જ દયનીય બની છે.

ખેડૂતોના મોટાભાગના બેંક ખાતા સુરત ડી.કો.ઓ. બેંકમાં આવેલા છે. સરકારે એકાએક આ બેંક ઉપર નાણાં બદલવા અને જમા લેવા ઉપર પ્રતિબંધ મૂકતા ખેડૂતોની સ્થિતિ વધુ ખરાબ થઈ છે. દક્ષિણ ગુજરાતનો ખાંડ ઉદ્યોગ શેરડી ઉપર ચાલી રહ્યો છે. ચાલુ વર્ષે વરસાદમાં વિલંબ થતાં એક માસ પાછળ શેરડીની વાવણી થઈ છે. હાલમાં ખેતીનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ત્યારે ખેડૂતોને ડીઝલ-ખાતર-દવા-મજૂરીના નાણાં ચૂકવવાની ઘણી મુશ્કેલી પડી રહી છે. તેવા સંજોગોમાં સુરત ડી.કો.ઓ. બેંક લી.ને ૧૦૦૦ અને ૫૦૦૦ રૂપિયાની ચલણી નોટો બદલી આપવાની તથા નાણાં જમા લેવાની છૂટ આપવામાં આવે એવી લોક માંગ ઉઠી છે.

બીજી તરફ ગ્રામીણ વિસ્તારોમાં સોયાબીન અને મગનાં પાકો ખેડૂતોના ઘરોમાં આવી ગયા છે પરંતુ નાણાંની ઉપરોકત સમસ્યા ઉભી થતાં ખેડૂતોના આ તૈયાર પાકને ખરીદવા માટે કોઈ વેપારી તૈયાર નથી. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ ખાતે ધંધો કરતા વેપારીઓએ પણ ખરીદી બંધ કરી દેતા ખેડૂતોની સ્થિતિ વધુ દયનીય બની છે.

જામનગરમાં ફિઝિયોથેરાપીના વિનામૂલ્યે કેમ્પનું આયોજન

જામનગર, તા.૧૭

જામનગર ખાતે તા.૧૯/૧૧/૨૦૧૬ને શનિવાર સવારે ૧૦ વાગ્યે રંગુનવાલા હોસ્પિટલમાં ફિઝીયોથેરાપીનો વિનામૂલ્યે કેમ્પ રાખેલ છે. જેમાં સાંધાના દુઃખાવો, ગોઠણનો દુખાવો, સ્નાયુઓનો દુઃખાવો, મણકાનો ઘસારો તથા ગાદી ખસી જવી તેમજ સાયટીકા, હાથ-પગ તથા મોઢાનો લકવા, પ્રસૂતિ પહેલા તથા બાદની કસરતો, ફ્રેકચર તથા દાઝયા બાદની જરૂરી સારવાર, ફેફસા અને હૃદયની સર્જરી પછીની કસરતો,નસનો દુખાવો વગેરે દર્દોનું સચોટ નિદાન કરી સારવાર તથા યોગ્ય માર્ગદર્શન ડો.ફાતેમા રાજે (Physiotherapist) આપશે. આ વિનામૂલ્યે તબીબી સેવાનો સર્વેએ લાભ ઉઠાવવા ટ્રસ્ટ તરફથી અનુરોધ કરાયો છે.

સુરેન્દ્રનગર શહેરમાંથી યુવતી છ દિવસથી ગુમ

સુરેન્દ્રનગર, તા.૧૭

સુરેન્દ્રનગર શહેરમાં યુવતીઓ ગુમ થવાના અનેક બનાવો પોલીસ દફતરમાં નોંધાવા પામ્યા છે. ત્યારે વધુ એક બનાવ પોલીસમાં નોંધાયો છે.

જેમાં સુરેન્દ્રનગરની સોનલ સોસાયટીમાં રહેતા કાજલબેન કિરીટસિંહ ચૌહાણ (ઉ.વ.૨૦) તા.૧૨/૧૧થી રાત્રીના પોતાના જ ઘરેથી કોઈને પણ કહ્યા કારવ્યા વગર કયાંક જતા રહ્યા છે.

સુરેન્દ્રનગર પોલીસમાં કાજલ ચૌહાણ ગુમ થયેલ હોવાની ફરિયાદ નોંધાવવામાં આવેલ છે.

માંગરોળના નાની નરોલી ગામે ઠેર-ઠેર ઉકરડાનું સામ્રાજ્ય

માંગરોળ,તા.૧૭

માંગરોળ તાલુકાના નાની નરોલી ગામે ઠેર-ઠેર ઉકરડાઓએ સામ્રાજ્ય જમાવ્યું હોય પ્રજાજનો હવે આ ઉકરડાઓ હટાવવા માટે સક્રિય બન્યા છે. ગામના ઈલ્યાસ મહમદ મલેકે આ પ્રશ્ને ગામના સરપંચને લેખિતમાં ફરિયાદ કરી છે કે, સહિત ગામમાં અનેક સ્થળો ઉપર વસ્તીમાં ઉકરડાઓ ઉભા કરી દેવામાં આવ્યા છે. ઉકરડાને પગલે ગંદકી થતાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. ગામમાં ગંદકી વધે અને ગંદકીને પગલે રોગચાળો વધુ વકરે એને ધ્યાનમાં લઈ, ઉકરડાઓ વસ્તીમાંથી હટાવવા માગ કરી છે.

અવસાન નોંધ

પાલીતાણા

પાલીતાણાના સંધી નાનુભાઈ વલીભાઈ (નાનકાભાઈ દંગાવાળા) તા.૧૬-૧૧ના રોજ જન્નતનશીન થયેલ છે. મર્હૂમની ઝિયારત તા.૧૮-૧૧ને શુક્રવારે જુમ્મા મસ્જિદમાં સવારે રાખેલ છે.

મૂંગા પશુઓ પ્રત્યે ધ્યાને લઈ નવતર પ્રયોગ

પાલનપુરમાં કચરિયું પીલવા માટે બળદની જગ્યાએ બાઈકનો ઉપયોગ

પાલનપુર, તા.૧૭

શિયાળાની ઋતુમાં તંદુરસ્ત રહેવા માટે લોકો દેશી કચરીયા પાકની જયાફત માણતા હોય છે એક સમયે કચરિયા પાકને પીસવા માટે બળદનો ઉપયોગ કરવામાં આવતો હતો પરંતુ બદલાતા દેશમાં હવે બાઈકનો ઉપયોગ થઈ રહ્યો છે.

(તસવીર : અખ્તર ચૌહાણ, પાલનપુર)

આ તસ્વીર જોઈને તમને પણ એવું લાગતું હશે કે હવે અચ્છે દિન શરૂ હો ગયે હૈ થોડાક વર્ષો પહેલા શિયાળા માં કચરીયા પાકને દેશી રીતે પીસવા માટે બળદનો ઉપયોગ થતો હતો પરંતુ નવા જમાનાની નવી ટેકનિકનો ઉપયોગ લોકો કરી રહ્યા છે. આ તસ્વીર જોઈને એમ થાય કે બળદ કરતા બાઈક મોંઘુ પડતું હશે પણ ટેક્નિકલ રીતે દેશી કચરીયા પાક તૈયાર કરતા રાજસ્થાની તૈલીનું માઈન્ડ પાવર પણ કમ નથી. બાઈક બનાવનાર તેના માલિક પણ જો આ દશ્યો જોવે તો તે પણ એટલું તો જરૂર વિચારે કે જે બાઈક લોકોને હરવા ફરવાની સવારી માટે લોન્ચ કર્યું હતું તેનો આ ભેજાબાજ રોજગારી માટે ઉપયોગ કરી રહ્યા છે પાલનપુર માં ડીસા હાઈવે પર પસાર થતા રાહદારીઓ પણ કચેરીયા પાક પીસવા માટે બળદ ના બદલે બાઈક જોઈને નવાઈ અનુભવી રહયા છે. મુંગા પશુઓ માટે સોચ બદલો દેશ બદલો ની વાત સાર્થક થઇ રહી છે ગુજરાત ટુડે સાથે વાતચીત માં રતનભાઈ તૈલી એ જણાવ્યું હતું કે મુંગા પશુઓને તડકા માં દિવસ ભર તકલીફ આપવા કરતા બાઈકનો ઉપયોગ કરીને ઓછી કમાણી એ જ અમારી માનવતા છે.

દાહોદ શહેરમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના વિદ્યાર્થીઓ દ્વારા દાહોદમાં આવેલ એટીએમ અને પોસ્ટ ઓફિસમાં નાણાં બદલવા કતારોમાં ઉભેલા લોકોને પાણીના પાઉચનું વિતરણ કરવામાં આવ્યું હતું. (તસવીર : રાજેશ વસાવા, દાહોદ)

સંસ્થા સમાચાર

રાવલીમાં તેજસ્વી તારલાઓને સન્માનિત કરાયા

પેટલાદ તાલુકાના રાવલી ખાતે તાજેતરમાં જ લાઈમારેલ ટ્રસ્ટ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માન કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ ઈનામ વિતરણ સમારંભમાં પેટલાદના ધારાસભ્ય નિરંજન પટેલ, ઈમદાદ અલીભાપુ, લાઈ મોરલ ટ્રસ્ટના પ્રમુખ નજીરમીંયા તાહીરમીંયા, જે.વી.શેખ, સાજીદભાઈ શેખ (વકીલ) સહિત મોટી સંખ્યામાં ગામના અગ્રણીઓએ હાજર રહી ગામના તેજસ્વી તારલાઓને સન્માનિત કર્યા હતા તેમજ તેમની પ્રગતિ માટે હંમેશા તેમની સાથે હોવાનું જણાવ્યું હતું. રાવલી ગામની પ્રાથમિક શાળાના આચાર્યે મહિડાને શ્રેષ્ઠ તાલુકા શિક્ષકનો એવોર્ડ મળતા તેમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન સાજીદભાઈ શેખે કર્યું હતું.

ડીસા ખાતે આધારકાર્ડ તથા ખત્ના કેમ્પ યોજાયા

ડીસા ખાતે મોહદ્દિસે આઝમ મિશન ડીસા દ્વારા મદની સાર્વજનિક હોસ્પિટલમાં આધારકાર્ડ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેનો ડીસાના સ્થાનિકોએ લાભ લીધો હતો. ત્યારબાદ તા. ૧૩/૧૧/૧૬ના રોજ મદની હોસ્પિટલમાં જ ખત્ના કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેનો ડીસાના સ્થાનિકો અને આ.જુ.બા.જુ.ના. ગ્રામજનોએ રાહતદરે પોતાના બાળકોની ખત્ના કરાવી લાભ લીધો હતો. આ કેમ્પમાં યતીમ બાળકોની વિનામૂલ્યે ખત્ના કરવામાં આવી હતી. અમદાવાદથી પધારેલા ખત્ના નિષ્ણાંત ડો. અબ્દુલ્લાહ ગોધરાવાળાએ આધુનિક પદ્ધતિથી ખત્ના કરી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન હાજી ગનીભાઈ ઠેકેદારે કર્યું હતું. ઉપરાંત મોહદ્દિસે આઝમ મિશન ડીસા દ્વારા બસ્સુ ખાતે પણ તા. ૨૦/૧૧/૧૬ના રોજ ખત્ના કેમ્પનું આયોજન કરેલ છે તેમ તારીકભાઈ મુઝફ્ફરભાઈ સોલંકીએ જણાવ્યું હતું.

મેઘરજ ખાતે લિમ્બચિયા સમાજનો છઠ્ઠો ઈનામ વિતરણ અને સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

મેઘરજના પહાડીયા ગામે નવનિર્માણ લીંબચમાતાના મંદિરના કોમ્યુનિટી હોલમાં અમદાવાદના ડૉ.અનંતભાઈ એ. વાળંદના અધ્યક્ષ સ્થાને માલપુરીયા જથ વાળંદ લિમ્બચ સમાજનો છઠ્ઠો ઈનામ વિતરણ અને સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો.

નવસર્જન લિંબચ સમાજ યુવક મંડળ માલપુરીયા જૂથ આયોજિત આ છઠ્ઠા ઈનામ વિતરણ કાર્યક્રમમાં સમાજના તમામ ધો. ૮થી ગ્રેજ્યુએટ અને એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓને ઈનામો આપી શિક્ષણ ક્ષેત્રે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા તેમજ સમાજના સન્માનીય લોકોનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા સદસ્ય જશુભાઈ પટેલ કોંગ્રેસના અરવલ્લી જિલ્લા સદસ્ય રૂપલબેન પંડ્યા, પૂર્વ જિ.પં. સદસ્ય ભીખાજી ડામોર તેમજ લિંબચ સમાજના મંત્રી કાન્તિભાઈ વાળંદ અને રમેશભાઈ ડી. શર્મા, પ્રમુખ અંબાલાલ વાળંદ, કારોબારી સભ્યો સમાજના અગ્રણીઓ અને સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ભરૂચ જિલ્લા રોહિત સમાજ દ્વારા પરિચય મેળો યોજાયો

સંત શિરોમણી રૈદાસ એન્ડ યુગાવતાર ડૉ.આંબેડકર રાષ્ટ્રીય સેવા સંઘ સંચાલિત સમાજ સુધારણા અને તકરાર નિવારણ પંચ તેમજ ભરૂચ જિલ્લા રોહિત સમાજ દ્વારા આયોજિત લગ્નોત્સુક યુવક-યુવતીઓનો ૧૭મો પરીચય પસંદગી મેળો તાજેતરમાં રોહિત (સ્વ.મણીબેન એમ. પરમાર હોલ) સમાજની વાડી ભરૂચ મુકામે મળેલ હતો. સમારંભનું ઉદ્‌ઘાટન પ્રભુદાસ ડી. મકવાણાએ કરેલ હતું. લક્ષ્મણભાઈ મકવાણા, ઈશ્વરભાઈ મકવાણા અને કાર્યક્રમના પ્રમુખસ્થાને છગનભાઈ બી. ગોડીગજબાર હાજર રહ્યા હતા. આ સમારંભમાં જિલ્લાના તેમજ અન્ય જિલ્લાના લગ્નોત્સુક યુવક-યુવતીઓ તેમજ તેમના વાલીઓ અને સગાસંબંધીઓ ખૂબ મોટી સંખ્યામાં હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

પ્રાંતિજ ખાતે સમસ્ત બ્રહ્મસમાજના તેજસ્વી તારલાઓ તથા વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન કરાયું

પ્રાંતિજ ગીતાજ્ઞાન મંદિર ખાતે તાજેતરમાં પ્રાંતિજ સમસ્ત બ્રહ્મસમાજનો સ્નેહ સંમેલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આવનાર બે વર્ષ માટે નવા પ્રમુખ તરીકે જીજ્ઞેશભાઈ એમ.જોષીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી જયારે મંત્રી સહિત નવા હોદેદારોની નિમણૂક પણ કરવામાં આવી હતા. આ પ્રસંગે સમસ્ત બ્રહ્મસમાજના વિશિષ્ટ વ્યક્તિઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું અને સમાજના તેજસ્વી તારલાઓના પણ સન્માન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તેજસ્વી તારલાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા જયારે પ્રમુખ યોગેશભાઈ રાવલ, મહામંત્રી મનિષભાઈ પંડ્યા, શંભુભાઈ રાવલ, મધુભાઈ રાવલ, અરવિંભાઈ રાવલ, પ્રયાગભાઈ ત્રિવેદી, હર્ષદભાઈ સહિત કારોબારી સભ્યો સહિત સમસ્ત બ્રહ્મસમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

રણુજા ખાતે બાધા પૂરી કરી પરત ફરતા અકસ્માત નડ્યો હતો

જંબુસરમાં એક સાથે ચાર જણાની અંતિમયાત્રા નીકળતાં લોકો ચોધાર આંસુએ રડી પડ્યા

જંબુસર, તા.૧૭

આબુરોડ ભીમાના ગામ નજીક બનેલા ગોઝારા અકસ્માતમાં જંબુસરના એક કુટુંબના પાંચ વ્યક્તિઓના થયેલા કમકમાટીભર્યા મોત બાદ તેઓના મૃતદેહને જંબુસર ખાતે લવાતા સગાસંબંધી ચોધાર આંસુએ દિલશોજી વ્યક્ત કરતા હતા. તેઓની સ્મશાન યાત્રામાં મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી.

જંબુસર નાગરના ઈલોરાપાર્ક અને આંબોડકર મહોલ્લામાં રહેનાર એક જ કુટુંબના સભ્યો બાધા પુરી કરવા રામદેવરા (રણુજા) રાજસ્થાન કુઝર ગાડીમાં ગયા હતા. બાધાપુરી કરી પરત ફરતા આબુ રોડ પાસે આવેલ ભીમાના ગામ નજીક હાઈવે પર પસાર થતાં હતા ત્યારે આગળ ઉભેલી ટેંકરના પાછળ કુઝર ગાડી ધડાકાભેર અથડાતા કુઝર ગાડીનો કચ્ચણઘાણ થઈ ગયો હતો. મોડી રાત્રે થયેલા ગમખ્વાર અકસ્માતમાં ગાડીમાં બેઠેલા ચંહમેની હિમાશું જંબુસરીયા, મિતેષ દિલીપભાઈ જાંબુ, દિલીપભાઈ ચીનજી જાંબુ, શીવાભાઈ રતનજી જાંબુ, શાંતાબેન રતનજી જાંબુ આમ પાંચેય વ્યક્તિઓના ઘટના સ્થળે જ પ્રાણપંખેરૂ ઉડી ગયા હતા જયારે અન્ય પાંચને ઈજાઓ થવા પામી હતી. પાંચેય મૃતદેહના પીએમ કરી જંબુસર ખાતે લાવવાની તજવીજ હાથ ધરી આ પાંચેય મૃતદેહ જંબુસર ખાતે આવતા જ પરિવારોમાં રોડક્કોળથી કરૂણતા જોવા મળી હતી. વાતાવરણમાં ગમગીની છવાઈ ગઈ હતી. આજરોજ વહેલી સવારે ચારેય મૃતદેહની સ્મશાનયાત્રા નીકળી હતી જ્યારે એક મૃતદેહને કારેલી ગામે લઈ જવામાં આવ્યો હતો. સદર સ્મશાનયાત્રા નિકળતા જ માતા, પિતા, ભાઈ-બહેનો સૌ કોઈ ચોધાર આંસુએ વિદાય આપતા નજરે પડતા હતા. સ્મશાનયાત્રામાં માજી અન્ન નાગરિક પુરવઠા મંત્રી, સહિત જિલ્લા, તાલુકાના આગેવાનો સહિત મોટી સંખ્યામાં જનમેદની સ્મશાનયાત્રામાં જોડાયા હતા. ચારેય મૃતદેહની સ્મશાનયાત્રા એક સાથે જ નિકળતા જંબુસરમાં ઘેરા શોકની લાગણી પ્રવર્તવા પામી હતી.

મૃતકોના પરિવારને અહમદભાઈ પટેલે શોક સંદેશો પાઠવ્યો

જંબુસરના ઈલોરાપાર્ક અને આંબેડકર મહોલ્લામાં રહેતા આબુરોડ પાસે આવેલ ભિમાના ગામ નજીક અકસ્માતમાં મોત થયાની જાણ રાજયસભા સાંસદ તથા કોંગ્રેસ અદ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અહેમદભાઈ પટેલને થતાં તેઓએ પરિવારજનોને દુઃખ વ્યક્ત કરતો શોક સંદેશ પાઠવેલ હતો. જેમાં જણાવેલ કે, આબુરોડ નજીક થયેલ ગમખ્વાર અકસ્માતમાં પાંચ લોકોના મૃત્યુ થયા છે. તે ખૂબ જ દુઃખદ છે અને પરિવારજનો પ્રત્યે તેમણે દિલશોજી વ્યક્ત કરી છે. મૃતકની પરિવારજનો પર આવી પડેલી અણધારી આફતને કુદરત તેઓને સહન કરવાની શક્તિ આપે એ જ પ્રાર્થના અકસ્માતમાં ઈજા થયેલ ઈજાગ્રસ્તોની પર તબિયત અંગે પૂછપરછ કરી હતી.

ફરિયાદ નિવારણમાં રજૂઆત છતાં પંચાયત નિદ્રાધીન

દેવલા ગામમાં ગટરના ઢાંકણા રોડને સમાંતર ન હોઈ પ્રજાને હાડમારી

દેવલા, તા.૧૭

જંબુસર તાલુકાના દેવલા ગામે રોડ લેવલે ગટરના ઢાંકણા ન હોવાના તેમજ ચકલામાં ગંદકીના ઢગલાં હોવાની લોક ફરિયાદો ઊઠી છે. આ અંગે ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં પ્રશ્ન રજૂ થયો હતો. જેના ઉકેલ સંબંધી કલેક્ટરની સૂચના આવ્યે પણ ચારેક મહિનાનો સમય વિત્યો છતાં તંત્ર દ્વારા કેમ કોઈ કાર્યવાહી થતી નથી ? તેમ જાગૃત નાગરિક યુનુસભાઈ પૂછી રહ્યા છે. યુનુસભાઈ પટેલે કલેક્ટરને પાઠવેલ પત્રમાં જણાવ્યું છે કે, દેવલા ગામે યોજાયેલ ગત જાન્યુઆરી માસની ગ્રામ સભામાં રજૂઆત કરી હતી. તેમાં જણાવ્યું હતું કે, ઓરવાડ રોડ પર ગટરના ઢાંકણા રોડ લેવલે નથી તેમજ ચકલામાં પણ ગટરનું ઢાંકણું રોડ લેવલે નથી. જેના કારણે વાહન ચાલકો અને તેમાંય દ્વિચક્રી વાહન ચાલકોને ભારે હાડમારીનો સામનો કરવો પડે છે. ઉપરાંત સફાઈવેરો લેતી પંચાયત સફાઈનું કામ વ્યવસ્થિત કરતી નથી. જેના કારણે ગ્રામજનોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ પ્રશ્ન અંગે ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં રજૂઆત કરતા કલેક્ટરે આ કામ સત્વરે કરવા સૂચના આપી છે પરંતુ તેના માટેની સમયમર્યાદા ન આપી હોઈ આ કામ થતું નથી. કલેક્ટરની સૂચના આવ્યાને ચાર માસ જેટલો સમય વિત્યો છતાં 'અહમ'નો પ્રશ્ન બનાવી તેનો ઉકેલ લાવવામાં આવતો ન હોવાનું જણાવ્યું છે તેમજ ગયા માસના ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં અરજી આપ્યા છતાં તેને સામેલ કરવામાં ન આવી તેનું કારણ શું ? તેવો પ્રશ્ન કર્યો છે.

નડિયાદ-વડતાલ વાયા રાજનગર એસટી બસ બંધ કરાતાં લોકોમાં રોષ

નડિયાદ,તા.૧૭

નડિયાદથી વડતાલ વાયા રાજનગર દોડતી સવારની ૧૦.૦૦ કલાકની બસ દિવાળી વેકેશન પડતાની સાથે જ બંધ કરી દેવામાં આવી છે. નડિયાદ ડેપો દ્વારા આ બસ વિદ્યાર્થીઓ માટેની બસ હોય વેકેશન દરમિયાન બંધ કરાઈ હોવાનું કહી રહ્યા છે. જો કે આ બસમાં અપડાઉન કરતાં અન્ય મુસાફરો મુશ્કેલીમાં મૂકાયા છે. આ બસ વેકેશનમાં પણ ચાલું રાખવામાં આવે તેવી માંગ છે. નડિયાદ ડેપોની સવારે ૧૦.૦૦ કલાકે રાજનગર દોડતી બસની છેલ્લા છ માસથી વડતાલ સુધી લંબાવી છે. જેથી આ બસને વડતાલ, મુજપુરા વગેરે ગામના લોકો લાભ લઈ શકે આ બસમાં વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ જ જોવા મળે છે. અન્ય મુસાફરો પણ આ બસમાં અપડાઉન કરે છે. દિવાળી વેકેશન પડતાં જ એસ.ટી.તંત્રએ બસ સેવા બંધ કરી છે. વેકેશનમાં વિદ્યાર્થીઓ ના હોય બસ બંધ કરાઈ હોવાનું તંત્ર જણાવે છે. જો કે આ બસ બંધ કરાતા અન્ય મુસાફરો મુશ્કેલીમાં મૂકાયા છે. આ બસ વેકેશન દરમ્યાન પણ ચાલુ રખાય તેવી માંગ મુસાફરો કરી રહ્યા છે. આ સમયે બાલાસિનોર ડેપોની વડોદરા વાયા વડતાલ નડિયાદ થઈ અમદાવાદ જતી એક્સપ્રેસ બસ પણ વેકેશન દરમ્યાન વડોદરા થી આણંદ આવી સીધી નડિયાદ દોડતી થઈ હોય આ બસનો લાભ પણ વિદ્યાનગર, બાકરોલ, જોળ,વડતાલ તેમજ નરસંડાના મુસાફરો લઈ શકતા નથી. વેકેશન દરમ્યાન બસો ચાલુ રહે તેવી માંગ છે.

વાહનચેકીંગ : દાહોદ શહેરમાં મંગળવારની મોડી રાત્રે કોમ્બિંગ નાઈટ ટાણે આખા શહેરને સીલ કરીને પોલીસે વિવિધ વાહનોનું આખી રાત ચેકિંગ હાથ ધર્યું હતું. જોકે, ચેકિંગ દરમિયાન પોલીસને કંઈ જ શંકાસ્પદ મળ્યું ન હતું. શહેરમાંથી બહાર નીકળી શકાય તેવા માર્ગો ઉપર બેરીકેટ ગોઠવીને વાહન ચેકિંગ શરૂ કરવામાં આવ્યું હતું. તેની ઉપરોક્ત તસવીર. (તસવીર : રાજેશ વસાવા, દાહોદ)

દેવગઢબારિયા ખાતે કોંગ્રેસનો સ્નેહમિલન સમારંભ યોજાયો

દેવગઢબારિયા,તા.૧૭

દેવગઢબારિયાની સોની સમાજની વાડીમાં દેવગઢબારિયા અને ધાનપુર તાલુકાની કોંગ્રેસ સમિતિનો સ્નેહમિલન સમારંભ યોજાયો હતો. જેમાં ખુબ મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો, સરપંચો, અગ્રણીઓએ ભાગ લીધો હતો. ધાનપુર તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા ભારતભાઈ વાખળાએ ભાજપને આડે હાથ લેતા જણાવ્યું હતું કે, વડાપ્રધાને રાતોરાત ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટોને રદ કરતા ગામની ગરીબ પ્રજા પીસાઈ રહી છે.

આ કાર્યક્રમમાં કોંગ્રેસ જિલ્લા પ્રમુખ કીરીટ પટેલ, જિલ્લા મહિલા પ્રમુખ ચંદ્રકાન્તા બેન, જિલ્લાના ઉપપ્રમુખ પરસોત્તમભાઈ, પરેશ પટેલ, ડો.મહિડા, જિલ્લા પ્રવકતા ઈશ્વરભાઈ પરમાર, દેવગઢબારિયા તાલુકા મહિલા પ્રમુખ સજજનબા ગોહિલ, મા.નો.પ્રમુખ રહીમ હાજી, ઐયુબભાઈ શુકલા, વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

પાટણના ઉદરા ગામે

બેન્ક કર્મીઓની ઓળખ આપી ગઠિયાએ ૧૪.૭૦ લાખની માલ-મતા લઈ પલાયન

(સંવાદદાતા દ્વારા) પાટણ, તા.૧૭

પાટણ નજીકના ઉદરા ગામમાં આજે દિનદહાડે એક વણીક વેપારીના ઘરમાં ઘૂસી જઈ બેંક કર્મચારીઓની ઓળખ આપી તિજોરીમાં રાખેલા સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ સહિત રૂા.૧૪.૭૦ લાખની માલમત્તાની લૂટ ચલાવતા ચકચાર મચી જવા પામી છે.

ઉદરા જેવા નાનકડા ગામમાં મધ્યભાગમાં રહેતા અને કરીયાણાનો વેપાર કરવા સાથે ખેતીવાડી સાથે સંકળાયેલા અતુલકુમાર સેવંતીલાલ શાહના ઘરમાં આજે સવારના ૮.૩૦ કલાકે પાંચેક અજાણ્યા શખ્સો એક સફેદ કલરની ઈન્ડિકા મોટરકારમાં ગામમાં પ્રવેશી સીધા જ તેમના ઘરમાં ઘૂસી મુખ્ય પ્રવેશદ્વાર અંદરથી બંધ કરી સીધા જ રસોડા તરફ ધસી જઈ પરેશાનબેનને પૂછવામાં આવ્યું કે, અતુલભાઈ ક્યાં છે

અમો બેંકમાંથી આવીએ છીએ અને તમારે ત્યાં ૫૦૦-૧૦૦૦ની નોટ લેવામાં આવે છે જેથી પરેશાબેને પોતાના પતિ જે પલંગમાં સૂતા હતા તેમને જગાડ્યા હતા ત્યાં સુધીમાં આવનારા આગંતૂકો પૈકીના બે જણા અંદરના રૂમમાં પ્રવેશી ચૂક્યા હતા અને એક ઈસમ મુખ્ય દરવાજા પાસે જ્યારે અન્ય એક ઓસરીના ભાગે ગોઠવાઈ ગયો હતો.

જ્યારે અતુલભાઈ સાથે ગુજરાતીમાં વાતચીત કરતાં રૂમમાં પ્રવેશેલા ઈસમોએ તિજોરીની ચાવીઓ માંગી લીધી હતી. અને બેન્કમાંથી આવતા હોઈ તપાસ કરવાનું જણાવતાં તેમણે દલીલ કરી હતી કે હું મારા પાડોશીને બોલાવું છું પછી તપાસ કરવાનું કહેતા આદેશ સ્વરૂપમાં ના પાડી ઘરના સભ્યોના મોબાઈલ ફોન પણ તેમણે લઈ લેતા કોઈને બોલાવશો તો વધુ મુશ્કેલીમાં મૂકાશો તેમ જણાવી ચાવીઓ આપતા જ બન્ને તિજોરી ખોલી અંદર રાખેલા કપડાં વગેરે વેરવિખેર કરી નાંખી દાગીનાના બોકસોમાંથી સોના-ચાંદીના ઘરેણા અને રોકડ રકમ મળી તે એક થેલીમાં ભરી લીધી હતી આ ઈસમોએ ઘરમાં ભોંયરું હોવાની પણ પૂછપરછ કરી તેની પણ તપાસ કરી હતી પરંતુ તે ખાલી હોવાથી કાંઈ હાથ લાગ્યું નહતું અને પંદર મિનિટમાં પોતાના ઈરાદો પાર પાડી આવનારા ઈસમોએ રવાના થઈ ગયા હતા.

આ બનાવની ફરિયાદ અતુલકુમાર સેવંતીલાલ શાહે વાગડોદ પોલીસ સમક્ષ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ઉંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે જ્યારે એફએસએલની ટીમને પણ ફિંગરપ્રિન્ટ લેવા માટે જાણ કરવામાં આવી છે.

પાટણની બેન્કોમાં કેશ ખૂટી જતાં લોકોને ધરમધક્કા ખાવાનો વારો

નવમા દિવસે પણ લોકોની મુશ્કેલી-હાડમારી યથાવત !

(સંવાદદાતા દ્વારા) પાટણ, તા.૧૭

પાટણ શહેર સહિત જિલ્લામાં રદ કરાયેલી ચલણી નોટો બદલી આપવાની કામગીરી એક અઠવાડિયા બાદ પણ ગોકળગાયની ગતિએ ચાલી રહી છે. બેન્કો અને એટીએમની બહાર હજુ લાંબી લાંબી કતારો જોવા મળે છે. ત્યારે આજે પાટણ શહેરની કેટલીક બેન્કોમાં કેશ નહીં હોવાના કારણે શટરો પાડી 'કેશ આવશે પછી નોટો બદલી આપવામાં આવશે'ના બોર્ડ લગાવવામાં આવતા ગ્રાહકો ફાંફે ચડ્યા હતા અને એક બેન્કમાંથી બીજી બેન્કમાં ધક્કા ખાતા જોવા મળ્યા હતા. બેન્કો પાસે પર્યાપ્ત ચલણી નોટો નથી અને એટીએમ ખાલી છે જેના કારણે સામાન્ય માણસોને પારાવાર હાલાકીઓ ભોગવવી પડી રહી છે.

પાટણ શહેરમાં આવેલી બેન્ક ઓફ મહારાષ્ટ્ર, અલ્હાબાદ બેન્ક સહિત અન્ય કેટલીક બેન્કોની શાખાઓમાં આજે પર્યાપ્ત ચલણી નોટો પહોંચાડી શકાઈ ન હતી. વહેલી સવારથી જ નોટોની ફેરબદલી માટે કતારોમાં ઉભેલા લોકો નિરાશ બની ફાંફે ચડ્યા હતા. જ્યારે આ જ બેન્કોમાં ખાતા ધરાવતા ગ્રામ્ય વિસ્તારના લોકો પૈસા ઉપાડવા માટે આવ્યા હતા. પરંતુ કેશ નહીં હોવાના કારણે ધરમધક્કા ખાઈ પરત ફર્યા હતા.

ટોલ કર્મીઓની દાદાગીરીની તપાસ કરવા રાઉમાની માંગ

અડાલજ ટોલબૂથે વાહનચાલકો પાસેથી બળજબરીથી ઉઘરાવાતો ટોલ

પાટણ, તા.૧૭

અમદાવાદ મહેસાણા રોડ ઉપર અડાલજ ટોલબૂથ આવેલું છે ત્યાં આવતા જતા મોટા વાહનો તેમજ લોકીંગ વાહનોવાળા પાસેથી ટોલટેક્ષ લેવામાં આવે છે. ભારત સરકારના કેન્દ્રીયમંત્રી એ દેશના તમામ ટોલબૂથો પરથી તમામ વાહનો માટે ટેક્ષ માફી કરેલી છે. ત્યારે ટોલબૂથો ઉપર બૂથોના કર્મચારીઓ દાદાગીરી કરીને ટોલ વસૂલ કરી રહ્યા છે. વધારે પડતા મોટી ટ્રકોમાં તેમજ વાહનોમાં ડ્રાઈવર-કન્ડક્ટર એમ બેથી વધારે લોકો હોતા નથી. વળી ગુજરાત અને ગુજરાત બહારની લાંબા અંતરની ટ્રકો આ રસ્તેથી પસાર થાય છે. ત્યારે સરકારના હુકમનો અનાદર કરી બળજબરીપૂર્વક વાહનચાલકો પાસેથી ટોલ વસૂલાય છે. ડ્રાઈવરો દલીલ કરે કે ટોલ આપવાની ના પાડે તો તેમને ડ્રાઈવરો દલીલ કરે કે ટોલ આપવાની ના પાડે તો પતેમને ટોલબૂથના ગુંડાઓ ભયભીત કરી માર મારી તેઓની પાસેથી ટોલ વસૂલે છે. તેમ ગુલાબખાન રાઉમાએ એક નિવેદનમાં જણાવ્યું છે. ગમે તે કારણોથી તેઓ પોલીસ ફરિયાદ પણ કરતા નથી. તેમને ભય હોય છે કે પોલીસ પણ આમની સાથે ભળેલી હશે માટે ફરિયાદ કરતાં નથી. તેમણે માંગણી કરી છે કે તાત્કાલિક ધોરણે આ લૂંટ અને મારામારી બંધ થવી જોઈએ અને જ્યારથી ટોલટેક્ષને સરકાર તરફથી રદ કરવામાં આવેલ છે. ત્યારથી આજ સુધીના સીસીટીવીના ફૂટેજનો કબજો લઈને તેને ટ્રેસ કરી જે ગુનેગારો જણાય તેઓને યોગ્ય સજા કરવી જોઈએ. તેઓની પાસેથી ટોલબૂથના હકો અને તેઓના કોન્ટ્રાક્ટ રદ કરવો જોઈએ.

મેઘરજ તાલુકામાં બે અકસ્માત બાંઠીવાડામાં વીજ કરંટથી મોત

(સંવાદદાતા દ્વારા) મેઘરજ, તા.૧૭

મેઘરજ તાલુકામાં દિન- પ્રતિદિન અકસ્માતોના બનાવો બની રહ્યા છે. ત્યારે મેઘરજ તાલુકાના વલુણા ચાર રસ્તા પાસે બુધવારની સવારે ૯ વાગ્યાના અરસામાં મેઘરજથી ઝરડા તરફ જતાં છકડાને કોઈ અજાણી બોલેરો ગાડીના ચાલકે ટક્કર મારતાં છકડો પલટી મારી ગયો હતો. જેમાં છકડા ચાલકનો આબાદ બચાવ થતાં કોઈ જાનહાનિ થઈ નહતી. જ્યારે અજાણ્યો જીપ ચાલક પોતાની બોલેરો લઈ ભાગી છૂટ્યો હતો.

જ્યારે મંગળવારની રાત્રે રેતી ભરેલી ટ્રક વલુણા તરફ રેતી ભરી જઈ રહી હતી. ત્યારે બેઝ પાસે ટ્રકની બ્રેક ફેઈલ થઈ જતાં ટ્રક રોડની સાઈડમાં પલટી મારી જતાં સદનસીબે જાનહાનિ ટળી હતી જેમાં ડ્રાઈવર અને કંડક્ટરનો આબાદ બચાવ થયો હતો.

બાંઠીવાડામાં કરંટ લાગતાં ખેડૂતનું મોત

જ્યારે તાલુકાના બાંઠીવાડાના અજુ હિરોલા વગડા ફળીના ૪૫ વર્ષીય ખેડૂત પ્રતાપભાઈ ભલાભાઈ ડામોર (ઉ.વ.૪૫) જેઓ બુધવારે સવારે તેમના ઘર આગળના ખેતરના કૂવા પરની મોટર ચાલુ કરી પાણી વાળી રહ્યા હતા. તે અરસામાં તે જ ખેતરના વચ્ચે થઈ પસાર થતી વીજ લાઈનના તાર ઉપર કબૂતર બેસતાં વીજ લાઈનના તાર ભેગા થતાં એક વીજ તાર તૂટી પડતાં ખેતરમાં પાણી વાળી રહેલ ખેડૂત પ્રતાપભાઈના ઉપર આવી પડતાં જોત જોતામાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજયું હતું. જે ઘટનાની જાણ આજુબાજુના લોકોને થતાં ઘટનાસ્થળે લોકોના ટોળે ટોળા ઉમટ્યા હતા. મેઘરજ પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતકનું પંચનામું કરી મૃતદેહને મેઘરજ સરકારી દવાખાને પી.એમ. અર્થે મોકલી આપવામાં આવ્યો હતો.

દેવગઢબારિયામાં ૨૫ વીજચોરોને દંડ

દેવગઢબારિયા, તા. ૧૭

આજરોજ ગુજરાત ઉર્જા નિગમ દ્વારા દેવગઢબારિયા પેટા વિભાગીય કચેરીના તાબા હેઠળ આવતા વિવિધ ગામો જેવા કે, દેવગઢબારિયા સિટીના કાપડી વિસ્તાર, કસ્બા વિસ્તારના ગામોમાં નાની મંગોઈ, મોટી મંગોઈ, દુધિયા વગેરે ગામોમાં વીજ ચેકિંગ આવ્યું હતું. ઉર્જા નિગમની ૧૯ ટીમો દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. કાપડી વિસ્તારમાંથી ૧૪ વીજચોરોને ઝડપી પાડવામાં આવ્યા છે અને તેઓને રૂા. ૧૫,૩૮૨/-નું પુરવણી બિલ ફટકારવામાં આવેલ છે જ્યારે વીજ ચોરી કરતા ચોરોને ઝડપી પાડવામાં આવેલ છે. જેઓને ૧,૪૮,૯૧૧ રૂા.નું પુરવણી બિલ ફટકારવામાં આવેલ છે.

ભાજપમાં ચૂંટણીઓની તૈયારીઓના મંડાણ

ઝોનલથી લઈને પ્રદેશ લેવલની પાંચ દિવસ સુધી બેઠકોનો દોર

રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રીઓ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર,તા.૧૭

ભાજપ આવતીકાલે ૧૮થી ૨૦ નવેમ્બર દરમિયાન યોજાનારી સૌરાષ્ટ્ર ઝોનના જિલ્લા-મહાનગરની બેઠકો તથા ૨૧ નવેમ્બરે યોજનાર પ્રદેશ આગેવાન બેઠક અને વિધાનસભા પક્ષની બેઠકમાં રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રીઓ વી.સતીષ અને સૌદાન સિંગ વિશેષ ઉપસ્થિત રહેશે.

ભાજપ પ્રદેશ પ્રવકતા ભરત પંડ્યાએ બેઠકોની વિગતો આપતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની હાજરીમાં તા. ૧૮થી ૨૦મી નવેમ્બર દરમિયાન ગાંધીનગર ખાતે સૌરાષ્ટ્ર ઝોનના જિલ્લા-મહાનગરની પક્ષની સંકલન સમિતિની બેઠકો યોજાશે. જેમાં જિલ્લા-મહાનગર સંકલન સમિતિના અપેક્ષિત સભ્યો હાજર રહેશે. પંડ્યાએ જણાવ્યું હતું કે, ૨૧મી નવેમ્બરના રોજ રાષ્ટ્રીય અને પ્રદેશ પદાધિકારીઓની ઉપસ્થિતિમાં પ્રદેશ કાર્યાલય ખાતે બપોરે ૩.૦૦ કલાકે પ્રદેશ હોદેદારો, પ્રદેશ મોરચાના પ્રમુખો, જિલ્લા-મહાનગરના પ્રભારીઓની બેઠક યોજાશે. ત્યારબાદ સાંજે ૬.૩૦ કલાકે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં તેમજ રાષ્ટ્રીય આગેવાનોની વિશેષ ઉપસ્થિતિમાં વિધાનસભા પક્ષની બેઠક યોજાશે. જેમાં રાષ્ટ્રીય પ્રદેશ હોદેદારો, પ્રદેશ મોરચાના પ્રમુખો, જિલ્લા-મહાનગરના પ્રભારીઓ, સાંસદો, ધારાસભ્યો તેમજ બોર્ડ-નિગમના ચેરમેન-વાઈસ ચેરમેન ઉપસ્થિત રહેશે. આ અગાઉ ૨૦મી નવેમ્બરે સાંજે પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે પ્રદેશ કોર ગ્રુપની બેઠક યોજાશે. પંડ્યાએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રી સૌદાન સિંગ ૨૦મીથી ૨૨ નવેમ્બર એમના ત્રણ દિવસના ગુજરાત પ્રવાસ દરમિયાન વિવિધ બેઠકો ઉપરાંત મહેસાણા અને ગાંધીનગર જિલ્લાની સંગઠનની વિવિધ બેઠકોમાં માર્ગદર્શન આપશે.

તાપમાનમાં ઉતાર-ચઢાવ વચ્ચે રાજ્યભરમાં બેવડી સીઝનનો અનુભવ

અમદાવાદ,તા.૧૭

અમદાવાદ સહિત રાજ્યભરમાં તાપમાનમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. આજે પણ નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૨.૪ ડિગ્રી રહ્યું હતું. જે ગઈકાલની સરખામણીમાં બે ડિગ્રી વધુ તાપમાન છે એટલે કે બુધવારની સરખામણીમાં ગુરૂવારના દિવસે નલિયામાં લઘુત્તમ તાપમાનમાં વધારો થયો છે, છતાં પણ લઘુત્તમ તાપમાન ૧૨.૪ ડિગ્રી રહ્યું છે જે તીવ્ર ઠંડીના સંકેત આપે છે. પાટનગર ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન આજે ૧૫ ડિગ્રી નોંધાયું હતું. અમદાવાદમાં ૧૬.૮ અને વડોદરામાં ૧૪.૬ ડિગ્રી લઘુત્તમ તાપમાન રહ્યું હતું. તાપમાનમાં સતત ફેરફારના કારણે તબીબોને ત્યાં લોકોની લાંબી લાઈનો બીમારીના કારણે લાગી રહી છે. ખાસ કરીને મચ્છરજન્ય અને પાણીજન્ય રોગના કેસ જોવા મળી રહ્યા છે. સિઝન બદલાવવાના કારણે સતત તાપમાનમાં ફેરફારના કારણે હાલમાં શરદી-ઉધરસ અને ફુડ પોઈઝિંગના બનાવોમાં વધારો નોંધાઈ રહ્યો છે. બેવડી સિઝનનો અનુભવ લોકો કરી રહ્યા છે. મોડી સાંજે પણ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. કેટલીક જગ્યાઓ ઉપર ગરમ વસ્ત્રોમાં લોકો જોવા મળી રહ્યા છે. બદલાતી સિઝનમાં શરદી, ઉધરસની તકલીફ વધારે જોવા મળે છે. અન્ય જગ્યાઓ ઉપર પણ લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ફેરફાર જોવા મળી રહ્યા છે. તાપમાનમાં હજુ પણ ઘટાડો થાય તેવા એંધાણ છે. અમદાવાદ શહેરની સાથે સાથે રાજ્યના જુદા જુદા ભાગોમાં હાલમાં ફરી એકવાર બેવડી સિઝનનો અનુભવ થઈ રહ્યો છે. સવારમાં ઠંડી, બપોરમાં ગરમી અને સાંજે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ઠંડીની શરૂઆત થયા બાદ સવારમાં વોકીંગ ઉપર જનાર લોકો અને કસરતની પ્રવૃત્તિમાં રહેલા લોકો પણ ગરમ વસ્ત્રોમાં જોઈ શકાય છે. બીજી બાજુ ગરમ રહેતી ચીજવસ્તુઓનું વેચાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે.

ક્યાં કેટલું તાપમાન

સ્થળ	તાપમાન
અમદાવાદ	૧૬.૮
ડિસા	૧૫.૨
ગાંધીનગર	૧૫
વડોદરા	૧૪.૬
સુરત	૨૩.૪
વલસાડ	૧૯.૬
અમરેલી	૧૮.૫
ભાવનગર	૧૮.૩
પોરબંદર	૨૦.૮
રાજકોટ	૧૮.૯
નલિયા	૧૨.૪
કંડલા	૧૬
ભુજ	૧૭.૫

૧૯મીથી કોમી એકતા સપ્તાહ

કોમી એકતા સપ્તાહમાં વિવિધ થીમ પર કાર્યક્રમ

અમદાવાદ,તા.૧૭

કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને નેશનલ ફાઉન્ડેશન ફોર કોમ્યુનલ હાર્મનીના ઉપક્રમે કોમી સદભાવ અને રાષ્ટ્રીય એકતા વધુ સુદૃઢ બને તે માટે વિવિધ ગ્રુપોમો વચ્ચેના સંબંધ વધુ મજબૂત બનાવવા તથા કોમી તોફાનોના કારણે અસર પામેલા કુટુંબોના નિરાશ્રીત બાળકોની સાર-સંભાળમાં મદદરુપ થવા તેમજ તેઓને યોગ્ય શિક્ષણ, તાલિમ મળી રહે અને તેઓનો પુનર્વસનના ઉદ્દેશ્યથી કોમી એકતા અખંડીતતાની ભાવનાને વધુ સુદૃઢ બનાવવા દેશભરમાં આગામી ૧૯મીથી ૨૫મી નવેમ્બર ૨૦૧૬ દરમિયાન કોમી એકતા સપ્તાહની ઉજવણી કરવામાં આવનાર છે જેના ભાગરુપે રાજ્યમાં પણ સપ્તાહની ઉજવણી માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે તેમ ગૃહ વિભાગની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવાયાનુસાર કોમી એકતા સપ્તાહના અંતિમ દિવસે એટલે કે ૨૫મી નવેમ્બર ૨૦૧૬ના રોજ ધ્વજ દિવસ તેમજ પર્યાવરણ સંરક્ષણ દિની ઉજવણી પણ કરવામાં આવશે.

સરહદી તંગદિલી અંગે ભારતે પાક.દૂતાવાસના અધિકારીને બોલાવ્યા

નવી દિલ્હી,તા.૧૭

ભારતે પાકિસ્તાન હાઇ કમિશનના વરિષ્ઠ અધિકારીને અંકુશ રેખા પર સંઘર્ષ વિરામનું સતત ઉલ્લંઘન કરવાના મુદ્દે આ મહિને ત્રીજી વાર નોટિસ જારી કરી છે. અને પાકિસ્તાન હાઇ કમિશનના સત્તાવાળાઓને બુધવારે બોલાવવામાં આવ્યાં હતા. વિદેશ મંત્રાલયના પ્રવક્તા વિકાસ સ્વરૂપે જણાવ્યું હતું 'અમે ભારપૂર્વક પાકિસ્તાનને સંયમ રાખવા માટે કહી રહ્યા છીએ, તેમ છતાં, પાકિસ્તાનના દળોએ ૯ અને ૧૫ નવેમ્બર, ૨૦૧૬, દરમિયાન ઈરાદાપૂર્વક ભારતીય પોસ્ટ્સ સામે ૧૨૦ મિલિમીટરની ભારે મોર્ટારનો ઉપયોગ કરીને યુદ્ધવિરામનો ભંગ કર્યો છે. આ હિંસક કૃત્યો ૨૦૦૩ ના યુદ્ધવિરામ કરારનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. 'પ્રવક્તાએ જણાવ્યું હતું કે ભારતે પાકિસ્તાની પોસ્ટ્સના સાન્નિધ્યમાં અંકુશ રેખા પાસે આતંકવાદીઓની એકાગ્રતામાં વધારા માટે નિંદા કરી છે. છેલ્લા સપ્તાહ દરમિયાન આવા ૧૮ કિસ્સાઓ બન્યા છે જ્યારે આતંકવાદીઓ પાકિસ્તાની પોસ્ટ્સના સાન્નિધ્યમાં ભારતીય સીમામાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો અને ભારતીય ચોકીઓ અને ચોકિયાતોને લક્ષ્યાંક બનાવ્યા હતા.ભારતે વિરોધ કરતાં કહ્યું છે કે પાકિસ્તાન 'ઈરાદાપૂર્વક' જાહેર અને ખાનગી મિલકતને વ્યાપક નુકસાન કરી રહ્યું છે અને નાગરિક વસ્તી પર હુમલામાં ચાર મૃત્યુ થયા છે અને ૨૫ લોકોને ઈજા થઈ છે અને નિયંત્રણ રેખા પરના ૧૪ ગામોની પાકિસ્તાન આર્મી દ્વારા આ હુમલા કરવામાં આવ્યા હતા. ભારતે પોતાના સિપાહી ચંદુ બાબુલાલ ચૌહાણ, જે અજાણતાં જ એક મહિના પહેલા નિયંત્રણ રેખા ઓળંગી ગયા હતા અને પાકિસ્તાનની સેનાએ તેની ધરપકડ કરી હતી એની સલામતી વિશે ચિંતા વ્યક્ત કરી હતી, અને તેની વહેલી તકે સલામત રીતે પ્રત્યાવર્તનની માગણી કરી છે.

પેરિસમાં મલ્લિકા શેરાવત પર ટીયર ગેસ છોડી માર માર્યો

પેરીસ,તા.૧૭

બોલિવૂડ બોમ્બશેલ મલ્લિકા શેરાવત પર પેરિસમાં ત્રણ માણસોએ ટીયર ગેસથી હુમલો કરી માર માર્યો હતો. મલ્લિકાની સાથે તેનો બોયફ્રેન્ડ સાઈરિલ ઓફજેનફેન્સ પણ હતો. મલ્લિકા શેરાવત પોતાના બોયફ્રેન્ડ સાઈરિલ સાથે ૧૧ નવેમ્બરના રોજ રાતના સાડા નવ વાગે પોતાના પેરિસમાં આવેલા એપાર્ટમેન્ટના ૧૮માં માળે આવી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ત્રણ માણસોએ ચહેરા પર માસ્ક બાંધેલો હતો અને કંઈ પણ કહ્યાં વગર મલ્લિકા તથા તેના બોયફ્રેન્ડ સાઈરિલ પર ટીયર ગેસ છોડ્યો હતો અને પછી માર માર્યો હતો. બાદ ત્રણેય હુમલાખોરો ત્યાંથી ભાગી ગયા હતાં. મલ્લિકા અને તેના નિકટના મિત્રે ઈમરજન્સી સર્વિસમાં ફોન કર્યો હતો. પોલીસ લૂંટની થિયરી ધ્યાનમાં રાખીને તપાસ કરી રહી છે.

ભાજપના અણઘડ વહીવટને લીધે રોજનું ૧૨ લાખનું નુકસાન

એએમટીએસ બસની હડતાળ સમેટવા મ્યુનિ.કોંગ્રેસ દ્વારા મેયરને આવેદનપત્ર

દેખાવોમાં ભાગ લેનારા મ્યુનિ. હોસ્પિટલોના તબીબો સામે પગલાં લેવા પણ માગ

એએમટીએસ બસની હડતાળ સમેટવા અને તબીબોના દેખાવોમાં ભાગ લેનારા મ્યુનિ.હોસ્પિટલોના તબીબો સામે પગલાં લેવાની માગ સાથે મ્યુનિ.કોંગ્રેસ દ્વારા મેયરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે મ્યુનિ.કોંગ્રેસ પક્ષના નેતા દિનેશ શર્મા, પ્રવકતા સુરેન્દ્ર બક્ષી, મ્યુનિ.કાઉન્સિલરો સહિત મોટી સંખ્યામાં એએમટીએસના ડ્રાઈવર કંડકટરો તેમના પરિવાર સાથે હાજર રહ્યા હતા.

અમદાવાદ,તા.૧૭

મ્યુનિસિપલ વિપક્ષ કોંગ્રેસના કોર્પોરેટરો દ્વારા આજરોજ ગઈકાલે તબીબોના યોજાયેલા દેખાવોમાં ભાગ લેનારા કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલોના તબીબો સામે ગેરશિસ્ત ગણી કાર્યવાહી કરવા તેમજ એએમટીએસના કોન્ટ્રાકટ બેઈઝ કંડકટરોની ચાલી રહેલી હડતાળને સમેટવા મામલે મેયરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.આ અંગે વિપક્ષનેતા દિનેશશર્માએ કહ્યું છે કે,ગઈકાલે મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલોના તબીબોએ હોસ્પિટલની સેવાઓ ખોરવી તબીબો દ્વારા યોજવામાં આવેલા ધરણામાં ભાગ લીધો હતો.જેને કારણે હોસ્પિટલોની સેવાઓ ખોરંભે પડવા પામી હતી. મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાને વિખેરીને તેના સ્થાને નેશનલ મેડીકલ કમિશન નામની નવી સંસ્થાનો વિરોધ કરવા આશ્રમરોડ ખાતે એસોશીએસનના પ્રમુખ ડો.યોગેન્દ્ર મોદી કે જેઓ શારદાબહેન હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ પણ છે.તેમના દ્વારા છેલ્લા બે દિવસથી હોસ્પિટલોમાં ડોકટરોની મિટીંગ કરી દર્દીઓની સારવાર સ્થગિત કરી દેવામાં આવી હતી.આમ દર્દીઓને બાનમાં લેવા માટે આ મામલામાં સંડોવાયેલા તમામ સામે કાર્યવાહી થવી જોઈએ.આ ઉપરાંત શહેરમાં છેલ્લા ૫૭ દિવસથી ચાલી રહેલી કોન્ટ્રાકટબેઈઝ કંડકટરોની હડતાળને સમેટવા મામલે પણ મેયરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું..આ અંગે વિપક્ષનેતા દિનેશશર્માએ એક નિવેદનમાં કહ્યું છે કે,કંડકટરોની હડતાળને કારણે છેલ્લા બે માસથી ૮૫૦માંથી ૨૫૦ બસો ઓછી દોડાવવામાં આવી રહી છે.જેને કારણે મુસાફરોને બસ ન મળવાથી મુસાફરો રઝળી પડે છે.અંતે શટલરીક્ષા સહિતના અન્ય વિકલ્પોની મદદ લેવી પડી રહી છે.ભાજપના અણઘડ વહીવટના કારણે રોજ રૂપિયા દસથી બાર લાખ રૂપિયાની ખોટ એએમટીએસને થઈ રહી છે.આ ઉપરાંત અત્યારસુધીમાં એએમટીએસની તિજોરીને પણ અંદાજે છથી સાત કરોડ રૂપિયાની આવક ગુમાવવી પડી છે.પૂર્વ ટ્રાન્સપોર્ટ ચેરમેનોની કમિટીની રચના કરવામાં આવ્યા પછી પણ આ હડતાળનું કોઈ નિરાકરણ આવ્યું નથી.

જુદા જુદા ક્ષેત્રોમાં ખાસ જવાબદારી સોંપાઈ

ભાજપના વિવિધ પ્રભારીની નિમણૂક

ગાંધીનગર,તા.૧૭

ભાજપના લોકસભા અને વિધાનસભા ક્ષેત્રમાં વિવિધ પ્રભારીઓની નિમણૂંક કરવામાં આવી છે. નવા નિમાયેલા પદાધિકારીઓને નીચે મુજબની જવાબદારી સોંપવામાં આવી હતી.

પ્રભારી લોકસભા ક્ષેત્ર

જવાબદારી	નામ	વિધાનસભા	પ્રભારી લોકસભા ક્ષેત્ર
મહામંત્રી	કૌશિક જૈન	દરિયાપુર	ગાંધીનગર
મહામંત્રી	મનુભાઈ થરોટિયા	ઠક્કરબાપાનગર	અમદાવાદ પશ્ચિમ
મહામંત્રી	કમલેશ પટેલ	અમરાઈવાડી	અમદાવાદ પૂર્વ
		પ્રભારી વિધાનસભા ક્ષેત્ર	
ઉપપ્રમુખ	જીતુ ભગત	નારણપુરા	નિકોલ-દસક્રોઈ (નિકોલ વોર્ડ)
ઉપપ્રમુખ	મુકેશ પરમાર	ગાંધીનગર દક્ષિણ (ચાંદખેડા વોર્ડ)	નારણપુરા
ઉપપ્રમુખ	નાગેશ દેવલપલ્લી	બાપુનગર	અમરાઈવાડી
ઉપપ્રમુખ	ઈન્દ્રજીતસિંહ જાડેજા	મણિનગર	દરિયાપુર
ઉપપ્રમુખ	નિશાબેન જહા	મણિનગર	એલિસબ્રીજ
ઉપપ્રમુખ	હિતેશ બારોટ	ઘાટલોડિયા	વેજલપુર
ઉપપ્રમુખ	પૂનમબેન બાજપાઈ	સાબરમતી	ઘાટલોડિયા
ઉપ્રમુખ	અશ્વિન ચૌધરી	અમરાઈવાડી	અસારવા
મંત્રી	વિશાલ ભરવાડ	વેજલપુર	સાબરમતી-ગાંધીનગર દક્ષિણ (ચાંદખેડા વોર્ડ)
મંત્રી	ચંદ્રિકાબેન સાંઘાણી	દસક્રોઇ (નિકોલવોર્ડ)	નરોડા
મંત્રી	જયશ્રીબેન પટેલ	દાણીલીમડા	જમાલપુર-ખાડિયા
મંત્રી	જયશ્રીબેન ચૌહાણ	નારણપુરા	દાણીલીમડા
મંત્રી	વૈશાલીબેન ભટ્ટ	નરોડા	વટવા
મંત્રી	હિંમત પરિહાર	વટવા	બાપુનગર
મંત્રી	પ્રિતેશ મહેતા	એલિસબ્રિજ	મણિનગર
કોષાધ્યક્ષ	રશ્મી શાહ	વેજલપુર	-----

પછાત વર્ગો માટે સંસાધનોનો મહત્તમ ઉપયોગ થશે : મુખ્યમંત્રી

અમદાવાદ, તા.૧૭

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યના વંચિત, દલિત, પછાત, પીડિત વર્ગોના સર્વાંગી ઉત્કર્ષ માટે સરકારના તમામ સંશાધનોનો મહત્તમ ઉપયોગ કરીને સંતુલિત વિકાસની નેમ વ્યક્ત કરી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીની શાસન સંસ્કૃતિ વિવાદ નહિં સંવાદની અને વ્યથા નહિં વ્યવસ્થાની છે તે અમે સૌના સાથ સૌના વિકાસના મંત્રથી પૂરવાર કર્યું છે. વિજય રૂપાણી ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ દ્વારા ૫૩૦ યુવા-યુવતિઓને વ્યવસાય-રોજગાર માટે રૂપિયા ત્રણ કરોડ ૨૫ લાખની વિવિધ સહાયના ચેક વિતરણ પ્રસંગે સંબોધન કરી રહ્યા હતા જ્યારે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી આત્મારામ પરમારે જણાવ્યું હતું કે, પછાત વર્ગોના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણની સુવિધાઓ શહેરોમાં મળી રહે તે માટે આઠ જેટલી હાઈટેક સમરસ હોસ્ટેલો બનાવી છે જેમાં આઠ હજાર જેટલા વિદ્યાર્થીઓને રહેવા જમવાની સુવિધાનો લાભ આપવામાં આવે છે. સંઘર્ષ અને મહેનત કરતા કોળી ઠાકોર સમાજે વ્યસનો છોડીને શિક્ષણનો વ્યાપ વધારવા અપીલ કરતા જણાવ્યું હતું કે, પછાત સમાજો માટે શિક્ષણ સંજીવની રુપ છે.

જમીનની લેવડ-દેવડની અદાવત રાખી

રબારી કોલોનીમાં મોડી રાત્રે જમીન દલાલની ક્રૂર હત્યા

અમદાવાદ,તા.૧૭

અમદાવાદમાં રબારી કોલોની વિસ્તારમાં ગુરૂવારની મધરાતે એક જમીન દલાલને હથિયારોના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દેતા ભારે ચકચાર જાગી છે. ૩૭ વર્ષના મોતીભાઈ દેસાઈ નામના આ જમીન દલાલની હત્યા જમીનની લેવડ-દેવડની અદાવત રાખીને કરાઈ હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. મોતી દેસાઈ આ વિસ્તારમાં ચઉ મોતીના નામથી ઓળખાતો હતો. આ હત્યામાં ચાર શખ્સોના નામ સામે આવ્યો છે. જેમાં રમેશ ઉર્ફે સની દેસાઈ, ધર્મેશ દેસાઈ વિજય દેસાઈ (રહે.શંખલપુર તા.બેચરાજી)ફરાર છે. આ અંગેની વિગત એવી છે કે, ગઈકાલે મોતીભાઈ દેસાઈના એક લગ્ન પ્રસંગે નિમિત્તે પાર્ટી પ્લોટમાં ગરબાનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો. તેમાં હાજરી આપી તે ઘરે જવા નીકળ્યો હતો. તેનો ડ્રાઈવર કાર લેવા ગયો તે દરમિયાન રમેશે મોતીને કામ હોવાનું કહીને બોલાવ્યો હતો. ચારે આરોપીઓએ મોતીના માથાના ભાગે તલવાર અને ચપ્પાના ઘા ઝીંકી તેને ગંભીર ઈજા પહોંચાડી હતી. અને આરોપીઓ ભાગી ગયા હતા. મોતીને સારવાર અર્થે તાત્કાલિક એલ.જી.હોસ્પિટલમાં જવાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતાં. આ બનાવ અંગે પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઝી ન્યૂઝના માલિક દ્વારા કેજરીવાલ સામે કેસ

અમદાવાદ, તા.૧૭

ઝી ન્યુઝના માલિક અને બીજેપીના રાજ્યસભાના સાંસદ સુભાષ ચંદ્રાએ ગુરૂવારે દિલ્હીના પટીયાલા હાઉસ કોર્ટમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ વિરૂદ્ધ માનહાનીનો કેસ દાખલ કરાવ્યો છે. આ જાણકારી ચંદ્રાએ ટ્વીટરના માધ્યમથી આપી હતી. હકીકત એવી છે કે, કેજરીવાલે કાળા નાણાં મામલે સુભાષ ચંદ્રાનું નામ લીધું હતું. ત્યારબાદ આ કેસ દાખલ કરવામાં આવ્યો છે. ટ્વીટર પર ચંદ્રાએ લખ્યું હતું કે, લોકો પર આરોપ લગાવવો દિલ્હીના મુખ્યમંત્રીની સ્ટાઈલ છે પણ કોઈ નાગરિકને આ રીતે પરેશાન કરવું તે એક મુખ્યમંત્રી માટે શોભનીય નથી.

રાજકોટની મુલાકાતે આવેલા શંકરસિંહ વાઘેલાના પ્રહાર

મોદી પોતાની માતાને બેંકમાં નોટો બદલાવવા મોકલી માર્કેટિંગ કરે છે

ઉર્જિત પટેલને ગવર્નર બનાવ્યા તે પહેલાં નવી નોટો પર તેમની સહી કેવી રીતે આવી ?

અમદાવાદ, તા.૧૭

રાજકોટ પધારેલા ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ કાળા નાણાં મુદ્દે આજે કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આડે હાથ લીધા હતા. પત્રકારો સાથેની વાતચીતમાં મોદીના નિર્ણય સામે ગુસ્સો વ્યક્ત કરતા તેમણે જણાવ્યું હતું કે, માતાને બેંકમાં નોટ બદલાવવા મોકલી વડાપ્રધાન તેમની માતાનું માર્કેટીંગ કરે છે. દીકરા હયાત હોય તેઓ ૯૫ વર્ષની માતાને નોટો બદલવા થોડી મોકલે ? શંકરસિંહે વધુમાં જણાવ્યું હતું કે, ઘરે દીકરા-વહુઓ હોય છતાં ૯૫ વર્ષની માતાને નોટો બદલવા બેંકની લાઈનમાં ઊભા રહેવું પડે તે શરમજનક બાબત કહેવાય. ૫૦૦ રૂપિયાની નોટ બદલવા જવાની વડાપ્રધાનની માતાને શું જરૂર છે. લોકોને બેવકુફ બનાવે છે.

ચલણી નોટ અંગે પ્રજાને જે હાલાકી ભોગવવી પડે છે. તેના માટે વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, ૫૦ દિવસ આપો બધુ સરખુ થઈ જશે. તે અંગે શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ૫૦ નહીં ૫૦૦ દિવસ નહીં પરંતુ ૫ વર્ષે પણ આ મુશ્કેલી દૂર થવાની નથી. સામાન્ય પ્રજાની મુશ્કેલીઓ તો યથાવત જ રહેવાની છે. શંકરસિંહ વાઘેલાએ એમ પણ જણાવ્યું હતું કે, દિલ્હીની ભાજપ સરકાર કાળા નાણાંથી જ બનેલી છે. આથી તેમણે કાળા નાણાં અંગે બોલવાનો કોઈ અધિકાર નથી. મને ગોળીએ દઈ દો, મારી નાખો વગેરે જેવી વિકૃતભાષા મોદી શું કામ બોલે છે ? તે સમજાતું નથી ઈકોનોમી શું કહેવાય ? એની ખબર નથી એવા લોકો દિલ્હીની ગાદી પર બેઠા છે. આખા મોદી મંત્રીમંડળમાં એક પણ અર્થશાસ્ત્રી નથી એમ પણ તેમણે જણાવ્યું હતું.

કાળા નાણાં મામલે કોઈપણ પગલાં ભરવા એ સારી બાબત છે પરંતુ આ વધુ પદ્ધતિ મુજબ યોગ્ય વ્યવસ્થા કરીને જ કરી શકાય. રિઝર્વ બેંકના ગવર્નર ઉર્જિત પટેલને અધિકૃત રીતે ગવર્નર બનાવ્યા તે અગાઉથી જ નવી નોટો પર તેમની સહી ક્યાંથી આવી ? તે પેચીદો પ્રશ્ન છે. તેવો સણસણતો આક્ષેપ શંકરસિંહે કર્યો હતો.

સિવિલ હોસ્પિટલ પાસે અસ્થિર મગજની મહિલા સાથે દુષ્કર્મ

બીજે મેડિકલ હોસ્ટેલના વિદ્યાર્થીઓએ બૂમો સાંભળી દોડી જઈ આરોપીને ઝડપી પાડ્યો

અમદાવાદ,તા.૧૭

ગુનેગારોને જાણે પોલીસનો કોઈ ડર જ ન હોય તેવા બનાવો છાશવારે બની રહ્યા છે. સિવિલ હોસ્પિટલના બી.જે. મેડીકલ કોલેજની બોયઝ હોસ્ટેલની પાછળના ભાગમાં ગઈકાલે રાત્રે એક અસ્થિર મગજની મહિલા સાથે યુવકે દુષ્કર્મ આચર્યું હોવાના સમાચારથી સમગ્ર વિસ્તારમાં ભારે રોષનું વાતાવરણ ફેલાઈ ગયું છે કેટલાક લોકોએ આ દ્રશ્ય જોતા જ આરોપીને ઝડપીને પોલીસને હવાલે કર્યો હોવાનું પણ જાણવા મળી રહયું છે હાલ મહિલાને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે જયારે આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ ઘટનામાં આરોપીના સાથીદારો પણ સંડોવાયા છે કે નહી તે અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે. આ અંગેની વિગત એવી છે કે શહેરના મેઘાણીનગર વિસ્તારમાં આવેલી સિવિલ હોસ્પિટલમાં બી.જે. મેડીકલ કોલેજ આવેલી છે અને અહીંયા વિદ્યાર્થીઓ મેડીકલનો અભ્યાસ કરતા હોય છે આ જ કેમ્પસમાં બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલો આવેલી છે અને તેમાં કેટલાક સ્વીપરો કામ કરે છે તેઓ હાઉસ કીપીંગની સર્વિસ આપતા હોય છે. ગઈકાલે બી.જે.મેકડીલ હોસ્ટેલની બોયઝ હોસ્ટેલની પાછળ એક અસ્થિર મગજની મહિલા પસાર થઈ રહી હતી જેને કેટલાક શખ્સોએ આંતરી અજ્ઞાત સ્થળે લઈ ગયા હતા દરમિયાનમાં તેની સાથે દુષ્કર્મ આચર્યું હોવાનું મનાઈ રહયું છે બુમાબુમ થતાં વિદ્યાર્થીઓ સહિત લોકો એકત્ર થઈ ગયા હતા અને તેઓએ સ્થળ પરનું દ્રશ્ય જોતાં જ ચોંકી ઉઠી એક શખ્સને ઝડપી લીધો હતો અને તાત્કાલિક શાહીબાગ પોલીસને જાણ કરી હતી પોલીસ પણ તાત્કાલીક સ્થળ પર પહોંચી ગઈ હતી અને એક આરોપીને ઝડપી લીધો હતો આ શખ્સ સિવિલમાં જ હાઉસ કીપિંગનું કામ કરતો હોવાનું સામે આવ્યું છે. અસ્થીર મગજની મહિલાની હાલત કફોડી જણાતા તેને મેડીકલ ટેસ્ટ અને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી આ ઘટનાના પગલે સ્થાનિક નાગરિકોમાં ભારે રોષ ફેલાયો છે આ ઘટનામાં આરોપીના અન્ય સાગરિતો પણ સંડોવાયેલા છે કે નહીં તેની તપાસ શરૂ કરવામાં આવી છે.

એપીએમસી અમદાવાદના ચેરમેન પદેથી કેતન પટેલનું રાજીનામું

અમદાવાદ,તા.૧૭

અમદાવાદની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અમદાવાદમાં થયેલા ભરતી કૌભાંડ મામલે મીડિયામાં આવેલા અહેવાલનો પડઘો પડ્યો છે. ભરતી કૌભાંડ કરનારા એપીએમસીના ચેરમેન કેતન પટેલ પર તવાઈ આવતા તેમણે રાજીનામુ આપ્યું છે. આજે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ યોજાયેલી બેઠકમાં ભરતી કૌભાંડ મુદ્દે ગરમાગરમી થઈ હતી. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં ૧૨૩ કર્મચારીઓની ખોટી ભરતી થયાનું સામે આવ્યું હતુ. જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા રાજ્ય સરકારને રિપોર્ટ સબમીટ કરાયો હતો. જેમાં આ ભરતી કૌભાંડમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને સેક્રેટરી જવાબદાર હોવાનું કહેવાયું હતુ. પરિણામે આજરોજ એપીએમસીના ચેરમેન પદેથી કેતન પટેલે રાજીનામું આપતા ચકચાર વ્યાપી ગઈ છે.

હૌથીઓ યુદ્ધનો અંત લાવવા તૈયાર થયા; સંયુક્ત સરકાર સાથે જોડાશે

સના, તા.૧૭

સઉદીઅરબના આક્રમણોથી થાકી ગયેલ યમનના હૌથી અનસરૂલ્લાહ ચળવળે યુદ્ધનો અંત લાવવા તૈયારી બતાવી છે અને સંયુક્ત સરકાર સાથે જોડાવાની પણ સંમતિ આપી છે.

અનસરૂલ્લાહ રાજકીય કાઉન્સિલના સભ્ય મોહમ્મદ અલ-બુખૈતીએ જણાવ્યું કે, અનસરૂલ્લાહ હાલમાં યુદ્ધનો અંત લાવવા તૈયાર છે અને બધા રાજકીય પક્ષો સાથેની સંયુક્ત રાષ્ટ્રીય સહકાર સાથે જોડાવા તૈયાર છે.

અમેરિકાના મુખ્ય સચિવ જહોન કેરીએ જણાવ્યું હતું કે, સઉદીઅરેબિયા હૌથીએ ૧૭મી નવેમ્બરથી દુશ્મનીનો અંત લાવવા સંમત થયા છે. એમના નિવેદન પછી બુખૈતીએ આ પ્રકારની જાહેરાત કરી હતી. જહોન કેરીએ ઓમાનમાં વાતચીત દરમ્યાન જણાવ્યું હતું કે, એમણે યુદ્ધવિરામ અને શાંતિ પ્રસ્તાવનો દસ્તાવેજ હૌથીના ડેલીગેટો સમક્ષ મૂક્યો હતો.

હૌથીએ શાંતિ પ્રસ્તાવ સાથે સંમત થયા હતા અને જણાવ્યું કે, જો સામા પક્ષે એનો અમલ થાય તો અમે તૈયાર છીએ અને આ રીતે અમિરાતીયો અને સઉદીઓ બન્ને સંમત થતા હવે આગળની યોજના હાથ ધરવામાં આવશે.

યમન આ સાથે જ રાષ્ટ્રીય એકતાની સરકાર સાથે પણ જોડાવા સંમતિ આપી છે જેથી સુરક્ષિત સાનાની સ્થાપના આ વર્ષના અંત સુધી કરી શકાય.

બુખૈતીએ કહ્યું કે, રિયાધ શાસને પણ યમન સામે યુદ્ધનો અંત લાવવાની સંમતિ આપી છે.

સઉદી અરેબિયાએ સૈદ્ધાતિકરૂપે યુદ્ધનો અંત લાવવા સંમતિ આપી છે. કેમ કે આ સંઘર્ષનો એ પણ એક પક્ષકાર છે.

જો કે યમનના પૂર્વ વિદેશ મંત્રીએ ફરિયાદ કરી કે કેરીએ જાહેરાત કરતા પહેલા દેશની રાજીનામું આપેલ પૂર્વ સરકાર સાથે મસલતો કરી નથી.

સઉદીઅરેબિયાએ માર્ચ ૨૦૧૫થી યમન ઉપર હુમલાઓ કર્યા હતા જે હુમલાઓમાં અનેક નાગરિકોના મૃત્યુ થવાથી સઉદી અરેબિયાની આંતરરાષ્ટ્રીય સમુદાય દ્વારા ત્રીજી આલોચના કરવામાં આવી હતી. સઉદીએ હૌથીઓને કચડી હૌથીની પુનઃ સ્થાપના કરવા હુમલાઓ કર્યા હતા.

આ યુદ્ધમાં ૧૧૪૦૦ નાગરિકોના મૃત્યુ થયા હોવાનું માનવામાં આવે છે. એવી અસંખ્ય ઘટનાઓ બની હતી. જેમાં સઉદીએ જ જાણીબુઝીને યમનની માળખાકીય સુવિધાઓ ખોરવી નાખવા એ સંસાધનોનો નાશ કર્યો હતો.

અબદ હાદીએ રાજીનામું આપતા અને દેશ છોડીને ભાગી જતા હૌથી અનસરૂલ્લાહે સત્તા પોતાના હસ્તક લીધી હતી, જેના લીધે યમનમાં અનિશ્ચિતતા અને અરાજકતા ફેલાઈ ગઈ હતી.

અઝાનના અવાજને ડામવાનું ઈઝરાયેલી સરકારનું કાવતરું નિષ્ફળ

● ઈઝરાયેલ-અરબ સાંસદ તાલબના નિવેદન બાદ લિટઝમેન પર દબાણ

● સ્વાસ્થ્ય મંત્રી લિટઝમેને સત્તાનો ઉપયોગ કરી બિલને પહેલા વાચન અગાઉ અટકાવ્યું

(એજન્સી) જેરૂસલેમ, તા.૧૭

ઈઝરાયેલમાં અઝાનના અવાજને મર્યાદિત રાખવા માટે સરકારે બિલ તૈયાર કર્યું હતું જોકે અણધાર્યા સૂત્રએ સરકારની આ નીતિ સામે વાંધો વ્યક્ત કરતા વિવાદસ્પદ બિલને બ્લોક કરવાની ફરજ પડી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર સરકારી સલાહકારોએ અઝાનના અવાજને મર્યાદિત રાખવાના સરકારના નિર્ણયને ધાર્મિક સ્વતંત્રતા વિરૂદ્ધ ગણાવ્યું હતું. અલ્ટ્રા ઓર્થડોકસ યુનાઈટેડ તોરાહ જુડઈશમ પાર્ટીના સભ્ય અને સ્વાસ્થ્ય મંત્રી યાકોવ લિટઝમેને બિલનું સંસદમાં પહેલીવાર વાંચન થાય એ પહેલા જ અપીલ કરી જણાવ્યું કે આ પ્રકારના કાયદાથી લાઉડ સ્પીકર પર કરવામાં આવતી યહુદી પ્રાર્થનાઓને પણ ફટકો પહોંચી શકે છે.

જુઈશ હોમ પાર્ટીએ આ બિલનો પ્રસ્તાવ મંત્રીમંડળ સમક્ષ મૂક્યો હતો, તેનો સ્વીકાર થયા બાદ બિલને કાયદો બનતા પહેલા સંસદમાં ત્રણવાર વાંચન માટે મોકલાય છે, જો કે હવે બિલને મંત્રીમંડળ ફરીવાર મત ન આપે ત્યાં સુધી મોકૂફ રાખવામાં આવશે. લિટઝમેને વધુમાં જણાવ્યું હતું કે અઝાનના અવાજ અંગે વાંધો વ્યક્ત કરતું આ બિલ બધા જ ધર્મને લાગુ પડે છે. યહુદી ધર્મની સંસ્કૃતિમાં પણ હજારો વર્ષથી હોર્ન, સહિત અનેક ધ્વનિ ઉત્પન્ન કરતા સાધનનો ઊપયોગ કરાય છે. હવે આધુનિક લાઉડ-સ્પીકર વિકાસવાયા હોવાથી પ્રાર્થના માટે તેનો બધા જ ધર્મમાં ઉપયોગ કરાય છે. લિટઝમેને જણાવ્યું કે સરકારના આ નિર્ણયથી ધાર્મિક સત્તાધીશો અને રાજ્ય વચ્ચે મતભેદ ઊભો થશે. ગત સપ્તાહ દરમ્યાન અરબ - ઈઝરાયેલી સાંસદ તાલબ અબુ અરારે સંસદમાં અઝાનનું ઉચ્ચાર કરતા યહુદી સભ્યોએ તેમનો વિરોધ કર્યો હતો. મીડિયાના અહેવાલ મુજબ અરબના વિરોધે લિટઝમેન પર તેમના અધિકારનો ઉપયોગ કરવાનો દબાણ સર્જયો હતો. ઈઝરાયેલમાં ૧૭.૫ ટકા અરબ મુસ્લિમ વસ્તી ધરાવતા છતાં તેઓ સરકાર દ્વારા કરવામાં આવતા મતભેદની ફરિયાદ કરે છે. ઈઝરાયેલી અરબ મુસ્લિમો પેલેસ્ટીનના વંશજ છે, જે ૧૯૪૮ના યુદ્ધ બાદ પણ ત્યાં જ રહ્યા હતા. આ કાયદાનો અમલ હાલના પૂર્વ જરૂસલેમમાં પણ કરવામાં આવશે કે જ્યાં ૩ લાખથી વધુ પેલેસ્ટની નાગરીકો નિવાસ કરે છે. ઈઝરાયેલના પૂર્વ વિસ્તારો તરહ રહેતા યહુદીઓએ અઝાનના અવાજ અંગે પ્રથમવાર વિરોધ કર્યો હતો, સ્થાનિક મીડિયા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું.

અઝાન બિલ અંગે તુર્કીના મંત્રી અને અરબ લીગે ઈઝરાયેલની ઝાટકણી કાઢી

ઈઝરાયેલ દ્વારા હસ્તકક્ષેપ કરાયેલા જેરૂસલેમમાં લાઉડ-સ્પીકર દ્વારા આપવામાં આવતી અઝાનના અવાજને મર્યાદિત રાખવાનો, સરકારના બિલનો અરબ લીગે વિરોધ કર્યે હતો. અરબ લીગના ઉપ-સચિવ - એમ્બેસિડર એહમદ બિન હેલીએ પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યું કે ઈઝરાયેલનો અઝાન બિલ ખૂબ જ ઉશ્કેરણીજનક અને અમાન્ય છે. તેમણે ચેતવણી આપતા કહ્યું કે ઈઝરાયેલનો આ નિર્ણય વિશ્વના તમામ દેશોમાં વસ્તા મુસ્લિમ સમુદાયના લોકોને ઉશ્કેરી રહ્યો છે. ઈઝરાયેલનો આ બિલ ધાર્મિક સ્વતંત્રતા સામે પ્રશ્નોનો ઊભા કરે છે. તુર્કીના ધાર્મિક બાબત મંત્રાલયના મંત્રી મેહમત ગોમેઝે ઈઝરાયેલના અઝાન બિલ પર આકરા પ્રહારો કરતા કહ્યું કે સરકાર જેરૂસલેમ સાથે વર્ષથી બંધાયેલા મુસ્લિમ સમુદાયના ધાર્મિક સંબંધો તોડવા માંગે છે. દોહામાં કતારના ઔકાફ અને ઈસ્લામિક મંત્રી સાથે મંત્રણા દરમ્યાન નિવેદનમાં ગોમેઝે જણાવ્યું હતું. જેરૂસલેમ પર કબ્જો મેળવ્યા બાદ હવે તેઓ અઝાન પર પ્રતિબંધ મૂકવા માંગે છે, આ વાતને ચલાવી લેવામાં આવશે નહીં.

અઝાન વિરોધી બિલના પ્રતિકારરૂપે ઈઝરાયેલી સંસદમાં ગુંજી "અઝાન"

ઈઝરાયેલી સરકાર અઝાન વિરોધી ખરડો લાવી રહી છે ત્યારે આ વિવાદસ્પદ ખરડાનો ખુલ્લેઆમ પ્રતિકાર કરવા માટે એક આરબ સાંસદ અહમદ અલ-તિબીએ સંસદમાં જ અઝાન દેવાનું શરૂ કર્યું હતું. જેમાં તેમની સાથે તાલેબ અબુ અરાર નામના એક અન્ય સભ્ય પણ જોડાયા હતા. યહૂદી સાંસદોથી ભરેલી ઈઝરાયેલી સંસદમાં ગૂંજતી તિબીની અઝાનના સ્વરને રૂંધવા અને રોકવા માટે યહૂદીઓએ મોટો શોરબકોર અને દેકારો મચાવ્યો હતો. છતાં તિબીએ પૂરેપૂરી અઝાન આપી હતી. ત્યારબાદ તિબીએ સમાચાર સંસ્થાને જણાવ્યું હતું કે આ વિવાદાસ્પદ કાળો કાયદો ઈઝરાયેલી સમાજમાં વધતા ફાસીવાદને પ્રતિબિંબિત કરે છે.

ઈરાકી સેના મોસુલમાં વિજયના પંથે હાલમાં જ ઘણા વિસ્તારો કબજે કર્યા

(એજન્સી) તા.૧૭

ઈરાકી સેના મોસુલના પૂર્વ તરફ આગળ વધી રહી છે અને દાઈશ ત્રાસવાદીઓને મોસુલમાંથી ખદેડવાના પ્રયાસો કરી રહી છે.

સેનાના કમાન્ડરે જણાવ્યું કે, એમના દળો મોસુલ પાસે આવેલ અદેન જિલ્લા તરફ આગળ વધી રહ્યા રહ્યા છે દળો સાવચેતીથી આગળ વધી રહ્યા છે એમનો અનુમાન છે કે ત્રાસવાદીઓએ ઠેર-ઠે વિસ્ફોટકો પાથરી રાખ્યા છે.

પૂર્વ મોસુલમાં દાઈશ ત્રાસવાદીઓએ અલ-ઝહારા જિલ્લામાં મોર્ટારથી હુમલો કરતાં ૧૪ નાગરિકોનું મૃત્યુ થયું હતું અને ૭ને ઈજાઓ થઈ હતી. ગયા અઠવાડિયે ઈરાકી સેના મોસુલના પૂર્વ વિસ્તારના ભાગનો કબજો મેળવવા સફળ થઈ હતી. પૂર્વ મોસુલમાં આવેલ અનબારમાં દાઈશએ કાર બોમ્બ મૂક્યા હતા. દાઈશ તકફીરીઓ હુમલો કરવાની ફિરાકમાં જ હતા પણ ઈરાકી દળે આ હુમલાને નિષ્ફળ કર્યો હતો. આ કારોનો નાશ કર્યો જેથી એમાં સવાર ત્રાસવાદીઓનું મૃત્યુ થયું હતું. લશ્કરી વિસ્તાર હવે ઈરાકી દળોના કબજા હેઠળ છે. ઈરાકી દળોએ પૂર્વ મોસુલ પાસે આવેલ પાંચ ગામોનો કબજો મેળવ્યો હતો અને ત્યાંથી દાઈશોને ભાગવાની ફરજ પડી હતી. દળોએ દાવો કર્યો કે મધહલી અને તાલ ઉમ મહયોર જે પશ્ચિમ મોસુલમાં આવેલ છે એ હવે સંપૂર્ણપણે ઈરાકના કબજામાં છે. પશ્ચિમ મોસુલમાં ઈરાકી દળો ૧૦ કિલોમીટર આગળ વધ્યા છે. આજ દિવસે ઈરાકી દળોએ ૩ કિલોમીટર લાંબી ટનલ શોધી કાઢી હતી. વધુમાં ઘણી સંખ્યામાં દાઈશ ત્રાસવાદીઓ માર્યા ગયા છે. ઈરાકી દળોએ મરીશાહ

અને ઉમખિયાહ ગામોનો કબજો ત્રાસવાદીઓ પાસેથી લઈ લીધો છે. દાઈશ પાસે રહેલ વિસ્ફોટકોના નાશ કરવામાં આવ્યો છે દાઈશનો નેટવર્ક પણ નાશ કરવામાં આવ્યું છે ઈરાકી સેનાએ આ ગામમાંથી મોટા પ્રમાણમાં હથિયારો કબજે કર્યા છે. દરમ્યાનમાં ઉમ હેજરાહ ગામ દાઈશો પાસેથી મેળવવા માટે ઈરાકી સેનાને જબરજસ્ત લડાઈ લડવી પડી હતી.

ઈરાકી સેનાએ દાઈશ ત્રાસવાદીઓની એક બોમ્બ અંગે વિસ્ફોટકો બનાવવાની મોટી ફેક્ટરી શોધી કાઢી હતી. આ ફેક્ટરીમાં મોટા પ્રમાણમાં મોર્ટારો બનાવવામાં આવતા હતા. ઈરાકી દળોએ જણાવ્યું કે, આ એમની એક મોટી સિદ્ધિ છે. અમોએ ફલ્લુજામાં પણ બોમ્બ બનાવવાની ફેક્ટરીઓ શોધી હતી પણ ફેક્ટરી ખૂબ જ મોટી છે એ અમે પહેલા જોઈ નથી. સેના અધિકારીએ જણાવ્યું કે, આ બોમ્બ અમારી સામે જ ઉપયોગમાં લેવાના હતા પણ ભગવાનની મહેરબાનીથી અમે બચી ગયા.

માનવ અધિકાર સંગઠને જણાવ્યું છે કે છેલ્લા ૨૪ કલાકમાં દાઈશએ ૨૫ નાગરિકોની હત્યા કરી છે. એમની ઉપર આક્ષેપો મૂકાયા હતા કે એ લોકો ઈરાકી સેના માટે જાસૂસી કરતા હતા. દાઈશએ આ મૃતદેહો એમના સગાઓને નથી આપ્યા પણ હોસ્પિટલમાં રાખ્યા છે. એમણે કારણ જણાવ્યું કે, સગાઓ પણ મૃતદેહોને દફન નહીં કરશે અને રઝળતા મૂકી દેશે. ત્રાસવાદીઓએ ૨૦૦૦ નાગરિકોનું પણ અપહરણ કર્યું છે એમને તાલઅફરમાં લઈ જવાયા છે. એ લોકો નાગરિકોનો ઉપયોગ માનવબળ તરીકે કરશે એવી સંભાવનાછે.

ઈરાકી સેનાના કમાન્ડરે કહ્યું કે, અમેરિકાની આગેવાની હેઠળના વાયુસેનાના હુમલામાં ૧૦ ત્રાસવાદીઓના મૃત્યુ થયા હતા.

વધુમાં સુખોઈ વિમાનથી કરાયેલ હુમલામાં જાતે બની બેઠેલા દાઈશ કૃષિ મંત્રી અબુ સફરનું મૃત્યુ થયું હતું.

પશ્ચિમી કરબલામાં ઈરાકી દળોએ ત્રાસવાદીઓના એક ડ્રોનને તોડી પાડ્યું હતું. દાઈશ આ ડ્રોન દ્વારા ઈરાકી સેનાની માહિતી મેળવતા હતા.

યુએન દ્વારા પ્રસ્તાવિત ઈઝરાયેલને સમર્થન આપનાર માનવ અધિકાર બાબતના ઠરાવની ઈરાને તીવ્ર આલોચના કરી નકારી કાઢ્યો

(એજન્સી) તા.૧૭

યુએન ખાતેના ઈરાનના નાયબ પ્રતિનિધિએ યુએનમાં માનવ અધિકાર સંબંધિત ઠરાવને નકારી કાઢી તીવ્ર આલોચના કરી હતી. એમણે જણાવ્યું કે ઈસ્લામિક દેશોમાં માનવ અધિકારોના ભંગ બાબતનો રજૂ કરાયેલ ઠરાવ રાજકીય પૂર્વગ્રહ સાથે બનાવવામાં આવેલ છે જે અમને મંજૂર નથી. યુએનની સામાન્ય સભામાં એમણે જણાવ્યું કે આ ઠરાવ વિચારો વિનાનો છે. આ ઠરાવ કેનેડાએ રજૂ કર્યો છે જેનો માનવ અધિકાર બાબત પોતાનો રેકર્ડ પણ શંકાસ્પદ રહેલ છે. ઠરાવથી સ્પષ્ટ દેખાય છે કે પ્રસ્તાવ રજૂ કરવાવાળા દેશો જે પોતાની જાતને માનવ અધિકારોના રખેવાળો જણાવે છે. એમણે આ ઠરાવ ઈમાનદારીથી રજૂ નથી કર્યો. કેનેડા અને બીજા દેશોએ આ ઠરાવને સમર્થન આપ્યું છે જે પોતાના દેશોમાં માનવ અધિકારોનું સળંગ હનન કરે છે અને પોતાના નાગરિકો ઉપર અત્યાચારો ગુજારે છે. પ્રતિનિધિ દેહગાનીએ જણાવ્યું છે કે

દુનિયામાં સૌથી વધુ માનવ અધિકારોનો ભંગ કરનાર દેશ ઈઝરાયેલ છે. જે આ ઠરાવને સમર્થન આપી રહ્યો છે. ઈરાન ઠરાવનો સ્પષ્ટ વિરોધ કરે છે. ઈરાન આ ઠરાવના મુખ્ય સમર્થકોના દબાણ હેઠળ આવશે નહીં. એક વખત ઈતિહાસમાં બદનામ થઈ ગયેલા અને દેશોને ગુલામ બનાવનાર દેશો, લોકોમાં વંશીય ઝઘડા કરાવનારાઓ સંસ્થાનવાદી દેશો આજે માનવાધિકારોના ધ્વજો લઈને ફરી રહ્યા છે. આ ઠરાવના મુખ્ય સમર્થકો જ માનવ અધિકારોના ભંગ માટે જાણીતા છે. આ ઠરાવ સંપૂર્ણપણે ઈરાનના ઠરાવોથી વિરૂદ્ધ છે. ઈરાને હંમેશા માનવ અધિકારો બાબતે સકારાત્મક વલણ દાખવ્યું છે અને આંતરરાષ્ટ્રીય ધોરણોને વળગી રહેલ છે.

યુનેસ્કો દ્વારા પસાર કરેલ અક્સા મસ્જિદના સમર્થનવાળા ઠરાવનો અમલ કરાવવા જેરૂસલેમના HICએ માગણી કરી

(એજન્સી) કબજા હેઠળના જેરૂસલેમ, તા.૧૭

જેરૂસલેમમાં આવેલ હાયર ઈસ્લામિક કમિશને આરબ દેશના નેતાઓ અને ઈસ્લામિક દેશો સમક્ષ માગણી કરી છે કે એમણે જેરૂસલેમ તરફ ધ્યાન આપવું જોઈએ અને યુનેસ્કોએ અક્સા મસ્જિદ માટે કરેલ ઠરાવનો અમલ કરાવવા ભેગા મળી પ્રયાસો કરવા જોઈએ. કમિશને અરબ અને મુસ્લિમ દેશોને પત્ર લખી માગણી કરી છે. કમિશને પેલેસ્ટીનિયનોને શિક્ષણ રહેઠાણના પ્રોજેક્ટો, આરોગ્ય બાબતો માટે નાણાકીય મદદ કરવાની પણ વિનંતી કરી છે. ઈઝરાયેલ પવિત્ર મસ્જિદો અને ચર્ચોની બાબતો માટે ઘડાયેલ નિયમો અને સગવડતાઓને સતત વ્યંગ કરે છે. એ માટે એની સાથે કૂટનિતીક પગલાંની પણ માગણી કરી છે.

ધર્મનિંદાના શંકાસ્પદ કેસમાં જકાર્તાના રાજ્યપાલ બાસુકીની સંડોવણી અંગે પોલીસ તપાસ

પવિત્ર કુર્આનના શબ્દોનો ઉચ્ચાર કરી મુસ્લિમોને પોતાને મત ન આપવા કહેલું

(એજન્સી) તા.૧૭

ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તાના ખ્રિસ્તી રાજ્યપાલ બાસુકી પુરનામા ઉર્ફે પુટ અહોકે ધર્મનિંદા કર્યા હોવાની શંકાસ્પદ વાતની યોગ્ય તપાસ કરવામાં આવશે, એવી ઈન્ડોનેશિયાન પોલીસે ખાતરી આપી છે. ધર્મનિંદાના આક્ષેપ બાદ સમગ્ર દેશમાં આ મુદે વિવાદ - વંટોળ જોવા મળ્યો હતો. દેશના જાસૂસી પોલીસ વડા અરી દોનોએ નિવેદનમાં જણાવ્યું હતું કે રાજ્યપાલ બાસુકી તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી વિદેશ જઈ શકશે નહીં, જોકે પોલીસે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે હાલમાં તેમની કોઈ અટકાયત કરવામાં આવી નથી, પરતું તેમની વિરૂદ્ધ કોર્ટમાં કેસ ચાલશે.

રાષ્ટ્રપતિ જોકો વિડોડોના સહયોગી પુરનામાએ પવિત્ર કુર્આનના શબ્દોનું ઉચ્ચાર કરી મુસ્લિમ સમુદાયના લોકોને આગામી ચૂંટણી દરમ્યાન તેમને મત ન આપવાનું અંગે કહેતા મુસ્લિમ સમુદાયની ધાર્મિક લાગણી દુભાય હતી, ત્યારબાદ વિપક્ષી દળોએ તેમનો હુરિયો બોલાવ્યો

હતો. આ સમગ્ર પ્રકરણ બાદ રાજ્યપાલે સફાઈ આપતા કહ્યું હતું કે ઈસ્લામ ધર્મનો અપમાન કરવાનો તેમનો કોઈ ઈરાદો ન હતો. ૪થી નવેમ્બરના રોજ ૨ લાખથી વધુ મુસ્લિમોએ તેમની વિરૂદ્ધ દેખાવો કરી વિરોધ વ્યક્ત કર્યો હતો. તેમને પદ પરથી દૂર કરવામાં આવે તેવી પુનામા માગણી કરી હતી. વર્ષ ૨૦૧૪ના જાન્યુઆરી માસમાં તેઓ રાજ્યપાલ તરીકે ચુંટાઈ આવ્યા હતા.

બાસુકીએ તેમના સર્મથકોને કહ્યું હતું કે જો ફરીવાર ચુંટાઈ આવું તો મારી નિંદા કરનારા મૂંઝાઈ જશે. સૌથી વધુ મુસ્લિમ વસ્તી ધરાવતા ઈન્ડોનેશિયામાં ધર્મનિંદાને મોટા ગુનાઓ પૈકીનો એક માનવામાં આવે છે.

ગુજરાત ટુડે

શુક્રવાર ૧૮ નવેમ્બર ૨૦૧૬
૧૭ સફર હિજરી ૧૪૩૮
કારતક વદ પાંચમ સંવત ૨૦૭૩

બેન્કોમાં નાણાં પરત તથા મેળવવા લાગેલી કતારોનો લાભ હવે કયા માલ્યાને મળશે ?

શિયાળાની કડકડતી ઠંડીમાં માંડ મળતી આરામની નિંદર છોડીને, તો કોઈ સ્કૂલના ક્લાસ છોડીને, કોઈ મજૂરીનો એક દિવસ પાડીને તો કોઈ માતા તેના માત્ર બે મહિનાના બાળકને તેડીને લાઈનમાં ઊભા રહી જાય છે, આ કતાર છે બેંકમાં પૈસા જમા કરાવનારા લોકોની, જેમણે પાઈ-પૈસો એક એક કરી બચાવીને રૂા.૫૦૦ કે રૂા.૧૦૦૦ની મોટી નોટ ભવિષ્ય માટે બચાવી રાખી હતી અને પ્રધાનસેવકની એક જાહેરાતના પગલે એ નોટો રદ્દીમાં તબદીલ થઈ જતા સામાન્ય એવા આ તમામ નાગરિકની ઊંઘ હરામ થઈ ગઈ છે. જ્યારે બીજી બાજુ છે વિજય માલ્યા જેવા લોકો જેમની કરોડો રૂા.ની બાકી નીકળતી રકમ વસૂલ કરવા માટે અત્યંત કડક એવી આ સરકાર આદેશ તો ઠીક બે શબ્દ પણ આકરા નથી બોલી શક્તી. ઉલ્ટાનું વિદેશમાં મ્હાલતા વિજય માલ્યા સરકાર સામે શરતો મૂકે છે અને અત્યારે નહીં મને ઠીક લાગશે ત્યારે દેશમાં પરત ફરીશ એવી સ્પષ્ટ નફફટાઈભરી વાતો અખબારોના માધ્યમથી સરકારને સંભળાવે છે.

વાત જાણે એમ બની કે, રાજ્યસભામાં નોટબંધી અંગેની ચર્ચામાં અચાનક ઉદ્યોગપતિ અને લોન ડિફોલ્ટર વિજય માલ્યાનો મુદ્દો છવાઈ ગયો. સીપીઆઈએમના નેતા સીતારામ યેચૂરીએ નરેન્દ્ર મોદી સરકાર પર હુમલો કરતાં કહ્યું કે, એક તરફ સરકાર બ્લેક મની પર લગામ કસવાના નામે નોટો બંધ કરી રહી છે, બીજી બાજુ માલ્યા જેવા ડિફોલ્ટર્સની લોનના બાકી રૂપિયા માફ કરી રહી છે. આ અંગે નાણાપ્રધાન અરૂણ જેટલીએ જવાબ આપતા કહ્યું હતું કે, માલ્યાની લોનને માફ કરવામાં આવી નથી, પરંતુ રાઈટ ઓફ કરવામાં આવી છે. તેનો અર્થ માફ કરવો નહિ, પણ નોન પરફોર્મિંગ અસેટ્સ જાહેર કરવો થાય છે.

અરૂણ જેટલીએ કહ્યું છે કે, કોઈ પણ લોનને રાઈટ ઓફ કરવાનો અર્થ બેન્ક દ્વારા કોઈ સંપત્તિને આવકનો સ્ત્રોત ન માનવાનો થાય છે. આ પહેલાં એક અંગ્રેજી અખબારના હવાલાથી મીડિયામાં એવા સમાચાર ચાલી રહ્યા હતા કે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ ૭,૦૧૬ કરોડ રૂપિયાની લોનને રાઈટ ઓફ કરી છે. ડિફોલ્ટર સાબિત થયેલા ૬૩ લોકો કે કંપનીઓને SBIએ લોન આપી હતી. આ તમામ લોકોમાં કિંગફિશર એરલાઈન્સના માલિક વિજય માલ્યાના નામનો પણ સમાવેશ થાય છે.જેટલીએ સફાઈ આપતાં કહ્યું હતું કે, 'રાઈટ ઓફ કરવાનો અર્થ છે કે, બેન્ક દ્વારા એકાઉન્ટિંગ બુકમાં લોનને નોન પરર્ફોર્મિંગ અસેટ્સ માનવું. રાઈટ ઓફનો અર્થ લોન માફી થતો નથી. લોનની રિકવરીના (ખાલી) પ્રયાસ ચાલુ રહેશે.' બીજી તરફ દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલે સરકાર પર નિશાન સાધતાં ટ્વીટ કર્યું કે, 'આ જ ડર હતો, લોકોના પરસેવાની કમાણી બેન્કોમાં જમા કરાવી આ અબજપતિઓની લોન માફ કરી દેશે.

એકબાજુ કરોડોપતિઓને છૂટ્ટા હાથે લ્હાણી કરવામાં આવી રહી છે તો તેનો લાભ સ્પષ્ટપણે કોઈને કોઈ રીતે રાજકારણીઓ અને સત્તાધીશોને મળી રહ્યો છે. ક્યારેક આ લાભ ચૂંટણી ફંડના રૂપે મળે છે તો ક્યારેક નાણાં કમિશનરૂપે સીધા નેતાશ્રીના ખાતામાં જમા થાય છે. સામાન્ય માણસ પાસે રૂા.૫૦,૦૦૦ જેટલી રકમની લેવડદેવડ માટે પાનકાર્ડ અને તમામ માહિતી માંગતી સરકાર તેમની પાસે નાણાં ક્યાંથી અને કેટલા આવે છે એ બાબતે કોઈ સ્પષ્ટતા કરવા નથી માંગતી. દેશના છ રાષ્ટ્રીય પક્ષો પાસે આવતી કુલ રકમમાંથી ૬૯ ટકા રકમ અજાણ્યા સ્ત્રોતથી આવી રહી છે. છેલ્લા ૧૦ વર્ષમાં ભાજપ અને કોંગ્રેસ સહિતના પક્ષોને મળેલા હજારો કરોડ રૂપિયાના દાનનો સ્ત્રોત બહાર આવ્યો નથી. એક અહેવાલ અનુસાર ૨૦૦૫ અને ૨૦૧૫ વચ્ચે ભાજપ અને કોંગ્રેસને જ રૂા.૪૫૦ કરોડ અજાણ્યા સ્ત્રોતોથી દાન સ્વરૂપે મળ્યા છે.

કોંગ્રેસ તેને રૂા.૩૩૨૩ કરોડ અથવા તો તેને મળેલી કુલ રકમના ૮૩ ટકા અજાણ્યા સ્ત્રોત તરફથી પ્રાપ્ત થયા છે. જ્યારે આ ગાળામાં ભાજપને રૂા.૨૧૨૫ કરોડ અથવા તો કુલ મળેલા દાનના ૬૫ ટકા રકમ અજાણ્યા સ્ત્રોત તરફથી પ્રાપ્ત થયા છે. કાળાં નાણાં માટે લડતા રાજકીય પક્ષોએ સ્વચ્છતા અભિયાન પોતાના ઘર આંગણેથી જ શરૂ કરવુ જોઇએ. કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસવાદી)ને રૂા.૪૭૧ કરોડ અજાણ્યા સ્ત્રોતોથી મળ્યા છે જ્યારે બસપાને ૪૪૮.૭૧ કરોડ, એનસીપીને ૨૪૩.૩ કરોડ અને સીપીઆઇને ૦.૨૩ કરોડ અજાણ્યા સ્ત્રોતો તરફથી પ્રાપ્ત થયા છે.

વિવિધ રાજકીય પક્ષો દ્વારા જે નામ જાહેર કરાય છે તે ૨૦,૦૦૦થી ઉપરના ડોનરોના નામ જાહેર કરાય છે. લોકોમાં સવાલ છે કે શું રાજકીય પક્ષો પોતાની આવકના સ્ત્રોત જાહેર કરશે ? સુપ્રીમકોર્ટે દેશના છ રાષ્ટ્રીય પક્ષોને માહિતીના અધિકાર હેઠળ લાવવા બાબતે પૂછ્યુ તો કોઇ તૈયાર ન હતુ. પક્ષોએ દલીલ કરી હતી કે અમને અડચણ ઊભી થશે. અને અમે ક્યાં સરકારથી કોઈ નાણાં લઈએ છીએ ? (સસ્તુ ભાણું ટોકનથી જમીન, હવાઈ મુસાફરી, રેલ મુસાફરી તો મળે જ છે ને !) સરકારે હાલમાં કહ્યુ છે કે, ખાતામાં અઢી લાખથી વધુ રકમ જમા કરાવનારને આવકનો સ્ત્રોત પૂછવામાં આવશે અને જો દોષિત ઠરશે તો ૨૦૦ ટકા દંડ ફટકારાશે. પરંતુ જાણીને આશ્ચર્ય થશે કે દેશના છ રાષ્ટ્રીય પક્ષોને મળતી કુલ આવકના ૬૯.૩ ટકા અજાણ્યા સ્ત્રોતથી મળ્યા છે. ૨૦૧૩-૨૦૧૪માં તમામ છ પક્ષોની કુલ આવકમાં ૮૧૩.૬ કરોડ રૂપિયા અજાણ્યા લોકો તરફથી દાનમાં મળ્યા હતા. આ ગાળામાં કોંગ્રેસની કુલ આવક ૫૯૮.૧૦ કરોડ હતી જેમાંથી ૪૮૨ કરોડ અજાણ્યા સ્ત્રોત તરફથી આવ્યા હતા. ભાજપની કુલ આવક ૬૭૩.૮ કરોડ હતી જેમાં ૪૫૩.૭ કરોડ અજાણ્યા સ્ત્રોતોથી આવ્યા હતા.

આ અજાણ્યા સ્ત્રોતના ઝરણા ક્યાંથી વહે છે અને કઈ ધારાને પવિત્ર કરે છે એ વાત સામાન્ય માણસથી અજાણી નથી તેમ છતાં રોજની રોજી-રોટી કમાવવામાંથી તેને ફુરસદ નથી કે પોતાનો અવાજ બુલંદ કરે અને પરસેવાની કમાણી એવા પોતાના હકના પૈસા માલ્યા જેવા ઉદ્યોગપતિઓમાં વહેંચતા ફરતા તંત્ર સામે વિરોધનો બૂંગીયો ફૂંકે અથવા તો જવાબ માંગે.

એક સામાન્ય માણસ ઘર માટે લીધેલી લોન ભરપાઈ ન કરે ત્યાં સુધી પોતાના ઘરને પોતાનું કહી નથી શકતો. એવી જ રીતે એક ખેડૂત ધીરાણ મેળવે ત્યારે એ બોજો એની જમીનના કાગળો પર ભારણ તરીકે નોંધાઈ જાય છે અને એ ભારણના બોજ તળે પીસાતો કચડાતો ખેડૂત આત્મહત્યાના માર્ગે જાય ત્યારે માંડ તેમાંથી છૂટે છે. આ સ્થિતિ છે આપણા દેશમાં જગતના તાત કહેવાતા ખેડૂતની અને તેની સામી બાજુએ છે વિજય માલ્યા જેવા શરાબ ઉત્પાદકો જે દેશની બેન્કોને કરોડો રૂા.નો ચૂનો ચોપડી વિદેશમાં વૈભવી જીવન ગાળે છે.

છપ્પનની છાતી વાળા વડાપ્રધાન તેમની કડક 'ચા'નો સ્વાદ આ મોટા મગરમચ્છ ડિફોલ્ટરોને ક્યારે ચખાડે છે એ વાતનો ઈન્તેજાર રહેશે.

નેપાળ : મોટા નેતાઓ સામે 'મહાભિયોગ'

આડોશ-પાડોશ

- દિનેશ શુકલ

છેલ્લા એક દાયકા દરમ્યાન નેપાળ એક પ્રકારની અરાજકતા, અનિશ્ચિતતા અને અસ્થિરતામાં પસાર થયું. જ્યારે નવું બંધારણ અસ્તિત્વમાં આવ્યું ત્યારે લોકોને ઉત્સાહપૂર્વકનું પીઠબળ તેને પ્રાપ્ત ન થયું. નેપાળની સરકારને એવી આશા હતી કે ચૌદ મહિના પહેલા જ્યારે ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ નેપાળની મુલાકાત લીધી તે વખતે ભારત નવા બંધારણને આવકારશે. પણ ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ નેપાળની સરકારને માત્ર શુભેચ્છાઓ પાઠવી અને એથી વિશેષ કશું કહ્યું નહીં.

ભારત તરફનો અણગમો, ખાસ કરીને નેપાળના ઘણા લોકો અને રાજકીય પક્ષો-નેતાઓમાં છે. નેપાળની આંતરિક બાબતોમાં ભારતની દખલગીરીનો વિરોધ કરે છે, છતાં નેપાળનું શાસનકર્તા ગઠબંધન એટલું તો સ્વીકારે છે. દક્ષિણમાં આવેલ આપણો પડોશી (ભારત) નેપાળના આંતરિક રાજકારણમાં ગમે કે ન ગમે એક મહત્ત્વનું પરિબળ છે અને તેની નેપાળના રાષ્ટ્રપ્રમુખ બિદ્યા ભંડારીથી વડાપ્રધાન પુષ્પ કમલ દહલ (પ્રચંડ) તો બીજી બાજુ મુખ્ય વિરોધ પક્ષના નેતા કે.પી.ઓલી અને અસંતુષ્ટ મધેશી જૂથો આ બધાએ રાષ્ટ્રપ્રમુખ પ્રણવ મુખર્જી સાથે આંતરિક રાજકારણની ચર્ચા કરી અને બંધારણમાં જરૂરી ફેરફારો કરવાની તૈયારી પણ બતાવી. જો કે બંધારણમાં કયા ફેરફારો કરવા જોઈએ. તે વિશે જુદા-જુદા પક્ષોમાં કોઈ સ્પષ્ટ સમજણ નથી.

જ્યારે દહલે ડાબેરીઓથી જુદા પડીને નેપાળી કોંગ્રેસ અને મધેશી જૂથો સાથે વાટાઘાટો કરીને વડાપ્રધાન ઓલીને બદલે બીજા કોઈ નેતાને વડાપ્રધાન બનાવવા સંબંધે વાટાઘાટો કરી ત્યારે ઓલીએ વચન આપેલું કે નવેમ્બર મહિનામાં નારાજ-અસંતુષ્ટ મધેશી જૂથોને સંતોષ થાય તે રીતે બંધારણમાં જરૂરી ફેરફારો કરવામાં આવશે. પણ રાજકીય અસ્થિરતા અને સત્તાના આકર્ષણના રાજકારણને લીધે દહલ એ વચનનું પાલન ન કરી શક્યા. પરિણામે વચન અને તેના અમલ વચ્ચે જે અંતર ઊભું થયું. તેને કારણે ૨૦૦૬ પછી જે નેતાઓ અને પક્ષોએ સત્તા ભોગવી તેમની વિશ્વસનીયતાનું જબરદસ્ત ધોવાણ થયું. એક બાજુ ત્રિશંકુ પાર્લામેન્ટ અને અસ્થિર જોડાણ સરકારોને કારણે વડાપ્રધાનની ઓથોરિટીને ઘણું નુકસાન થયું. સત્તા પર ચાલુ રહેવા માટે, સાથી પક્ષો પર આધાર રાખવાને કારણે ભ્રષ્ટાચાર તરફ તેમને આંખ કાડા કાન કરવા પડ્યા. અત્યંત મહત્ત્વના હોદ્દા પરના નેતાઓના ભ્રષ્ટાચારના કૌભાંડ બહાર આવવાની શક્યતાને કારણે સરકાર લકવાગ્રસ્ત થઈ હોય એવું લાગવા માંડ્યું, તેને કારણે રાજકારણીઓની શાખ સાવ તળિયે બેસી જશે એવો ભય ઊભો થયો.

કમિશન ઓફ ઈન્કવાયરી ઈન્ટુ એબ્યુઝ ઓફ ઓથોરિટીના વડા લાકમાન કર્કી તેઓ આ હોદ્દા માટે લાયક છે કે કેમ તેની સામે તપાસ ચાલી રહી છે અને તેને કારણે પાર્લામેન્ટમાં તેમની મહાભિયોગમાં દરખાસ્ત લાવવામાં આવી છે. મળતા હેવાલો અનુસાર એબ્યુઝ ઓફ ઓથોરિટી પાસે ભ્રષ્ટાચારના ઘણા કેસના પુરાવા છે, જેમાં રાજયના વડા, સરકારના ઘણા નેતાઓ વગેરે સામે ગંભીર મુકદ્દમા ચાલી શકે તેમ છે. સંસદમાં જે સૌથી મોટા પક્ષ છે નેપાલી કોંગ્રેસ અને જુદા જુદા પક્ષોના ગઠબંધનના નેતાઓએ હજુ નક્કી કર્યું નથી કે સંસદમાં મહાભિયોગની દરખાસ્ત લાવવી કે કેમ. કર્કી એ કદાપિ પબ્લિક હીરો ન હતા પણ તેમણે જે રાજકીય પક્ષોને લક્ષ્યાંક બનાવ્યા છે તેને કારણે જાહેર લોકમતમાં ભાગલા પડ્યા છે. જો કે કેટલાક જૂથો એવો આગ્રહ કરી રહ્યા છે કે કહવે ભ્રષ્ટાચારીઓની તપાસ પૂરી થઈ ગઈ છે. તેથી તેમની સામે કાર્યવાહી શરૂ કરી દેવી જોઈએ. જાહેર લોકમત ભ્રષ્ટાચાર વિરોધી સંસ્થાની તરફેણમાં પ્રબળ બનતો જોઈને વડાપ્રધાન દહલ (પ્રચંડ) ભ્રષ્ટાચાર વિરોધી સંસ્થાના પાંચ કમિશ્નરોને મળવા બોલાવ્યા, તેમાં જો કોઈ અપવાદ હો તો તેના વડા કર્કી જેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

ભારત તરફનો અણગમો, ખાસ કરીને નેપાળના ઘણા લોકો અને રાજકીય પક્ષો-નેતાઓમાં છે. નેપાળની આંતરિક બાબતોમાં ભારતની દખલગીરીનો વિરોધ કરે છે, છતાં નેપાળનું શાસનકર્તા ગઠબંધન એટલું તો સ્વીકારે છે. કે દક્ષિણમાં આવેલ આપણો પાડોશી (ભારત) નેપાળના આંતરિક રાજકારણમાં ગમે કે ન ગમે એક મહત્ત્વનું પરિબળ છે.

હાલમાં રાજકારણીઓને એવો વિશ્વાસ છે કે અમે આ મુશ્કેલીભરી પરિસ્થિતિમાંથી સહીસલામત બહાર આવી જઈશું.

ગયે અઠવાડિયે ભૂતપૂર્વ રાજા ગજેન્દ્ર શાહે કાઠમંડુમાં મળેલ વર્લ્ડ હિન્દુ સંમેલનમાં જો ભાષણ આપ્યું તે માટે અને તેમને હિન્દુ વર્લ્ડ ઓર્ડરના સમ્રાટ તરીકે તેમનું બહુમાન કર્યું અને તેમણે ત્યાં જે ભાષણ આપ્યું તેને કારણે વડાપ્રધાન ઓલીએ તેમની આકરી ટીકા કરી. નેપાળના લોકો દ્વારા જેમને પદભ્રષ્ટ કરવામાં આવ્યા છે તેઓ હવે સત્તા પર પરત આવવા માટે ધાર્મિક નેતાઓનો સંપર્ક સાધી રહ્યા છે. ગજેન્દ્ર શાહે પણ સામે ઓલીનું નામ દીધા વિના વળતો પ્રહાર કરતાં જણાવ્યું કે છેલ્લા દાયકા દરમ્યાન જે કંઈ થયું અથવા ન થયું, તે માટે રાજકીય નેતાઓ જવાબદાર છે. હું જ્યારે લોકોના પ્રશ્નો ઉઠાવું છું ત્યારે હું ગંભીર છું.

પાકિસ્તાનના જનરલ રાહીલ શરીફ, નિવૃત્તિ બાદ રાજકારણમાં ?

આ મહિનાના અંતે (નવેમ્બર) પાકિસ્તાનના આર્મીના વડા જનરલ રાહીલ શરીફ નિવૃત્ત થનાર છે વચ્ચે એવી અટકળો કરવામાં આવી હતી કે તેમને થોડા સમય માટે ચાલે રાખવામાં આવશે. પણ એ અટકળો સાચી પડે એવું લાગતું નથી. દરમ્યાન પાકિસ્તાનના મોટા શહેરોમાં વીજળીના થાંભલા પર એકાએક પોસ્ટરો લગાવવામાં આવ્યા છે, કોણે લગાવ્યા, તેની પાછળ કોનો હાથ છે, તેની કોઈને ખબર નથી. તેમાં એવું જણાવવામાં આવ્યું છે કે તેમણે ૨૦૧૮માં થનાર ચૂંટણીમાં ઊભા રહેવું જોઈએ. જનરલ રાહીલ શરીફ ૬૦ વર્ષના છે.

સરકારી અધિકારીઓ નિવૃત્ત થયાના બે વર્ષની અંદર રાજકારણમાં પ્રવેશી શકે નહીં. પોસ્ટરોમાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે જે બે વર્ષના સમયગાળાને ઘટાડીને એક વર્ષનો કરવો જોઈએ, ખાસ કરીને જનરલ રાહીલ શરીફના સંદર્ભમાં. એવો પણ અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યો છે કે જો જનરલ રાહીલ શરીફ ચૂંટણીમાં ઊભા રહેશે તો લશ્કર અને સરકાર વચ્ચે જે તનાવ છે, તેનો અંત આવશે. આર્મીના વડાની તરફેણમાં પહેલી જ વાર પોસ્ટરો લગાવવામાં આવ્યા છે એવું નથી. અગાઉ પણ એવા પોસ્ટરો લગાડવામાં આવેલા કે જનરલ રાહીલ શરીફે હોદ્દા પર ચાલુ રહેવું જોઈએ અને સરકારે તેમને હોદ્દા પર ચાલુ રહેવાની મુદ્દતમાં વધારો કરવો જોઈએ.

જુલાઈ મહિનામાં પાકિસ્તાનના મોટા શહેરો જેમ કે ઈસ્લામાબાદ, લાહોર, કરાચી અને એવા બીજા શહેરોમાં એવા પોસ્ટરો લાગેલા કે જનરલ રાહીલ શરીફે નિવૃત્ત થવાને બદલે પાકિસ્તાનમાં માર્શલ લો લાદવો જોઈએ !

લશ્કર તરફથી આ બેનરો વિશે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. જાન્યુઆરી મહિનામાં જનરલ રાહીલ શરીફે એવું જાહેર કરેલું કે આ વર્ષમાં જ જ્યારે તેમને મુદ્દત પૂરી થશે ત્યારે તેઓ નિવૃત્ત થશે, એના કારણે તેમના હોદ્દાની મુદ્દતમાં વધારો કરવામાં આવશે એવી અટકળોનો અંત આવેલો.

જનરલ રાહીલ શરીફના શાસનકાળમાં લશ્કરને એવી સત્તા આપવામાં આવેલી કે જે લોકો આતંકવાદીઓ સાથે સંકળાયેલા હોય તેમની સામે ગુપ્ત લશ્કરી અદાલતોમાં કામ ચલાવવામાં આવે. ખરેખર આ કામ તો ન્યાયતંત્રનું છે. છતાં તેમણે એ વિશેનો કાનૂન પસાર કરવાની સરકારને ફરજ પાડેલ. તેમની દલીલ હતી કે ન્યાયતંત્રમાં આ કેસો વર્ષો સુધી લંબાય છે. તેથી ખાસ લશ્કરી અદાલતોમાં તેમની સામે કેસ ચલાવવામાં આવે.

અફઘાન-તાલિબાનોને અફઘાનિસ્તાન સરકાર સાથે શાંતિ વાટાઘાટો માટે તૈયાર કરવા માટે તેમણે ખાસ પ્રયાસ કરેલો, પણ કમનસીબે તે નિષ્ફળ ગયેલો. તેમણે તાજેતરમાં જણાવ્યું છે કે નિવૃત્ત થયા પછી તેઓ પૂરેપૂરી શક્તિથી તે પ્રયાસોને આગળ ધપાવશે.

ન્યુઝ ચેનલ NDTV ઈન્ડિયા પર એક દિવસ માટે પ્રતિબંધની ચારેતરફ ટીકા

ચર્ચાની એરણે

– રવીશકુમાર

આ વરસે ૨ જાન્યુઆરીના થયેલ પઠાનકોટ આતંકી હુમલા દરમિયાન સંવેદનશીલ કંટેટના પ્રસારણના આરોપમાં કેન્દ્ર સરકારના અધીન સૂચના અને પ્રસારણ મંત્રાલયના એનડીટીવી ઈન્ડિયા પર ૯ નવેમ્બરે એક દિવસ માટે પ્રતિબંધ લગાવવાનો આદેશ જારી કરી દીધો. સરકારના આ પગલા પર સખત પ્રતિક્રિયા આવી. આખા મીડિયા જગતે લગભગ એક અવાજમાં આ પ્રતિબંધને અયોગ્ય માનતા સરકારના આ પગલાની ટીકા કરી. સૌથી મોટી તકલીફ આ વાતને લઈને રહી કે જ્યારે ટીવી કે પ્રિન્ટમાં કંટેટનું ધ્યાન રાખવા અને એમાં ભૂલો ધ્યાને આવતા યોગ્ય કાર્યવાહી માટે સ્વતંત્ર સિસ્ટમ બનાવવામાં આવી છે તો પછી સરકારે આમાં કેમ દખલ આપી. એનડીટીવીનો તર્ક છે કે જ્યારે તે જ કંટેટ લગભગ બધી ચેનલોએ એક સમાન રૂપે બતાવી તો માત્ર તેના પર જ કાર્યવાહી કેમ ? વિવાદ વધી જ રહ્યો હતો કે શનિવારે આસામના એક અન્ય ન્યુઝ ચેનલને એક દિવસ માટે બંધ કરવાનો આદેશ આપ્યો. સરકારના આ નિર્ણય વિરુદ્ધ તમામ વિપક્ષી દળોએ એકજૂથ થઈને સરકાર પર હુમલા કર્યો. વિપક્ષી નેતાઓએ આરોપ લગાવ્યો કે આ મીડિયા પર અંકેશ લગાવવાની સાજિશ છે. તે જ સરકારની આ મામલામાં પોતાના વિચાર પર સમીક્ષા કરવાના આગ્રહને માનવાથી ના પાડી દીધી, એડિટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયા અને ન્યુઝ બ્રોડકાસ્ટ એસોસિએશને સરકારના આ નિર્ણયની ટીકા કરતા પ્રતિબંધ પાછો લેવાનો અનુરોધ કર્યો હતો. હમણા એનડીટીવી ઈન્ડિયાએ આ નિર્ણયની વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં જવાનો નિર્ણય લીધો છે.

આ પ્રકારની વાત થઈ રહી છે કે સવાલ પૂછવો નવી સંસ્કૃતિ થઈ ગઈ છે. આથોરિટીથી સવાલ નથી કરી શકતા. આવા મામલામાં રાજનીતિ નથી કરી શકતા. પછી રાજનીતિથી પ્રેરિત લાગે છે. બધી વાતો જનતાની વિરુદ્ધ વધારે. આમ જનતા જે પોતાના પ્રિય રાજનીતિક દળને વોટ આપે છે તે જવાબદારીના દાયરામાં રહે. એ તેને કેવી રીતે ખબર પડશે ? જ્યારે તે પત્રકારોને નેતાઓથી સવાલ પૂછતા જુએ છે તો તેને લાગે છે કે નેતા કે મંત્રી જવાબદારીનું પાલન કરી રહ્યા છે. જનતાને જ્યારે સંતોષજનક જવાબ મળે છે. તો તેઓ તે સમયની સરકાર પ્રતિ વધારે આશાવાદ થાય છે. તેને લાગે છે કે તેના તરફથી બીજાએ પણ સવાલ સરકારથી પૂછવામાં આવ્યા છે. જવાબ ભલે બધા સવાલોના ના મળે પરંતુ આમ જનતા આ વાતથી રાહત અનુભવે છે કે સવાલ તો પૂછવામાં આવ્યા.

સવાલ કરનાર જવાબ આપનારથી વધારે મોટો દેશભક્ત હોય છે. કેમ કે સવાલ પૂછનાર નિહત્થો હોય છે. તેની પાસે રાજ્યની શક્તિનું સંરક્ષણ નથી હોતું. તે પોતાનું સર્વસ્વ દાવ પર લગાવીને સવાલ પૂછે છે. એટલે કોઈ પણ કાર્યકર્તા ઈચ્છે છે કે તેના નેતાનું ઈન્ટરવ્યુ કો તેજચબરાક પત્રકાર લે. જેમાં મુશ્કેલ સવાલ પૂછવામાં અવો. જ્યારે નેતા આવા પત્રકારોના સવાલોનો સામનો કરે છે તો તેમના કાર્યકર્તા ગર્વથી ભરાઈ જાય છે. પરંતુ હવે ઈન્ટરવ્યુ ચલન ઈન્ટરવ્યુ જેવું નથી રહ્યું. સવાલ એવા પૂછવામાં આવે છે કે 'બાગો મેં બહાર હૈ ?' આનાથી લાભ કેટલાક પત્રકારોને તો થઈ રહ્યો છે પરંતુ લાખો જનતાને નુકસાન થઈ રહ્યું. છે. જનતા જોશે કે ક્યો પત્રકાર નેતાના સમર્થનમાં ઊભો હતો અને ક્યો પત્રકાર સવાલ પૂછતા જનતાના સમર્થનમાં ઊભો હતો. સવાલોથી તેમને જ ચીડ હોય છે. જેમની પાસે જવાબ નથી હોતા. આજકાલ કેમ બે-ચાર પત્રકારો વિરુદ્ધ સોશ્યલ મીડિયા પર પ્રાયોજિત અભિયાન ચલાવવામાં આવે છે તેઓને દેશદ્રોહી કહેવાની સાથે ગાળો સુદ્ધા આપવામાં આવે છે. આ જનતામાં પત્રકારને બદનામ કરવા માટે નથી ફેલાવવામાં આવતું બલ્કે જનતાને બતાવવા માટે કે જુઓ જ્યારે અમે આમના આવા હાલ કરી શકીએ છીએ તો તમારું પણ કરી દઈશું. એટલે નોકરી, સારું અને સસ્તુ શિક્ષણ સારી હોસ્પિટલ, પેન્શનના સવાલ ના ઉઠાવો. આ બધું સરકાર વિરોધી માનવામાં આવશે ? શું કોઈ પણ જનતા આ વાતોનુંસમર્થન કરશે ? સિપાઈ બે જ છે. એક જીવ આપનાર અને બીજો લખનાર. એટલે એકને વતનનો સિપાહઈ કહે છે અને બીજાને કલમનો સિપાહી કહે છે. નેતા, મંત્રી, મુખ્યમંત્રી અને વડાપ્રધાનને સેવક કહે છે. નહેરૂએ ખુદને પ્રધાન સેવક કહ્યા હતા. પ્રધાનમંત્રી મોદીએ પણ કહ્યું હતું પ્રધાન સેવક છું. તેમણે ખુદને પ્રધાન સિપાહઈ નહોતું કહ્યું, એટલે પત્રકાર સવાલ પૂછીને સીમા પર નૈનાત જવાનને સંદેશ આપે છે કે અંદર તેમનું લોકતંત્ર જીવિત છે, જેને બચાવવા માટે તે સરહદ પર જીવ આપવા જઈ રહ્યો છે. શહાદત સર્વોત્તમ બલિદાન છે. આપણે બધાએ સન્માન કરવું જોઈએ. આપણી ચેનલો સેનાને લઈને બહુ ગૌરવાન્વિત રહેલ છે, આપણે સેનાને લઈને ઘણા ગૌરવમયી કાર્યક્રમ બનાવ્યા છે. આપણા કાર્યક્રમ જય જવાન પૂરા વિશ્વના ટેલિવિઝન ઈતિહાસનો પહેલો અને અનોખો કાર્યક્રમ છે. હોળી, દિવાળી પર જવાનોની ચિંતા આપણે પહેલા કરી. આપણે આવા મોકા પર જય જવાન બનાવી જેથી તહેવારના સમયે તેમને આપણો સમાજ યાદ કરી શકે. તેમનાથી જોડાઈ શકે આમિરખાનથી લઈને દીપિકા પાદુકોણ સુધી ઘણા ફિલ્મ કલાકાર જય જવાનમાં સામેલ થઈ ચૂક્યા છે.

સવાલોથી તેમને જ ચીડ હોય છે જેમની પાસે જવાબ નથી હોતા. આજકાલ કેમ બે-ચાર પત્રકારો વિરુદ્ધ સોશ્યલ મીડિયા પર પ્રાયોજિત અભિયાન ચલાવવામાં આવે છે. તેઓને દેશદ્રોહી કહેવાની સાથે ગાળો સુદ્ધાં આપવામાં આવે છે. આ જનતામાં પત્રકારને બદનામ કરવા માટે નથી ફેલાવવામાં આવતું બલ્કે જનતાને બતાવવા માટે કે જુઓ જ્યારે અમે આમના આવા હાલ કરી શકીએ છીએ તો તમારા પણ કરી દઈશું. એટલે નોકરી, સારું અને સસ્તું શિક્ષણ સારી હોસ્પિટલ, પેન્શનના સવાલ ના ઊઠાવો. આ બધું સરકાર વિરોધી માનવામાં આવશે ? શું કોઈ પણ જનતા આ વાતોનું સમર્થન કરશે ?

આજકાલ પ્રતિબંધની વાત કરવા પર કહેવાય રહ્યું છે કે પહેલાના પ્રતિબંધ પર કેમ ના બોલ્યા. જાણી જોઈને સવાલોને શકાશીલ બનાવવામાં આવી રહ્યા છે. કેરી પર સવાલ કરો તો કહેશે કે આમલી પર સવાલો કેમ ના કર્યા. સરકારને જ્યારે આપણે સવાલ કરીએ છીએ તો સરકાર સમર્થક પૂછનારાથી સવાલ કરવા લાગે છે જનતા માટે પૂછવામાં આવેલ સવાલોથી કોઈ બીજાને શું તકલીફ છે ? જે પ્રકારે લોકોએ એકજૂથ થઈને અમારા પક્ષમાં અવાજ ઉઠાવ્યો તેનાથી અમારો વિશ્વાસ વધુ મજબૂત થયો. મને લાગે છે કે લોકો અમારી સાથે અમારા માટે પણ આવે છે તે આ જાણે છે કે જો પત્રકારોને સરકારોએ ડરાવી દીધા તો જનતાનો અવાજ દબાઈ જશે. આમ લોકો ખુદને લોકતંત્રના ગાર્જિયન રૂપે રાખે છે તે એના રક્ષક છે. આજ બ્યુટી છે. આ જ વિશ્વાસ છે. જેના ભરોસે આપણે લડી રહ્યા છે.

(સૌ. : ન.ભા.ટા.)

એક જેવી છે ખુશી અને પડછાયો

ચિંતન

– સંજય સિંહાની (ફેસબુક વોલથી)

મારી એક પરિચિતે મને કાલે મોડી રાતે ફોન કર્યો અને બતાવ્યું કે તેના જીવનમાં ખુશી નથી.

તે બોલી રહી હતી હું સાંભળી રહ્યો હતો. 'સંજય જી, તમે આટલી સ્ટોરીઓ દરરોજ સંભળાવો છો એક વાર્તા મને પણ સંભળાવી દો. મારું દુઃખ ઓછું થઈ જાય અને કંઈ નહીં તો માતાની સંભળાવેલી કોઈ જૂની વાર્તા જ સંભળાવી દો. જેથી હું ઊંઘી શકું. હું ઘણીવારથી પથારી પર ઊંઘની રાહ જોઉં છું. મનમાં ઢગલાબંધ ઉંધાસીધા વિચાર આવી રહ્યા છે. કંઈ વાંચવાની કોશિશ પણ કરી પણ વાંચી ના શકી. ગીત ગાઈને સૂવાની કોશિશ કરી તો તેનાથી પણ રાહત ના મળી. બસ કંઈ એવું લાગી રહ્યું છે કે મારા જીવનમાં હવે ખુશી નથી, ખુશી મારાથી દૂર ચાલી ગઈ છે. હું જેટલી વાર તેને પકડવા માગુ છું તે મારાથી દૂર થતી જાય છે. મને ખબર છે કે આટલી રાતે માટે તમને ફોન કરવો જોઈએ નહીં. પરંતુ બહુ મજબૂર થઈને જ તમને ફોન કરી રહી છું કે તમે મારી સમસ્યાનો કોઈ ઉકેલ મને બતાવો.'

મેં તેનાથી પૂછ્યું કે શું ઘરમાં કોઈ તકલીફ છે ? શું પરિવારમાં કોઈ પરેશાન કરે છે ? શું પતિ ક્યાંય અહીં તહીં ? કંઈ પૈસાની તંગી ? કોઈની તબિયત ખરાબ ?

તેણે કહ્યું 'ના એવી કોઈ વાત નથી. બસ આમ જ જીવ ઉચાટ જેવો થઈ ગયો છે. લાગે છે કે મેં જીવનમાં કંઈ કર્યું જ નથી. બસ આડંબર જેવું લાગે છે. લાગે છે કે કંઈક છે જે નથી મળ્યું. શું નથી મળ્યું, ખબર નથી. પરંતુ દિલ નથી લાગતું. આખો દિવસ કામ કરું છું. એ પણ આખો દિવસ ઓફિસમાં રહે છે. બાળકો ખુદમાં વ્યસ્ત છે. બધાના રહેતા કેટલાય દિવસોથી હું સ્વયંને એકલી મહેસૂસ કરવા લાગી છું.' સમસ્યા અજીબ હતી.

એક મહિલા પરિચિત, જેનાથી મારો બહુ સંપર્ક નહોતો, ફોન પર જ ત્રણ-ચાર વાત થઈ હોય તેની સમસ્યાનું હું શું સમાધાન આપું. આમ પણ શું સંજયસિંહાએ કાઉન્સિલિંગનું કામ શરૂ કરી દીધું છે ? શું હું ભવિષ્યમાં કથા વાચક બાબા બનવા જઈ રહ્યો છું ?

મને અચાનક માની સંભળાવેલી તે વાર્તા યાદ આવી ગઈ. એક નાનકડું બાળક ઘૂંટણના બળે ચાલતા પોતાના પડછાયાને પકડવાની કોશિશમાં પોતાના ઘૂંટણ છોલાવી બેઠું હતું.

બાળક ઘૂંટણના બળે આંગણમાં ચાલી રહ્યું હતું. સામે તેને પોતાનો પડછાયો દેખાઈ રહ્યો હતો. તે વારંવાર તેને પકડવાની કોશિશ કરતું. તે પડછાયાને પકડવા આગળ વધતું, પડછાયો આગળ વધી જતો. બાળક પરેશાન હતું પરંતુ પડછાયો પકડમાં આવતો નહોતી. આ કોશિશમાં તેના ઘૂંટણ છોલાઈ ગયા. બાળક પીડાથી રડવા લાગ્યું. માએ જોયું, તેણે તેને ખોળામાં ઉઠાવી લીધું. પરંતુ બાળક દર્દમાં પણ આમળાઈ રહ્યું હતું કે તેને જમીન પર ઉતારો, તે પોતાનો પડછાયો પકડશે. માએ જોયું કે બાળક પડછાયાની પાછળ ભાગી રહ્યું છે પણ પડછાયો પકડમાં નથી આવી રહ્યો.

પૂરું ઘર પરેશાન પરંતુ બાળક માનવા જ તૈયાર નથી. તે રોવા લાગ્યું. રડતા-રતા તેની તબિયત ખરાબ થઈ ગઈ. આખરે મા તેને ગામમાં રહેનારી એક બાબાની પાસે લઈ ગઈ. 'બાબા મારું બાળક બહુ પરેશાન છે. તેણે જીદ પકડી લીધી છે, તેને પોતાનો પડછાયો પકડવો છે. રડતા-રડતા તેને તાવ ચઢી ગયો છે. તમે કંઈ કરો. તેને સમજાવો કે કોઈ પોતાના પડછાયાને પકડી શકતું નથી.

બાબાએ કહ્યું કે તમે પરેશાન ના થાવ, બહેન હું કાલે તમારા દીકરાને જોવા આવીશ. કાલે હું તેને તેનો પડછાયો પકડાવી દઈશ.

મહિલા ખુશ થઈને ઘરે પાછી ફરી ગઈ. આટલા મહાન બાબા છે, જરૂર કંઈ ના કંઈ હલ હશે જ તેમની પાસે. બાબા આગલા દિવસે મહિલાના ઘરે આવ્યા. તેમણે બાળકને આંગણામાં જમીન પર બેસાડી દીધું. બાળક ફરી પોતાના પડછાયો જોયો અને તેની પાછળ ભાગ્યું. બાબાએ બાળકની હથેળી પકડીને તેના માથા પર લગાડી અને પડછાયાની તરફ ઈશારો કરતા કહ્યું 'અરે વાહ! તે તો પડછાયો પકડી લીધો. બાળકે ધ્યાનથી પડછાયાને તરફ જોયું. તેણે જોયું કે પડછાઈના માથાને કોઈએ પકડેલું છે. તેણે પોતાના હાથને હલાવતા પડછાયામાં જોયું તે તેનો પોતાનો હાથ હતો. બાળક ખુશ થઈ ગયું. તે વારંવાર પડછાયામાં પોતાનું માથું જોઈ તેને હાથ લગાડતા કૂદવા લાગતું. તેણે પડછાયો પકડી લીધો હતો.

મેં મારી પરિચિતને આટલી જ કહાની સંભળાવી. મારી પરિચિત ચૂપચાપ વાર્તા સાંભળતી રહી. તે ચૂપ હતી. તે રાહ જોઈ રહી હતી મારી આગલી ટિપ્પણીની.

મેં કહ્યું, 'કોઈ પોતાના પડછાયાને પકડી શકતું નથી. પકડવું સ્વયંને હોય છે. પડછાયામાં તે પકડાયેલ દેખાય છે. પડછાયો બહાર છે. તમે બહાર કોઈ ચીજની તલાશ કરશો તો દુઃખ પ્રાપ્ત થશે. જે છે અંદર પકડવું અંદર હોય છે .આપણે પકડવાની કોશિશ બહાર કરીએ છીએ. તમારે પણ ખુશીને અંદર શોધવાની હોય છે. તમે બહાર શોધી રહ્યા છો.

(સૌ.: ન.ભા.ટા.)

સંસ્કાર સૌરભ

અલ્લાહ તેના ઉપર દયા કરતો નથી જે માનવી ઉપર દયા કરતો નથી. -હદીસ બોધ

બોધ વચન

જે રાષ્ટ્ર મુક્તવાણી આપી શકે નહીં, તેના જેટલું ગરીબ કોઈ રાષ્ટ્ર નથી.-ડેવિડ માઈનીયન

આજની આરસી

૧૮ નવેમ્બર શુક્રવાર ૨૦૧૬
૧૭ સફર હિજરી ૧૪૩૮
કારતક વદ પાંચમ સંવત ૨૦૭૩

સુબ્હ સાદિક	૫-૩૭
ખત્મે ઝવાલ	૧૨-૨૫
તુલૂએઆફતાબ (સૂર્યોદય)	૬-૫૫
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત)	૫-૫૪

ગુસ્તાખિયાં

પત્ની : હું તેમને જે કાંઈપણ કહું છું તમે એને એક કાનથી સાંભળીને બીજા કાનથી કાઢી નાખો છો.

પતિ : અને હું તેમને જે કાંઈપણ કહું છું તો તમે બન્ને કાનથી સાંભળીને મોઢાથી કાઢી દો છો.

અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
-વ્યવસ્થાપક

ડેડિયાપાડામાં જંગી જાહેર સભામાં ભાજપની પોલ ખોલશે

અહમદ પટેલ આદિવાસીઓને પોતાના અધિકારો અંગે માહિતગાર કરશે

કોંગ્રેસની આદિવાસી અધિકાર યાત્રાને સફળ બનાવવા નર્મદા-ભરૂચ જિલ્લા કોંગી પ્રતિનિધિમંડળની બેઠક યોજાઈ

(સંવાદદાતા દ્વારા)
રાજપીપળા, તા.૧૭

ગુજરાતમાં આવનારી પંચાયતોની ચૂંટણીની સાથે-સાથે ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીને લઈને રાજકીય પક્ષોએ કમર કસી છે. ખાસ કરીને આદિવાસી પટ્ટી પર પોતાની વોટ બેન્ક મજબૂત બનાવવા માટે ભાજપાએ તો પોતાનું માઈક્રો પ્લાનિંગ ચાલુ પણ કરી દીધું છે. પરંતુ આ વખતની ચૂંટણીમાં કોંગ્રેસે પણ જીત મેળવવા લક્ષ્ય સાધી આગામી દિવસોમાં અંબાજીથી ઉમરગામ સુધીના ગુજરાતના આદિવાસી પટ્ટામાં આગામી દિવસોમાં આદિવાસી અધિકાર યાત્રાનું આયોજન કર્યું છે. આ યાત્રામાં ભાજપ સરકારે આદિવાસીઓના હક્કો પર મારેલી તરાપને કેન્દ્ર સ્થાને રાખીને કોંગી નેતાઓ આદિવાસીઓના ગામે ગામ ખૂંદી વળી આદિવાસીઓને સાચી હકીકત સમજાવશે.

કોંગ્રેસની આદિવાસી અધિકાર યાત્રા નવેમ્બર માસના અંતમાં કે ડિસેમ્બર માસના પ્રારંભમાં નર્મદા જિલ્લાના ડેડીયાપાડામાં આવી પહોંચશે. જ્યાં ડેડીયાપાડાના પીઠા ગ્રાઉન્ડમાં કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અહમદ પટેલ, આદિવાસીઓના મૂળભૂત હક્કો બાબતે જવાની પોલ ખોલી આદિવાસીઓને પોતાના અધિકારો અંગે જંગી જાહેરસભામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી, ગુ.વિધાનસભા વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા સહિતના નેતાઓની હાજરીમાં માહિતગાર કરવાના હોવાથી આ કાર્યક્રમની રૂપરેખા ઘડી કાઢવા ગત તા.૧૫/૧૧/૧૬ના રોજ ડેડીયાપાડામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મંત્રી ઈકબાલ પટેલ, ડેડીયાપાડા માજી ધારાસભ્ય અમરસિંહ વસાવા, નર્મદા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ, પ્રફુલ્લ પટેલ, માઈનોરિટી કોંગ્રેસ પ્રમુખ ઈમ્તિયાઝ અલી કાદરી, ભરૂચ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ રાણા, પ્રવક્તા નાઝુ ફડવાલા, નાંદોદના માજી ધારાસભ્ય પી.ડી.વસાવા, શકુર પઠાણ, નર્મદા જિ.પં.ની બાંધકામ સમિતિ ચેરમેન દિનેશ તડવી સહિતનાઓની હાજરીમાં એક બેઠક મળી હતી. જેમાં આ યાત્રા સહિત જાહેરસભાની સફળતા માટે માઈક્રો પ્લાનિંગ ઘડી કઢાયું હતું.

કોહલી, પૂજારાની શાનદાર સદી ભારતની મજબૂત શરૂઆત

વિશાખાપટ્ટનમ, તા.૧૭

વિરાટ કોહલી (અણનમ ૧૫૧) અને પૂજારા (૧૧૯)ની શાનદાર સદીની મદદથી અત્રે આજથી શરૂ થયેલી બીજી ટેસ્ટમાં ભારતે મજબૂત શરૂઆત કરી છે. પ્રથમ દિવસના અંતે ભારતનો સ્કોર ચાર વિકેટે ૩૧૭ રન હતો. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનાર ભારતની શરૂઆત ખરાબ રહી હતી. ૨૨ રનમાં બે વિકેટ ગુમાવ્યા બાદ કોહલી અને પૂજારાએ ત્રીજી વિકેટ માટે ૨૨૬ રનની મહત્ત્વપૂર્ણ ભાગીદારી કરી ટીમનો રકાસ અટકાવી મજબૂત સ્થિતિમાં પહોંચાડી. પૂજારાએ ૨૦૪ બોલની પોતાની ઈનિંગમાં ૧૨ ચોગ્ગા અને બે સિકસર ફટકારી જ્યારે કોહલીની ૨૪૧ બોલની ઈનિંગમાં ૧૫ ચોગ્ગા સામેલ છે. ગંભીરના સ્થાને ટીમમાં સામેલ થનાર રાહુલ ખાતું પણ ખોલી શક્યો નહીં. વિજય (૨૦) અને રહાણે (૨૩) લાંબી ઈનિંગ રમવામાં નિષ્ફળ ગયા. ઈંગ્લેન્ડ માટે એન્ડરસને ત્રણ વિકેટ ઝડપી

સ્કોર બોર્ડ
ભારત પ્રથમ ઈનિંગ

વિજય કો. સ્ટોક્સ બો. એન્ડરસન	૨૦
રાહુલ કો. સ્ટોક્સ બો. બ્રોડ	૦
પૂજારા કો. બેરસ્ટો બો. એન્ડરસન	૧૧૯
કોહલી અણનમ	૧૫૧
રહાણે કો. બેરસ્ટો બો. એન્ડરસન	૨૩
અશ્વિન અણનમ	૧
વધારાના	૩
(૪ વિકેટ ૯૦ ઓવર)	૩૧૭

વિકેટ પતન : ૧/૬, ૨/૨૨, ૩/૨૪૮, ૪/૩૧૬

બોલિંગ :

એન્ડરસન	૧૬-૩-૪૪-૩
બ્રોડ	૧૨-૨-૩૯-૧
સ્ટોક્સ	૧૩-૩-૫૨-૦
અન્સારી	૧૨-૧-૪૫-૦
રશીદ	૨૬-૧-૮૫-૦
મોઈન	૧૧-૦-૫૦-૦

નડિયાદ પાલિકાને નોટબંધીનો ફાયદો ૨.૨૯ કરોડનો ટેક્ષ વસૂલ

નડિયાદ,તા.૧૭

નરેન્દ્રમોદી સરકારે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટો બંધ કરતા ખેડા જિલ્લાની પ્રજા મુશ્કેલીમાં છે. જો કે બીજી તરફ નડિયાદ નગર પાલિકાને આ નોટ બંધીથી જબરજસ્ત ફાયદો જોવા મળી રહ્યો છે. રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટો ટેક્ષમાં સ્વીકારવાનું જાહેરાતથી સાત દિવસમાં નડિયાદ નગર પાલિકામાં રૂપિયા ૨.૨૯ કરોડ લોકો ભરી ગયા છે. હજી પણ પ્રજાનો ઘસારો યથાવત જોવા મળે છે. નડિયાદ પાલિકાને ઓ નોટ બંધીના નિર્ણયને ખૂબજ ફાયદો દેખાયો છે. નડિયાદની પ્રજાના બાકી ટેક્સની રકમનો આંકડો ખૂબજ મોટો હતો.પાલિકાએ ટેક્ષ પણ રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની જૂની નોટો સ્વીકારવાનો જાહેર કરતા ટેક્ષ ભરવા માટે નડિયાદની પ્રજાએ પાલિકામાં લાઈન લગાવી લીધી છે.

શરિયતના કાયદામાં કેન્દ્રની દખલગીરીના વિરોધમાં

પાલેજમાં મુસ્લિમોની નીકળેલી વિશાળ રેલી મુસ્લિમ પર્સનલ લોમાં છેડછાડ સાંખી નહીં લઈએ

પાલેજ,તા.૧૭

ભારતના બંધારણ વિરૂદ્ધ જઈ મુસ્લિમ પર્સનલ લો બોર્ડમા ફેરફાર કરી સમાન સિવિલ કોડનો કાયદો લાવવાની સરકારની નીતિ વિરૂદ્ધ પાલેજ ખાતે પ્રચંડ વિરોધ રેલી નીકળી હતી.

હજારોની સંખ્યામાં મુસ્લિમ મહિલાઓએ રેલીમાં જોડાઈ વિરોધ નોંધાવી સરકારને લપડાક આપી હતી.

આજે ૨:૩૦ કલાકે પાલેજ ખાતે મુસ્લિમ પર્સનલ લોના સમર્થનમાં યોજાયેલી રેલીમાં હજારો મુસ્લિમ મહિલાઓ તેમજ પુરૂષો જોડાયા હતા. કુર્આની કાનૂન કોઈ બદલી શકે નહીં, શરિયતનો ફેંસલો આખરી ફેંસલો, શરિયત બચાવો જેવા બેનરો સાથે અભૂતપૂર્વ જનમેદની જોવા મળી હતી. કેન્દ્ર સરકાર દ્વારા સમાન સિવિલ કોડની આડમાં મુસ્લિમ પર્સનલ લો સાથે કરવામાં આવતી છેડછાડ મુસ્લિમ મહિલાઓ સાંખી લેશે નહીં. હજારોની સંખ્યામાં વિરોધ નોંધાવવા આવેલી મુસ્લિમ મહિલાઓ દ્વારા એકીશુરે શરિયતે અમોને દરેક હક આપેલા છે. તેમજ અમે કુર્આન-હદીષના મુજબનું જીવન જીવવાનું દિલથી સ્વીકાર્યું છે. અમો અમારી

હાથમા બેનરો લઈ મુસ્લિમ મહિલાઓ શરિયત બચાવો રેલીમાં મોટી સંખ્યામાં જોડાઈ હતી.
(તસવીર : ઈમરાન મોદી, પાલેજ)

શરિયતમા કોઈ પણ વ્યક્તિ કે સરકારની દખલગીરી સ્વીકારવા તૈયાર નથી એમ જણાવ્યું હતું.

હજારો મહિલાઓ તરફથી આવેદનપત્ર આપનાર સમાબાનુ અહમદખાન પઠાણે જણાવ્યું હતું કે, અમો શરિયતના કાયદાઓ તેમજ ત્રણ તલાકના મસલાને સ્વીકારીએ છીએ તેમજ મુસ્લિમ ધર્મમા મહિલાઓને સમ્માન, ઈજ્જત જન્મથી જ મળે છે. સરકાર પોતાની બદનિયત મુસ્લિમ મહિલાઓના અધિકારના નામે કોઈ દિવસ અમારી ઉપર લાગુ કરી શકે નહીં. આવા કાળા કાનૂનને મુસ્લિમ મહિલાઓ ક્યારેય નહીં સ્વીકારે. પોતાની પત્નીને તરછોડનાર વડાપ્રધાન મહિલાના અધિકારની વાત કરે એ સારૂં લાગતું નથી. તેમજ મહિલાઓને જે હક આપ્યા છે અને જે સમ્માન આપ્યું છે તે દુનિયાના કોઈ ધર્મમાં નથી એમ વધુમાં જણાવ્યું હતું.

પાલેજ ઝંડા ચોકથી શરૂ થયેલી શરિયત બચાવો રેલી પાલેજ મુખ્ય બજાર થઈ પાલેજ પોલીસ સ્ટેશન પહોંચી હતી. પાલેજ નગરની તમામ મહિલાઓ ઉપરાંત આસપાસના ગામડાઓમાંથી મહિલાઓ મોટી સંખ્યામાં ભાડા ખર્ચી પહોંચતા એક અભૂતપૂર્વ રેલીમાં મહિલાઓનો આક્રોશ જોવા મળ્યો હતો.

વળી શરિયત બચાવાની આજની રેલી પાલેજ માટે મહત્ત્વપૂર્ણ એટલા માટે પણ છે કે, કોઈ ફિરકાપરસ્તી રેલીમાં જોવા મળી ન હતી. મુસ્લિમ પુરૂષો બાળકો તેમજ સમગ્ર મુસ્લિમ સમાજના ધાર્મિક આગેવાનો એક પ્લેટફોર્મ ઉપર હાથમા હાથ નાંખી રેલીમાં ચાલતા જોવાનો લ્હાવો કંઈક અલગ જ હતો. પાલેજ પી.આઈ. પટેલને આવેદનપત્ર આપી શૌકતખાન ઈબ્રાહીમખાન પઠાણે લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો. રેલીને સફળ બનાવવામાં સૈયદ ઐયુબમિયા, શૌકતખા પઠાણ, મુસ્તુફાભાઈ લાંગીયા, ઉસ્માન સિંધી, ઈકબાલ પટેલ, હાજી અતાઉલ્લા, ફારૂક લાંગીયા, પઠાણ જફરૂખાનનો ફાળો મહત્વનો રહ્યો હતો.

૨૦૨૪ ઓલિમ્પિકમાં ૫૦ ચંદ્રક જીતવાનું લક્ષ્યાંક : સરકાર

નવી દિલ્હી, તા.૧૭

સરકારે જણાવ્યું કે નીતિ પંચે ભવિષ્યમાં ૨૦૨૪માં ઓલિમ્પિક રમતોમાં ૫૦ ચંદ્રક જીતવાનું લક્ષ્યાંક નિર્ધારીત કર્યું છે. લોકસભામાં રનિલાલ કટારીયાના પ્રશ્નના લેખિત જવાબમાં ખેલમંત્રી વિજય ગોયલે કહ્યું કે નીતિપંચે 'આઓ ખેલે' નામના પુસ્તકનું પ્રકાશન કર્યું છે. જેમાં ભવિષ્યના ૨૦૨૪ની ઓલિમ્પિક ગેમ્સમાં ૫૦ ચંદ્રક જીતવાનું લક્ષ્યાંક નક્કી કરાયું છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય ખેલ વિકાસ ખરડાના ફોર્મેટ પર હાલ વિભિન્ન હિતધારકો સાથે પરામર્શ કરવામાં આવી રહ્યો છે. સરકાર આને શરૂ કરવા માટે આવશ્યક પગલા ભરી રહી છે.

ન્યુઝીલેન્ડ-પાક. ટેસ્ટ પ્રથમ દિવસની રમત ધોવાઈ

ક્રાઈટચર્ચ, તા.૧૭

ન્યુઝીલેન્ડ અને પાકિસ્તાન વચ્ચે પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચના પ્રથમ દિવસની રમત વરસાદના કારણે ધોવાઈ ગઈ. ટી લંચ બાદ રમતને રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો કારણ કે વરસાદ રોકાઈ રહ્યો ન હતો. શુક્રવારની રમત નિર્ધારીત સમય કરતાં અડધો કલાક વહેલી શરૂ થશે.

ખંભાતમાં બંધ મકાનમાંથી રૂા.૧ લાખની મત્તા ચોરાઈ

આણંદ, તા.૧૬

ખંભાત શહેરના નાયબ મહોલ્લા વિસ્તારમાં અબનમીયાના ચકલામાં રહેતાં મહંમદ ફારૂક હુસેન મીયા શેખના બંધ મકાનમાં તસ્કરોએ રાત્રીના સુમારે દરવાજાનાં સ્ટોપરના નકુચા તોડી ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી ૮૭ હજાર રૂા. રોકડા સોનાના દાગીના કિં.રૂા.૨૦ હજાર અને સાઉદી રીયાલ મળી આશરે ૧,૦૭,૦૦૦ મત્તાની ચોરી કરી ફરાર થઈ જતાં જે બનાવ અંગે મહંમદફારૂક મીયા હુસેનમીયા શેખે ખંભાત સીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માંગરોળ ખાતે કોંગ્રેસ આયોજિત મહાસંમેલનમાં લોકોનું ઘોડાપૂર ઉમટી પડયું

સરકાર સર્જિકલ સ્ટ્રાઈક કાળાંનાણાંવાળાને બદલે દેશની જનતા પર કરી રહી છે : અર્જુન મોઢવાડિયા

માંગરોળમાં હરિયાળીને પાયમાલ કરવા ખાણ માફિયાઓ ઉતર્યા છે : યુસુફ પટેલ

દેશની સેવા કરવામાં પત્નીને છોડવી પડે તેવું કોણે કહ્યું : શક્તિસિંહ ગોહિલ

(તસવીર : યુસુફ ચુડલી, માંગરોળ)

ખેડૂતો ચોર અને દુશ્મન હોય તેવું માનીને ભાજપ સરકાર વ્યવહાર કરે છે : શંકરસિંહ વાઘેલા

લાંબી લાઈનોમાં તાતા, અદાણી કે અંબાણી ક્યાં છે : કદીર પીરઝાદા

માંગરોળ, તા.૧૭

જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે કોંગ્રેસના ખેડૂત મહાસંમેલનમાં લોકોનું ઘોડાપૂર ઉમટી પડયું હતું. આ ખેડૂત સંમેલનમાં ખેડૂતોના લગતા પ્રશ્નો, ટેકાના ભાવ, વીજળીના બિલ ઉપરાંત માંગરોળમાં વર્ષોથી લોલીપોપ અપાતી બંદરની જેટી અને માંગરોળ હરિયાળી જમીન પર ખાણ માફિયાઓનો પગપેસારો મુખ્ય મુદ્દા રહ્યા હતા. આ ઉપરાંત કાળા નાણાં અંગેની સર્જિકલ સ્ટ્રાઈકની ચર્ચાને પણ કેન્દ્ર સ્થાને રાખી તમામ વકતાઓએ ભાજપ અને મોદી સરકારને નૌટંકી (નાટકબાજ) સરકાર બતાવી હતી. આ સંમેલનને સંબોધતા માંગરોળ તાલુકા મુસ્લિમ સમાજના પ્રમુખ યુસુફ એમ.પટેલે જણાવેલ કે, ખેડૂતો અત્યારે ખૂબ જ વિકટ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે ત્યાં ૫૦૦ અને ૧૦૦૦ની મોટી નોટ બંધ કરી વધારે મુશ્કેલીમાં મૂકી દીધો છે. જેને મોદી સરકાર સર્જિકલ સ્ટ્રાઈક કહી રહી છે. તેમણે માંગરોળના લોકલ પ્રશ્નોની રજૂઆત કરતાં જણાવેલ કે માંગરોળ બંદર પર એક જ ખારવા સમાજનું પ્રભુત્વ છે જેના કારણે બીજા સમાજના લોકો માછીમારી કરી શકતા નથી. લઘુમતી માછીમારો માટે શેરીયાજબારા ખાતે જેટીનું ૪.૬૦ કરોડનું કામ મંજૂર થઈ ગયેલ હોવા છતાં કોન્ટ્રાકટરને ૧ કરોડમાં કામ પૂરું કરવાનું કહેવાય છે તે કેવી રીતે શકય છે ? આ વિશે ભાજપ-પોરબંદરના ધારાસભ્ય બાબુભાઈ બોખિરીયા એવું કહે છે કે તમે અમોને મત આપતા નથી તો અમે તમારૂં કામ શું કામ કરીએ ? અહીં બીજો મહત્ત્વનો વેપાર-ધંધો લીલા નાળીયેરનો છે. તેમાં પણ પોરબંદરની ખાણો ખોદીને માંગરોળની હરિયાળીને પાયમાલ કરવા ઉતર્યો છે. જો માંગરોળનો આ હરિયાળો ઓજી વિસ્તાર ખાણ માફિયાઓથી બચાવવામાં નહીં આવે તો માંગરોળના તમામ ખેડૂતો પાયમાલ થઈ જશે. ડૉ.ચંદ્રીકાબેન ચુડાસમાએ આ સંમેલનમાં ઉપસ્થિત તમામ મહેમાનોનો આભાર વ્યકત કર્યો હતો જ્યારે માંગરોળના ધારાસભ્ય બાબુભાઈ વાજાએ માંગરોળ પાણી અને બંદરની જેટીને મુખ્ય સમસ્યા બતાવી તેમાં ઉકેલ લાવવા જણાવ્યું હતું. જૂનાગઢ જિલ્લાના કોંગ્રેસના પ્રમુખ હર્ષદભાઈ રિબડીયાએ ભાજપને નાટક મંડળી સાથે સરખાવી જણાવેલ કે, જ્યારે ખેડૂતોએ મગફળીનું વાવેતર કર્યું ત્યારે તેના ભાવ ૩૦ હજાર હતા અને અત્યારે ૧૫ હજાર. ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બંધ કરવાથી બજેટ તૂટી ગયું. કોંગ્રેસના પ્રવકતા શક્તિસિંહ ગોહિલે ભાજપ પર આકરા પ્રહારો કરતાં જણાવેલ કે જય જવાન, જય કિશાનનું સૂત્ર કોંગ્રેસે આપ્યું હતું. જ્યારે ભાજપે મરે જવાન, મરે કિશાનનું સૂત્ર આપ્યું છે. સરહદ પર જવાન મરે છે અને પોષણક્ષમ ભાવ ન મળવાથી પૈસા માટે લાઈનમાં ઊભેલો જગતનો તાત મરે છે. ભાજપે ભ્રષ્ટાચાર કરી જનતાની તિજોરી લૂંટી લીધી છે. આ દેશની સૌથી મોટી સેવા કરનાર મહાત્મા ગાંધી, સરદાર પટેલ, બાબા સાહેબ આંબેડકર કે મૌલાના આઝાદે આ દેશની ઉત્તમ સેવા કરતા કયારેય પોતાની પત્નીઓને છોડી નથી. જ્યારે અત્યારે દેશની સેવા કરવા માટે જશોદાબેનને છોડવી પડે તેવું કોણે કહ્યું ? સંમેલનના મુખ્ય અતિથી અર્જુન મોઢવાડિયાએ કટાક્ષ કરતાં જણાવ્યું હતું કે, આજે આખો દેશ ચિંતામાં છે. ૪ હજાર માટે લાઈનમાં ઊભો છે. કાળું નાણું બીજા પાસે ને ઉજાગરા આપણે. સર્જિકલ સ્ટ્રાઈક કાળા નાણાંવાળાના બદલે દેશની જનતા પર કરી છે. વિજય માલ્યા અને છોટા મોદી જેવા કાળા નાણાંવાળાને પહેલાંથી જ ભગાડી દીધા છે. અત્યારે તેમણે પોતાની ૯૧ વર્ષની માં ને પણ લાઈનમાં ઊભી રાખી હતી. આ સંમેલનમાં ભાજપ પર આકરા પ્રહાર કરતાં કદીરભાઈ પીરઝાદાએ જણાવેલ કે મહાત્મા ગાંધીની આડમાં ભાજપ સરકાર નાથુરામ ગોડસેની વાત કરે છે. એ લોકોને ગુમરાહ કરે છે. કાળાનાણાંની સર્જિકલ સ્ટ્રાઈકને ભાજપના આગેવાનોને કરોડપતિ બનાવવાની સ્ટ્રાઈક હોવાનું જણાવી લાંબી લાઈનોમાં તાતા, અદાણી કે અંબાણી ક્યાં છે ? તેવા પ્રશ્નો કર્યા હતા. વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આ સંમેલનને સંબોધતા જણાવેલ કે, આ સરકાર ખેડૂત ચોર હોય તેવું માનીને વ્યવહાર કરે છે. અમારી માગણી છે કે, ખેતી માટે મીટરના બદલે હોર્સપાવર પદ્ધતિ ચાલુ થાય અને તેનો ભાવ પણ ૫૦૦ રૂપિયાથી ઓછો થાય. તેવું અમે માગણી કરવાના છીએ. ભાજપના રાજમાં ખેડૂતો પાયમાલ થઈ જવાના. ખેડૂતો દુશ્મન હોય તેવું માનીને આ સરકાર ચાલી રહી છે. તેમણે મોદીની ઝાટકણી કાઢતા જણાવેલ કે વડાપ્રધાનનું પદ ફરવા માટે કે મોજમજા માટેનું હોય, વહીવટમાં ધ્યાન આપી લોકોને આપેલા વચનો પૂરા કરવા જોઈએ. સરકાર ૫૦ દિવસ આપવાની વાતો કરે છે તો ૫૦ દિવસ પછી દેશમાં કાળુંનાણું નહીં હોય તેની ગેરંટી આપશે ખરા ? ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરત સોલંકીએ જણાવેલ કે જેટી, પીવાના પાણી, માછીમારી, વીજળી, પાકવીમા અને બંદરના પ્રશ્નો માટે આ વિસ્તારની પ્રજાએ ઘણુ સહન કર્યું છે. ૧૦-૧૦ કિ.મી.નો વિસ્તાર ખાણ અને ખનીજના લીધે બરબાદ થઈ જાય તેવી પરિસ્થિતિ છે અને એમાંય ભાજપના મંત્રી બાબુભાઈ બોખીરિયાની કાળી નજર તમારા વિસ્તાર પર છે. એ વાતની પણ અમને ખબર છે. મુખ્ય મુદ્દાઓ પરથી નજર હટાવવા સર્જિકલ સ્ટ્રાઈકની કાર્યવાહીનું નાટક કર્યું છે. ભાજપના નૌટંકી વડાપ્રધાન મોદીએ યુપીની ચૂંટણી માટે આ સ્ટ્રાઈક કરી છે. આ ખેડૂત મહાસંમેલનનું આયોજન માંગરોળ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, માંગરોળ તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિ તેમજ તાલુકા પંચાયત અને નગરપાલિકાના ઉપક્રમે કરવામાં આવી હતી. આ સંમેલનમાં માંગરોળ ઉપરાંત કેશોદ, માળિયા તેમજ ગામડાઓમાંથી લોકોનું ઘોડાપુર ઉમટી પડયું હતું. આ સંમેલનને સફળ બનાવવા મેરામણભાઈ યાદવ, ચંદ્રીકાબેન ચુડાસમા, યુસુફભાઈ પટેલ, વાલાભાઈ ખેર, મો.હુસૈન ઝાલા તેમજ કોંગ્રેસના તમામ આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં માંગરોળ યાર્ડને રાજીવ ગાંધી માર્કેટિંગ યાર્ડ નામ અપાયું હતું.

જાહેર નિવિદા

હઝરત કાઝી મહેમૂદ દરિયાઈ સાહેબ દરગાહ ટ્રસ્ટ બીરપુર તા.બીરપુર જિ.મહીસાગર ખાતે આવનાર ડિસેમ્બર-૨૦૧૬, જાન્યુઆરી-૨૦૧૭ માસ દરમ્યાન વાર્ષિક ઉર્ષ પ્રસંગે જુદી જુદી જરૂરિયાત માટે નિવિદા માંગવામાં આવે છે. આ અંગેની આપની દરખાસ્તો નીચેના સરનામે સીલબંધ કવરમાં તા.૩૦-૧૧-૨૦૧૬ સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

૧. મેળા માટે મંડપ પાર્ટિશન કરી દુકાનો બનાવવાની કામગીરી તેમાં વિજળી સપ્લાય કરવાનું, પ્લાન બનાવી, પ્લાન મંજૂર કરાવી તે મુજબ દુકાનો બનાવવાનું, તેને લગત અન્ય તમામ સેવાઓ આપવાનું, મેળાની દુકાનો તથા દરગાહમાં ડેકોરેશન, અગ્નિશમનની વ્યવસ્થા તથા જનરેટર સહિત સેવા પૂરી પાડવા અંગે વિગતવાર ઓફર મંગાવવામાં આવે છે. જેમાં તેમણે તમામ સેવા પૂરી પાડવાને બદલે કેટલી રકમ લેવા માંગે છે અને તેમાંથી દરગાહ ટ્રસ્ટને રકમ ચૂકવશે તેની વિગત ચોરસ ફૂટમાં માપ સાથે જણાવવાની રહેશે.

૨. મેળાની કામગીરીમાં પાર્કિંગ તથા અન્ય વ્યવસ્થા માટે જે.સી.બી. મશીન ધરાવતા કોન્ટ્રાક્ટરો પાસેથી ભાવો માંગવામાં આવે છે.

૩. મેળા દરમ્યાન સી.સી. ટીવી સર્વેલન્સ અંગે વિસ્તાર મુજબ કેમેરા લગાવવા, વાયરીંગ કરવા તેનું રેકોર્ડીંગ કરવા અંગે કંટ્રોલરૂમ નિભાવવાના દિન-૧૦ માટેના ભાવો સીલબંધ કવરમાં મોકલી આપવા.

૪. મેળા દરમ્યાન વ્યવસ્થા જાળવવા માટે જરૂરી સિક્યોરિટી વ્યવસ્થા પૂરી પાડવા માટે પ્રતિ વ્યક્તિ પ્રતિ દિવસ અને ચોક્કસ દિવસોમાં ૨૪ કલાક માટે માણસો પૂરા પાડવા માટે માન્ય સિક્યોરિટી એજન્સી પાસેથી ભાવો સીલબંધ કવરમાં મંગાવવામાં આવે છે.

૫. મેળા દરમ્યાન કોઈ વ્યક્તિ કે સંસ્થા કોઈ સેવા વિનામૂલ્યે પૂરી પાડવા માંગતા હોય તો તેની વિગતો અમોને મોકલી આપવા જણાવવામાં આવે છે.

૬. આ ઉપરાંત જો કોઈ અન્ય વિગતે પોતાની જાહેરાત, સ્ટોલ, બીજી કોઈ મેળાની આઈટમ મૂકવા માંગતા હોય તો તેની પણ ટ્રસ્ટને આપવાની રકમની સાથે ઓફર કરવા જણાવવામાં આવે છે.

૭. આ તમામ ઓફ અંગેની વિગતો પોતાના કે પેઢીના નામ, સરનામા, સેલ્સ ટેક્ષ નંબર પોતાના ઓળખપત્ર તથા અનુભવની વિગતો સહિત સ્વપ્રમાણિત નકલો સાથે જાહેરાતની તારીખથી દિન-૧૦ (દસ)માં નીચેના સરનામે મોકલી આપવાની રહેશે.

તા.૧૮/૧૧/૨૦૧૬

સિક્કો

એડમીનીસ્ટ્રેટ
હઝરત મહેમુદ દરિયાઈ સાહેબ દરગાહ ટ્રસ્ટ,
નાયબ કલેક્ટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
શિહોર, જિ.ભાવનગર

તસવીર ટુડે

સંઘર્ષમાં મહિલાઓ

मैं भी मज़लूमी-ए-निस्वाँ से हूं ग़म-नाक बोहत नहिं मुमकिन मगर ईस उक्दा-ए-मुश्किल की कुशूद ! - अल्लामा ईकबाल

કાશ્મીરની મહિલાઓ પોતાની દર્દનાક કથાઓ દ્વારા ઈતિહાસમાં વધુ એક પાનું ઉમેરી રહી છે. તેમના જીવનના લેન્ડસ્કેપે રંગ બદલી લીધો છે અને જેવી રીતે પાનખરમાં વૃક્ષ પરથી પાંદડું ખરી પડે એમ એમના જીવનમાંથી ખુશી ખરી પડી છે. જ્યારે કોઈ સ્નેહીજન એન્કાઉન્ટરમાં માર્યું જાય છે ત્યારે તેઓ શોક મનાવવા એવી રીતે એકત્ર થાય છે કે જેવી રીતે સૂકેલા પાંદડાઓ ઝાડની નીચે પડ્યા હોય છે. કાશ્મીરમાં પ્રકૃતિ બદલાઈ નથી પરંતુ માનવીઓની પ્રકૃતિ બદલાઈને હિંસાના ઘણા રંગોમાં પલટાઈ ચૂકી છે. દુ:ખ સાથે કહેવું પડે છે કે કાશ્મીરીઓ રાજકીય કસાઈઓના બલિના બકરા બની ચૂક્યા છે.

કાશ્મીરમાં ૧૯૮૯માં જ્યારથી અલગાવવાદ શરૂ થયો છે ત્યારથી મહિલાઓને ખૂબ જ સહન કરવાનું આવ્યું છે. ઘણી મહિલાઓ વિધવા બની ગઈ છે તો ઘણી શરણાર્થી બની ચૂકી છે. ઘણી મહિલાઓ અત્યાચારોનો ભોગ બની છે, બળાત્કારોનો ભોગ બની છે અને ઘણી બાનુઓ જેલોમાં સબડે પણ છે. છેલ્લા કેટલાયે વર્ષોથી ચાલી રહેલા કાશ્મીરના સંઘર્ષમાં અનેક માતાઓએ પોતાના વ્હાલસોયા સંતાનો ગુમાવ્યા છે અરે..બાળકીઓ પણ બાકાત રહી નથી કેમ કે ઘણી બધી બાળાઓ અનાથ બની છે. ભારત કાશ્મીરને પોતાનો અંતર્ગત ભાગ ગણાવે છે અને પાકિસ્તાન ધરાર કાશ્મીર પર પોતાનો દાવો કરે છે. આ મુદ્દે બન્ને દેશો વચ્ચે બે લડાઈ થઈ પણ ચૂકી છે. સતત હિંસાને કારણે કાશ્મીરી મહિલાઓને ખૂબ જ તકલીફો વેઠવી પડી રહી છે. તેમનું જીવન દોહ્યલું થઈ ગયું છે જો કે તેમ છતાં આ મહિલાઓ આટલી તકલીફો વચ્ચે પણ બહાદુરીપૂર્વક પડકારોનો સામનો કરી રહી છે.

પ્રથમ તસવીરમાં એક કાશ્મીરી મહિલા શ્રીનગર ખાતે દેખાવો દરમ્યાન પોલીસ દળો પર પથ્થરમારો કરી ગુસ્સો દર્શાવી રહી છે.

કલાકારો પર પ્રતિબંધ લાદશો છતાં તેમની ઈચ્છા પ્રમાણેનું કરશે

ઈરાની ફિલ્મ નિર્માતા નાહિદે કહ્યું કલાકારો પર પ્રતિબંધ ન લાદવો જોઈએ ● અગાઉ જીવનમાં દાયણ તરીકે કામ કરતી હોવાથી મહિલાઓની વ્યથા સમજી શકું છું

(એજન્સી) તા.૧૭

કોલકાતામાં યોજાયેલા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલમાં હાજરી આપવા માટે આવેલી ઈરાનિયન ફિલ્મ નિર્માતા નાહિદ હસનઝાદેહએ જણાવ્યું કે કલાકારો પર પ્રતિબંધ લાદવામાં આવવો જોઈએ નહીં અને જો તેમ છતાં કોઈ કલાકાર પર પ્રતિબંધ લાદવામાં આવશે, તો પણ એમની ઈચ્છા પ્રમાણે જ કરશે. વિખ્યાત ઈરાની ફિલ્મ નિર્માતા જફર પનાહીનું ઉદાહરણ આપતા નાહિદે જણાવ્યું કે સરકારે તેમના પર છેલ્લા ૨૦ વર્ષથી પ્રતિબંધ લાદયો છે, તેમ છતાં ૨૦૧૫માં તેમણે ત્રીજી ફિલ્મ ટેક્સી રજૂ કરી હતી. આ ફિલ્મને ૬૫માં બર્લિન ફિલ્મ ફેસ્ટીવલમાં માત્ર રજૂ નથી કરાઈ પરતું સૌથી શ્રેષ્ઠ મનાતા ગોલ્ડન બિયર એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

પનાહીના પ્રશંસક નાહિદે વધુમાં ઉમેર્યું હતું કે ઈરાનમાં ફિલ્મ નિર્માતાઓને દેશની બહાર જવા દેવામાં આવતા નથી, તેમ છતાં તેઓ વિવિધ ફિલ્મ ફેસ્ટીવલમાં ઉચ્ચકોટીના ફિલ્મ નિર્માતાઓને મળે છે. હું પણ તેમને ફિલ્મ ફેસ્ટીવલ દરમ્યાન મળી હતી. તેમની ફિલ્મો હંમેશા પ્રેરણા સ્ત્રોત સાબિત થાય છે. કે.આઈ.ટી.એફ ખાતે નાહિદની અર્નધર ટાઈમ ફિલ્મની મહિલા નિર્માતાઓની શ્રેણીમાં પંસદગી કરાઈ છે.

નાહિદે ભૂતકાળ વાગોળતા જણાવ્યું કે સિનેમા જગતમાં આવતા પહેલા તેણે તહેરાન યુનિ.માંથી દાયણ તરીકેનો કોર્સ કર્યે હતો. તેણે શોર્ટ ફિલ્મ અને

ડોક્યુમેન્ટરી બનાવવાનું શરૂ કર્યું હતું. ફિલ્મ અર્નધર ટાઈમમાં એક યુવતી, સૌમ્યાનું વર્ણન કરવામાં આવ્યું છે કે જેને લગ્ન અગાઉ જ બળકને જન્મ આપે છે. અગાઉ જીવનમાં મહિલાઓ સાથે દાયણ તરીકે કામ કરતી હોવાથી તેની મોટાભાગની ફિલ્મ સ્ત્રીઓ પર કેન્દ્રિત હોય છે, તેવી કબૂલાત કરી હતી.

ઈરાનમાં મહિલાઓ પર અમુક પ્રકારના પ્રતિબંધ લાદવામાં આવેલા છે. જાહેરમાં અમુક પ્રકારના કપડા પહેરવા કે નોકરી કરવા બાબત તેઓ હંમેશા સમસ્યાઓનો સામનો કરે છે. ઈરાનમાં યુવતીઓ માટે શોર્ટ ફિલ્મ બનાવી એ ખૂબ જ અઘરું કામ છે.

પૂર્વ અલ-કુદુસ ઘરોમાંથી પેલેસ્ટીનીઓને ખાલી કરાવવા વસાહતી સંગઠનના પ્રયાસો

(એજન્સી) અલ કુદુસ, તા.૧૭

પૂર્વ જેરૂસલેમમાં આવેલ અલ કુદુસમાંથી ૯ પેલેસ્ટીની કુટુંબોને એમના ઘરો ખાલી કરવા જણાવવામાં આવ્યું છે. યહુદીઓ પોતાના વિસ્તારો વધારવા માટે પોતાના કબજા હેઠળના જેરૂસલેમમાંથી પેલેસ્ટીનીઓને હટાવવાની કામગીરી કરી રહ્યા છે. અતેરેટ કોહાનિમે જેરૂસલેમની મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ માગણી કરી છે. ૯ પેલેસ્ટીની કુટુંબોને એમના ઘરો ખાલી કરવાના આદેશો આપવામાં આવે, જે લોકો બટન-અલ-હવા વિસ્તારમાં રહે છે. ઈઝરાયેલી સંગઠન આ પ્રકારની કામગીરી કરે છે એ જુદા જુદા કાયદાકીય અને આર્થિક તરકીબોથી છેલ્લા ૧૫ વર્ષથી આ પ્રકારે પેલેસ્ટીનીઓને એમના ઘરોમાંથી કાઢી મૂકવાના પ્રયાસો કરે છે અને સફળ પણ રહ્યો છે. પછી ભલે આ કુટુંબો મૂળ નિવાસીઓ હોય જે ૧૯૫૦ અને ૧૯૬૦થી અહીંયા રહેલા હોય.

છેલ્લા બે અઠવાડિયામાં આ સંગઠને બે વધારાના કોર્ટના આદેશો મેળવ્યા છે જે બે પેલેસ્ટીની કુટુંબોની સામે છે એ કુટુંબો બટન અલ-હવામાં રહે છે. બટન અલ-હવામાંથી પેલેસ્ટીનીઓને દૂર કરવાથી આ વિસ્તારમાં ઈઝરાયેલી પાડોશ વધશે જેથી ગંભીર સંઘર્ષો થવાની શક્યતાઓ છે. દરમ્યાનમાં વેસ્ટબેંકમાં ગેરકાયદેસર વસાહતોમાં રહેતા લોકોએ જણાવ્યું છે એ ઈઝરાયેલની સુપ્રીમ કોર્ટના આદેશ સામે પણ વિરોધ કરશે. મધ્ય વેસ્ટ બેંકના રામલ્લાહના ઉત્તરે આવેલ અમોનાના પ્રવક્તાએ જણાવ્યું કે આ વિસ્તારમાં કોઈપણ તોડફોડનો વિરોધ કરવામાં આવશે. સોમવારે ઈઝરાયેલની હાઈકોર્ટે આદેશ આપ્યો હતો કે અમોનાને ૨૫મી ડિસેમ્બર સુધી ખાલી કરાવવામાં આવે અને વધુ સમય આપવાનો કોર્ટે ઈન્કાર કર્યો હતો. ઈઝરાયેલી શાસને સાત મહિનાના વિલંબની માગણી કરી હતી. સુપ્રીમ કોર્ટે ૨૦૧૪માં જણાવ્યું હતું કે અમોના પેલેસ્ટીનની ખાનગી જમીન ઉપર બાંધવામાં આવેલ છે જેથી એને તોડવું જોઈએ, પણ ઈઝરાયેલ શાસને સુપ્રીમના આદેશથી ઉપરવટ જઈ નિર્ણય કર્યો છે. ઈઝરાયેલના પાંચ લાખથી વધુ નાગરિકો પેલેસ્ટીનમાં ગેરકાયદેસર રહે છે. જે વસાહતો ૧૯૬૭ પછી ઊભી કરવામાં આવી છે એમાં એ રહે છે. ઈઝરાયેલ પોતાના વિસ્તારો વધારી રહ્યું છે. જેના લીધે શાંતિ સ્થાપવાની શક્યતા ઓછી થતી જાય છે. પેલેસ્ટીન ઓથોરિટીની ઈચ્છા છે કે વેસ્ટ બેન્ક સ્વતંત્ર પેલેસ્ટીનનું રાજ્ય બનશે અને જેરૂસલેમ એની રાજધાની બનશે.

રશિયા સાથેનું જોડાણ અમેરિકાને સીરિયામાં સામૂહિક હત્યાઓનો ભાગીદાર બનાવશે : મેક્કેઈન

(એજન્સી) વોશિંગ્ટન,તા.૧૭

અમેરિકાના રિપબ્લિકન પક્ષના એક રાજકીય નેતાએ દેશની સુરક્ષા સામે સાવચેતી જણાવતા કહ્યું છે કે ટ્રમ્પના રશિયા સાથેના નવેસરથી સંબંધો બાંધવા સ્વીકાર્ય નથી. એરિઝોના રાજ્યના સિનેટ મેક્કેઈને એક નિવેદનમાં જણાવ્યું કે રશિયા સાથે નવેસરથી સંબંધો વધારવાની કિંમત અમેરિકાને ખૂબ મોંઘી પડશે. એનો અર્થ એ થશે કે સીરિયામાં થયેલ માનવ હત્યાકાંડમાં અમેરિકાની પણ ભાગીદારી છે. સીરિયાના લોકોના મૃત્યુ અને સીરિયાની પરિસ્થિતિ બદલ રશિયા અને સીરિયાના રાષ્ટ્રપતિ બશર અલ અસદ જવાબદાર છે. દેશ માટે આ અસ્વીકાર્ય કિંમત છે. અમેરિકા હાલમાં ખૂબ જ ઊંચાઈએ પહોંચેલ દેશ છે. આ દેશે જુલમ સામે લડાઈઓ લડી છે અને હવે જુલમોને જ સાથ આપીએ એ અમને મંજૂર નથી. એમણે પુતિન ઉપર આક્ષેપો મૂકતા કહ્યું કે એમના લીધે જ એમના દેશમાં જુલ્મોની હારમાળા રચાઈ છે, એમણે પોતાના રાજકીય દુશ્મનોની હત્યાઓ કરાવી છે અને અમેરિકાના સાથી દેશોને ધમકીઓ આપી છે. ટ્રમ્પ અને પુતિને સોમવારે ટેલિફોન ઉપર વાતચીત કરી હતી અને ભવિષ્યની યોજનાઓ વિશે પણ ચર્ચા કરી હતી. જેનો સંકેત અમેરિકા અને રશિયા વચ્ચે સંબંધો સ્થાપવાનો હતો. ટ્રમ્પના કાર્યાલયે પણ માહિતી આપી હતી કે અમે આ બાબત વિચારી રહ્યા છીએ. ટ્રમ્પે ચૂંટણી પ્રચાર વખતે પુતિનનું સમર્થન કર્યું હતું, પણ એ જણાવ્યું ન હતું કે એમની સાથે કેવા પ્રકારના સંબંધો રાખશે. ઓબામા અને પુતિનના સંબંધોમાં ખૂબ જ કડવાશ ફેલાયેલ હતી. ઓબામા સરકારે છેલ્લે

રશિયા સાથે સંબંધો સુધારવાના પ્રયાસો કર્યા હતા. પણ યુક્રેન બાબત અને રશિયાએ અખાતમાં પોતાની લશ્કરી દરમ્યાનગીરીના કારણે બન્ને વચ્ચેના મતભેદો ખૂબ જ વધી ગયા હતા. ચૂંટણી પ્રચાર દરમ્યાન ક્રેમલિને જણાવ્યું હતું કે હિલેરી અને ટ્રમ્પમાંથી અમારો કોઈ પ્રિય નથી. જો કે રશિયાના સત્તાવાર મીડિયાએ ટ્રમ્પ સાથેની સહાનુભૂતિ જણાવી હતી. મેક્કેઈને ટ્રમ્પને ચૂંટણી પ્રચારમાં ખપ પૂરતો જ સાથ આપ્યો હતો એ રિપબ્લિકન પક્ષના બીજા ઉમેદવારની તરફેણમાં હતા. જે મિટ રોમની હતા. રોમનીએ ચેતવણી આપી હતી કે જો ટ્રમ્પને ચૂંટવામાં આવશે તો દેશની સુરક્ષા અને સમૃદ્ધિ ઘટશે. રોમનીના નિવેદનને સમર્થન આપતા મેક્કેઈને જણાવ્યું કે રિપબ્લિકન પક્ષે બધા નિર્ણયો સમજી વિચારીને કરવા જોઈએ જેથી આપણા દેશની નામના જે રીતે હાલમાં છે એ જ રીતે રહે.

EUએ તુર્કી અને તેના શત્રુઓ વચ્ચે નિર્ણય લઈ લેવો જોઈએ : તુર્કીના વડાપ્રધાન

(એજન્સી) અંકારા, તા.૧૭

યુરોપિયન યુનિયને તુર્કી અથવા તેના શત્રુઓ એમ બંને વચ્ચે કોને સહકાર આપવો તેનો નિર્ણય લેવો જોઈએ તેમ તુર્કીના વડાપ્રધાન બિનાલી યિલ્દ્રીકો મંગળવારે જણાવ્યું. તેમણે વધુમાં કહ્યું કે બ્રસેલ્સે અપેક્ષા રાખવી જોઈએ નહી કે અંકારા પોતાના આતંક વિરોધી કાયદાઓમાં પરિવર્તન કરે. યિલ્દ્રીમે પોતાના શાસક પક્ષ એકે પાર્ટીને સભ્યોને સંસદમાં સંબોધન કરતાં આ નિવેદન આપ્યું હતું જેનું સીધો પ્રસારણ ટીવી પર કરાયું હતું. દરમિયાન અંકારામાં એક સંયુક્ત પત્રકાર પરિષદમાં ઈયુ પર પ્રહાર કરતાં તુર્કીના વિદેશમંત્રી મેવલૂત કેવુસોગ્લુએ જર્મનના વિદેશમંત્રી સહિત ઈયુના વલણને વખોડી કાઢ્યું હતું. કેવાસોગ્લુએ જણાવ્યું તેમનું દેશ સંઘમાં જોડાવવાની પોતાની અરજીને લઈને ઈયુના દેખાવ કરવાવાળા વલણથી કંટાળી ગયું છે. માનવ અધિકારોને લઈને ઈયુની ટીકાઓથી તુર્કી ઉશ્કેરાઈ ગયું છે. જુલાઈમાં એક નાટકિય ચાલના પ્રયાસના પગલે તુર્કી અને ઈયુના સંબંધો બગડી ગયા છે. કેવાસુગ્લુએ જણાવ્યું મૃત્યુદંડનો ફેરનિર્ણય તુર્કીના લોકો લેશે. અમે તુર્કીનું ગૌરવ ઓછું કરનારા નિવેદનોથી થાકી ગયા છીએ. માપદંડ સ્પષ્ટ છે પણ બેવડા ધોરણો અને દ્વિમુખી વલણ અપનાવાઈ રહ્યા છે અને આજ અમને પસંદ નથી તેમ કેવાસુગ્લુએ જણાવ્યું. દરમિયાન સ્ટેઈનમીયરે જણાવ્યું કે તેમણે સામૂહિક ધરપકડો અને મીડિયા સાથેના દુર્વ્યવહાર અંગે દુ:ખ વ્યક્ત કર્યું હતું. પણ જણાવ્યું કે આતંકવાદની લડાઈમાં જર્મની પોતાના નાટો પાર્ટનરને સહકાર આપે છે.

અલેપ્પોમાં નવેસરથી કરાયેલા હવાઈ હુમલાએ ૩૨નો ભોગ લીધો

યુએન પેનલે અસદ સરકારની આકરી ઝાટકણી કાઢયા બાદ તરત જ સર્જાયેલી ઘટના

(એજન્સી) બૈરૂત,તા.૧૭

બળવાખોરોના કબજા હેઠળના પૂર્વ અલેપ્પોમાં સીરિયન દળે એક બાળકોની હોસ્પિટલ પાસે હવાઈ હુમલો કરતા ૨૦ વ્યકિતઓના મૃત્યુ થયા હતા.

યુએનના માનવ અધિકાર કમિટીએ ઠરાવ પસાર કરીને અસદના શાસનની સખ્ત શબ્દોમાં આલોચના કરી હતી. યુએને અસદ સરકાર ઉપર આક્ષેપો મૂક્યા કે એ પોતાના જ નાગરિકો ઉપર હુમલાઓ કરી રહયા છે આ ઠરાવ પછી આ હુમલો કરવામાં આવ્યો હતો.

કમિટીમાં ૧૧૬-૧૫ મતે ઠરાવ પસાર કરાયો હતો. ૪૯ દેશો મતદાનથી અળગા રહયા હતા. આવતા મહિનાની મિટીંગમાં આ ઠરાવનો સ્વીકાર કરવામાં આવશે.

ઠરાવના ડ્રાફટમાં માગણી કરવામાં આવી છે કે સીરિયાના સત્તાવાળાઓએ તાત્કાલિક રીતે આ પ્રકારના હુમલા બંધ કરવા જોઈએ. જેમાં ત્રાસવાદી હુમલાઓ, હવાઈ હુમલાઓ, બેરલ અને વેકયુમ બોમ્બ, કેમિકલ હથિયારો અને ભારે મોટર હુમલાઓનો સમાવેશ થાય છે. સીરિયાના હુમલાઓને કડક શબ્દોમાં વખોડી કાઢવામાં આવ્યા હતા.

બધા વક્તાઓએ આ ડ્રાફટમાં યુધ્ધવિરામની માંગણી કરી છે કે, આ પ્રશ્નનો રાજકીય ઉકેલ લાવવો જોઈએ. બુધવારે સીરિયાએ રશિયા સાથે હુમલાઓમાં વધારો કર્યો હતો.

બ્રિટેન સ્થિત માનવ અધિકારી સંગઠને જણાવ્યું કે પૂર્વ અલેપ્પોમાં કરાયેલા હુમલાઓથી ઓછામાં ઓછા ૬ બાળકોના મૃત્યુ થયા હતા. આ સાથે એક હોસ્પિટલના કર્મચારીનું પણ મૃત્યુ

થયું હતું. આ હુમલાઓ રશિયન અથવા સીરિયન જેટ દ્વારા કરવામાં આવ્યા હતા.

મોસ્કોએ હુમલાઓનો ઈન્કાર કરતા જણાવ્યું છે કે, એમના જેટ વિમાનોએ હુમલાઓ કર્યા નથી.

મંગળવારના હુમલાઓ યુધ્ધવિરામ પુરૂ થયા પછી કરવામાં આવ્યા હતા. ૧૮મી ઓકટોબરે રશિયાએ યુધ્ધવિરામ જાહેર કર્યું હતું.

નજરે જોનારાઓએ જણાવ્યું હતું કે શહેરના પૂર્વ વિસ્તારમાં સતત બોમ્બ મારો ચાલુ રહયો હતો.

કેન્દ્ર સરકારના આદેશની ઐસી-તૈસી

રેલવે, દવાખાના સહિતના સ્થળોએ રૂા.૫૦૦ અને રૂા.૧૦૦૦ની નોટો લેવાની રીતસરની 'ના'

સફળતાની ગુલબાંગો પોકારનાર સરકાર પ્રજાની હાડમારીઓથી ક્યારે વાકેફ થશે ??

અમદાવાદ, તા.૧૭

કેન્દ્ર સરકાર દ્વારા રૂા.૫૦૦ અને ૧૦૦૦ના દરની નોટ રદ કર્યા બાદ રેલવે, એરપોર્ટ, સરકારી દવાખાના સહિતની અનેક જગ્યાએ આ નોટો ચાલશે જેથી કરીને લોકોને વધુ અગવડ ન પડે તેવો સરકારનો આદેશ છે છતાં તેને રેલવે સહિતનું તંત્ર ઘોળીને પી ગયું હોય તેમ રેલવેમાં અમદાવાદથી પાલેજની રીટર્ન ટીકીટ લેવા જનાર મુસાફર પાસેથી રેલવેના કર્મીએ રૂા.૧૦૦૦ની નોટ લેવા ધરાર ના પાડી સરકારના આદેશની અવહેલના કરી છે. કેન્દ્ર સરકાર દ્વારા અચાનક રૂા.૫૦૦ અને રૂા.૧૦૦૦ની નોટો બંધ કરી દેવાતાં લોકો અનેક હાડમારીઓનો સામનો કરી રહ્યા છે ત્યારે સરકારે લોકોને વધુ અગવડ ન પડે તે માટે જૂની નોટો અમુક સમય મર્યાદા સુધી રેલવે, એરપોર્ટ, સરકારી દવાખાના સહિતની જગ્યાઓ પર ચલાવવામાં આવશે તેવો આદેશ કર્યો છે જ્યારે અમદાવાદ રેલવે સ્ટેશન પર એક મુસાફર દ્વારા અમદાવાદ-પાલેજની એસી ચેર કારની રિટર્ન ટિકીટ કે જેનું ભાડું રૂા.૮૪૦ જેટલુ થાય છે તે લેવા માટે રૂા.૧૦૦૦ની નોટ આપતાં ફરજ પરના રેલવે કર્મીએ તે ન સ્વીકારી ટિકિટ આપવા ઈન્કાર કર્યો હતો જેથી મુસાફરને વીલા માટે મોંઢે પરત ફરવું પડ્યું હતું. જો એક ભણેલા મુસાફરની સાથે આવું વર્તન થયું તો એક અજ્ઞાની મુસાફરને આ તંત્ર અને આ સરકાર શું ન્યાય આપશે ? તેવી ચર્ચાએ રેલવે સ્ટેશન પર વેગ પકડ્યો હતો ત્યારે પોતાની નોટબંધીની સફળતાની ગુલબાંગો પોકારનાર સરકારને ખબર છે કે નહીં સરકારનો જ આદેશ હોવા છતાં શું સરકાર પ્રજાની હાડમારીઓ વધારવા માંગે છે કે પછી તંત્ર સરકારને ગાંઠતું જ નથી તેવો પ્રજાજનોને અહેસાસ થઈ રહ્યો છે.

નવી નોટો પહોંચાડવામાં RBI નિષ્ફળ

સુરત સહિત દેશભરમાં અરાજકતા આઠ દિ'બાદ પણ બેન્કોમાં લાઈન યથાવત

(સંવાદદાતા દ્વારા) સુરત,તા.૧૭

રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટો રદ્દ થયા બાદ સુરત સહિત દેશભરમાં વ્યાપી અરાજકતામાં આજે આઠ - આઠ દિવસ થયા છતાં પણ બેંકોની લાઇનમાં જરા પણ ફેર પડ્યો નથી. ઉલટાનું દિન પ્રતિદિન જૂની નોટ બદલવા અને ખાનગી જમા કરાવવા સાથે ખાનગી જમા કરાવવા સાથે જ ઉપાડવા માટેની ભીડમાં સતત વધારો થયો જાય છે. શહેરની રાષ્ટ્રીયકૃત બેંકો પાસે સમયસર નવી નોટોનો જથ્થો પહોંચાડવામાં આરબીઆઈ સંદત્તર નિષ્ફળ ગઈ છે. જેને કારણે બેંકો દ્વારા પણ વિતરણ વ્યવસ્થામાં શિથિલતા આવી છે. લોકોમાં કાળો કકળાટ છે કે, કાળું નાણું ધરાવનારાનું જે થવાનું હશે એ થશે, પરંતુ પોતાના રૂપિયા ઉપાડવા માટે કામ ધંધા રોજગાર છોડીને પરિવાર સાથે કલાકો સુધી બેંકો એટીએમની લાઇનમાં ઉભા રહેવું પડે છે. સુરત શહેરના આર્થિક વ્યવહાર ઉપર આ નોટબંધી કારણે વ્યાપક અસર થવા પામી છે. બેંકો પણ માત્ર નોટ એક્ષચેન્જ અને જમા કરાવવાના કામોની ગળાડૂબ છે, મોડી રાત્રિ સુધી કામ કરતાં બેંક અધિકારી કર્મચારીઓ પણ માનસિક બિમારીઓનો શિકાર બની રહ્યા છે. રિઝર્વ બેંક તરફ સતત સુરતની બેંકને નવી ચલણી નોટ પૂરી પાડવામાં ઓરમાર્યું વર્તન ચાલુ રાખવામાં આવ્યું છે. સરકારે રૂપિયા ૫૦૦ની નવી નોટ બેંકને પૂરી પડાય હોવાના ઢોલ છેલ્લા ત્રણ દિવસથી પીટી રહ્યા છે, પરંતુ હજુ સુધી બેંકોને રૂપિયા ૫૦૦ની નવી નોટ મળી નથી અરે આજે પણ મોટાભાગ એટીએમઓ બંધ જોવા મળે છે. કલાકો સુધી લાઇનમાં ઉભા રહેવાના લોકોની ધીરજ ખૂટી રહી છે. સુરત પોલીસ પણ સંયમ જાળવીને બેઠા છે એ પણ સરાહનીય છે.

સુરતમાં એસબીઆઈ દ્વારા ૩૦ કરોડથી ૧૦૦ની નોટોનું વિતરણ

(સંવાદદાતા દ્વારા) સુરત,તા.૧૭

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા આજે શહેરની ૩૧ જેટલી કો - ઓ. બેંકોને ફાળવવા માટે બારડોલી એસબીઆઇ બેંકમાંથી રૂપિયા ૩૦ કરોડની રૂા. ૧૦૦ની નોટ પોલીસ બંદોબસ્ત સાથે મંગાવવામાં આવી હતી. શહેર સહિત દેશમાં નોટબંધી બાદ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની જવાબદારી રહેલી છે. શહેર સહિત દેશમાં નોટબંધી બાદ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા ચોકબજાર દ્વારા શહેરની ૩૧ જેટલી કો. ઓ. બેંકોને રૂપિયા ૧૧૦ કરોડની નવી નોટો આપવામાં આવી છે. તેમ છતાં કો. ઓ. બેંકોની હાલત કફોડી છે. આ કફોડી સ્થિતિમાં બહાર કાઢવા માટે સ્ટેટ બેંક દ્વારા પુરાતા પ્રયાસો કરાઇ રહ્યા છે. શહેરમાં રૂપિયા ૫૦૦ની નવી નોટો ન આવવાથી સ્ટેટ બેંક પણ મુશ્કેલીમાં મુકાઇ છે. તેમ છતાં સ્ટેટ બેંક દ્વારા શહેરની કો. ઓ. બેંકને સાચવવા માટે આજે પોલીસ બંદોબસ્ત સાથે બારડોલી સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયામાંથી રૂપિયા ૩૦ કરોડ રૂપિયાની ૧૦૦૦ની નોટ મંગાવી હતી. જેનું બપોરબાદ શહેરની કો - ઓ. બેંકને વિતરણ કરાયું હતું.

સુરત રેલવે સ્ટેશનને પીપીપી ધોરણે અત્યાધુનિક બનાવવા ટેન્ડરો મંગાવાયા

(સંવાદદાતા દ્વારા) સુરત,તા.૧૭

સુરત રેલ્વે સ્ટેશન પીપીપી ધોરણે અત્યાધુનિક મોડલ ટ્રાન્સપોર્ટેશન હબ (એમએમટીએસ) બનાવવા માટે ઇન્ડિયન રેલ્વે સ્ટેશન ડેવલોપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ ખાનગી વિકાસ કારો પાસે ટેન્કરો આમંત્રિત કર્યા હોવાનું જાણવા મળ્યું છે. ઇન્ડિયન રેલવે-ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન લિમિટેડ અને સુરત મહાનગરપાલિકાના સંયુક્ત રીતે ડીપીએફઓટી ધોરણે સુરત રેલવે સ્ટેશન વિકસાવવા માંગે છે. આંતરરાષ્ટ્રીય ધોરણ મુજબ સુરત રેલવે સ્ટેશનને વિકસાવવા માટે ટેન્ડર ખાનગી વિકાસકારો પાસે માંગવામાં આવ્યા છે. આઈ. આર. ડી. સી. દ્વારા બહાર પડાયેલા ટેન્ડરમાં સાઇટ અને પ્રોજેક્ટની માહિતી દર્શાવવામાં આવી છે. જેમાં ડાયમંડ સિટી સુરતના મધ્ય ભાગમાં આશરે ૨,૫૦,૦૦૦ ચો. મી. પર જમીન ઉપર બીજા મુક્ત કોમર્શિયલ પ્રોજેક્ટ ડેવલોપમેન્ટ માટેની સુવર્ણતક દેશભરમાં આ પ્રકારનો એક માત્ર પ્રોજેક્ટ જ્યાં સરકારના ત્રણેય સ્તરના મધ્ય, સ્ટેટ, સ્થાનિક સરકાર એક સાથે મળીને પ્રોજેક્ટનો અમલીકરણ કરશે. કોમર્શિયલ ડેવલોમેન્ટ માટે ૬૧ માળના પાંચ ટાવર્સ સહિત તમામ પ્રકારની અત્યાધુનિક સુવિધા સાથે સુરત રેલવે સ્ટેશનનો વિકાસ કરવા માટે ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા છે. હવે જોવાનું એ રહેશે કે, આ અતિ મહાત્વકાંક્ષી પ્રોજેક્ટ માટે કયાં ખાનગી વિકાસકારો રસ દાખવશે ?

વિસાવદરમાં વિદ્યાર્થીઓના બોગસ નામો દાખલ કરી ધમધમતી શાળા

(સંવાદદાતા દ્વારા) વિસાવદર, તા.૧૭

વિસાવદરના જૂનાગઢ રોડ ઉપર રોડ શૈક્ષણિક સંકુલ (સ્કૂલ એકેડમી) આવેલ છે. આ સ્કૂલના વાહનમાં બાળકોને શ્વાસ લઈ ન શકે તે રીતે ઠસોઠસ ભરવામાં આવતા હોય તથા અવાર-નવાર અકસ્માતો થતા હોય અને બાળકોની જીદંગી જોખમાતી હોય તે બાબતે વિસાવદરના વાલી મંડળે વિરોધ નોંધાવ્યો છે. વિસાવદરની આ ખાનગી સ્કૂલમાં બોગસ લીવિંગ સર્ટિફિકેટનું મોટું કૌભાંડ ચાલી રહ્યું છે. આ સ્કૂલમાં મોટી સંખ્યા બતાવવા માટે અને સરકારમાંથી મોટો લાભ લેવા માટે ભૂતિયા વિદ્યાર્થીના નામો દાખલ કરાયા છે અને લોકોના નામે ભૂતિયા વિદ્યાર્થી બતાવી ખોટું જી.આર. રજિસ્ટર ઊભું કરવામાં આવ્યું છે.

આ સ્કૂલના સંચાલક સામે ભૂતકાળમાં પણ પોલીસ સ્ટેશન તથા કોર્ટમાં ફરિયાદ દાખલ થયેલી હતી. જી.આર.રજીસ્ટર તથાન લીવિંગ સર્ટિફિકેટ કેવી રીતે ઊભા થયા. તેની માહિતી શિક્ષણ વિભાગમાંથી મેળવવા માટે જાગૃત નાગરિકે માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માગણી કરી છે.

સુરતના હીરાના કારખાનામાં તસ્કરો ત્રાટક્યા

સુરત,તા.૧૭

કતારગામ ગોપીનાથ સોસાયટીમાં રહેતા કેતનભાઈ મણીલાલ સલોડિયા સૂર્યદર્શન એપાર્ટમેન્ટમાં હીરાનું કારખાનું ધરાવે છે. તેઓના હીરાના કારખાનામાં ગત મંગળવારની રાત્રિ દરમિયાન ૩૫ થી ૪૦ વર્ષની ઉંમરના ચારેક કારખાનામાં પ્રવેશી ટેબલના ખાનામાંથી રૂા. દોઢ લાખની કિંમતના ૩૦૦ કેરેટ કાચા હીરાની ચોરી કરી ગયા હતા. આ મામલે બુધવારે સવારે કારખાનેદાર કેતનભાઈ સલોડિયાને જાણ થતાં તેઓએ તુરંત જ કારખાનામાં લગાવાયેલા સીસીટીવી કેમેરાની ચકાસણી હાથ ધરી હતી. જેમાં એક ચોરી કરતા કેમેરામાં કેદ થયા હતા.

અવસાન નોંધ

મહંમદભાઈ હાજી હુસેનભાઈ મલેક (ભેંશુંવાળા) (ઉ.વ.૩૮) તા.૧૭-૧૧-૨૦૧૬ને ગુરૂવારે અલ્લાહપાકની રહેમતમાં પહોંચી ગયેલ છે. મર્હુમની ઝિયારાત તા.૧૯-૧૧-૨૦૧૬ને શનિવારે સવારે ૯.૩૦થી ૧૦.૩૦ સુધી મદીના મસ્જિદ ખાતે તથા ઓરતોની ઝિયારાત મર્હુમના નિવાસ સ્થાન આઝાદચોક, ઓડવાડા ખાતે રાખવામાં આવેલ છે.

કતારાગામના વસંઘ્રા એપર્ટમેન્ટમાં

ઓવરહેડ પાણીની ટાંકી તૂટી પડતાં ચાર માળના દાદરનો કચ્ચરઘાણ

(સંવાદદાતા દ્વારા) સુરત તા.૧૭

કતારગામ વસુંધ્રા એપાર્ટમેન્ટમાં ટેરેસ પર આવેલા ઓવરહેડ પાણીની ટાંકી ગતરાત્રે તુટીને દાદર પર પડતા ચાર માળના દાદરના કચ્ચરઘાણ નિકળી ગયા હતા. મોટા ભાગના ફ્લેટ બંધ હોવાથી દુર્ઘટના ટળી હતી. ફાયરના જવાનોએ સીડીની મદદથી ફ્લેટમાં ફસાયેલા લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા.

સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગત રાત્રે સાડા દસેક વાગ્યાના સુમારે કતારગામ વસુંધ્રા એપાર્ટમેન્ટની બિલ્ડિંગ નં. એ અને બીની જોઈન્ટ ઓવરહેડ પાણીની ટાંકી ધડાકાભેર તૂટી પડી હતી. સિમેન્ટ ક્રોન્કિટની ટાંકીનો કાટમાળ નીચે ગ્રાઉન્ડ ફ્લોર પર ખડકાયો હતો. બે બિલ્ડિંગમાં ૧૬ ફ્લેટ આવ્યા છે. જે પૈકી મોટા ભાગના ફ્લેટ બંધ હાલતમાં છે. ચાર પાંચ ફ્લેટમાં રહેતા લોકોને ફાયર ટીમ દ્વારા સુરક્ષિત રીતે બચાવી લીધા હતા. બીજા અને ત્રીજા માળે ફસાયેલા આઠેક લોકોને સીડીની મદદથી ફાયરના જવાનોએ સલામતરીતે બહાર કાઢ્યા હતા. બિલ્ડિંગના ચારેય માળના દાદર તૂટી ગયા હોવાથી હાલ અવર જવર બંધ હોવાનું જાણવા મળે છે.

ઉધનામાં ગુંડાતત્વોનો સિક્યુરીટી ગાર્ડ પર હુમલો : ચાર સામે ફરિયાદ

(સંવાદદાતા દ્વારા) સુરત તા.૧૭

એક તરફ નોટ બદલવા અને ડિપાઝીટ કરવા માટે આખું શહેર હેરાન અને અનેક તકલીફોનો સામનો કરી રહ્યું છે. ત્યારે કેટલાક અસામાજિક તત્વો અને ગુંડા તત્વો નાણા ઉપાડવા માટે પોતાના માણસોને બેંક અને એટીએમમાં મોકલી રહ્યા છે ત્યારે ગઇકાલે ઉધનામાં નોટ બદલવાના મુદ્દે બે ગેંગના ૫૦ જેટલા તત્વો સામસામે આવી ગયા હતા. અને ચપ્પુ લાકડાના ફટકા સહિત ઘાતક હથિયાર લઈને દોડાદોડી કરી એક સેક્યુરિટી ગાર્ડ પર હુમલો કરી તેને ગંભીર ઇજા પહોંચાડી હતી. બનાવ અંગે ઉધના પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ હતી.

પોલીસ સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર ભાઠેનાના ભરત નગરમાં રહેતો અનિસ નસીમ હુસેન મિલેનીયમ ટેક્સટાઇલ માર્કેટ વિભાગ - ચારમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવે છે. આ દરમિયાન ગઇકાલે રાત્રે કેટલાક ઇસમો મિલેનિયમ માર્કેટના બાંધકામવાળા સ્થળેથી દોડીને આવતા હતાં. જેથી અનીશ હુશેને તેમને દોડીને કેમ આવો છો તેવું પૂછતાં ઉપરોક્ત ઈસમોએ તેને લીંબાયત તરફ જવાનું કહ્યું હતું. જેથી અનીશ હુસેને તેમને કહ્યું હતું કે, આ લીંબાયત જવાનો રસ્તો નથી જે મુદ્દે તેમના વચ્ચે બોલાચાલી થઈ હતી અને બાદમાં કેટલાક ઈસમો ત્યાં ભેગા થઈ ગયા હતા, અને સિક્યુરિટી ગાર્ડને મારમારી લાકડાના ફટકા તથા ચપ્પુ વડે તેને બે ઘા કરી ભાગી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત સિક્યુરીટી ગાર્ડ અનીસ હુસેનને હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યારે આ બનાવમાં સૂત્રો દ્વારા એવું જાણવા મળ્યું હતું કે, ભાગનાર ઈસમો ઉધના બેંક બહાર રૂપિયા બદલવા માટે ઉભા હતા ત્યારે અન્ય એક ગેંગના સાગરીતો સાથે નોટ બદલવાના મુદ્દે બોલાચાલી થઇ હતી અને બંને ગેંગના ૫૦ જેટલા સાગરીતા સામસામે આવી ગયા હતા. અને લાકડાના ફટકા અને ચપ્પુ સહિત ઘાતક હથિયારો લઈને દોડતા હતા. ત્યારે સિક્યુરિટી ગાર્ડ સાથે બબાલ કરી તેના ઉપર હુમલો કર્યો હતો. બનાવ અંગે ઉધના પોલીસ મથકે આરોપી શકીલ ખાન તથા તેના ત્રણ સાગરીતા વિરુદ્ધ હાલ ગુનો નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

હોસ્પિટલો જૂની નોટ નહીં લેતી હોવાની ફરિયાદો

સુરતના કન્ટ્રોલરૂમ ખાતે ૧૦ જેટલી ફરિયાદ નોંધાઈ

(સંવાદદાતા દ્વારા) સુરત,તા.૧૭

કલેક્ટર કચેરીખાતે કન્ટ્રોલરૂમ ખાતે આજે ત્રણ કલાકના ગાળાના સમયગાળા દરમિયાન દસ જેટલી ફરિયાદ આવી હોવાનું કન્ટ્રોલરૂમ દ્વારા જાણવા મળયું છે. બેંકો સમયસર ઉઘડી નહીં હોવાનું તથા હોસ્પિટલ ખાતે જુની નોટ નહીં લેતા હોવાની વધુ ફરિયાદો આવી હોવાનું જાણવા મળ્યું છે.અગાઉ કેન્દ્ર સરકારે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની ચલણની નોટો રદ્દ કરી હોવાની જાહેરાત બાદ લોકો તેની જૂની ચલણીનો ૩૧ ડિસેમ્બર સુધી બેંકમાં જમા કરાવી અને બદલી કરવા દેવાની ઘોષણા કરાઇ હતી. જ્યારે આવશ્યક જગ્યાએ જૂની ચલણની નોટ સ્વીકારવાનો સમય મર્યાદા ૨૪ નવેમ્બર સુધી બંધાવવામાં આવ્યો હતો. જ્યારે આ બાબતે લોકોને પડતી હાલકી અને જૂની ચલણી નોટો નહીં સ્વીકારતા હોવાની અનેક ફરિયાદો આવતા કલેક્ટર કચેરી ખાતે કન્ટ્રોલ રૂમ શરૂ કરાયો હતો. આજે સવારે ૮ થી ૧૧ વાગ્યાના સમય દરમિયાન દસ જેટલી ફરિયાદો આવી હોવાનું કન્ટ્રોલરૂમ દ્વારા જાણવા મળ્યું હતું.

સુરતની બેન્કમાં કોન્સ્ટેબલ ગેરવહીવટ કરતો હોવાની ફરિયાદ

(સંવાદદાતા દ્વારા) સુરત,તા.૧૭

મહિધરપુરા વિસ્તારમાં આવેલી બેંક ઓફ બરોડા શાખામાં લાંબી લાઈનમાં ઉભેલા એક ખાતેદાર બેંકમાં કોઇ ગડબડી કે અંધાધુધી નહીં સર્જાય તે માટે વ્યવસ્થાના ભાગ રૂપે પોલીસ ગોઠવવામાં આવી હતી. પરંતુ ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલે તેના ઓળખીતાને ટોકન આપીને દોઢસો ટોકન આપ્યા બાદ વધુ ટોકન નહીં આપતા જ્યારે પોલીસ ગેરવહીવટ કરતી હોવાનું જાણ થતાં લાઇનમાં ઉભા કરાયેલ કન્ટ્રોલ રૂમમાં બેંકમાં ફરજ બજાવતા પોલીસ વિરુદ્ધ ફરિયાદ કરી હોવાનું જાણવા મળે છે. અત્રે ઉલ્લેખનિય છે કે, રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટ રદ્દ થવાના એક સપ્તાહ બાદ પણ શહેરભરમાં અંધાધુરી અને અરાજકતાનો માહોલ યથાવત જોવા મળી રહ્યો છે. ત્યારે લોકોની સમસ્યા હળવી કરવા અને વાતાવરણ નહીં બગડે તે માટે બેંકોમાં પોલીસ વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવા છતાં અમુક પોલીસ તેની ફરજ બજાવવાને બદલે તેના ઓળખીતાઓને પહેલા ટોકન આપી દેતા હોવાની કિસ્સા સામે આવી રહ્યાં હોવાનું જાણવા મળે છે.

બીજા શૈક્ષણિક સત્રનો આજથી પ્રારંભ

(સંવાદદાતા દ્વારા) સુરત,તા.૧૭

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ સાથે અન્ય ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં આવતીકાલથી બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઇ રહ્યો છે. આ સાથે જ છેલ્લા ૨૧ દિવસથી સુમસામ પડેલ શાળાઓના કેમ્પસ ફરી બાળકોના કોલહલથી ગુંજવા લાગશે. જો કે, અમદાવાદ સહિત રાજ્યના મોટા શહેરની કેટલીક શાળાઓ દ્વારા તો ૧૦ નવેમ્બરથી જ શાળાઓ શરૂ કરી દેવામાં આવી છે. જો કે, આવી શાળાઓની સંખ્યા નજીવી છે. જ્યારે રાજ્યની તમામ સરકારી શાળાઓ અને મોટાભાગની ખાનગી શાળાઓમાં કાલથી જ નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. જોકે, ત્યારબાદ શનિવાર આવતો હોવાથી મોટાભાગની શાળાઓમાં આગામી સોમવારથી જ શૈક્ષણિક કાર્ય રાબેતા મુજબ થઈ શકશે. જો કે, અત્યારે નોટબંધીને કારણે ઉભી થયેલ પરિસ્થિતિના પગલે વાલીઓએ શાળાઓ ખુલતાની સાથે જ વિદ્યાર્થીઓની ફી ભરવી, સ્કુલ રીક્ષા - વાન ફી સહિતની મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.

મહિલાની ગળેટૂંપો દીધેલ હાલતમાં લાશ મળી આવી

ભાવનગર, તા.૧૭

ભાવનગર જિલ્લાના મહુવામાંથી મહિલાની ગળેટૂંપો દીધેલી હાલતમાં લાશ મળી આવતા પોલીસે તપાસ હાથ ધરી છે. ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના યોકવા ગામે રહેતા વર્ષાબેન હિંમતભાઈ ચાવડા (ઉ.વ.૪૦)નો મૃતદેહ વાડીના શોણામાં ગળેટૂંપો દીધેલ શંકાસ્પદ હાલતમાં મળી આવતા આ બનાવની જાણ થતાં જ મહુવા પોલીસનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને તપાસ હાથ ધરી હતી.

પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહની હાલત શંકાસ્પદ જણા પોસ્ટમોર્ટમ માટે ભાવનગરની સરટી હોસ્પિટલ ખાતે મોકલી આપેલ છે. જ્યાં મૃતદેહનું પેનલ તબીબ દ્વારા પોસ્ટમોર્ટમ કરવામાં આવશે.

મોરબીમાં ઈન્દિરા ગાંધી જયંતી અન્વયે ૧૯મીએ સ્મરણાંજલિ કાર્યક્રમ

મોરબી,તા.૧૭

દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીની જન્મજયંતી નિમિત્તે મોરબી જિલ્લા કોંગ્રેસ દ્વારા તા.૧૯-૧૧-૨૦૧૬ને શનિવારે સવારે ૯:૩૦ વાગ્યે નવા બસ સ્ટેશન સામે, અજન્તા કોમ્પ્લેક્ષ, મોરબી ખાતે સ્મરણાંજલિ કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં સહભાગી થવા મોરબી જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ બ્રિજેશભાઈ મેરજા તથા કાર્યાલય મંત્રી કાંતિભાઈ બાવરવાની યાદીમાં જણાવાયું છે.

અવસાન નોંધ

ધોરાજીના અગ્રણી કાર્યકર હાજી યુનુસનું નિધન

ધોરાજીમાં મુસ્લિમ અગ્રણી અને સામાજીક કાર્યકર ડો.હાજી યુનુસભાઈ હસનફતાનુ ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. સેવાભાવી કાર્યકર ડો.હાજી યુનુસભાઈએ સમગ્ર જીવન સમાજ સેવામાં વિતાવ્યું છે. ઉચ્ચ વિચાર ધરાવનારા ડો.હાજી યુનુસભાઈનું એકાએક અવસાન થતાં સમગ્ર ધોરાજીના હિન્દુ-મુસ્લિમ સમાજના લોકોમાં શોકની લાગણી ફેલાઈ છે. તેમણે અનેક સંસ્થામાં વિનામૂલ્યે સેવા આપી હતી. અંજુમને ઈસ્લામ મેમણ મોટી જમાતમાં પ્રમુખ સ્થાને, મદ્રસા-એ ફૈઝુલ ઈસ્લામમાં ટ્રસ્ટી પદે, બુખારી શાહ મસ્જિદ ટ્રસ્ટ આ ઉપરાંત ધાર્મિક અને શૈક્ષણિક સંસ્થાઓમાં સેવા આપેલ હતી. મર્હુમની ઝિયારત બુખારી શાહ મસ્જિદમાં રાખવામાં આવેલ છે.

ચલણી નોટોની જોરદાર ઈફેક્ટ

સૌરાષ્ટ્ર-કચ્છના તમામ માર્કેટ યાર્ડમાં અનિશ્ચિત મુદત માટે બંધની જાહેરાત

રોકડિયો વ્યવહાર કરતા યાર્ડમાં નાણાં જરૂરી હોઈ સરકારમાં રજૂઆત કરાશે

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર,તા.૧૭

૫૦૦-૧૦૦૦ રૂપિયાની જૂની ચલણી નોટો બંધ થયા બાદ નવીચલણી નોટોનો પુરવઠો પૂરતા પ્રમાણમાં નહીં જળવાતા લોકોની હાડમારી વધતા વિકટ પરિસ્થિતિ ઉભી થઈ છે તેમાં સૌથી વધુ કફોડી સ્થિતિ સામાન્ય જનની તથા રોકડિયો વહીવટ ચલાવતા માર્કેટીંગ યાર્ડની થઈ છે તો બીજી તરફ ખેડૂતોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહયો છે આવી સ્થિતિમાં યાર્ડના કામકાજ સામે પ્રશ્નો ઉભા થતા અંતે સૌરાષ્ટ્ર-કચ્છના માર્કેટયાર્ડ આજથી બંધ રાખવાનો નિર્ણય કરી સરકારમાં રજૂઆત કરવાનું નકકી કરાયું છે.આ સંદર્ભે રાજકોટ ખાતે આજે સૌરાષ્ટ્ર-કચ્છના તમામ માર્કેટ યાર્ડના ચેરમેનોની એક ઉચ્ચસ્તરીય બેઠક મળી હતી. આ બેઠકમાં ૧૧ સભ્યોની એક નવી સમિતિ બનાવવામાં આવી છે. આ બેઠકમાં ચર્ચાને અંતે હાલ અનિશ્ચિત મુદત સુધી તમામ યાર્ડ બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત બીજા અન્ય મુદાઓને લઈને સરકાર સાથે વાતચીત કરવામાં આવશે.રાજકોટ, ગોંડલ, હાપા (જામનગર) જૂનાગઢ સહિતના માર્કેટીંગ યાર્ડમાં ચેક દ્વારા કામકાજ શરૂ કરવામાં આવ્યા હતા. જે ખેડૂત માલ સામે ચેક સ્વીકારવા તૈયાર થાય તેનો માલ વેચાણમાં મુકવામાં આવે છે .ખેડૂતોને ચેકનો વહીવટ હજુ સ્વીકાર્ય નથી અને બીજી તરફ યાર્ડમાં રોકડા વહીવટી માટે નવી નોટોનો જથ્થો ઉપલબ્ધ થયો નથી. જેથી હાલ પુરતા સૌરાષ્ટ્ર-કચ્છના તમામ માર્કેટીંગ યાર્ડ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ખેડૂતો માલ વેચવા યાર્ડમાં આવે છે પરંતુ નાણાંના અભાવે હરાજી થઈ શકતી નથી. જેથી મુશ્કેલી ઉભી થાય છે ખેડૂતને વાહન ભાડા તેમજ ઉતરાઈનો મજુરી ખર્ચ પણ માથે પડી રહયો છે. આ સ્થિતિના નિવારણ માટે બધા માર્કેટીંગ યાર્ડ એક સાથે મળીને સરકારમાં રજૂઆત કરવાની તૈયારીમાં છે રોકડિયો વ્યવહાર ખેડૂતો સાથે થઈ શકે તેટલી નોટો મળી રહે તે માટે સરકારમાં રજૂઆત કરે તેવી શકયતા છે સામાન્ય દિવસોમાં દરેક યાર્ડમાં દલાલો પાસેથી કિસાનોને દોઢથી બે કરોડનું ચૂકવણુ કરવામાં આવતુ હોય છે. ત્યારે હાલ ઉભી થયેલી નાણાની અછતને કારણે આ વ્યવહાર ઠપ થઈ ગયો છે. હવે આટલી મોટી રકમ મળી શકે તો આ વ્યવહાર પુનઃ કાર્યરત થઈ શકે તેમ છે.

કાલાવડના નિકાવા ગામની ઘટના

મુસ્લિમ વૃદ્ધાને ગળેટૂંપો આપી દોઢ લાખના દાગીના લૂંટી મહિલા ફરાર

જામનગર તા. ૧૭

કાલાવડના નિકાવા ગામમાં વૃધ્ધાને ગળાટૂંપો આપી તેમજ મોઢામાં કાપડનો ડુચો મારી રૂા.દોઢ લાખની કિંમતના ૬૦ ગ્રામ વજનના સોનાના દાગીનાની લૂંટ કર્યાની પોલીસમાં ફરિયાદ થઈ છે. કાલાવડના નિકાવા ગામમાં રહેતા ખતીજાબેન હબીબભાઈ દલ નામના સિત્તેર વર્ષના વૃધ્ધા ગઈકાલે બપોરે પોતાના ઘરે હતા ત્યારે તેમના ઘરે આવેલી એક અજાણી મજબૂત બાંધાની સ્ત્રીએ ખતીજાબેનને કહ્યું હતું કે, તમારા સંબંધી યાકુબભાઈની વહુને બેંકમાં પૈસા જમા કરાવવા છે તે માટે હબીબભાઈને તેઓની સાથે બેંકમાં મોકલો.ત્યાર પછી હબીબભાઈ તે મહિલાના કહ્યા મુજબ બેંકે જવા માટે રવાના થયા ત્યારે આ મહિલાએ તેઓને વધુમાં જણાવ્યું હતું કે, તમે બેંકની સામેના ઓટલે બેસજો ત્યાં ઝરીનાબેન પૈસા ભરવાનું ફોર્મ લઈને આવશે. આથી હબીબભાઈ ઝરીનાબેનની રાહ જોઈને બેંકની સામેના ઓટલા પર બેઠા રહ્યા હતા તે દરમ્યાન ઘરમાં એકલા રહેલા ખતીજાબેનને આ મહિલાએ પોતાની વાતોમાં ભોળવી મકાન દેખાડવા માટે કહ્યું હતું.આ અજાણી સ્ત્રીને ખતીજાબેન પોતાનું મકાન બતાવતા હતા ત્યારે મકાનની અંદર રહેલા તેઓના પુત્રના ઓરડા પાસે જ્યારે ખતીજાબેન પહોંચ્યા ત્યારે આ વૃધ્ધાને અજાણી મજબૂત બાંધાની સ્ત્રીએ અચાનક પોતાની પાસે રહેલા કાપડના લીરા વડે ગળાટૂંપો આપી દીધો હતો ત્યાર પછી કાપડના બીજા ટૂકડા વડે ખતીજાબેનના મોઢામાં ડુચો મારી આ મહિલાએ ખતીજાબેનના હાથમાં પહેરેલા સોનાના બે પાટલા અને ગળામાંથી સોનાનો ચેન મળી કુલ ૬૦ ગ્રામ સોનાના દાગીના લૂંટી લીધા હતા.પોતાનો ઈરાદો પાર પડયા પછી આ મહિલા નાસી જતાં ખતીજાબેને બૂમાબૂમ કરી હતી, પરંતુ તે પહેલાં આ મહિલા પલાયન થઈ ગઈ હતી.

સુરેન્દ્રનગર ખાતે ઘરફોડ ચોરી કરનાર ત્રણ ઈસમો ઝડપાયા

સુરેન્દ્રનગર, તા.૧૭

સુરેન્દ્રનગર પોલીસે જીન કમ્પાઉન્ડના મેદાન પાસેથી બે ઈસમોને લેપટોપ તથા મોબાઈલ સાથે ઝડપી પાડ્યા હતા. આ ઈસમો સાથે બીજો એક યુવક આ ઘરફોડ ચોરીમાં સંડોવાયેલ હોવાની જાણ થતાં પોલીસે તેને પણ ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.સુરેન્દ્રનગરના જીનતાન રોડ પર આવેલ કમ્પાઉન્ડ ખાતેથી આધાર પુરાવા વગરના લેપટોપ તથા મોબાઈલ સાથે ઈકબાલ ઉર્ફે ઈસાભાઈ નુરમહંમદભાઈ બાબરિયા તેમજ દાઉદભાઈ સલીમભાઈ મોવરની પોલીસે અટકાયત કરી હતી જો કે, પોલીસ દ્વારા સઘન પૂછપરછ કરાતા સુરેન્દ્રનગર સહિત વઢવાણમાં ત્રણેય જગ્યાએ ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. આ ઘરફોડ ચોરીમાં બીજા એક આરોપીએ મળી તમામ ચોરીને અંજામ આપ્યો હોવાથી આ ત્રણેય ચોરોને ઝડપી પાડતા ત્રણેય ચોરોએ રૂા. ૪,૧૯,૦૦૦ની ચોરીની કબૂલાત કરી હતી. પોલીસે ત્રણેય વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અમરેલીના ધરતી પુત્રોની હાલત કફોડી

સરકાર ચેકથી ખાતર આપવા માંગે છે પણ... ખેડૂતો પાસે ચેકબુક નથી !

સહકારી મંડલીનુ ખાતરનું ગોડાઉન છે અહિંયા ખાતર પુરતા પ્રમાણમા હોવા છતા મંડળીના સતાધીશો દ્વારા ખેડુતોને ખાતર મળતુ નથી. હાલ રવિપાક વાવેતરનો સમય પાકી ગયો છે. ત્યારે મોટાભાગના ખેડુતોની પાસે ચેકબુક નથી તો હાલ પૈસા હોવા છતાં ખાતર મળતુ નથી. ત્યારે આ ગ્રામ્ય ખેડુતો હૈયા વરાળ સાથે સરકારની નોટબંધીની નીતિ રીતીથી ત્રાહિમામ પોકારી ઉઠયા છે. નેસડી ગામે ખાતર લેવા આવી રહેલા ખેડુતોને ખાતરનો પુરતો સ્ટોક હોવા છતા ચેકબુકના પ્રશ્ને ખાતર અપાતુ નથી. સરકારે આ બાબતે વિચારીને ખેડૂતો માટે યોગ્ય પગલાં લેવા જરૂરી છે.

અમરેલી,તા.૧૭

સરકારે ખેડૂતો માટે ચેકથી ખાતર લઈ શકવાની જાહેરાતના પગલે અમરેલી જીલ્લાના ગામડાની મંડળીઓમા ખેડૂતો પહોચ્યા તો ખરા પણ ચેકબુક નહોવાના કારણે વિલા મોઢે પરત ફર્યા હતા અને ખેડૂતો ની સ્થિતિ જાયે તો જાયે કહા જેવી થઈ છે. સાવરકુંડલાના નેસડી ગામની

સિરામીક ઉદ્યોગો પર તવાઈ આવતાં મોરબી કલેક્ટરને રજૂઆત

મોરબી,તા.૧૭

દેશમાં મોટી ચલણી નોટો રદ કરવાના સરકારના નિર્ણય બાદ બેંકો અને એટીએમ સેન્ટર પર ગ્રાહકો કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવા મજબૂર બન્યા છે અને કલાકો સુધી લાઈનમાં ઉભા રહ્યા બાદ ઘણાં નાગરિકોને રોકડ રકમ મળતી નથી.

ગ્રામીય વિસ્તારના બેંકિંગ સુવિધા ન હોવાને કારણે ખેડૂતોએ વેચાણ કરેલ ખેત ઉપજની આવકના રૂપિયા જે હાલમાં તેઓના ઘરમાં પડ્યા છે. આ રકમ બેંક એકાઉન્ટમાં કેવી રીતે જમા કરાવવી તેવી ગુંચવણ ઉભી થયેલ છે. જેથી બેંકના વ્યવહારથી અજ્ઞાન એવા ખેડૂતો સલામત રીતે પોતાની મરણ મૂળી બેંકમાં જમા કરાવી શકે તે માટેની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે. તેમજ મોરબીના આસપાસના વિસ્તારમાં આવેલ વિશ્વ કક્ષાનો સિરામીક ઉદ્યોગ મોટી ચલણી નોટો બંધ થવાના કારણે વેન્ટીલેટર ઉપર આવી ગયો છે. જો સિરામીક ઈન્ડસ્ટ્રીઝને રોજિંદા વ્યવહારો ચલાવવા માટે જરૂરિયાત મુજબની વર્તમાન ચલણની રકમ નહીં મળે તો મોરબીનો સિરામીક ઉદ્યોગ ઠપ થઈ જશે જેથી તંત્ર દ્વારા મોરબીના સિરામીક ઝોન માટે રોકડ રકમની ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવે તે માટે મોરબી જિલ્લા પંચાયતના કારોબારી સમિતિના અધ્યક્ષ કિશોરભાઈ ચીખલીયાએ મોરબી જિલ્લા કલેક્ટરને રજૂઆત કરવા માંગ કરાઈ છે.

તંત્રની નિષ્ક્રિયતા પ્રત્યે લોકોમાં રોષ

અંકલેશ્વર-ઉમરપાડા-પાનોલી માર્ગ ત્રણ વર્ષથી મંજૂર, છતાં બનાવાતો નથી !

(સંવાદદાતા દ્વારા) અંકલેશ્વર, તા.૧૭

અંકલેશ્વરથી ઉમરપાડા પાનોલી સુધી લંબાતો માર્ગ સેંકડો વાહનચાલકો માટે ઉપરાંત બસ વ્યવહાર માટે અત્યંત મહત્ત્વનો છે. પાનોલી જીઆઈડીસીમાં કામ કરતાં અને અંકલેશ્વર શહેરમાં કે આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા સેંકડો નોકરિયાતો આ માર્ગનો નિયમિત ઉપયોગ કરે છે. કેમ કે નેશનલ હાઈવે તેમને અત્યંત દૂર પડી જાય છે. વળી આ માર્ગ પર અનેક રહેણાંક વિસ્તારો તેમજ શાળા પણ આવેલી છે. ગ્રામ્ય વિસ્તારમાં જતી એસ.ટી. બસો પણ આ જ માર્ગનો ઉપયોગ કરે છે. બિસમાર આ માર્ગના નિર્માણ માટે ૩ વર્ષ પૂર્વે જ મંજૂરી મળી ગઈ હતી. રસ્તો ડામરનો અને પહોળો કરવાની મંજૂરી છતાં પણ અગમ્ય કારણોસર આ માર્ગનું નિર્માણકાર્ય હાથ ન ધરતા લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. ચોમાસામાં આ માર્ગ પર ઊંડા ખાડાં પડી ગયા હોવાથી હાલતો બસ વ્યવહાર પણ સદંતર બંધ થઈ ગયો છે તેમ છતાં માર્ગ-મકાન વિભાગના અધિકારીઓના પેટનું પાણી હાલતું નથી.

આ સમસ્યા અંગે અંકલેશ્વર તાલુકાના આંબોલી ગામના રહીશ અને જિલ્લા પંચાયત સદસ્ય ઠાકોરભાઈ વસાવાએ પુનઃ એકવાર તા.૨૫મી નવેમ્બરના રોજ જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરને લેખિતમાં રજૂઆત કરી છે અને એની નકલ અંકલેશ્વર માર્ગ અને મકાનના પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરને મોકલી છે. ઠાકોર વસાવાએ આક્ષેપ કર્યો કે ત્રણ વર્ષથી આ કામ મંજૂર છે તેમ છતાં હાથ પર લેવાતું નથી.

તા.૧૯મી નવેમ્બરે કરાશે ખાતમુહૂર્ત

દાહોદ : રૂા.૧૫ કરોડના ખર્ચે કેન્દ્રીય વિદ્યાલયનું બિલ્ડીંગ બનાવાશે

(સંવાદદતા દ્વારા) દાહોદ, તા.૧૭

દાહોદ જિલ્લાના મુવાલીયા વિસ્તાર નજીક ૧૫ કરોડના ખર્ચે નવિન કેન્દ્રીય વિધાલયના બિલ્ડીંગ બનાવાનું નક્કી કરવામાં આવ્યુ છે. કેન્દ્રના આદિજાતિ મંત્રી જશવંત ભાભોરના હસ્તે ૧૯મીના રોજ બિલ્ડીંગના બાંધકામનો કાર્ય શુભારંભનો કાર્યક્રમ યોજાશે.

યુ.પી.એ. સરકારના સાશન દરમિયાન દાહોદ જિલ્લામાં નવિન કેન્દ્રિય વિધાલય અસ્તિત્વમાં આવતા લોકોમાં આનંદ છવાયો હતો. જિલ્લામાં કેન્દ્રિય વિધાલયમાં જિલ્લામાંથી મોટી સંખ્યામાં બાળકો અભ્યાસ કરી રહ્યા છે. રેલ્વના મકાનમાં ચાલતી કેન્દ્રિય વિધાલયના નવા બિલ્ડીંગના બાંધકામ માટે કોગ્રેસના માજી સાસંદ પ્રભાબેન તાવીયાડે તેમના કાર્યકાળમાં ઘણી મહેનત કર્યા બાદ જમીન ફાળવાતાં ખાત મૂહુર્ત પણ કર્યુ હતું. સાસંદની ચૂંટણીમાં દાહોદમાં ભાજપના જશંવત ભાભોર ચૂંટાવાની સાથે કેન્દ્રમાં મોદીની સરકારનું સાશન આવ્યુ છે. મોદીના સાશનમાં દાહોદના સાસંદ દ્વારા કરેલી રજુઆતોના કારણે કેન્દ્રિય વિધાલયના નવા બિલ્ડીંગના બાંધકામ માટે ૧૫ કરોડની રકમ મંજુર કરાવી છે. દાહોદના રેલ્વે કોલોની મુવાલીયા ગામ પાસે હાઈવેની બાજુમાં જમીન આપવામાં આવી છે. કેન્દ્રિય વિધાલય બનાવા અપાયેલી જમીનમાં ૧૫ કરોડના ખર્ચે નવિન કેન્દ્રિય વિધાલયનું બિલ્ડીંગ બનાવામાં આવનાર છે. નવા બિલ્ડીંગનું કાર્ય શુભારંભની તારીખો નક્કિ થવામાં વિલંબ થઈ રહ્યો છે. બિલ્ડીંગ કામગીરી ખોરવાય નહી તેમાટે તંત્ર દ્વારા ૧૯મીના રોજ બપોરના ૧૨ કલાકે આદિજાતિ મંત્રી જશવંત ભાભોરના હસ્તે ભવનના કાર્યનું શુંભારંભ કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

વડોદરા ગુજરાત ગ્રામીણ બેંકના ધાંધિયા

વરેડિયાની બેંકમાં નોટો બદલવાની સુવિધા હજી શરૂ ન કરાતાં લોકોમાં રોષ

(સંવાદદાતા દ્વારા) પાલેજ, તા.૧૭

બેંક ઓફ બરોડા સાથે સંકળાયેલ વડોદરા ગુજરાત ગ્રામીણ બેંકની વરેડિયા શાખામાં રૂા.૫૦૦-૧૦૦૦ની નોટ બદલી આપવાની શરૂઆત ૯મા દિવસે પણ ન થતાં ચાર ગામના ૫૦૦૦ ગ્રાહકોમાં ભારેભાર આક્રોશ વ્યાપી જવા પામ્યો છે.

વરેડિયા ખાતે આવેલ વડોદરા ગુજરાત ગ્રામીણ બેંકમાં પોતાના બેંક ખાતામાં જમા રકમમાંથી ફક્ત ૨૦૦૦ રૂપિયા ચૂકવાશેનો આદેશ અપાતા હજારો ગ્રાહકો મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે. શરૂઆતના દિવસના અઠવાડિયાના ૪૦૦૦ ત્યારબાદ ૭૦૦૦ અને ૯૦૦૦ પછી હવે માત્ર ૨૦૦૦ રૂપિયા ઉપાડી શકાશેના બેંકના મનસ્વી નિર્ણયથી ચાર ગામના ૫૦૦૦ ખાતેદારો મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે. આ શાખામાં વરેડિયા, સેગવા, કહાન, માંચનાના ૫૦૦૦ લોકોના ખાતા છે. ઘેર ઘેર જઈ, હાથ જોડી પોતાની શાખાઓમાં ખાતા ખોલવા ગ્રાહકો સમજાવનાર આવી ગ્રામીણ બેંકો આજે ગ્રાહકોને આંખ બતાવી રહી છે. રૂા.૫૦૦-૧૦૦૦ની ચલણી નોટો બેંકો રૂા.૪૦૦૦ સુધી બદલી આપશે એવા વડાપ્રધાનના શબ્દો આ શાખાના પ્રબંધકના કાને હજુ પડયા લાગતા નથી.

ટૂંક સમયમાં જાહેરનામું બહાર પડશે

ખેડા જિ.માં ડિસેમ્બરમાં ૪૧૭ ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાશે

નડિયાદ,તા.૧૭

ખેડા જિલ્લામાં શિયાળાની શરૂઆત થતાં જ ધીમે ધીમે ચૂંટણી માહોલ જામી રહ્યો છે. આગામી તા. ૨૭ મી ના રોજ નડિયાદ નગરપાલિકાના એક વોર્ડની તેમજ માતર તથા ગળતેશ્વર તાલુકા પંચાયતની અનુક્રમે આત્રોલી તેમજ વસો બેઠકની ચૂંટણી યોજવા તંત્ર સજ્જ બન્યું છે. આ ચૂંટણી યોજાયા બાદ તરત ખેડા જિલ્લાની ૪૧૭ ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી માટે જાહેર નામું પડશે તેવી ગણત્રીના આધારે ખેડા જિલ્લાના અધિકારીઓએ આ માટે પણ કાર્યવાહી શરૂ કરી દીધી છે. ગુજરાત - વિધાનસભાની ચૂંટણી આગામી વર્ષમાં આવી રહી છે. આ વિધાનસભાની ચૂંટણી પૂર્વ જાન્યું - ૨૦૧૭ માં જે ગ્રામપંચાયતની મુદત પૂર્ણ થાય છે તેવી ગ્રામપંચાયતોની સામાન્ય ચૂંટણી ડિસેમ્બર - ૨૦૧૬માં યોજાયા ચૂંટણીતંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. ખેડા જિલ્લામાં ડિસે. ૨૦૧૬માં ૪૧૭ જેટલી ગ્રામપંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાશે. આ ચૂંટણીને આડે ગણત્રીના દિવસો બાકી છે ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં ધીમે ધીમે રાજકારણમાં ગરમાવો જામ્યો છે.

વડોદરા : કેબલવાયરોની ચોરી કરનાર બે તસ્કરો ઝડપાયા

(સંવાદદાતા દ્વારા) વડોદરા,તા.૧૭

સમા પોલીસ મથકનો સ્ટાફ ગઈકાલે પેટ્રોલીંગમાં હતો. તે દરમિયાન સમા સ્પોર્ટસ કોમ્પલેક્ષ પાસેની શુલભ શૌચાલય પાસેથી ચાર શંકાસ્પદ ઈસમોને ઝડપી પાડ્યા હતાં. પુછપરછ કરતાં તેઓ આજવારોડ લક્ષ્મીનગરમાં રહેતા ફિરોજ ઉર્ફે સિધ્ધુ ચૌધરી, જુબેર સુલેમાની, રહેમાન મલેક તથા એકતાનગરમાં રહેતા તોફીક અંસારી હોવાનું જણાવ્યું હતું. તેઓની અટકાયત કરી ફોન, વાયર કાપવાનું કટર તથા ૧૦ નંગ કેબલના બંડલો મળી કુલ રૂા.૬૩૦૭૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ચારેયની સઘન પુછપરછમાં સમા સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા બે ભાઈઓ એકતાનગરમાં રહેતા આદેશકુમાર યાદવ અને ઉપદેશ યાદવની મદદથી ચોરીને અંજામ આપતા હોવાની કબુલાત કરી હતી. જેના આધારે પોલીસે સિક્યુરીટી ગાર્ડ આદેશકુમાર યાદવ અને ઉપદેશ યાદવની પણ ધરપકડ કરી હતી. પોલીસે ગુનેગારોના રિમાંડની તજવીજ હાથ ધરી છે.

મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ સોસાયટીના પ્રમુખ-ઉપપ્રમુખની સર્વાનુમતે વરણી



(સંવાદદાતા દ્વારા) મોડાસા,તા.૧૭

તાજેતરમાં સંપન્ન થયેલ મોડાસા ટ્રાન્સપોર્ટ કો.ઓ.સોસાયટીની ચૂંટણીમાં અ.રજ્જાક ટીંટોઈવાની પેનલના કુલ ૧૧માંથી ૮ ઉમેદવારો વિજયી થયા હતા. નવા ચૂંટાયેલા ડિરેક્ટરોની મીટિંગ આજરોજ યોજાઈ ગઈ જેમાં સોસાયટીના પ્રમુખ તરીકે અ.રજ્જાક હુસેનભાઈ ટીંટોઈના તથા ઉપપ્રમુખ તરીકે અ.રહીમ ઈસ્માઈલ મનવાની બિનહરીફ સર્વાનુમતે વરણી થઈ હતી. નવનિયુક્ત પ્રમુખ-ઉપપ્રમુખને સહકાર તંત્ર સાથે સામાજિક, શૈક્ષણિક તથા રાજકીય ક્ષેત્રના આગેવાનોએ શુભેચ્છાઓ પાઠવી હતી.

ચેરિટી કમિશનરે પ્રમુખપદ માટે ગાયકવાડને યોગ્ય ઠેરવતા

વિરોધી રિવાઈવલ જૂથ દ્વારા નિર્ણય સામે કોર્ટમાંથી સ્ટે લાવવાની તજવીજ

રોયલ જૂથ દ્વારા રિવાઈવલ જૂથની કાર્યવાહી સામે લડવા એક્શન પ્લાન તૈયાર

(સંવાદદાતા દ્વારા) વડોદરા તા.૧૭,

બરોડા ક્રિકેટ એસોસીએશનનાં પ્રમુખ પદ માટેનાં વિવાદ બાદ ચેરીટી કમિશ્નરે ચુંટાયેલા પ્રમુખ સમરજીતસિંહ ગાયકવાડને પ્રમુખ પદ માટે યોગ્ય ઠેરવતા વિરોધી રીવાઈવલ જુથ દ્વારા આ નિર્ણય સામે કોર્ટમાં જઈ સ્ટે લાવવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. જ્યારે રોયલ જુથ દ્વારા પણ રિવાઈવલ જુથની કાર્યવાહી સામે લડવા એકશન પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, રિવાઈવલ જુથ દ્વારા બહુમતિનાં જોરે બીસીએનાં પ્રમુખ પદે જીતેન્દ્ર પટેલ (પોપ)ની નિમણુંક કરી દેવાઈ હતી. જે અંગે ચેરીટી કમિશ્નર સમક્ષ ફરિયાદ કરાયા બાદ ચેરીટી કમિશ્નરે સીલેકટેડ પ્રમુખ જીતેન્દ્ર પટેલની જગ્યાએ ઈલેકટેડ (ચુંટાયેલા) પ્રમુખ સમરજીતસિંહ ગાયકવાડને પ્રમુખપદ માટે યોગ્ય ઠેરવતા રિવાઈવલ જુથમાં ખળભળાટ વ્યાપી જવા પામ્યો છે. આ નિર્ણયને કોર્ટમાં પડકારવા ૧૫ દિવસની મહોલત આપી હોવાથી રિવાઈવલ જુથ દ્વારા આ નિર્ણયને પડકારવા કોર્ટનાં દ્વાર ખખડાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

બીસીએનાં કાર્યકારી મંત્રી અને રિવાઈવલ જુથના સ્નેહલ પરીખે જણાવ્યું હતું કે, ચેરીટી કમિશ્નરનાં આદેશને પડકારવા માટે અમારી પાસે ૧૫ દિવસનો સમય છે. જેની સામે અમે કોર્ટમાં જઈશુ તેમજ આ નિર્ણય સામે સ્ટે ઓર્ડર લાવવાની પણ કાર્યવાહી કરીશું.જ્યારે સામે પક્ષે રોયલ ગ્રુપ દ્વારા પણ રિવાઈવલ જુથ સામે કાયદાકીય કાર્યવાહી કરવા એકશન પ્લાન ઘડી નાંખવામાં આવ્યુ હોવાનું જાણવા મળ્યું છે.

કર્મચારીઓ માટે પોલીસ દરબાર યોજાયો

વડોદરા રેન્જ આઈ.જી. મલિક દ્વારા છોટાઉદેપુર જિલ્લા પોલીસનું ઈન્સ્પેકશન

છોટાઉદેપુર, તા.૧૭

છોટાઉદેપુર જિલ્લા પોલીસનું વાર્ષિક ઈન્સ્પેકશન કાર્યક્રમનું આયોજન વડોદરા રેન્જ આઈ.જી.પી. જી.એસ. મલિક દ્વારા તા.૧૪મી નવેમ્બરથી તા.૧૯મી નવેમ્બર દરમ્યાન યોજવામાં આવેલ છે. જે અંતર્ગત ગતરોજ છોટાઉદેપુર જિલ્લાના ખુટાલીયા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે વાર્ષિક ઈન્સ્પેકશન પરેડ રાખવામાં આવેલ હતી. જેમાં જિલ્લા પોલીસ વડા પી.સી.બરંડા તથા ના.પો.અધિ. એચ.ડી.મેવાડા તથા પોલીસ ઈન્સ્પેકટર રાજેન્દ્ર દેવધા,

આર.એસ.બારીયા, તથા જિલ્લાના તમામ થાણા/શાખા પોલીસ અધિકારીઓ તેમજ પોલીસ સ્ટાફ તથા હોમગાર્ડ, જી.આર.ડી. સભ્યો તથા એસ.પી.સી.કેડેટનાં સ્ટુડન્ટ હાજર રહ્યા હતા.

જેમાં સવારના કલાક ૦૭ કલાકે પોલીસ અધિક્ષક દ્વારા ૬ પ્લાટુનને પરેડ માર્ચ બેન્ડ સંગીતના તાલ ઉપર કરાવવામાં આવ્યું હતું. આ પરેડનું નિરીક્ષક આઈ.જી.પી. મલિક દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ આઈ.જી.પી. દ્વારા જિલ્લાના પોલીસ અધિકારીઓ મારફતે સ્કોડ ડ્રીલ લેવડાવવામાં આવી હતી. આ વાર્ષિક ઈન્સ્પેકશન પરેડ દરમ્યાન પી.ટી. પરેડ, મેડિસીન બોલ પી.ટી., લગ પીટી, રાઈફલ પીટી, રાયફલ એક્સરસાઈઝ, હથિયાર ખોલવું જોડવું, લાઠી ડ્રીલ, ગાર્ડ માઉન્ટીંગ, ઘોડે સવારીના કરતબ, ડોગ દ્વારા પરેડ સહિતની પરેડ પણ યોજવામાં આવી હતી. તેમજ કોમી હુલ્લડ, સમૂહ આંદોલનો, ગેરકાયદેસર ટોળાઓને કંટ્રોલ કરવા અંગેની મોક ડ્રીલ લેવામાં આવી હતી અને પોલીસ અધિકારી તથા કર્મચારીઓની રજૂઆત કે પ્રશ્નના નિવારણ માટે પોલીસ દરબાર યોજી અધિકારી કર્મચારીઓની રજૂઆત સાંભળવામાં આવી હતી.

જૂની અદાવતના પગલે

ચાર શખ્સોએ યુવકનું અપહરણ કરી ઢોર માર મારી લૂંટી લીધાની ફરિયાદ

વડોદરા,તા.૧૭

નવાપુરાનાં યુવકનું જુના ઝઘડાની અદાવતમાં ચાર જેટલા શખ્સોએ અપહરણ કરી અને તેની પાસેથી રોકડ રકમ લુંટ ચલાવતા પોલીસે ફરિયાદને આધારે તપાસ હાથ ધરી ચારે જણાંને ઝડપી પાડ્યા હતાં. પ્રાપ્ત થતી વિગતો અનુસાર નવાપુરાનાં હરીજનવાસ સ્લમ ક્વાર્ટર્સમાં જશવંતભાઈ સોલંકી રહે છે. જેઓનો પુત્ર રવિ નાસીક ઢોલ વગાડી પોતાનું ગુજરાન ચલાવે છે. નવાપુરાનાં હરિજનવાસમાં રહેતા અશ્વિન ઉર્ફે લાલો સોલંકી,જૈમીન સોલંકી, યોગેશ સોલંકી તથા પારસ સોલંકી પણ રવિ સોલંકી સાથે નાસીક ઢોલ વગાડે છે. થોડા સમય અગાઉ રવિ સાથે ઝગડો થતાં આ ઝઘડાની અદાવત રાખી ચાર પૈકીના એકે રવિને ગઈકાલે સાંજે નાસીક ઢોલ વગાડવાનું કામ આવેલુ છે તેવુ કહી ટાવર ચાર રસ્તા પાસે બોલાવ્યો હતો. જ્યાંથી અશ્વિન સોલંકી તથા જૈમીન સોલંકીએ રવિને મોટર સાયકલ પર બેસાડીને કુબેરભવનની પાછળના ભાગે લઈ ગયા હતાં. જ્યાં બંનેએ તેને ગાળો ભાંડી અને માર માર્યો હતો. ત્યારબાદ રવિને યુવકોએ જબરજસ્તીથી મોટર સાયકલ પર બેસાડી તેનું અપહરણ કર્યું હતું. અને આણંદની અમુલ ડેરી પાસે લઈ જઈ તેને માર માર્યો હતો. યુવકોએ રવિને માર માર્યા બાદ તેની પાસે રહેલા રૂા.૨૨૦૦ રોકડા કાઢી લીધા હતાં. અને ત્યાં જ તરછોડી અશ્વિન અને જૈમીન ફરાર થઈ ગયા હતાં. બનાવ બાદ રવિએ તેના પરિવારજનો તથા પોલીસને જાણ કરી હતી. બનાવને પગલે રાવપુરા પોલીસે બનાવ અંગે રવિ સોલંકીની ફરિયાદ લઈ ફરાર ચારેય યુવકોને ઝડપી પાડ્યા હતાં.

વડોદરાના શીયાબાગના બોરડી ફળિયામાં

સમારકામ વેળા બાંધકામ ધસી પડતા વાહનચાલક વૃદ્ધાને ગંભીર ઈજા

(સંવાદદાતા દ્વારા) વડોદરા,તા.૧૭

શિયાબાગનાં બોરડી ફળીયામાં મકાનના સમારકામ વેળાએ રસ્તા પરનો ભાગ ઘસી પડતા ત્યાંથી વાહન લઈને પસાર થતા વૃદ્ધને માથાના ભાગે ઈજા પહોંચી હતી જયારે ચાર વાહનોને નુકશાન પહોંચ્યું હતું. ફાયર બ્રિગેડનાં જણાવ્યા અનુસાર શીયાબાગનાં બોરડી ફળીયામાં તુષારભાઈ પટેલનું મકાન આવેલુ છે. આ મકાનનું હાલ સમારકામ ચાલી રહ્યું છે. આ સમારકામમાં મકાનના આગળના ભાગે બાંધકામ કરવામાં આવી રહ્યુ હોવાથી રસ્તા પર ટેકા મુકી કામગીરી કરવામાં આવી રહી છે. આજે રસ્તા પર મુકેલા ટેકાને યોગ્ય રીતે વેલ્ડીંગ કરવામાં ન આવ્યુ હોવાથી તે રોડ રસ્તા પર ઘસી પડ્યા હતાં. ટેકા રોડ પર પડી જતાં ઉપર કરેલુ બાંધકામ પણ ઘસી પડ્યુ હતું. આ સમયે ત્યાંથી વાહન લઈને પસાર થતાં ૭૦ વર્ષના ચંપકભાઈ શાહને માથાના તથા ખભાને ભાગે ઈજાઓ પહોંચી હતી. જેના પગલે તેઓને સારવાર માટે સયાજી હોસ્પીટલ ખાતે ખસેડ્યા હતાં. રસ્તા પર મકાન ઘસી પડવાથી ચાર જેટલા વાહનોને નુકશાન પહોંચ્યું હતું. બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડ ઘટના સ્થળે પહોંચી હતી અને કાર્યવાહી હાથ ધરી હતી. મકાન ઘસી પડવાના બનાવને પગલે વોર્ડ ઓફીસનાં કર્મચારીઓ પણ ઘટના સ્થળે દોડી આવી કાર્યવાહી હાથ ધરી હતી.

કેન્દ્ર સરકારના આદેશની ઐસી-તૈસી

રેલવે, દવાખાના સહિતનાં સ્થળોએ રૂા.૫૦૦ અને રૂા.૧૦૦૦ની નોટો લેવાની રીતસરની 'ના'

સફળતાની ગુલબાંગો પોકારનાર સરકાર પ્રજાની હાડમારીઓથી ક્યારે વાકેફ થશે ??

અમદાવાદ, તા.૧૭

કેન્દ્ર સરકાર દ્વારા રૂા.૫૦૦ અને ૧૦૦૦ના દરની નોટ રદ કર્યા બાદ રેલવે, એરપોર્ટ, સરકારી દવાખાના સહિતની અનેક જગ્યાએ આ નોટો ચાલશે જેથી કરીને લોકોને વધુ અગવડ ન પડે તેવો સરકારનો આદેશ છે છતાં તેને રેલવે સહિતનું તંત્ર ઘોળીને પી ગયું હોય તેમ રેલવેમાં અમદાવાદથી પાલેજની રીટર્ન ટીકીટ લેવા જનાર મુસાફર પાસેથી રેલવેના કર્મીએ રૂા.૧૦૦૦ની નોટ લેવા ધરાર ના પાડી સરકારના આદેશની અવહેલના કરી છે. કેન્દ્ર સરકાર દ્વારા અચાનક રૂા.૫૦૦ અને રૂા.૧૦૦૦ની નોટો બંધ કરી દેવાતાં લોકો અનેક હાડમારીઓનો સામનો કરી રહ્યા છે ત્યારે સરકારે લોકોને વધુ અગવડ ન પડે તે માટે જૂની નોટો અમુક સમય મર્યાદા સુધી રેલવે, એરપોર્ટ, સરકારી દવાખાના સહિતની જગ્યાઓ પર ચલાવવામાં આવશે તેવો આદેશ કર્યો છે જ્યારે અમદાવાદ રેલવે સ્ટેશન પર એક મુસાફર દ્વારા અમદાવાદ-પાલેજની એસી ચેર કારની રિટર્ન ટિકીટ કે જેનું ભાડું રૂા.૮૪૦ જેટલુ થાય છે તે લેવા માટે રૂા.૧૦૦૦ની નોટ આપતાં ફરજ પરના રેલવે કર્મીએ તે ન સ્વીકારી ટિકિટ આપવા ઈન્કાર કર્યો હતો જેથી મુસાફરને વીલા માટે મોંઢે પરત ફરવું પડ્યું હતું. જો એક ભણેલા મુસાફરની સાથે આવું વર્તન થયું તો એક અજ્ઞાની મુસાફરને આ તંત્ર અને આ સરકાર શું ન્યાય આપશે ? તેવી ચર્ચાએ રેલવે સ્ટેશન પર વેગ પકડ્યો હતો ત્યારે પોતાની નોટબંધીની સફળતાની ગુલબાંગો પોકારનાર સરકારને ખબર છે કે નહીં સરકારનો જ આદેશ હોવા છતાં શું સરકાર પ્રજાની હાડમારીઓ વધારવા માંગે છે કે પછી તંત્ર સરકારને ગાંઠતું જ નથી તેવો પ્રજાજનોને અહેસાસ થઈ રહ્યો છે.

ચલણી નોટોની જોરદાર ઈફેક્ટ

સૌરાષ્ટ્ર-કચ્છના તમામ માર્કેટ યાર્ડમાં અનિશ્ચિત મુદત માટે બંધની જાહેરાત

રોકડિયો વ્યવહાર કરતા યાર્ડમાં નાણાં જરૂરી હોઈ સરકારમાં રજૂઆત કરાશે

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર,તા.૧૭

૫૦૦-૧૦૦૦ રૂપિયાની જૂની ચલણી નોટો બંધ થયા બાદ નવીચલણી નોટોનો પુરવઠો પૂરતા પ્રમાણમાં નહીં જળવાતા લોકોની હાડમારી વધતા વિકટ પરિસ્થિતિ ઉભી થઈ છે તેમાં સૌથી વધુ કફોડી સ્થિતિ સામાન્ય જનની તથા રોકડિયો વહીવટ ચલાવતા માર્કેટીંગ યાર્ડની થઈ છે તો બીજી તરફ ખેડૂતોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહયો છે આવી સ્થિતિમાં યાર્ડના કામકાજ સામે પ્રશ્નો ઉભા થતા અંતે સૌરાષ્ટ્ર-કચ્છના માર્કેટયાર્ડ આજથી બંધ રાખવાનો નિર્ણય કરી સરકારમાં રજૂઆત કરવાનું નકકી કરાયું છે.આ સંદર્ભે રાજકોટ ખાતે આજે સૌરાષ્ટ્ર-કચ્છના તમામ માર્કેટ યાર્ડના ચેરમેનોની એક ઉચ્ચસ્તરીય બેઠક મળી હતી. આ બેઠકમાં ૧૧ સભ્યોની એક નવી સમિતિ બનાવવામાં આવી છે. આ બેઠકમાં ચર્ચાને અંતે હાલ અનિશ્ચિત મુદત સુધી તમામ યાર્ડ બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત બીજા અન્ય મુદાઓને લઈને સરકાર સાથે વાતચીત કરવામાં આવશે.રાજકોટ, ગોંડલ, હાપા (જામનગર) જૂનાગઢ સહિતના માર્કેટીંગ યાર્ડમાં ચેક દ્વારા કામકાજ શરૂ કરવામાં આવ્યા હતા. જે ખેડૂત માલ સામે ચેક સ્વીકારવા તૈયાર થાય તેનો માલ વેચાણમાં મુકવામાં આવે છે .ખેડૂતોને ચેકનો વહીવટ હજુ સ્વીકાર્ય નથી અને બીજી તરફ યાર્ડમાં રોકડા વહીવટી માટે નવી નોટોનો જથ્થો ઉપલબ્ધ થયો નથી. જેથી હાલ પુરતા સૌરાષ્ટ્ર-કચ્છના તમામ માર્કેટીંગ યાર્ડ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ખેડૂતો માલ વેચવા યાર્ડમાં આવે છે પરંતુ નાણાંના અભાવે હરાજી થઈ શકતી નથી. જેથી મુશ્કેલી ઉભી થાય છે ખેડૂતને વાહન ભાડા તેમજ ઉતરાઈનો મજુરી ખર્ચ પણ માથે પડી રહયો છે. આ સ્થિતિના નિવારણ માટે બધા માર્કેટીંગ યાર્ડ એક સાથે મળીને સરકારમાં રજૂઆત કરવાની તૈયારીમાં છે રોકડિયો વ્યવહાર ખેડૂતો સાથે થઈ શકે તેટલી નોટો મળી રહે તે માટે સરકારમાં રજૂઆત કરે તેવી શકયતા છે સામાન્ય દિવસોમાં દરેક યાર્ડમાં દલાલો પાસેથી કિસાનોને દોઢથી બે કરોડનું ચૂકવણુ કરવામાં આવતુ હોય છે. ત્યારે હાલ ઉભી થયેલી નાણાની અછતને કારણે આ વ્યવહાર ઠપ થઈ ગયો છે. હવે આટલી મોટી રકમ મળી શકે તો આ વ્યવહાર પુનઃ કાર્યરત થઈ શકે તેમ છે.

ગેંગસ્ટર મુકેશ હરજાણી હત્યા કેસમાં આરોપી સંજયની કોર્ટ સમક્ષ શરણાગતિ

વડોદરા,તા.૧૭

ગેંગસ્ટર મુકેશ હરજાણી ના ચકચારી ભર્યા હત્યા કેસમાં આરોપી સંજય ઉર્ફે આર.એક્સ આજે સવારે કોર્ટ સમક્ષ હાજર થયો હતો. આ બનાવમાં અગાઉ પોલીસે ચારની ધરપકડ કરી છે. સંજય ઉર્ફે આર.એક્સ કોર્ટ સમક્ષ હાજર થતાં કોર્ટની બહાર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. પ્રાપ્ત થતી વિગતો અનુસાર ગેંગસ્ટર મુકેશ હરજાણીનાં ચકચાર ભર્યા મર્ડર કેસમાં વધુ એક આરોપીએ કોર્ટમાં સરેન્ડર કર્યું છે. ગત ૨૦મી ઓકટોબરની રાતે હરણી રોડ પર વૃંદાવન ટાઉનશીપની બહાર ગેંગસ્ટર મુકેશ હરજાણીની ગોળીઓ ધરબી હત્યા કરવામાં આવી હતી. આ બનાવમાં વિજુ સિંધી, કલ્પેશ ઉર્ફે કાછીયા પટેલ, અનીલ ઉર્ફે એન્થોની ગંગવાણી તથા સંજય ઉર્ફે આર.એક્સ, ઓમપ્રકાશ ઉર્ફે ઓમી તથા અન્ય બે રતલામનાં શુટરોએ હત્યા કરી હોવાનું સામે આવ્યું હતું. જેની તપાસમાં પોલીસે બે શુટરો પૈકીનાં એક અકબરને તથા અનીલ ઉર્ફે એન્થોની, ઓમપ્રકાશ ઉર્ફે ઓમી અને સીમકાર્ડ આપનાર રાજેશ પટેલની ધરપકડ કરી હતી. જ્યારે આ બનાવમાં વધુ ચાર આરોપીઓ વોન્ટેડ હતાં. જે પૈકીનાં સંજય ઉર્ફે આર.એક્સ આજે અદાલતમાં સરેન્ડર કર્યું હતું. સંજય ઉર્ફે આર.એક્સ કોર્ટમાં શરણાગતિ સ્વીકારી હોવાની માહિતીને પગલે શહેર પોલીસ વિભાગ દ્વારા કોર્ટની બહાર ચુસ્ત બંદોબસ્ત ખડકી દેવાયો હતો.

મુદ્દામાલ-પુરાવા તરીકે લીધેલ

પોલીસ પાસેથી રૂા.૫૦૦-રૂા.૧૦૦૦ની નોટો સ્કેન સહિત ઝેરોક્ષ કરાશે ?

દાહોદ, તા.૧૭

એસીબી જુગાર કે બીજી રિકવરીમાં આવેલા લાખો રૂપિયા દાહોદ જિલ્લાની કોર્ટમાં મુદ્દામાલ તરીકે જમા પડ્યા છે. તેમાં રૂા.૫૦૦ અને રૂા.૧૦૦૦ રૂપિયાની નોટોનો પણ સમાવેશ થાય છે. સરકારે ચલણ બંધ કરતાં તેનું શું કરવું ? તે અંગેનો નિર્ણય એક-બે દિવસમાં લેવાય તેમ જોવાઈ રહ્યું છે. દાહોદ જિલ્લામાં રૂા.૫૦૦ અને રૂા.૧૦૦૦ રૂપિયાની નોટો બંધ થઈ છે. ત્યારે એસીબીના કેસ સાથે જુગાર પ્રોહિબિશનના કેસ ઉપરાંત પોલીસને બિનવારસી મળેલી લાખો રૂપિયાની નોટો જિલ્લાની કોર્ટોમાં મુદ્દામાલ તરીકે પડી છે. તેમાં રૂા.૫૦૦ અને રૂા.૧૦૦૦ની નોટોનો પણ સમાવેશ થાય છે. અંગત વર્તુળોના જણાવ્યા અનુસાર તમામ નોટો એકસચેન્જ થઈ જશે. ત્યારે પુરાવા તરીકે રજૂ કરવામાં તકલીફ થઈ શકે છે. તેના નિરાકરણ માટે કોર્ટમાં મુદ્દામાલ તરીકે જમા પડેલી તમામ રૂા.૫૦૦ અને રૂા.૧૦૦૦ની નોટોને સ્કેન કરવા સાથે તેમની ઝેરોક્ષ પણ કાઢવામાં આવશે. સાથે તેને કઈ રીતે એકસચેન્જ કરાવવી તે સહિતના બીજા ટેકનિકલ પ્રશ્નોના નિરાકરણ માટે એક-બે દિવસમાં ઉચ્ચ અધિકારીઓની એક બેઠક પણ યોજવામાં આવશે તેવું જાણવા મળ્યું છે.

અધધ...ફક્ત ચાર દિવસમાં વિરમગામ ન.પા.ના વેરાની આવક ૧૭ લાખ

વિરમગામ, તા.૧૭

દેશમાં નાણાંકીય આર્થિક વ્યવહારમાંથી રૂા.૫૦૦ અને રૂા.૧૦૦૦ની નોટો રદ કરાતાં સરકારનાં નિર્ણયથી સમગ્ર દેશમાં અફરાતફરી મચી ગઈ છે. રાજ્ય સરકાર દ્વારા આવશ્યક સેવાઓના બાકી બિલો ભરપાઈ કરવા આગામી ૨૪ નવેમ્બર સુધી મુદ્દત લંબાવતા લોકોએ રાહતનો દમ લીધો હતો. ત્યારે વિરમગામ ન.પા. કચેરી ખાતે મોડી સાંજ સુધી બાકી વેરામાં વસુલવાની કામગીરીનો ધમધમાટ રાત્રિના ૧૧ વાગ્યા સુધી નગરજનો પોતાના વેરા ભરવા ન.પા.ની કચેરીએ ઉમટ્યા હતા. વિરમગામ ન.પા.કચેરી શુક્ર, શનિ અને રવિ એમ દિવસનાં બાકી વેરા વસુલવાની કામગીરીમાં ૧૭ લાખથી વધુ વસૂલાયો હતો. વિરમગામ શહેરમાં મિલકત વેરા લેવા બાબત ન.પા. દ્વારા બાકી ટેક્ષ ભરપાઈ કરવા અવાર-નવાર નોટિસો મોકલવા છતાં વર્ષો સુધી ન.પા.નો ટેક્ષ ભરપાઈ કર્યો નહોતો. અને પેનલ્ટી પણ નહી. જે લોકોને નોટિસ ફટકારાઈ હતી. તેવા લોકોએ ન.પા. કચેરીએ ટેક્ષ ભરવા માટે લાઈનમાં ઊભા રહીને પોતાના બાકી નિકળતા ટેક્ષની ભરપાઈ કરી હતી.

હાર્દિક શુભેચ્છા



અંકલેશ્વર વિધાન સભા યુવક કોંગ્રેસમાં ચૂંટાવા

બદલ હાર્દિક અભિનંદન

શુભેચ્છક
શૈલેષ પ્રજાપતિ, સુધીર અટોદરીયા,
અબ્દુલ અલીમ શેખ (બોન્જી શેખ)
અંકલેશ્વર

શહેર આખું બેંક અને એટીએમ તરફ જ્યારે બજારો, મોલ અને રસ્તાઓ સૂમસામ

કેન્દ્ર સરકારે રૂા.૫૦૦ અને રૂા.૧૦૦૦ની ચલણીનોટો રદ કરતાં દેશભરમાં અફરાતફરી મચી ગઈ છે. ૧૦ નવેમ્બરથી આજદિન સુધી બેંકો, એટીએમ, પોસ્ટ ઓફિસોમાં લોકો વહેલી સવારથી ગોઠવાઈ જાય છે અને સાંજ પડે બે-ચાર હજાર લઈને કે નોટો બદલાવી યુદ્ધ જીત્યાનો આનંદ મેળવે છે. લોકો ઘરબાર, નોકરી, ધંધા છોડી બેંકોની લાઈનમાં ઉભા રહેતા હોવાથી તેમજ ચલણમાં નાણું ફરતું ન હોવાથી નાણાં વિના બજારો, મોલ અને દુકાનો સુમસામ ભાસી રહી છે. વેપારીઓ દુકાનખોલી બેસે છે પરંતુ ગ્રાહકો આવતા ન હોવાથી નિસાસા નાખી ઘરે પરત ફરે છે. આ વિકસિત ગુજરાતની હાલની વાસ્તવિકતા છે.

ચલણી નોટોની જોરદાર ઈફેક્ટ

સૌરાષ્ટ્ર-કચ્છના તમામ માર્કેટ યાર્ડમાં અનિશ્ચિત મુદત માટે બંધની જાહેરાત

રોકડિયો વ્યવહાર કરતા યાર્ડમાં નાણાં જરૂરી હોઈ સરકારમાં રજૂઆત કરાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૭

૫૦૦-૧૦૦૦ રૂપિયાની જૂની ચલણી નોટો બંધ થયા બાદ નવીચલણી નોટોનો પુરવઠો પૂરતા પ્રમાણમાં નહીં જળવાતા લોકોની હાડમારી વધતા વિકટ પરિસ્થિતિ ઉભી થઈ છે તેમાં સૌથી વધુ કફોડી સ્થિતિ સામાન્ય જનની તથા રોકડિયો વહીવટ ચલાવતા માર્કેટીંગ યાર્ડની થઈ છે તો બીજી તરફ ખેડૂતોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહયો છે આવી સ્થિતિમાં યાર્ડના કામકાજ સામે પ્રશ્નો ઉભા થતા અંતે સૌરાષ્ટ્ર-કચ્છના માર્કેટયાર્ડ આજથી બંધ રાખવાનો નિર્ણય કરી સરકારમાં રજૂઆત કરવાનું નકકી કરાયું છે.આ સંદર્ભે રાજકોટ ખાતે આજે સૌરાષ્ટ્ર-કચ્છના તમામ માર્કેટ યાર્ડના ચેરમેનોની એક ઉચ્ચસ્તરીય બેઠક મળી હતી. આ બેઠકમાં ૧૧ સભ્યોની એક નવી સમિતિ બનાવવામાં આવી છે. આ બેઠકમાં ચર્ચાને અંતે હાલ અનિશ્ચિત મુદત સુધી તમામ યાર્ડ બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત બીજા અન્ય મુદાઓને લઈને સરકાર સાથે વાતચીત કરવામાં આવશે.રાજકોટ, ગોંડલ, હાપા (જામનગર) જૂનાગઢ સહિતના માર્કેટીંગ યાર્ડમાં ચેક દ્વારા કામકાજ શરૂ કરવામાં આવ્યા હતા. જે ખેડૂત માલ સામે ચેક સ્વીકારવા તૈયાર થાય તેનો માલ વેચાણમાં મુકવામાં આવે છે .ખેડૂતોને ચેકનો વહીવટ હજુ સ્વીકાર્ય નથી અને બીજી તરફ યાર્ડમાં રોકડા વહીવટી માટે નવી નોટોનો જથ્થો ઉપલબ્ધ થયો નથી. જેથી હાલ પુરતા સૌરાષ્ટ્ર- કચ્છના તમામ માર્કેટીંગ યાર્ડ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ખેડૂતો માલ વેચવા યાર્ડમાં આવે છે પરંતુ નાણાંના અભાવે હરાજી થઈ શકતી નથી. જેથી મુશ્કેલી ઉભી થાય છે ખેડૂતને વાહન ભાડા તેમજ ઉતરાઈનો મજૂરી ખર્ચ પણ માથે પડી રહયો છે. આ સ્થિતિના નિવારણ માટે બધા માર્કેટીંગ યાર્ડ એક સાથે મળીને સરકારમાં રજૂઆત કરવાની તૈયારીમાં છે રોકડિયો વ્યવહાર ખેડૂતો સાથે થઈ શકે તેટલી નોટો મળી રહે તે માટે સરકારમાં રજૂઆત કરે તેવી શકયતા છે સામાન્ય દિવસોમાં દરેક યાર્ડમાં દલાલો પાસેથી કિસાનોને દોઢથી બે કરોડનું ચૂકવણુ કરવામાં આવતુ હોય છે. ત્યારે હાલ ઉભી થયેલી નાણાની અછતને કારણે આ વ્યવહાર ઠપ થઈ ગયો છે. હવે આટલી મોટી રકમ મળી શકે તો આ વ્યવહાર પુનઃ કાર્યરત થઈ શકે તેમ છે.

ડામર રોડ કરતા મોંઘા પરંતુ પૂલ ટકાઉ હોવાથી

મ્યુનિ.ઈજનેર વિભાગને RCC રોડ બનાવવામાં જરા પણ રસ નથી !

અમદાવાદ,તા.૧૭

એક તરફ શહેરના મેયર દ્વારા આગામી વર્ષે માર્ચ માસના અંત સુધીમાં રૂપિયા ૩૩૭ કરોડના ખર્ચે રોડ રીસરફેઈસ કરવા અંગેની જાહેરાત કરવામાં આવી છે.જ્યારે બીજી તરફ અમદાવાદ શહેરમાં પથરાયેલા કુલ મળીને ૨૫૦૦ કિલોમીટરના રોડ નેટવર્ક પૈકી માત્ર ૪.૫ કિલોમીટર રોડ જ આર.સી.સી.ના બનાવવામાં આવ્યા હોવાનું મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવારસૂત્રો તરફથી જાણવા મળ્યું છે.આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર,વર્ષ-૨૦૧૩માં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં આર.સી.સી.રોડ તૈયાર કરવા અંગેના પ્રોજેકટનો આરંભ કરવામાં આવ્યો હતો.પરંતુ આ યોજના અકાળે તંત્ર દ્વારા એવુ બહાનુ કાઢીને પડતી મુકવામાં આવી છે કે,આર.સી.સી.રોડ બનાવવામાં કોસ્ટીંગ વધુ આવે છે.જ્યારે નિષ્ણાતોનું કહેવું છે કે,ભલે એક સમયે કોસ્ટીંગ મૂલ્યની દ્રષ્ટીએ વધુ લાગતું હોય આમછતાં એક વખત આર.સી.સી.રોડ બન્યા બાદ લગભગ એક દસકા સુધી રોડને લઈને કોઈ ચિંતા કરવી પડતી હોતી નથી.સૂત્રોનું એમ પણ કહેવું છે કે,મ્યુનિસિપલ કોર્પોરેશનના ૪૨ થી વધુ વિવિધ વિભાગોમાં રોડ પ્રોજેકટ ખાતુ ખાતાના ઈજનેરોથી લઈને કોન્ટ્રાકટરો અને રાજકારણીઓ સૌ કોઈ માટે મધલાળ સાબિત થતું હોઈ આ તમામ આર.સી.સી.ને બદલે માત્ર ડામરના રસ્તાઓ બને એમ જ ઈચ્છતા હોય છે.જેથી દર છ-આઠ મહીને તેના રીસરફેઈસીંગ કે અન્ય કોઈ બહાના હેઠળ કરોડો રૂપિયાના ટેન્ડર બહાર પાડીને મોટી કમાણી કરી શકાય.તંત્રની એવી દલીલ છે કે,ડામરના રસ્તાઓ પાછળ એક કિલોમીટર દીઠ રૂપિયા છ લાખની આસપાસનો ખર્ચ આવતો હોય છે.જ્યારે આર.સી.સી.રોડ માટે એક કીલોમીટર દીઠ ૧૫ થી ૧૮ લાખ જેટલો ખર્ચ આવતો હોય છે.આશ્ચર્યજનક બાબત એ છે કે,ત્રણ વર્ષ અગાઉ શહેરમાં માત્ર ૪.૫ કિલોમીટરના આર.સી.સી.બનાવ્યા બાદ અચાનક જ ગત રોડ કમિટીમાં સરખેજ અને સરખેજ ઓકફ વિસ્તારમાં રૂપિયા ૩૬ લાખના ખર્ચે આર.સી.સી.રોડ બનાવવાની દરખાસ્ત પસાર કરી છે.

દેશ-વિદેશના મહેમાનો મુલાકાતે આવવાના હોઈ

વાઈબ્રન્ટ અગાઉ શહેરના રસ્તાઓ ૨૭ કરોડના ખર્ચે ચકચકાટ કરાશે

અમદાવાદ,તા.૧૭

આગામી વર્ષે રાજય સરકાર દ્વારા જાન્યુઆરી માસમાં ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે.આ સમિટ અગાઉ શહેરના વિવિધ રસ્તાઓના રીસરફેઈસીંગ, રંગરોગાનથી લઈને અન્ય કામગીરી રૂપિયા ૨૬.૩૧ કરોડના ખર્ચે પુરી કરવા આજરોજ મળેલી સ્ટેન્ડિંગ કમિટીમાં તાકીદની દરખાસ્ત પસાર કરવામાં આવી છે.આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર,આગામી વર્ષે જાન્યુઆરી મહિનામાં રાજય સરકાર તરફથી ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે.તેવા સમયે આજરોજ મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી.આ દરખાસ્તમાં મ્યુનિ.કમિશનરે વાઈબ્રન્ટમાં હાજર રહેનારા દેશવિદેશના મહાનુભવો અમદાવાદની જુદી-જુદી હોટલોમાં રોકાનાર હોઈ તેમજ જોવાલાયક સ્થળો જેવા કે,સાબરમતી આશ્રમ, રિવરફ્રન્ટ, કાંકરીયા તળાવ, બીઆરટીએસ તેમજ વિવિધ હેરીટેઝ સાઈટસની મુલાકાત લે તેવી સંભાવના રાજય સરકાર દ્વારા વ્યકત કરવામાં આવી હોવાથી વિવિધ કામો જેવા કે, મુખ્ય રસ્તાઓ ઉપર પ્લાન્ટેશન કરવું,સેન્ટ્રલવર્જ તેમજ ટ્રાફિક આઈલેન્ડ માં પ્લાન્ટેશનની કામગીરી કરવી, ફૂટપાથ તથા ટ્રાફિક આઈલેન્ડ તૈયાર કરવા, સેન્ટ્રવર્જની જાળીઓ રીપેર કરવી,મુખ્ય રસ્તાઓ ઉપર ડાયરેકશન સાઈનેજની કામગીરી કરવી, જંકશન રીપેરીંગ,સિગ્નલ રીપેરીંગ,થીમબેઈઝ લાઈટીંગ કરવું,તમામ સ્થળોએ આદર્શ સફાઈ કરવી, કચરો એકઠો કરવાના કન્ટેનરોને રીપેર કરવા,રંગરોગાન કરવા,રૂટના તમામ રસ્તાઓ ઉપરના દબાણો દુર કરાવવા ઉપરાંત તમામ સ્થળોનું બ્યુટીફિકેશન કરવા સહિતની કામગીરી માટે રૂપિયા ૨૬.૩૧ કરોડના ખર્ચની કામગીરી કરવા મ્યુનિ. કમિશનરને સત્તા આપતી દરખાસ્ત પસાર કરવામાં આવી છે. આજે મ્યુનિ.માં એવી પણ ચર્ચા ચાલી છે કે,સરકાર વાઈબ્રન્ટ યોજે છે ત્યારે આ અંગેનો તમામ ખર્ચ મ્યુનિસિપલ કોર્પોરેશન કરે એ કેટલા અંશે યોગ્ય છે.

કયા ઝોનમાં કેટલો ખર્ચ કરશે

ઝોન	રસ્તાની સંખ્યા	અંદાજિત ખર્ચ(કરોડમાં)
પ.ઝોન	સાત	૬.૦૦
ન.પ.ઝોન	તેર	૯.૮૨
મધ્યઝોન	ચાર	૦.૪૯
ઉત્તરઝોન	એક	૧.૦૦
બગીચાખાતુ		૧.૦૦
લાઈટખાતુ		૧.૫૦
જનમાર્ગ		૧.૫૦
રોડપ્રોજેકટ		૫.૦૦

ગુજરાત યુનિવર્સિટીને કર્ણદેવ વાઘેલા નામ આપવા માંગ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૭

ગુજરાત યુનિર્સિટીના લો ભવનને ડૉ.બી.આર. આંબેડકર નામ આપવા દલિત સમાજના સભ્યોએ માગણી કરી હતી ત્યારે બુધારે રાજપુત સમાજના સભ્યોએ ગુજરાત યુનિવર્સિટીનું કર્ણદેવ વાઘેલા, (જે ૧૩મી સદીના વાઘેલા વંશના છેલ્લા રાજા ગણાતા) નામ રાખવા માગણી કરી હતી. આ સંદર્ભે ગુજરાત કશ્તરીય સભાએ કુલપતિને આવેદનપત્ર આપ્યું હતું.

પાટણના રાજા કર્ણદેવ વાઘેલાએ સાબરમતી નદીના કાંઠે કર્ણાવતી શહેરની રચના કરી હતી. જે હાલ અમદાવાદ તરીકે જાણીતું છે તેમ આવેદનપત્રમાં દર્શાવવામાં આવેલ છે. તેમની યાદમાં ગુજરાત યુનિવર્સિટીએ કેમ્પસમાં એક સ્ટેચ્યુની સ્થાપના કરી ભવનને કર્ણદેવ વાઘેલા નામ આપવું જોઈએ. કુલપતિએ આ અંગે જણાવ્યું હતું કે, વિવિધ કમિટીઓ યુનિવર્સિટી અથવા તેમાં આવેલા બિલ્ડીંગ્સના નામો નક્કી કરે છે. તમારી આ માગણીને પૂરી કરવી મુશ્કેલ છે. આ નિર્ણય સિન્ડીકેટ સભ્યો દ્વારા લેવાય છે.

ગાંધીનગરમાં કંપની સેક્રેટરીઝના અધિવેશનનો મુખ્યમંત્રી દ્વારા પ્રારંભ

સરકારો ઉદ્યોગો-કોર્પોરેટ સેક્ટર વૈશ્વિક પ્રવાહો સાથે ચાલવા સક્ષમ બને

કંપની-ઉદ્યોગો સારી રીતે ચાલે તેમાં સીએ-સીએસ-આઈસીડબ્લ્યુએ પાયાના પથ્થર

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૭

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ઈન્સ્ટીટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયાના ૪૪માં વાર્ષિક કન્વેન્શનમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, આઝાદીના ૭૦ વર્ષ સાત-સાત દાયકાઓ પછી હવે સરકારો અને વેપાર-ઉદ્યોગો ક્ષેત્ર કોર્પોરેટ સેક્ટરે વર્તમાન વૈશ્વિક પ્રવાહો સાથે ચાલવા સમક્ષ બનવું અને લોકોને સુશાસનની અનુભૂતિ દરેક ક્ષેત્રે થાય તેવી ડિલીવરી પ્રદાન આપવું તે સમયની માંગ છે. તેમણે આ સંદર્ભમાં ઉમેર્યું કે, કંપની સેક્રેટરીઝ કેર્ટરનીટીની આમાં અહેમ ભૂમિકા રહેવાની છે. વિજય રૂપાણીએ ઉમેર્યું કે, કંપની-ઉદ્યોગ રૂલ્સ રેગ્યુલેશન્સથી ચાલે તે માટે સીએ, સીએસ અને આઈસીડબ્લ્યુએ ત્રણેય કોર્પોરેટ સેક્ટરના પાયાના પથ્થર છે. આ ત્રણેય સંકલન સંયોજનથી જ વેપાર-કંપની ઉદ્યોગમાં પણ ગુડ ગવર્નન્સ જળવાઈ રહે તે આવકાર્ય છે. મુખ્યમંત્રીએ વેપાર-વણજ ઉદ્યોગ સાહસિકતા તો ગુજરાતીઓના જિન્સમાં વણાયેલી છે. તેની ભૂમિક આપતા કહ્યું કે, એકલ-દોકલ વ્યક્તિ સ્વતંત્ર ધંધો-વ્યવસાય કરે તે કરતા બે-ત્રણ આવા ઉદ્યમીઓની કંપની બનાવીને વેપાર ઉદ્યોગોને વ્યાપક ફલક આપી શકાય અને તે દ્વારા સૌને લાભ મળે તે માટે કંપની સેક્રેટરીઝ એ આવા ધંધા-વ્યવસાયકારોને પ્રેરીત કરવાનું દાયિત્વ નિભાવવું જરૂરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રિફોર્મ-પરફોર્મ-ટ્રાન્સફોર્મ એન્ડ ઈન્ફોર્મના ચાર નવતર અભિગમથી સુશાસનની જે દિશા દર્શાવી છે. તેની છણાવટ કરતા તેમણે કહ્યું કે, હવે સરકારોએ પણ કોર્પોરેટ કલ્યર-કોર્પોરેટ ટચની ક્ષમતાથી કામ કરવું પડશે. આ પ્રસંગે ધી ઈન્સોલવન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયાના ચેરમેન એમ.એસ.શાહ મલ્ટી કોમોડીટી એક્સચેન્જ ઓફ ઈન્ડિયા એમ.ડી. અને સી.ઈ.ઓ. મૂગાંક પરાંજપે તથા ઈન્સ્ટીટ્યુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયાના પ્રેસિડન્ટ મમતા બિનાનીએ પ્રાંસગિક વક્તવ્યો આપ્યા હતા.

કુલ ખર્ચના ૧૦ ટકા રકમ આપે તો નામ જોડાય

મ્યુનિ.પ્રોજેકટો સાથે કોર્પોરેટ કંપની કે સંસ્થાનું નામ જોડવાની યોજના અટકી

ચાર સભ્યોની કમિટી બનાવાઈ પણ મીટિંગો જ ન મળી

અમદાવાદ,તા.૧૭

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મળતી સ્ટેન્ડિંગ કમિટી કે મ્યુનિસિપલ બોર્ડમાં કયારેક એવા ઠરાવ પસાર કરવામાં આવે છે કે જે વાસ્તવિક રીતે શકય જ ન બને.આવું જ મ્યુનિ. દ્વારા તૈયાર કરવામાં આવતા વિવિધ પ્રોજેકટ સાથે સંસ્થા કે કોઈ વ્યકિત વિશેષના નામ સાથે જોડવા અંગેના બે વર્ષ અગાઉ કરવામાં આવેલા ઠરાવમાં થવા પામ્યું છે.બે વર્ષ પુરા થવા છતાં અમદાવાદની એક પણ સંસ્થા કે વ્યકિત વિશેષ સાથે કોઈપણ પ્રોજેકટનું નામ સાંકળવાની દરખાસ્ત ન આવતા આ યોજનાનું બાળ મરણ થવા પામ્યું છે.આ અંગે મળતી માહીતી મુજબ,મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બે વર્ષ અગાઉ પહેલી સપ્ટેમ્બર-૨૦૧૪ના રોજ એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.આ ઠરાવમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તૈયાર કરવામાં આવતા રસ્તાઓ,બ્રિજ ,ફલાયઓવર કે પછી અન્ય કોઈ પ્રોજેકટ સાથે જો કોઈ સંસ્થા કે વ્યકિત વિશેષનું નામ સાંકળવા કોર્પોરેટ કંપની દરખાસ્ત રજૂ કરે તો તેને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જે તે પ્રોજેકટ પાછળ કરવામાં આવેલા કુલ ખર્ચની રકમના દસ ટકા રકમ મ્યુનિ.ને આપી તે જે સંસ્થા,કોર્પોરેટ કંપની કે વ્યકિત વિશેષનું નામ પ્રોજેકટ સાથે સાંકળવા માંગતી હોય તેને તે નામ આપવું એ પ્રમાણેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.આ યોજનાને બે વર્ષ પુરા થઈ ગયા હોવા છતાં આજદિન સુધી એક પણ દરખાસ્ત મ્યુનિસિપલ તંત્રને મળી નથી.સૌથી આઘાતજનક બાબત તો આ યોજનાના બાળમરણ પાછળ જવાબદારક કારણોની તપાસ કરવા મેયર,સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન,કમિશનર અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (પબ્લિસિટી)એમ ચાર સભ્યોની કમિટી પણ બનાવવામાં આવી હતી. આ કમિટીની એકપણ બેઠક આજદિન સુધી મળવા પામી નથી. મ્યુનિસિપલ સત્તાવારસૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર,એકમાત્ર દરખાસ્ત શહેરની એક ફૂડ કંપની દ્વારા બોડકદેવ વિસ્તારમાં આવેલા ઓટિટોરીયમ માટે રજૂ થવા પામી હતી.પરંતુ તેમાં પણ કોઈએ રસ ન દાખવતા આ દરખાસ્ત પણ માત્ર કાગળ ઉપર રહેવા પામી છે.

...તો તંત્રને ૭૦ કરોડની આવક થાત

અમદાવાદ,તા.૧૭

જે સમયે આ યોજના રજૂ કરવામાં આવી તે સમયે બનાવવામાં આવેલી કમિટી કે જેમાં મેયર,સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન,કમિશનર કે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર(પબ્લિસિટી) દ્વારા જો રસ દાખવવામાં આવ્યો હોત તો આજે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં કુલ મળીને રૂપિયા ૭૦૦ કરોડના ખર્ચથી વિવિધ પ્રોજેકટ પુરા કરવામાં આવ્યા છે તેના દસ ટકા પ્રમાણે ૭૦ કરોડ રૂપિયાની આવક મ્યુનિસિપલ તંત્રને થવા પામી હોત પરંતુ તંત્રને કોર્પોરેશનની આવક વધે તેના કરતા તેમના ખિસ્સા ગરમ થાય તેમાં વધુ રસ હોવાથી આ પ્રોજેકટનું બાળમરણ થઈ ગયું છે.

કેન્દ્ર સરકારના આદેશની ઐસી-તૈસી

રેલવે, દવાખાના સહિતનાં સ્થળોએ રૂા.૫૦૦ અને રૂા.૧૦૦૦ની નોટો લેવાની રીતસરની 'ના'

સફળતાની ગુલબાંગો પોકારનાર સરકાર પ્રજાની હાડમારીઓથી ક્યારે વાકેફ થશે ??

અમદાવાદ, તા.૧૭

કેન્દ્ર સરકાર દ્વારા રૂા.૫૦૦ અને ૧૦૦૦ના દરની નોટ રદ કર્યા બાદ રેલવે, એરપોર્ટ, સરકારી દવાખાના સહિતની અનેક જગ્યાએ આ નોટો ચાલશે જેથી કરીને લોકોને વધુ અગવડ ન પડે તેવો સરકારનો આદેશ છે છતાં તેને રેલવે સહિતનું તંત્ર ઘોળીને પી ગયું હોય તેમ રેલવેમાં અમદાવાદથી પાલેજની રીટર્ન ટીકીટ લેવા જનાર મુસાફર પાસેથી રેલવેના કર્મીએ રૂા.૧૦૦૦ની નોટ લેવા ધરાર ના પાડી સરકારના આદેશની અવહેલના કરી છે. કેન્દ્ર સરકાર દ્વારા અચાનક રૂા.૫૦૦ અને રૂા.૧૦૦૦ની નોટો બંધ કરી દેવાતાં લોકો અનેક હાડમારીઓનો સામનો કરી રહ્યા છે ત્યારે સરકારે લોકોને વધુ અગવડ ન પડે તે માટે જૂની નોટો અમુક સમય મર્યાદા સુધી રેલવે, એરપોર્ટ, સરકારી દવાખાના સહિતની જગ્યાઓ પર ચલાવવામાં આવશે તેવો આદેશ કર્યો છે જ્યારે અમદાવાદ રેલવે સ્ટેશન પર એક મુસાફર દ્વારા અમદાવાદ-પાલેજની એસી ચેર કારની રિટર્ન ટિકીટ કે જેનું ભાડું રૂા.૮૪૦ જેટલુ થાય છે તે લેવા માટે રૂા.૧૦૦૦ની નોટ આપતાં ફરજ પરના રેલવે કર્મીએ તે ન સ્વીકારી ટિકિટ આપવા ઈન્કાર કર્યો હતો જેથી મુસાફરને વીલા માટે મોંઢે પરત ફરવું પડ્યું હતું. જો એક ભણેલા મુસાફરની સાથે આવું વર્તન થયું તો એક અજ્ઞાની મુસાફરને આ તંત્ર અને આ સરકાર શું ન્યાય આપશે ? તેવી ચર્ચાએ રેલવે સ્ટેશન પર વેગ પકડ્યો હતો ત્યારે પોતાની નોટબંધીની સફળતાની ગુલબાંગો પોકારનાર સરકારને ખબર છે કે નહીં સરકારનો જ આદેશ હોવા છતાં શું સરકાર પ્રજાની હાડમારીઓ વધારવા માંગે છે કે પછી તંત્ર સરકારને ગાંઠતું જ નથી તેવો પ્રજાજનોને અહેસાસ થઈ રહ્યો છે.

ટેકનિકલ-નોન ટેકનિકલ ઉમેદવારોને તક

ભારતીય હવાઈ દળમાં સામેલ થવા માટે ભૂજમાં ભરતી મેળો

અમદાવાદ,તા.૧૭

ભારતીય હવાઈદળમાં સામેલ થવા ઈચ્છુક ઉમેદવારો માટે સારી તક સર્જાઈ છે. ભુજમાં ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. લાયકાત ધરાવતા ઉમેદવારો પરીક્ષા અને અન્ય જરૂરીયાત મુજબના ટેસ્ટ આપીને સામેલ થવાના પ્રયાસ કરી શકે છે. ૨૪મી અને ૨૬મી નવેમ્બરના રોજ ભુજમાં ભરતી મેળો થશે. ભારતીય વાયુદળે ગુજરાતમાં ૮મી જાન્યુઆરી, ૧૯૮૩થી ૨૮ જૂન ૨૦૦૦ (બંને દિવસો સાથે) વચ્ચે જન્મેલા પુરુષ ઉમેદવારોને ગ્રુપ એક્સ (ટેકનિકલ) અને ગ્રુપ વાય (નોન-ટેકનિકલ) મેડિકલ આસિસ્ટન્ટ ટ્રેડ માટે એરમેન તરીકે જોડાવવાની તક ઓફર કરે છે. ભરતી માટે પરીક્ષા ૨૪મી નવેમ્બર ૨૦૧૬થી ૨૭મી નવેમ્બર ૨૦૧૬ વચ્ચે ભુજમાં ખાવડા રોડ પર સરપટ ગેટ પાસે સ્થિત પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં યોજાશે. અમદાવાદ, આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ભરુચ, છોટાઉદેપુર, દાહોદ, ડાંગ, ગાંધીનગર, મહેસાણા, મહિસાગર, નર્મદા, નવસારી, સાબરકાંઠા, સુરત, તાપી, વડોદરા અને વલસાડ જિલ્લાના ઉમેદવારો ૨૪મી નવેમ્બર ૨૦૧૬ના રોજ ઉપરોક્ત સ્થળે હાજર રહી શકે છે. અમરેલી, ભાવનગર, બોટાદ, દેવભૂમિ દ્વારકા, ગિર-સોમનાથ, જામનગર, જુનાગઢ, ખેડા, કચ્છ (ભુજ), મોરબી, પંચમહાલ, પાટણ, પોરબંદર, રાજકોટ, સુરેન્દ્રનગર જિલ્લા અને દમણ અને દીવ અને દાદરાનગર હવેલી કેન્દ્રશાસિત પ્રદેશોના ઉમેદવારો ૨૬ નવેમ્બર ૨૦૧૬ના રોજ ઉપરોક્ત સ્થળે હાજર રહી શકે છે. ઉપરોક્ત સ્થળે (બંને દિવસો માટે) સવારે ૧૦ વાગે હાજર થવું પડશે. ઉમેદવારોની લેખિત પરીક્ષા, એડેપ્ટેબિલિટી ટેસ્ટ-૧ (અનુકુલન ક્ષમતા-૧), ફિઝિકલ ફિટનેસ ટેસ્ટ (પીએફટી) અને એડેપ્ટેબિલીટી ટેસ્ટ-૨ (અનુકુલન ક્ષમતા-૨) આપવી પડશે. ઉમેદવારોએ સ્થળ પર તેમના ઓરિજિનલ શૈક્ષણિક પ્રમાણપત્રો સાથે ૦૪ સ્વયં પ્રમાણિત નકલો અને અધિવાસનું પ્રમાણપત્ર (ડોમિસાઈલ સર્ટિફિકેટ) રજૂ કરવા પડશે. એમ એક યાદીમાં જણાવાયું છે.

આંગડિયા કર્મીને લૂંટવા સહિત અનેક ગુના આચરનાર રીઢા ચોર ઝડપાયા

અમદાવાદ,તા.૧૭

અમદાવાદ શહેરમાં ગઈકાલે રાત્રિના સમયે કાઈમબ્રાંચના અધિકારીઓ વોચમાં હતા તે દરમિયાન શંકાસ્પદ હાલતમાં બે શખ્સો પસાર થતા જોવા મળ્યા હતા અધિકારીઓએ તેમને અટકાવી પુછપરછ કરતાં તેઓ સંતોષકારક જવાબ આપી શકયા ન હતા જેના પરિણામે ક્રાઈમબ્રાંચના અધિકારીઓએ તાત્કાલિક આ બે શખ્સોની અટકાયત કરી કડકાઈથી પુછપરછ કરતા આંગડીયા કર્મચારી ને લુંટતા તથા ચેઈન સ્નેચીગ તથા વાહન ચોરી ના ૨૩ લાખ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કુલ ૨૦ થી વધુ ગુન્હાઓનો ભેદ ઉકેલી કાઢ્યો હતો. પુછપરછ દરમિયાન આરોપીઓએ અમદાવાદ શહેરમાં બનેલા કેટલાક ગંભીર બનાવોની કબુલાત કરી હતીઅમદાવાદમાં તાજેતરમાં જ પાલડી વિસ્તારમાં વહેલી સવારે આંગડિયા પેઢીના કર્મચારી પાસેથી લાખો રૂપિયાની લુંટ કરવામાં આવી હતી આ ઘટનામાં તેઓ સામેલ હતા અને તેઓ એજ આંગડિયાને લુંટ્યો હતો આ ઉપરાંત અન્ય ત્રણ આંગડિયાઓને પણ લુંટી લીધા હતાં આ ઉપરાંત આરોપીઓ શહેરમાં વાહનચોરી કરી આવી ઘટનાઓને અંજામ આપતા હતા અને ચોરીના વાહનોનો જ તેઓ ઉપયોગ કરતા હતાં પકડાયેલા આરોપીઓના નામ પ્રકાશ મીણા અને કનુ સોલંકી છે. પકડાયેલા બંને આરોપીઓ પાસેથી રૂા.૨૨ લાખની કિંમતના હિરા અને રૂા.૧ લાખની કિંમતના ચોરેલા વાહનો કબ્જે કર્યા છે આ ઉપરાંત ચેઈન સ્નેચીંગ કર્યા બાદ સોનાના દાગીના કયા વેચતા હતા તે અંગે પણ તપાસ શરૂ કરી છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને જી.ઈ. વચ્ચે વૈશ્વિક ભાગીદારી

મુંબઈ, તા.૧૭

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને જી.ઈ.એ વૈશ્વિક સ્તરે ઔદ્યોગિક આઈ. ઓ. ટી. આઈ. આઈ.ઓ.ટી.) સોલ્યુશન્સ પૂરા પાડવા માટે ભાગીદારી કરી હોવાની જાહેરાત કરી છે. જેમાં બંને કંપનીઓ સાથે મળીને જી.ઈ.ના પ્રેડિક્સ પ્લેટફોર્મ માટે સંયુક્ત રીત એપ્લીકેશન તૈયાર કરશે. વિશ્વના સૌથી મોટા ઔદ્યોગિક ગૃહો પ્રથમ વખત સાથે મળીને ઓઈલ એન્ડ ગેસ, ખાતર, વીજ, આરોગ્ય સંભાળ, ટેલિકોમ તથા અન્ય ઉદ્યોગોને આઈ.ઓ.ટી. સોલ્યુશન્સ પૂરા પાડશે. જી.ઈ.ના ચેરમેન તથા સી.ઈ.ઓ. જેફ ઈમ્મેલ્ટ તથા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન તથા મેનેજિંગ ડાયરેક્ટર મુકેશ અંબાણીની ઉપસ્થિતિમાં આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

ટીચર્સ જોઈએ છે

અસમી પ્રાથમિક શાળા

મખદુમનગર રોડ, સૈયદવાડી, વટવા, અમદાવાદ. P.T.C. B Sc., Pre-PTC, ધોરણ ૧૨ પાસ. પગાર રૂા.૪૦૦૦/થી શરૂ રૂબરૂ મળો

આચાર્યશ્રી સવારે ૯થી ૧૨

સાધ્વી પ્રજ્ઞા જેલમાંથી તાકીદે મુક્ત થઈ શકે છે

(એજન્સી)
નવી દિલ્હી, તા.૧૭

૨૦૦૮ માલેગાંવ બ્લાસ્ટ કેસમાં સાધ્વી પ્રજ્ઞાની જામીન અરજી બાબત સુનાવણી થવાની છે. એનઆઈએ જામીન અરજીનો વિરોધ નહીં કરે. એનઆઈએ સ્વાસ્થ્યના કારણે વિરોધ નહીં કરે.

બોમ્બે હાઈકોર્ટમાં સાધ્વીની જામીન અરજીની સુનાવણી થવાની છે. એનઆઈએ સાધ્વીને 'ક્લિનચીટ' આપ્યા પછી પહેલી વખત જામીન અરજીની સુનાવણી થઈ રહી છે.

એનઆઈએએ સાધ્વીના સ્વાસ્થ્યના કારણો આગળ ધરીને જામીન અરજીનો વિરોધ નહીં કરે. જેથી સાધ્વી

જેલમાંથી બહાર આવી શકે છે.

મે મહિનામાં એનઆઈએ એ જણાવ્યું હતું કે પ્રજ્ઞા વિરૂધ્ધ કોઈ કેસ બનતો નથી પણ એની જામીન અરજી સ્પેશિયલ કોર્ટે રદ કરી હતી. કોર્ટે જણાવ્યું હતું કે પ્રજ્ઞાની વિરૂધ્ધમાં પ્રથમ દર્શનીય રીતે પુરાવા જણાય છે એ માટે જામીન અરજી રદ કરી હતી.

એનઆઈએના ઉચ્ચ અધિકારીઓએ જણાવ્યું હતું કે એ પોતાના વલણમાં ફેરફાર કરશે નહીં.

૨૯મી સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ માલેગાંવમાં બ્લાસ્ટ થયો હતો જેમાં ૭ વ્યક્તિઓના મૃત્યુ થયા હતા અને ૮૦ લોકો ઘવાયા હતા.

૨૦૦૯ની સાલમાં પ્રજ્ઞાની સાથે બીજા ૧૩ વ્યક્તિઓ સામે આક્ષેપો મુકાયા હતા. મહારાષ્ટ્રના એટીએસે જણાવ્યું કે બ્લાસ્ટમાં જે મોટરસાયકલનો ઉપયોગ થયો હતો એ પ્રજ્ઞાની હતી. જો કે એનઆઈએએ ચાર્જશીટ રદ કરી હતી.

એનઆઈએ ફરી ગયેલ બે સાક્ષીઓ ઉપર આધાર રાખ્યો ન હતો. આ બે વ્યક્તિઓએ મેજિસ્ટ્રેટ સમક્ષ જણાવ્યું હતું કે એટીએસના દબાણથી એમણે જુબાનીઓ આપી હતી.

અમેરિકા : ટ્રમ્પ સરકારમાં વિદેશ મંત્રી તરીકે ભારતીય મૂળના નિક્કી હેલીના નામની વિચારણા

ટ્રમ્પ સરકારમાં ભારતીય મૂળની ગર્વનર નિક્કી હેલી વિદેશ મંત્રી બનાવવામાં આવે તેવી પ્રબળ સંભાવના

વોશિંગ્ટન તા. ૧૭

અમેરિકાના નવા વરાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપ કેબિનેટમાં વિદેશ મંત્રી તરીકે ભારતીય મૂળના નિક્કી હેલીના નામની વિચારણા કરવામાં આવી રહી છે. નિક્કી હેલી હાલમાં સાઉથ કેરાઈલાના ગર્વનર છે. ટ્રંપના સત્તા હસ્તાંતરણ દળના પ્રવક્તા સીન સ્પાઈસે ઉમેદવારોની એક સૂચિ બહાર પાડી હતી. સૂચિમાં રહેલા ઉમેદવારો સાથે ડોનાલ્ડ ટ્રંપ મુલાકાત કરી રહ્યાં છે. ઉમેદવારોની સૂચિમાં નિક્કી હેલીના નામની ઉપરાંત, પૂર્વ વિદેશ મંત્રી હેનરી કિસિંજર, ફ્લોરિડાના ગર્વનર રિક

સ્કોટનો સમાવેશ થાય છે. ૪૪ વર્ષીય નિક્કી હેલીને રિપબ્લિકન પાર્ટીના ઉભરતા ચહેરા તરીકે જોવામાં આવી રહ્યાં છે. નિક્કી હેલીએ રિપબ્લિકન પાર્ટીની પ્રાઈમરી ચૂંટણીમાં સેનેટર માર્કો રબિયોને ટેકો આપ્યો હતો. પરંતુ ચૂંટણી પહેલા હેલીએ ડોનાલ્ડ ટ્રંપને ટેકો આપવાની જાહેરાત કરી હતી.જોકે સૂત્રોના જણાવ્યાનુસાર વિદેશ મંત્રી તરીકે ન્યૂયોર્કના પૂર્વ મેયર રડી ગુઈલિયાનીના નામની પણ વિચારણા કરવામાં આવી રહી છે. ડોનાલ્ડ ટ્રંપ ગુરુવારે ઘણા નેતાઓ સાથે મુલાકાત કરી રહ્યા છે. આ પહેલા પણ ટ્રંપના એક સહયોગીએ એવું જણાવ્યું હતું કે વિદેશ મંત્રી તરીકે કે બીજા કોઈ હોદ્દા માટે નિકી હેલીના નામની વિચારણા કરવામાં આવી રહી છે. કેબિનેટ મંત્રી તરીકે લુઈસિયાના પૂર્વ ગર્વનર બોબી જિંદાલના નામની પણ ચર્ચા ચાલી રહી છે. નિક્કી હેલીના માતાપિતા પંજાબમાંથી સાઉથ કેરાલીનામાં સ્થાયી થયાં હતા. રાષ્ટ્રપતિની ચૂંટણીના થોડા સમય પહેલા જ નિક્કીએ ડોનાલ્ડ ટ્રંપને વોટ આપવાની જાહેરાત કરી હતી જોકે સાથે કહ્યું પણ ખરૂ કે તે ડોનાલ્ડ ટ્રંપના કોઈ ચાહક નથી.

પંજાબ-ઉ.પ્ર.ની ચૂંટણી પૂર્વે મતદારોને જીતવા પેટ્રોલ-ડીઝલમાં ભાવ ઘટાડો કરાયો ?

છેલ્લા ત્રણ મહિનામાં સતત છ વખત પેટ્રોલમાં ભાવ વધારો કરાયા બાદ ભાવમાં ઘટાડો કરાયો : કેન્દ્રનું આ પગલું ચૂંટણીલક્ષી હોવાનું સૂત્રોનું માનવું છે

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૭

છેલ્લા છ મહિનામાં અનેક વખત ભાવ વધારા બાદ સરકારે બુધવારથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો કર્યો છે. પેટ્રોલના ભાવમાં પ્રતિ લિ.રૂા. ૧.૪૬ અને ડીઝલના ભાવમાં પ્રતિ લી.રૂા.૧.૫૩નો ઘટાડો કરવામાં આવ્યો છે. ૩૧ ઓગસ્ટના રોજ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં તીવ્ર વધારા બાદ નિયમિત રીતે પેટ્રોલના ભાવમાં સમયાંતરે વધરો થતો રહેતો હતો. આખરે પેટ્રોલના ભાવ ઘટાડવાના પગલા પાછળ રાજ્ય વિધાનસભાઓની ચૂંટણી પૂર્વે મતદારોનો સ્નેહ સંપાદિત કરવાનો મકસદ હોય એવું જણાય છે. છેલ્લા ત્રણ મહિનામાં પેટ્રોલના ભાવમાં સતત છ વખત વધારો અને ડીઝલમાં સતત ત્રણ વખત વધારા બાદ બુધવારથી પેટ્રોલના ભાવમાં ઘટાડો જાહેર કરવામાં આવ્યો છે.

દિલ્હીમાં હવે પેટ્રોલના ભાવ

પ્રતિ લીટર રૂા. ૬૬.૧૬ અને ડીઝલ પ્રતિ લીટર રૂા.૫૪.૮૮ના ભાવે મળશે. નવે.૨૦૧૪માં ભારત માટે ક્રૂડ તેલના ભાવ પ્રતિ બેરલ ૧૦૬ ડોલર હતા. હવે ક્રૂડ તેલનો ભાવ ઘટીને પ્રતિ બેરલ ૪૩ ડોલર થઈ ગયો છે પરંતુ વિડંબના એ વાતની છે કે આજે પેટ્રોલ અને ડીઝલના ભાવ એટલા જ છે જેટલા બે વર્ષ અગાઉ હતા. સરકારે ગ્રાહકો પર બોજ હળવો કરવા પેટ્રોલિયમ પેદાશો પર લાદવામાં આવેલ કરવેરા અને અન્ય જકાત હળવી કરી હતી. જો કે વૈશ્વિક ઓઈલના ભાવોમાં ૮૭ ટકાના જંગી ઘટાડા બાદ ભાવ ઘટાડાનો ફાયદો અન્ય દેશોની જેમ નાગરિકોને તબદિલ કરવામાં આવ્યો નથી. તમે જ્યારે પેટ્રોલ પંપ પરથી એક લીટર પેટ્રોલ કે ડીઝલ ખરીદો છો ત્યારે તમે તેના પર ટેક્સની જંગી રકમ ચૂકવો છે. પાટનગર નવી દિલ્હીમાં પેટ્રોલ માટે ચૂકવેલી કિંમતમાં ૫૭ ટકા હિસ્સો એક્સાઈઝ ટેક્સ અને વેટનો હોય છે. એ જ રીતે ડીઝલ પર એક્સાઈઝ અને વેટનો બોજ ૫૫ ટકા છે.

પેટ્રોલના ભાવ વધારા અને ઘટાડાની પ્રક્રિયા ચૂંટણીના કાર્યક્રમને ધ્યાનમાં રાખીને તેનો સમય ચાલાકીપૂર્વક ગોઠવવામાં આવ્યો છે. સરકાર ૧ ફેબ્રુ.૨૦૧૭ના રોજ બજેટમાં સારું રિપોર્ટ કાર્ડ રજૂ કરવા માગે છે અને ત્યાર બાદ તે પંજાબ અને ઉ.પ્ર.ની ચૂંટણીમાં સારો દેખાવ કરવા માગે છે. આ સંદર્ભમાં તેલનું રાજકારણ એ એક જટિલ મુદ્દો છે પરંતુ વધુ મહત્વનો મુદ્દો છે. સરકારે આવક વધારી છે પરંતુ ખર્ચ ઘટાડવામાં નિષ્ફળ ગઈ છે. આમ ખાદ્ય વ્યવસ્થાપન સાથે યોગ્ય રીતે કામ નહીં લેવાના કારણે ભાવ એવા ઊંચા તબક્કે રાખવામાં આવ્યા હતા કે જેથી તેઓ ચૂંટણી પૂર્વે પોતાની તરફેણમાં વાતાવરણ ઊભું કરવા સરકાર હવે ભાવ ઘટાડશે.

પંજાબ વિધાનસભામાંથી પરગટસિંઘ સહિત ૩ ધારાસભ્યોએ રાજીનામું આપ્યું

(એજન્સી) ચંદીગઢ, તા.૧૭

પૂર્વ એસએડી નેતા પરગટસિંઘ, ભાજપના પૂર્વ સાંસદની પત્ની નવજોતકૌર સિદ્ધુ સહિત અન્ય બે ધારાસભ્યોએ પંજાબ વિધાનસભામાંથી રાજીનામું આપ્યું છે. બુધવારે નદીના પાણી પર રાજ્યના હકોની રક્ષામાં નિષ્ફળ નિવડેલ બાદલ સરકાર વિરૂદ્ધ વિરોધ દર્શાવતા રાજીનામું આપ્યું હતું. રાજકારણીએ જણાવ્યું હતું કે પંજાબના હકોની રક્ષા કરવામાં બાદલ નિષ્ફળ નીવડ્યા છે. વધુમાં કૌરે ઉમેર્યું હતું કે તેણીએ

વિધાનસભાના સ્પીકર ચરનજીત અત્વાલ સમક્ષ રાજીનામું આપ્યું છે. પરગટસિંઘ (જલંધર કેન્ટોન્મેન્ટ) અને નવજોત કૌર સિદ્ધુ (અમૃતસર), સીમરજીતસિંઘ બૈન (આતમનગર) અને તેના ભાઈ બલવિન્દરસિંઘ બૈન (લુધિયાણા) રાજીનામું આપ્યું હતું. ગત ચોમાસા સત્રમાં પરગટસિંઘે શિરોમણી અકાળીદળમાંથી ભાજપમાંથી કૌરે રાજીનામું આપ્યું હતું. પરગટ અને બૈન બંધુઓ સિદ્ધુના નવા પક્ષ અવાઝ-એ-પંજાબના બિનરાજકીય સભ્યો છે. અપેક્ષ કોર્ટે વિવાદાસ્પદ મુદ્દો સતલુજ-યમુના લિન્ક કેનાલ અંગે હરિયાણાની તરફેણમાં નિર્ણય આપતા કોંગ્રેસના ૪૨ ધારાસભ્યોએ રાજીનામું આપી દીધું હતું. તેમજ કોંગ્રેસના પ્રમુખ અમરિન્દર સિંઘે પણ લોકસભામાંથી રાજીનામું આપ્યું હતું.

પુત્રીના લગ્ન માટે જૂની નોટો બદલાવવામાં અસફળ પિતાનું હાર્ટએટેકથી મોત

(એજન્સી) બાલ્લીયા, તા.૧૭

પુત્રીના લગ્ન માટે જૂની નોટો બદલાવવામાં અસફળ રહેલ પિતાનું હાર્ટએટેકથી મોત નીપજ્યું હતું. મંગળવાર સાંજે પુત્રીના તિલક કાર્યક્રમ માટે જૂની નોટો બદલાવવા ગયેલ ૪૦ વર્ષીય પિતા સુરેશ સોનાર કલાકો સુધી કતારમાં ઊભા રહ્યા છતાં રૂપિયા ન બદલાતા માનસિક તણાવમાં આવી ગયા હતા. બાદમાં રાત્રે હાર્ટએટેક આવતા મૃત્યુ પામ્યા હતા.

સરકારની કાળાં નાણાં પર સર્જિકલ સ્ટ્રાઈકની અસર ચૂંટણીમાં વર્તાઈ

પનવેલ કૃષિ મંડળી ચૂંટણીમાં ભાજપે તમામ ૧૭ બેઠકો ગુમાવી

(એજન્સી) મુંબઈ, તા.૧૭

ગત અઠવાડિયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એનડીએ સરકારના ૫૦૦ અને ૧૦૦૦ની નોટો રદ કરવાના નિર્ણયની નકારાત્મક અસર શરૂ થયેલ પ્રથમ ચૂંટણીમાં જણાઈ હતી. ભાજપે મહારાષ્ટ્રમાં સ્થાનિક કૃષિ મંડળીની તમામ બેઠકો ગુમાવી પડી હતી. સુત્રો મુજબ ખેડૂતો, વર્કર પાર્ટી ઓફ ઈન્ડિયા, શિવસેના, કોંગ્રેસ, એનસીપી અને ભાજપ વચ્ચે યોજાયેલ એપીએમસીની ચૂંટણીમાં ભાજપે તમામ ૧૭ બેઠકો ગુમાવી હતી. કોંગ્રેસે ૨૫ વર્ષ બાદ પનવેલમાં એપીએમસી ચૂંટણીમાં બેઠક મેળવી હતી. શિવસેના, કોંગ્રેસની ગઠબંધિત પીડબ્લ્યુપી પક્ષે ૧૫ બેઠકો પોતાના નામે કરી હતી. સરકારની કથિત કાળા નાણાં પર સર્જિકલ સ્ટ્રાઈકથી જથ્થાબંધ અને છૂટક વેપારી, ખેડૂતો, મજૂરો, પેન્શનરો, નાના વેપારી અને અન્ય ઘણા લોકો પર નાણાંની કટોકટી સર્જાઈ છે.

વિમુદ્રીકરણ : બે કારમાંથી ૭૩ લાખ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા

(એજન્સી) નાસિક, તા.૧૭

નાસિક જિલ્લામાં બે કારમાંથી ૫૦૦ અને ૧૦૦૦ની રદ કરવામાં આવેલ નોટો સાથે ૭૩ લાદ રૂપિયા મળી આવ્યા હતા. બુધવાર સાંજે નાસિક-ઔરંગાબાદ રોડ પર નાકાબંધી દરમિયાન પોલીસને નાસિકથી કોપરગાંવ જઈ રહેલ કારમાંથી ૩૨,૯૯,૫૦૦ રૂપિયા મળી આવ્યા હતા. જયારે અન્ય ગુજરાતથી વૈજપુર આવી રહેલી કારમાંથી ૪૦ લાખ રોકડ જપ્ત કરવામાં આવી હતી. પોલીસે આ અંગેની જાણકારી આવકવેરા વિભાગને આપતા બેંકના મેનેજરે કાઉન્ટિંગ મશીન લઈ રોકડ ગણી હતી. પોલીસે બંને કાર અને રોકડ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ ATM કંપની જે ગ્રામ્ય વિસ્તારોમાં સેવા આપે છે તેની પાસે અઠવાડિયાથી નાણાં નથી : નાણાં ક્યારે આવશે તેની ખબર નથી

(એજન્સી)
નવી દિલ્હી,તા.૧૭

રૂા.૫૦૦ અને ૧૦૦૦ની નોટો રદ કર્યા બાદ નવી નોટો બદલવા માટે લાખો લોકો દેશભરની બેંકોના ધક્કા ખાઈ રહ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં બેંકો અને એટીએમ મશીનો ખાલી છે. લોકોને ખબર નથી કે ક્યારે નવી નોટો આવશે. જુની ચલણી નોટો રદ કરવાના પગલાં બાદ ગ્રામીણ વિસ્તારોમાં બેંકો કે એટીએમમાં કોઈ નવું ચલણ આવ્યું નથી. તે ક્યારે આવશે તે અંગે બીટીઆઈના સીઓ અને એમડી કે.શ્રીનિવાસને કંઈપણ કહેવાનો ઈન્કાર કર્યો છે. એટીએમમાં નાણાં ભરવા માટે બીટીઆઈ કંપની પાસે ૪૨૦૦ એટીએમનો વહીવટ છે. જે ૧૦થી ૧૭ રાજ્યોમાં ફેલાયેલો છે. જેમાના ૯૦ ટકા એટીએમ ગ્રામ્ય વિસ્તારોમાં સ્થપાયેલા છે. નોટો રદ કરતાં પહેલા કંપની રોજ ૮૦ કરોડ રૂપિયા એટીએમ મશીનોમાં ભરતી હતી. હવે કોઈ નવી નોટો નથી. તમામ એટીએમ બંધ છે. શ્રીનિવાસે કહ્યું કે ચલણની પ્રાપ્તિ એ મોટો પડકાર છે. બેંકો પાસેથી નવી નોટો મળવાની રાહ જોઈ રહ્યા છીએ. બીટીઆઈ ૧૧ બેંકો પર નિર્ભર છે. બેંકો તેમની મુશ્કેલીઓમાં ગળાડૂબ છે. રિઝર્વ બેંક સીધા નાણાં આપે તો એટીએમમાં ભરવા તૈયારી છે. હજુ પરિસ્થિતિ સુધરતા ૧૦થી ૨૦ દિવસ લાગશે. ભારતમાં અંદાજે ૧૩૦૦૦ ખાનગી એટીએમ છે જે બેંકો સાથે જોડાયેલા નથી. તેઓ પણ આવી જ મુશ્કેલી અનુભવી રહ્યા છે. ભારતીય ગ્રામીણ અર્થવ્યવસ્થા ખરાબ રીતે નોટો રદ કરવાના નિર્ણયોનો ભોગ બની છે. એટીએમ વધારવાની યોજના બીટીઆઈએ હાલ પૂરતી પડતી મૂકી છે.

મોદીની મોટી નોટો રદ કરવાની ચાલ 'ખર્ચાળ રાજકીય મજાક' બની શકે છે : ચીની મીડિયા

તા.૧૭

ચેન્નાઇમાં પંજાબ નેશનલ બેન્કની શાખા ખાતે રોકડ કાઉન્ટર પર એક બેંક કર્મચારી ૧૦૦૦ અને ૫૦૦ની જૂની નોટો ગણી રહ્યો છે.

ચીનના આર્થિક નિષ્ણાતોના જણાવ્યા અનુસાર વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મોટી નોટોને રદ કરવાની "આશ્ચર્યજનક" ચાલ એક ખર્ચાળ રાજકીય મજાક બની શકે છે અને તે ગેરકાયદે રોકડ અને નકલી ચલણ દૂર કરવાના વચનમાં નિષ્ફળ જાય તેવી શક્યતા છે. તેઓએ એમ પણ કહ્યું છે કે આ નિર્ણયને કારણે અનૌપચારિક ક્ષેત્રને ભારે નુકશાન સહન કરવું પડ્યું છે.

ભારતમાં ચલણ રદ કરવાના નિર્ણય પર ચિની મીડિયા અને નિષ્ણાંતો દ્વારા નજીકથી નજર રાખવામા આવી અહી છે.

ચીની નિષ્ણાંતો મુજબ આ નિર્ણય હકીકતમાં ગેરજવાબદાર રોકડનો પ્રશ્ન હલ કરવા માટે પૂરતું હશે કે કેમ એ વિશે બે અલગ વિવેચન આપવામાં આવે છે. ઘણા નિષ્ણાંતો આ ચાલને આશાસ્પદ ગણતાં નથી.

પ્રતિષ્ઠિત ચિની એકેડમીના સોશિયલ સાયન્સ ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટના એસોસિયેટ પ્રોફેસર લિયુ ઝિયાઓમિ કહે છે કે "સરકાર જૂની બેન્કનોટને ચલણની બહાર કરીને નોંધપાત્ર આશા રાખી રહી છે: અને તે ઈચ્છિત છે કે ભૂગર્ભ અર્થતંત્રના ઘણા સહભાગીઓ આ પગલાથી બહાર આવશે. અને સરકાર દ્વારા રોકડ રકમ મોટા પ્રમાણમાં બહાર લાવવા માટેનો આ એક ઉચિત પ્રયાસ છે. પરંતુ આ અભૂતપૂર્વ પગલાની અસરોની આગાહી અત્યંત મુશ્કેલ છે. ભૂતકાળના અનુભવ દર્શાવે છે કે કાળા બજાર ખૂબ જ નજીકથી આર્થિક માળખામાં ફેરફારો અને કર સિસ્ટમો તેમજ જાહેર જાગૃતિ સાથે જોડાયેલું છે અને તેને એક સરળ ચલણ રિપ્લેસમેન્ટ અભિયાન મારફતે સંપૂર્ણપણે દૂર કરવું અશક્ય છે."

ત્સિંગુઆ યુનિવર્સિટીના એક વિદ્વાન કહે છે કે આ એક "ભારે" ચાલ છે અને જણાવ્યું હતું કે મોદીની આ ચાલ "ભારતમાં એક અભૂતપૂર્વ કટોકટી ઊભી કરી શકે છે".

"આવા મોટા અભિયાન શરૂ કરવા માટે રાજકીય હિંમત જરૂરી છે; પરંતુ ખરેખર તેનો એક સુખી અંત આવે એ માટે વધુ શાણપણ જરૂરી છે. હકીકતમાં અપેક્ષિત સુધારા માટે જો ભાજપ પોતાના વચનો કે પછી મોદીના આ 'માસ્ટર સ્ટ્રોક' અથવા 'મહાવિસ્ફોટ સુધારા' માં નિષ્ફળ જાય છે તો એવી શક્યતા છે કે લોકો તેને 'બીભત્સ પક્ષપાતી કાવતરું' અને એક 'ખર્ચાળ રાજકીય મજાક' ગણી શકે છે", તેમણે કહ્યું કે આ યોજનાની સફળતા ત્રણ પડકારો પર આધાર રાખે છે,

"સૌ પ્રથમ, મોદીએ અસરકારક રીતે ભંગાણજનક પ્રવાહોને ઠંડું પાડવું પડશે અને અસરગ્રસ્ત ભારતીયોને સાંત્વના આપવી પડે. બીજું, તેમણે લાંબા ગાળાના પગલા દ્વારા આ નીતિ દ્વારા ફાયદો લેવો પડશે, અને છેલ્લે સ્માર્ટ રીતે કાળા નાણાં વિરોધી અભિયાનમાં ગણતરી કરી પડશે."

ભારતમાં રાતોરાત સૌથી વધુ કિંમતની અને સૌથી વધુ લોકપ્રિય નોટો ગેરકાયદેસર કરવાની જાહેરાત પ્રચંડ સમસ્યાઓ તરફ દોરી જાય છે, ઉદાહરણ તરીકે, નાના વેપારો, ખાસ કરીને મહત્વનું ભારતનું વિશાળ અનૌપચારિક ક્ષેત્ર સૌથી ગંભીર નુકસાનગ્રસ્ત છે કારણ કે તેઓ લગભગ રોકડ વ્યવહારો પર સંપૂર્ણપણે આધાર રાખે છે. અંધાધૂંધીને લગતા અને કેટલાક હત્યા અથવા આત્મહત્યાના કેસ છે. ડિપોઝિટ વધારવા જેવા પગલાં જાહેર કરવામાં આવ્યા છે, તેમ છતાં સ્થાનિક પરિસ્થિતિમાં ભાગ્યે જ સુધારો આવ્યો છે. "

છેલ્લા દાયકામાં, જેવા બિનદસ્તાવેજીકૃત સૂત્રોએ રોકડ દાન તરીકે ભારતના રાજકીય પક્ષો માટે ભંડોળ આપ્યું છે જે આશરે ૭૫ ટકા હિસ્સો ધરાવે છે. આ જોતાં, કાળા નાણાં પર અચાનક કેક ડાઉન એ ઉત્તર પ્રદેશ અને પંજાબમાં યોજાનારી ચૂંટણી માટે મોદીની હોંશિયાર ચૂંટણી ગણતરી તરીકે પણ જોવામાં આવે છે"

નાણાંના અભાવે દિલ્હીમાં યોજાનાર મરાઠા રેલી રદ થઈ

(એજન્સી) તા.૧૭

મોટી નોટો રદ થયા બાદ ઉભી થયેલી સ્થિતિના કારણે સર્જાયેલ રોકડની તંગીથી ૨૦ નવેમ્બરના રોજ ક્રાંતિ મરાઠા મોરચાની દિલ્હીમાં યોજાનાર સૂચિત રેલીને રદ કરાઈ છે. ક્રાંતિ મોરચા સમિતિની બેઠકમાં આ નિર્ણય કરાયો હતો. હવે પછીની રેલી નાગપુરમાં તા.૧૪ ડિસેમ્બરે યોજવાનો નિર્ણય કર્યો છે. મરાઠાઓ અનામતની માગણી સાથે એટ્રોસિટી એક્ટ નાબુદ કરવાની માગણી કરી રહ્યા છે. લોકો પાસે પૈસા ન હોવાથી કેવી રીતે રેલીમાં આવે ? ફંડ ભેગો કરવો પણ મુશ્કેલ છે. દિલ્હીની રેલી માટે ૧ વ્યક્તિઓનો ૮ હજાર ખર્ચ થાય. જૂની નોટો રદ થતાં હવે ફંડ માટે એક પડકાર ઉભો થયો છે. તેમ ક્રાંતિ મોરચાના કન્વીનરે કહ્યું છે.

હૈદરાબાદ : બળજબરીપૂર્વક ૫૦ લાખ રૂપિયા લઈ જવા બદલ બેની ધરપકડ

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૭

સિકંદરાબાદમાંથી ૫૦ લાખ રૂપિયા બદલી આપવાનું કાવતરૂ ઘડનાર બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. રવિન્દર રેડ્ડી (વીમા એજન્ટ) અને આર.રાજુ (પૂર્વ હોમગાર્ડ)ની ધરપકડ કરવામાં આવી હતી જ્યારે તેમના સાથી નરેશ (એમબીએ વિદ્યાર્થી) ફરાર થઈ ગયો હતો. પોલીસે ૩૭ લાખ જપ્ત કર્યા હતા. આ ત્રણેય આરોપીઓએ કાવતરૂ ઘડી બળજબરીપૂર્વક ૫૦ લાખ રૂપિયા છીનવી ફરાર થયા હતા. રેડ્ડીએ ફરિયાદીને બેંકમાં ગયા વગર રદ કરાયેલી નોટોના ૫૦ લાખ રૂપિયા બદલી આપવા વચન આપ્યું હતું. તે ફરિયાદીને અભરપુરથી સિકંદરાબાદ કારમાં રોકડ સાથે લઈ જતો હતો. તે દરમિયાન રાજુ અને નરેશે કારનો પીછો કરી કાર અટકાવી હતી. બાદમાં પોલીસ તરીકે ઓળખ આપી ઓળખના પૂરાવા તેમજ મોટી રકમ વિશે પ્રશ્નો પણ પૂછ્યા હતા. તે કાળું નાણું હોવાનું ગણાવી તેઓએ ૨૦૦ ટકા દંડ ફટકારવાની ધમકી આપી હતી. બાદમાં તેઓ રોકડની બેગ લઈ ફરાર થયા હતા. અંતે ફરિયાદીએ ફરિયાદ નોંધાવતા પોલીસે રેડ્ડી અને રાજુની ૩૭ લાખ રૂપિયા સાથે ધરપકડ કરી હતી. આ ઘટના બાદ પદમજાએ પ્રજાને અપીલ કરી હતી કે, આ પ્રકારની છેતરપિંડીમાં ભરમાશો નહીં તેમજ બેંકિંગ સિસ્ટમ દ્વારા જ જૂની નોટો બદલવાનો દાવો કર્યો છે.

હરિયાણામાં ભૂકંપ, દિલ્હી અને એનસીઆરમાં ધરતી ૧ મિનિટ સુધી ધ્રૂજી

નવી દિલ્હી,તા.૧૭

ગુરુવારે વહેલી સવારે હરિયાણામાં આવેલા ભૂકંપના ઝટકા દિલ્હી અને એનસીઆરમાં પણ મહેસૂસ થયા ૪.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. અમેરિકન ભૂગર્ભીય સર્વે (યુએસજીએસ)ના મતે ભૂકંપનું કેન્દ્ર હરિયાણાના રેવાડી જિલ્લામાં આવેલા બાવળથી ૧૨ કિલોમીટર દૂર દક્ષિણ-પૂર્વમાં હતું. ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૧૦ કિલોમીટર નીચે હતું. ભૂકંપને લીધે હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર મળ્યા નથી. વહેલી સવારે ૪:૩૦ વાગ્યે ભૂકંપ આવ્યો હતો. ત્યારબાદ રાજધાની અને તેની આજુબાજુના વિસ્તારોમાં જોરદાર ઝટકા મહેસૂસ કરાયા હતા. આ ઝાટકો ગુડગાંવ, ફરીદાબાદ, નોએડા, ગાઝીયાબાદ અને અન્ય જગ્યાઓ પર પણ આવ્યા હતા.. ભૂકંપનો આ ઝાટકો અંદાજે એક મિનિટ સુધી મહેસૂસ થયો હતો.

ભારતે ઈસ્લામિક દેશોને પાકિસ્તાનની ત્રાસવાદી ભૂમિકા અંગે વાકેફ કર્યા

(એજન્સી) દુબઈ, તા.૧૭

ઈસ્લામિક દેશના સંગઠન (આઈઓસી)ને ભારતે પાકિસ્તાની ત્રાસવાદની ભૂમિકાથી વાકેફ કર્યા હતા. વિદેશ રાજ્ય મંત્રી એમ.જે . અકબરે રાજ્યસભામાં આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે જમ્મુ-કાશ્મીરમાં ત્રાસવાદ ફેલાવવા અંગે પાકિસ્તાનની ભૂમિકા અને ભંડોળ અંગે ઈસ્લામિક દેશોને વાકેફ કર્યા હતા. એક પ્રશ્નના જવાબમાં વિદેશમંત્રીએ કહ્યું કે નવાઝ શરીફે ૨૨ જેટલા પ્રતિનિધિઓને દુનિયાના દેશોમાં કાશ્મીરમાં ભારતના માનવ અધિકારના ઉલ્લંઘન બાબતે મોકલ્યા હોવાનો પાકિસ્તાની મીડિયાએ દાવો કર્યો છે. આ દૂતોએ બેલ્જિયમ, ચીન, ફ્રાંસ, રશિયા, સઉદી, દ.આફ્રિકા, તુર્કી, યુકે, યુએસ,યુએન ખાતે મોકલ્યા હતા. ભારતે ઈસ્લામિક દેશોમાં પોતાના પ્રતિનિધિઓને મોકલી પાકિસ્તાનની ત્રાસવાદની ભૂમિકા અંગે માહિતગાર કરાયા હતા. પાકિસ્તાને કરેલા પ્રયાસોમાં કોઈ સફળતા મળી નથી. રશિયા દ્વારા પાકિસ્તાનમાં સંયુક્ત લશ્કરી કવાયતનો મુદ્દો રશિયા સામે ઉપસ્થિત કરાયો હતો. રશિયાએ આવી કવાયતનો ઈન્કાર કર્યો હતો.

કેજરીવાલ-મમતાએ રિઝર્વ બેંકનાં દ્વાર ખખડાવ્યાં : ચલણની માહિતી માંગી

રિઝર્વ બેંકના ઉત્તરથી નાખુશ મમતા પરત ફર્યા

(એજન્સી) કોલકાતા, તા.૧૭

મોટી નોટો રદ થવાના મામલે લડત ચલાવી રહેલા દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલને બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી દિલ્હીમાં રિઝર્વ બેંક સામે ધરણા યોજી ચલણી નોટોની સ્થિતિ જાણવા માંગી હતી. બન્ને નેતાઓ આઝાદપુર માર્કેટથી રેલી સ્વરૂપે સંસદ ભવન નજીક રિઝર્વ બેંકની કચેરી સામે ગયા હતા અને મોદી સરકારના નોટો રદ કરવાના નિર્ણયને પડકાર્યો હતો. તેમણે પૂછ્યું હતું કે, કેટલી નોટો જોઈએ ? કેટલી છપાઈ છે ? ક્ષમતા કેટલી છે ? કેટલા દિવસ લાગશે ? આ માહિતી રિઝર્વ બેંક પાસે બન્ને નેતાઓએ માંગી હતી. બેનરજીએ કહ્યું કે, તેઓ રિઝર્વ બેંકને પૂછવા આવ્યા છે કે, સેન્ટ્રલ બેંક પાસે પૂરતા નાણાં છે કે નહીં અમારો હેતુ નાણાંની તંગી દૂર કરવાનો છે. દરમિયાન રિઝર્વ બેંકના અધિકારીઓ મમતા બેનરજીને આ પ્રશ્ને સંતોષકારક જવાબ આપવામાં નિષ્ફળ ગયા હતા. ગયા વર્ષની નાણાંની જોગવાઈનો અહેવાલ આપ્યો હતો. બન્ને નેતાઓ સંતોષકારક જવાબ ન મળતાં પાછા ફર્યા હતા. તેમની સાથે ટીએમસીના સાંસદો કાકોલી ઘોષ દાસ્તીદાર પણ જોડાયા હતા. રિઝર્વ બેંક આગળ જમા થયેલ લોકોએ વડાપ્રધાન મોદીનો હુરિયો બોલાવ્યો હતો. કેટલાકે કેજરીવાલને આવકાર્યા હતા. રચના વાધવાણી નામની એક મહિલા રિઝર્વ બેંકમાંથી નાણાં લેવા સવારની ઊભા હતી તેણે ફરિયાદ કરી કે તે સવારની ઊભી છે છતાં ખાલી હાથે પાછી જાય છે. મેડિસીન માટે પૈસા નથી.

નોટબંધીના નિર્ણયનો વિરોધ કરતી અરજીઓ ઉપર મનાઈ હુકમ આપવા કેન્દ્ર સરકાર સુપ્રીમમાં ગઈ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

કેન્દ્ર સરકારે સુપ્રીમકોર્ટમાં નવેસરથી અરજી દાખલ કરી માગણી કરી છે કે નોટબંધી મામલે વિવિધ હાઈકોર્ટોમાં અરજીઓ કરવામાં આવેલ છે એ બધી અરજીઓની સુનાવણી ઉપર મનાઈ હુકમ લાદવામાં આવે સિવાય કે એ અરજી જે સુપ્રીમકોર્ટમાં પડતર છે. સુપ્રીમકોર્ટે સરકારની અરજીને અગ્રિમતાના ધોરણે સુનાવણી કરવા મંજૂરી આપી છે. સુપ્રીમકોર્ટની બેંચ સમક્ષ એટોર્ની જનરલ મુકુલ રોહતગીએ જણાવ્યું કે જુદી-જુદી અરજીઓ દ્વારા ઘણા બધા ગુંચવાડાઓ ઉભા થશે. બેંચે કહ્યું કે આ અરજીની સુનાવણી બીજી બેંચ કરશે. જે મુખ્ય ન્યાયાધીશની અધ્યક્ષતા ધરાવતી બેંચ નોટબંધીની સુનાવણી કરી રહેલ છે. ૧૫ નવેમ્બરે સુપ્રીમકોર્ટે નોટબંધીના નિર્ણય બાબતે બહાર પડાયેલ જાહેરનામાને રદ કરવા ઈન્કાર કર્યો હતો પણ જણાવ્યું કે લોકોને મુશ્કેલીઓનો સામનો નહીં કરવો પડે એનું ધ્યાન સરકારે રાખવાનું છે. સુપ્રીમકોર્ટમાં ચાર જાહેર હિતની અરજીઓ દાખલ કરવામાં આવી હતી. અરજીઓમાં જણાવ્યું હતું કે ઓચિંતે જાહેર કરાયેલ નિર્ણયથી લોકોને ખૂબ જ હાલાકી પડી રહી છે. જેથી અરાજકતાનો વાતાવરણ ફેલાયો છે. જાહેરનામાને રદ કરવો જોઈએ અતવા થોડા સમય માટે મોકૂફ રાખવો જોઈએ.

નોટબંધીનું પગલું કાળાં નાણાંની મૂળ સમસ્યાનો ઉકેલ લાવવામાં નિષ્ફળ બની રહેશે : RSS વાદી સંગઠનો

નવી દિલ્હી તા. ૧૭

આરએસએસ સાથે જોડાયેલા એક સંગઠનોએ નોટબંધીના સરકારના નિર્ણયની વિરૂદ્ધ અવાજ ઉઠાવ્યો છે. બીએમએસ, બીકેએસ, એસજેએમ જેવા આરએસએસ વાદી સંગઠનોએ સરકારને ચોખ્ખા શબ્દોમાં સંભળાવી દીધું છે કે નોટબંધીના પગલાંથી મૂળ સમસ્યા જેવીને તેવી છે. આ સંગઠનોના પદાધિકારીઓએ એવી આશંકા ખડી કરી છે કે નોટબંધીના પગલાંથી કાળા નાણાની ખરી સમસ્યાનો ઉકેલ લાવવામાં સદંતર નિષ્ફળ રહેશે. કારણ કે આનાથી તો દેશનો સામાન્ય વર્ગ અને મજૂર વર્ગ રોકક રકમ લેવા લાઈનમાં ખડો થયો છે તો ખેડૂતો પાસે બિયારણ કે ખાતર લેવાના પણ પૈસા રહ્યાં નથી. ભારતીય મજૂર સંઘના અધ્યક્ષ નાર રાયે કહ્યું કે દેશમાં મજૂર વર્ગ કામધંધો છોડીને રોકડ પૈસા લેવા લાઈનમાં ખડો થયો છે અને કાળા નાણાની મૂળ સમસ્યા તો એવીને એવી જ છે. તેમણે કહ્યું કે અમે સરકારના આ નિર્ણયનું સ્વાગત કરીએ છીએ, લોકો પણ તેનું સ્વાગત કરી રહ્યાં છે સરકારનો હેતુ શુભ છે પરંતુ તેને વાસ્તવિક બનાવવાનું ખુબ મુશ્કેલ બની રહ્યું છે. તેમણે કહ્યું કે સરકાર એવું જણાવી રહી છે કે એક મહિનામાં બધુ વ્યવસ્થિત થઈ જશે પરંતુ અમને લાગે છે કે તેનાથી પણ વધારે સમય લાગશે. તેમણે એવી દલીલ કરી કે હવે તો એવા ગંભીર સવાલ કરવામાં આવી રહ્યો છે કે શું નોટબંધીના પગલાંથી કાળુ નાણું બહાર આવી રહ્યું છે. કાળુ નાણુ રાખનારા લોકો નોટબંધીના પગલાંને એક તક માની રહ્યાં છે.

ચલણ વિમુદ્રીકરણ શા માટે ?

રોકડ માટે આમ આદમી કતારમાં સંઘર્ષ કરી રહ્યો છે અને 'મોટાં માથાંઓ' ક્યાંય દેખાતાં નથી

(એજન્સી) તા.૧૭

સરકારે નાણાં ઉપાડવા માટે આવતા લોકોના હાથ પર અવિલોપ્ય શાહી દ્વારા માર્ક કરવા માટે બેંક સ્ટાફને આદેશ આપ્યો છે, હવે લોકો અહી એક અન્ય સૂચન કરી રહ્યા છે કે શા માટે આ સાથે મતદાન બોક્સ પણ એટીએમ સાથે રાખવામાં આવતું નથી? જેથી આપણે નાણાંની સાથે સાથે જનતાનો મૂડ પણ જાણી શકીએ. અને આ નિર્ણયનો ખાનગીમાં જે પડઘો પડ્યો છે તેનો સમગ્ર રાષ્ટ્ર અવાજ સાંભળી શકે. ચલણી નોટો પર સરકારની સર્જિકલ સ્ટ્રાઈકના એક અઠવાડિયા પછી પણ બેન્કો અને એટીએમ પાસે લોકોની લાંબી કતારો જોવા મળે છે. શું તમે આ કતારોમાં ઊભા રહેલા લોકોના મંતવ્યો જાણ્યા છે? લોકો એક સાવ સામાન્ય પ્રશ્ન પૂછે છે કે આ બધી કવાયત શા માટે? લોકો જે કહે છે તે અક્ષરશઃ લખવું શક્ય નથી. પરંતુ તે કહેવું પૂરતું છે કે નાણાં બદલવા માટે આવેલા લોકોના નાણાં ઝડપથી બદલતા નથી, પણ તેમનો મૂડ બદલાય છે. અને, અનેક હસતાએ લોકો હવે રડવાનું શરૂ કર્યું છે. આ બેન્કોની બહાર દૈનિક જીવનમાં આવી રહેલી મુશ્કેલીઓ વિશે ફરિયાદ કરવામાં આવે છે. નાના વેપારીઓને ચિંતા છે કે બિઝનેસ ઘટશે. બાંધકામ પ્રવૃત્તિ બંધ થઈ છે. બિલ્ડર્સના ચાલુ પ્રોજેક્ટ સ્થગિત છે. ખેડૂતો બજારમાં તેમના પાક વેચવા માટે રાહ જોઈ રહ્યા છે, પરંતુ પરિભ્રમણ માટે કોઈ રોકડ નથી. એક પાર્કમાં રાત્રે લોકો ભેગા થાય છે ત્યારે એક વેપારી કહે છે કે '' આપણે નવેસરથી શરૂઆત કરવી પડશે આ ભારતના નવા ભાગલા પડ્યા હોય તેવું લાગે છે.'' વેદના વિશે સારી બાબત એ છે કે તે આપણને ઉમદા ત્યારે લાગે છે જ્યારે આપણે જાણીએ છીએ કે આપણાં કરતાં બીજા લોકોની વેદના વધુ છે. આ માટે માનવીને આનંદ આવે છે. તેથી, આ સમયે બધા ખુશ છે પોતાના નાક કપાઈ ગયા છે તો સમૃદ્ધ માણસ, આઈએસઆઈ, અલ કાયદા, કોંગ્રેસ, માયાવતી, મુલાયમ પણ પરેશાન છે. બધ લોકો પ્રશ્ન કરે છે કે આ ચલણ વિમુદ્રીકરણ 'શા માટે?, રોકડ માટે આમ આદમી કતારમાં સંઘર્ષ કરી રહ્યો છે અને 'મોટા માથાઓ' ક્યાંય દેખાતા નથી. તેઓ ક્યાં છે? જવાબ સરળ છે, તેમાંના મોટાભાગના અન્ય વિવિધ છૂપી અસ્કયામતોમાં તેમના નાણાં રોકીને બેઠા છે, તેમની રોકડ બચત નોંધપાત્ર નથી. અગાઉ પણ Firstpost દ્વારા ધ્યાન દોરવામાં આવ્યું હતું કે રોકડનું પરિભ્રમણ ચલણમાં માત્ર ૫૦ ટકા છે અને તે જીડીપીના માત્ર ૫-૬ ટકા છે. અને, અહીપણ આ ફેરફારને કારણે શોષણ થઈ રહ્યું છે. અહીં દર્શાવવામાં આવ્યું છે કે તે કેવી રીતે થાય છેઃ

૧. અહેવાલો છે કે બેંક સ્ટાફ નાણાં લેવા આવતા લોકોના ઓળખ કાર્ડનો ઉપયોગ કરી રહ્યા છે અને રોકડ માટે તેઓ કેવી રીતે ઘણી વખત એક IDનો વિવિધ બેન્કોમાં ઉપયોગ કરે છે તે જોવા માટે કોઈ પદ્ધતિ નથી. અને અહેવાલ મુજબ આ ટર્નઓવરના ૨૦-૩૦ ટકા કમિશન સાથે એક સુઘડ બિઝનેસ ચાલી રહ્યો છે.
૨. ઝડપી નફો મેળવવા માટે કોઈ અન્ય દ્વારા સંચિત રોકડ સાથે બદલો કરવામાં આવે છે અને જે લોકોએ બેંક પાસેથી કાયદેસર ઋણ લીધું છે અને તે નાણાં ખર્ચી નાખ્યા છે તો તેને ભરવા માટે આવા લોકો તમને રોકડ આપે છે અને બદલામાં તેઓ માત્ર ૭૦ ટકા પરત આપવાનો આગ્રહ રાખે છે.
૩. અવિલોપ્ય શાહી બેન્કો સુધી પહોંચવા માટે કેટલોક સમય લેશે. આ દરમિયાન બેંક શાખાઓ પર કતારમાં ઊભા રહીને ઝડપી કમિશન મેળવવા માટે ભાડે લોકો મળે છે. તેઓ એક શાખામાંથી બીજી શાખા પર જાય છે અને શક્ય તેટલુ ચલણ બદલે છે.
૪. રૂપિયા ૧૦થી ૨૫ લાખ ધરાવતા લોકો ઘરે પડેલી રોકડમાંથી આ રકમ કુટુંબ અને મિત્રો દ્વારા બેન્કમાં મૂકે છે. કારણ કે સરકારે નાના પ્રમાણમાં નાણાં જમા કરાવનાર લોકોને પરેશાન ન કરવા માટે વચન આપ્યું છે. આમ આદમી દિવસે લાંબી કતારોમાં સંઘર્ષ કરી રહ્યો છે અને લોભનું અર્થતંત્ર રાત્રે પોતાનું કામ કરતો રહે છે. માટે આ યુદ્ધ કોણ જીતી રહ્યું છે એ જાણવા માટે તમારે મતદાન બોક્સની જરૂર નથી.

નોટબંધીની ઉત્તરપ્રદેશની ચૂંટણીઓમાં કઈ રીતે અસર થશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

વડાપ્રધાન મોદીની નોટબંધીનો નિર્ણય ઉત્તરપ્રદેશની ચૂંટણીઓમાં ભાજપને જ ફળવાનો છે. વિરોધપક્ષો અને નિષ્ણાંતોએ પોતાનું મંતવ્ય દર્શાવ્યું હતું. કોંગ્રેસના ઉત્તરપ્રદેશના વરિષ્ઠ નેતા પ્રદીપ માથુરે જણાવ્યું કે, અમારે હવે ચૂંટણીની સમગ્ર રણનીતિ જ બદલવી પડશે. નોટબંધીના કારણે પક્ષને ખૂબ જ ઓછી રેલીઓ યોજવી પડશે અને મતદારોને ઓછો ભેટો આપી શકાશે. એમણે ભાજપ બાબતે પોતાના વિચારો વ્યક્ત કરતાં જણાવ્યું કે, ભાજપ પાસે એમના હરીફો કરતાં વધુ સભ્યો છે અને સૌથી મોટી વાત એ છે કે, ઘણા બધા મોટા ઉદ્યોગગૃહો સાથે એમના ઘણા જ સારા સંબંધો છે જેથી એમને નાણાંની મુશ્કેલી નડવાની નથી જેથી એમના ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં જીતની તકો વધી જશે જે મોદીને ૨૦૧૯ની લોકસભામાં પણ કામ આવશે. દિલ્હી આધારિત મીડિયાએ જણાવ્યું કે, ભાજપ ચૂંટણી રેલીઓ માટે બે તૃતિયાંશ રોકડ નાણાં ફાળવવાનો હતો જ્યારે બીજા પક્ષો ૮૦થી ૯૫ ટકા ચૂંટણી ખર્ચ રોકડમાં કરવાના હતા. એમની ગણતરી છે કે આ બાબતથી બધા પક્ષોને અસર થશે પણ સામીબાજુએ ભાજપ વધુ મજબૂત થશે. ચૂંટણીઓમાં જાહેર કરાયેલ ખર્ચ કરતાં કાળા નાણાંનો જ ઉપયોગ કરવામાં આવે છે જે બધા પક્ષોની જીવાદોરી છે એ પક્ષો ઉમેદવારો, ધંધાર્થીઓ પાસેથી રોકડા પૈસા મેળવે છે અને રેલીઓ, મતદારોને ભેટ-સોગાદો આપવા અને હેલિકોપ્ટરો ભાડે આપવા ખર્ચે છે. મોદીની જાહેરાતથી એવા લોકો પ્રસન્ન છે જે ભ્રષ્ટાચાર અને કાળા નાણાંથી કંટાળી ગયા હતા, એની અસર કેટલી થાય છે એ તો પછીની વાત છે. વિરોધ પક્ષો એક થઈને સરકારને દોરવા પ્રયાસો કરી રહ્યા છે પણ એમાં તેઓ સફળ થાય એ દેખાતું નથી. માયાવતી જે ઉ.પ્ર.ના પૂર્વ મુખ્યમંત્રી છે એમણે કહ્યું કે નોટબંધીનો નિર્ણય રાજકીય બાબતો અને ઉ.પ્ર.ની ચૂંટણીઓના કારણે લેવાયો છે. છેલ્લા દાયકાઓથી એમની ઉપર ભ્રષ્ટાચાર દ્વારા પૈસા મેળવવાના આક્ષેપો છે. એમને ભારે ફટકો પડશે. એમનો આખો પ્રચાર ધોવાઈ જશે, રેલીઓ માટે લાખોની મેદનીને ગામડાઓ માટે લાવવામાં આવે છે જેને બ્રેક લાગી જશે. આ પ્રકારના ફટકાઓ બધા પક્ષોને પડશે. રેલીઓના આયોજકો જેમના માટે ચૂંટણીઓ કમાણીની સિઝન કહેવાય છે. એ પણ ચિંતામાં ગરકાવ થઈ ગયા છે. રેલીઓમાં લાઉડ સ્પીકર અને બીજા સાધનો પૂરા પાડતા રાજેશ પ્રતાપે જણાવ્યું કે ભાજપ સિવાય કોઈપણ પક્ષ જાન્યુઆરી સુધી રેલી યોજી શકશે નહીં. બધા પક્ષો રેલીઓ માટે રોકડ નાણાંનો ઉપયોગ કરતાં હોય છે. મોદીએ નોટબંધી કરી ફક્ત વિપક્ષોનો જ સપાટો નથી બોલાવ્યો પણ પોતાના પક્ષના અધિકારી અને નેતાઓનો પણ સપાટો બલાવ્યો છે જે ભ્રષ્ટ છે અને કાળા નાણાં ધરાવે છે.

સરહદ પર પાકિસ્તાને વિમાનો અને ટેન્કો સાથે યુદ્ધ અભ્યાસ કર્યો

ભારતના ૧૧ સૈનિકો માર્યા ગયા હોવાના પાકિસ્તાનના દાવાને ભારતે ખોટો ગણાવ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

ભારતીય સેનાએ તેના ૧૧ જવાનોના મોત અંગે પાકિસ્તાનના દાવાને ફગાવી દીધો હતો. પાકિસ્તાન સામે ફાયરીંગમાં કોઈ જાનહાનિ થઈ નથી. તેમ સેનાએ એક ટ્વિટમાં જણાવ્યું છે.

સોમવારે પાકિસ્તાને તેના ૭ જવાનોના મોત અંગે સ્વીકાર કર્યો હતો. ભાગ્યે જ મોત અંગે સ્વીકારતા પાકિસ્તાને પહેલીવાર તેના જવાનોના મોતનો સ્વીકાર કરી જણાવ્યું હતું કે સરહદ નજીક તેના જવાનો ક્રોસ ફાયરિંગમાં માર્યા ગયા હતા. પાકિસ્તાનના પંજાબમાં બાવલપુર ખાતે પાકિસ્તાની સેનાના યુદ્ધ અભ્યાસ પ્રસંગે સેના પ્રમુખ જનરલ રાહીલે કહ્યું કે સરહદ પર ફાયરિંગમાં ભારતે ૪૦ સૈનિકો ગુમાવ્યા છે. જેમાં ૧૦ સૈનિકો સોમવારે માર્યા ગયા છે.

ભારતીય સેનાએ આ વાતને રદીયો આપ્યો હતો. પાકિસ્તાની સેના પ્રમુખ બે અઠવાડિયા બાદ નિવૃત્ત થઈ રહ્યાં છે તે સમયે યુદ્ધ અભ્યાસ દરમ્યાન વડાપ્રધાન નવાઝશરીફ પણ હાજર રહ્યા હતા. તેમણે ભારતના કોઈપણ હુમલાનો જડબાતોડ જવાબ આપવા જણાવ્યું હતું. કાશ્મીરમાં બુરહાન વાનીના મોત બાદ બંને દેશો વચ્ચે તણાવ વધ્યો છે. આ હિંસામાં ૯૦ના મોત અને ૧૨૦૦ લોકો ઘવાયા છે. ભારતે આ હિંસા માટે પાકિસ્તાનને જવાબદાર ગણાવ્યું છે. ઉરીમાં ૧૯ સૈનિકોને પાકિસ્તાની ત્રાસવાદીઓએ મોતને ઘાટ ઉતાર્યા હતા. પાકિસ્તાને ક્રોસ બોર્ડર રેડનો ઈન્કાર કર્યો હતો. પરંતુ સરહદ પાર તોપગોળા અને ફાયરિંગની ઘટનાઓ વધારી હોવાનું જણાવ્યું હતું. ભારતે તેના પ્રતિકાર માટે ભારે શસ્ત્રોના ઉપયોગને દોહરાવ્યો છે.

પાકિસ્તાને યુદ્ધ અભ્યાસમાં ચીની બનાવટના ચોપરનું પ્રદર્શન કર્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

પાકિસ્તાનની સેનાએ ભારતીય સરહદ નજીક પંજાબ પ્રાંતમાં મોટા પાયે યુદ્ધ કવાયત હાથ ધરી ચીનમાં બનેલા ડબલ્યુ.ઝેડ-૧૦ હેલિકોપ્ટરોનું પ્રદર્શન કરી દુશ્મન દેશ ભારતને તેની શક્તિનો પરિચય કરાવ્યો હતો. પાકિસ્તાનના યુદ્ધવાહક વિમાનો અને હેલિકોપ્ટરોની સરહદે ગર્જના થઈ રહી હતી.

ચીનમાંથી આયાત કરેલ ડબલ્યુ.ઝેડ-૧૦ થંડરલોક્ટ મિસાઈથી સજ્જ હેલિકોપ્ટરો કોઈપણ યુદ્ધ ટેન્કોનો નાશ કરવા માટે સક્ષમ છે. જે અમેરિકાના એએચ-૬૪ સમકક્ષ શક્તિશાળી છે. જે ઈરાક અને અફઘાનિસ્તાનમાં મોટાપાયે ઉપયોગમાં લેવાયા હતા. ભારતે અમેરિકા સાથે એક સોદો કરી ૩.૧ બિલીયન ડૉલરના ખર્ચે ૨૨, એએચ-૬૪ હેલિકોપ્ટર ખરીદવાનો નિર્ણય કર્યો હતો.

ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલો તણાવ ગંભીર સ્થિતિમાં પહોંચ્યો છે. તેવા સમયે પાકિસ્તાને અતિઆધુનિક હથિયારો સાથે શસ્ત્રોનું નિર્દેશન કરી યુદ્ધ અભ્યાસ કરી ભારતને તેની તૈયારીઓ વિશે બતાવ્યું છે.

૨૦૧૨થી ચીનના ત્રણ યુદ્ધવાહક હેલિકોપ્ટર ડબલ્યુ.ઝેડ.૧૦ પાકિસ્તાનને સોંપાયા છે. જેનો બાવલપુરમાં યુદ્ધ અભ્યાસ કરાયો છે. ચીન દ્વારા અપાયેલ હેલિકોપ્ટરના એન્જિન હજુ શક્તિશાળી નથી. તેથી ડબલ્યુ.ઝેડ-૧૬ હેલિકોપ્ટર જે ચીનમાં હમણાં તૈયાર થઈ રહ્યા છે. તે પાકિસ્તાનને મળવાની સંભાવના છે. પાકિસ્તાન અમેરિકાની બનાવટના એએચ-૧એફ કોબ્રા હેલિકોપ્ટર જે ગનશીપથી સજ્જ છે. તેની સાથે ૧૫ નવા વાઈપર હેલિકોપ્ટરને સામેલ કરાયા છે. ઈસ્લામાબાદ રશિયામાંથી પણ એમઆઈ-૩૫ યુદ્ધવાહક હેલિકોપ્ટરનો સોદો કરવા જઈ રહ્યું છે. ભારત હવે રશિયાના આધુનિક હેલિકોપ્ટરો મેળવવા પ્રયાસ કરી રહ્યું છે. આ ઉપરાંત ૧૫ નવા લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર ૨૯૦૦ કરોડના ખર્ચે ખરીદ્યાનો સોદો કરાયો છે.

બુલંદશહર સામૂહિક બળાત્કાર ટિપ્પણી બદલ આઝમ ખાન બિનશરતી માફી માંગવા તૈયાર

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

ઉત્તર પ્રદેશમાં મંત્રી આઝમ ખાને જણાવ્યું છે કે, બુલંદશહર સામૂહિક બળાત્કાર ઘટના રાજકીય ષડયંત્ર હોવાની ટિપ્પણી કરી હતી એ બદલ હું પીડિતો પાસેથી બિનશરતી માફી માંગવા તૈયાર છું.

સુપ્રીમ કોર્ટની બેંચે આઝમ ખાનને જણાવ્યું કે, એમણે સોગંદનામું દાખલ કરી જણાવવું પડશે કે, મારો આશય પીડિતોને દુઃખ પહોંચાડવાનો ન હતો પણ જો એમની લાગણીઓ દુભાઈ હોય અને દુઃખ થયું હોય તો હું બિનશરતી માફી માંગું છું.

સુપ્રીમકોર્ટે આઝમખાનને જણાવ્યું કે, લોકશાહીના સ્થાપિત સિદ્ધાંતો મુજબ જાહેર સેવકને કોઈપણ ગુનાની તપાસ બાબતે ટિપ્પણી કરવાનો અધિકાર નથી. જો એમની સામેનો ગુનો હોય તો એ કરી શકે પણ બીજા ગુનાઓ માટે નહીં. સુપ્રીમકોર્ટે રાજ્ય સરકારને જણાવ્યું કે, સગીર છોકરીને કેન્દ્રીય શાળામાં પ્રવેશ આપવામાં આવે અને શિક્ષણનો ખર્ચ પણ રાજ્ય સરકારે ભોગવવું. ઓગસ્ટ મહિનામાં પીડિત સગીર છોકરીએ સુપ્રીમકોર્ટમાં અરજી કરી માગણી કરી હતી કે, આઝમખાનની સામે એમણે કરેલ ટિપ્પણી બદલ એફઆઈઆર દાખલ કરવામાં આવે. છોકરીએ પોતાની સુરક્ષાની પણ માગણી કરી હતી. ૮મી નવેમ્બરે સુપ્રીમકોર્ટે ખાનને આ બાબતે પોતાનું મંતવ્ય સ્પષ્ટ કરવા જણાવ્યું અને ૧૭મી તારીખ સુધી સોગંદનામું દાખલ કરવા જણાવ્યું.

દિલ્હી : ૧૦૦ના બંડલની ૭૦ લાખની રોકડ સાથે ડોક્ટરની અટકાયત

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

નોટબંધી બાદ રૂપિયા બદલાવવા અને કાળા નાણાંને ઠેકાણે પહોંચાડવા અફરાતફરી મચી છે. દિલ્હીના પહાણંજ વિસ્તારમાંથી પોલીસે ૬૯ લાખ ૮૬ હજાર રૂપિયા સાથે ડોક્ટરની અટકાયત કરી હતી. રકમની તમામ નોટ ૧૦૦ની હતી. બાળરોગના ડોક્ટર દિલીપ લનાનીની કારમાંથી ૧૦૦-૧૦૦ના બંડલની ૬૯,૮૬,૦૦૦ રોકડ મળી આવી હતી. પોલીસે પૂછપરછ કરતા તે રૂપિયા પોતાના બિઝનેસમેન મિત્રે આપ્યા હોવાનું જણાવ્યું હતું. પોલીસે આ અંગે આવકવેરા વિભાગને જાણ કરી હતી. આવકવેરા વિભાગે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

રોહતક : ત્રણ દિવસ સુધી સતત કામ કરતાં બેંક મેનેજરનું ઓફિસમાં જ મૃત્યુ

(એજન્સી) ચંદીગઢ, તા.૧૭

હરિયાણામાં ૫૬ વર્ષીય વૃદ્ધ બેંક મેનેજરે ત્રણ દિવસ સુધી સતત હજારો ગ્રાહકોને નાણા બદલી આપવા બાદ હાર્ટઅટેક આવતા મૃત્યુ પામ્યો હતો. રોહતક કો.ઓપરેટીવ બેંકના મેનેજર રાજેશકુમાર બુધવાર સવારે તેમની ચેમ્બરમાંથી મૃત હાલતમાં મળી આવ્યા હતા. ત્રણ રાત સુધી સતત ઓફિસમાં જ કામ કરવાથી કામનો બોજ વધી જવાથી મોત થયું હતું. ૮ નવેમ્બરથી ૫૦૦ અને ૧૦૦૦ની નોટો રદ કરાતા બેંકો અને એટીએમમાં નોટ બદલાવવા માટે લાઈનો લાગી હતી. જેથી કામનો બોજો વધી જતાં કુમાર છેલ્લા ત્રણ દિવસથી ઓફિસમાં જ સૂઈ જતા હતા. તેઓ હૃદયરોગના દર્દી હોવાથી હાર્ટઅટેક આવ્યો હતો.

હૈદરાબાદ : ભિખારી રૂ.૫૦ લાખની જૂની નોટો બદલાવવા આવતાં બેંક અધિકારીઓ દિગ્મૂઢ !!

યોગ્ય દસ્તાવેજો ન હોવાને કારણે બેંકે રૂપિયા બદલાવ્યા વગર હાંકી કાઢ્યો

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૭

હૈદરાબાદના વિકારાબાદ ખાતે આવેલી એક બેંકના અધિકારીઓ ત્યારે આશ્ચર્યમાં મૂકાઈ ગયા જ્યારે એક ભિખારી ૫૦ લાખ રૂ.ની જૂની નોટો બદલાવા આવી ચડ્યો. બેંકના અધિકારીઓ જ્યારે એની પાસે પાનકાર્ડ માંગ્યું ત્યારે એણે તરત રજૂ કરી દીધું. એટલે બેંક અધિકારીઓએ તેને આવી જંગી આવકનો સ્રોત પૂછતાં તેને જવાબ આપ્યો કે તેના સંબંધીઓ બધા ભીખ માંગે છે અને તેનાથી આ સંપત્તિ ભેગી કરી છે તેણે વધુમાં જણાવ્યું કે, તાજેતરમાં જ તેણે બે એકર જમીન વેચી છે. જો કે, તે આ અંગેના દસ્તાવેજો રજૂ ન કરી શકતા બેંક અધિકારીઓએ તેને કાઢી મૂક્યો હતો.

ફારૂક અબ્દુલ્લાએ સંઘના પ્રમુખ મોહન ભાગવત પર નિશાન તાક્યું

(એજન્સી) શ્રીનગર, તા.૧૭

જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી અને નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ ફારૂક અબ્દુલ્લાએ સંઘ પરિવારના પ્રમુખ મોહન ભાગવતના નિવેદન ''ભારત હિન્દુ રાષ્ટ્ર છે'' પર નિશાન તાક્યું હતું. શ્રીનગરમાં પક્ષના કાર્યકરોને સંબોધતા અબ્દુલ્લાએ જણાવ્યું હતું કે ''જો ભાગવત કહે છે કે ભારત હિન્દુ રાષ્ટ્ર છે તો હું કહેવા માંગુ છું કે કાશ્મીર ભારતનો ભાગ રહેશે નહી. કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે. જ્યાં દરેક ધર્મને સમાન અધિકારો આપવામાં આવ્યા છે. તદુપરાંત અબ્દુલ્લાએ બંધારણ વિરૂધ્ધ બોલનાર ભાગવત વિરૂધ્ધ કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

નોટબંધીને કારણે વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો

નવી દિલ્હી તા. ૧૭

સરકાર દ્વારા ૫૦૦ અને ૧૦૦૦ ની જુની નોટોને ચલણમાં રદ કર્યા પછી નોટબંધીની સૌથી વધારે અસર વિદેશી પ્રવાસીઓ પર પડી છે. નોટબંધીને કારણે ભારત આવતાં વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. ટ્રાવેલ એજન્ટ ફેડરેશન ઓફ ઈન્ડીયાના ઈસ્ટન રિજિયનના ચેરમેન અનીલ પંજાબીએ કહ્યું કે ૯ નવેમ્બર પછી મને લગાતાર ફોન કરવામાં આવી રહ્યાં છે અને વિદેશી પ્રવાસીઓ તેમના વતનમાં પરત ફરવા ઈચ્છુક છે. નોટબંધીને કારણે વિદેશી પ્રવાસીઓને તેમના ચલણને ભારતીય રૂપિયામાં ફેરવી નાખવામાં મુશ્કેલી પડી રહી છે તેથી તેઓ તેમનું બુકિંગ કેન્સલ કરાવીને સ્વદેશ ફરત પરવા ઈચ્છુક છે. પંજાબીએ કહ્યું કે વિદેશી પ્રવાસીઓ પાસે આધાર કાર્ડ, પાન કાર્ડ કે બીજા કોઈ સાબિત ન હોવાથી તેઓ પૈસા બદલવા માટે બેન્કોમાં પણ જઈ શકતા નથી. તેથી તેઓ એજન્ટ પર મદાર રાખતાં હોય છે. તેમણે કહ્યું કે વિદેશીઓ મને ફોન કરીને રોકડ રકમની તંગી અંગે ફરિયાદ કરી રહ્યાં છે. વિદેશી એક્ષચેન્જ સેન્ટરોમા પર્યાપ્ત રોકડ રકમન અભાવ હોવાથી તેમને ખૂબ પરેશાની વેઠવી પડી રહી હોવાનું પણ ટ્રાવેલ એજન્ટે જણાવ્યું હતું.

વહેલી સવારથી લાઈનમાં ઊભા રહી કંટાળેલી પ્રજાનો આક્રોશ ચરમસીમાએ

બેન્કોમાંથી પાછલા બારણે નોટ ભરેલા થેલાઓની અદલા- બદલી જ્યારે સામાન્ય પ્રજાને બે હજારના ફાંફાં

અમુક બેન્કોમાં ગ્રાહકો માટે સુંદર વ્યવસ્થા જ્યારે અમુક બેન્કોમાં વ્યવસ્થાના અભાવે ગ્રાહકોમાં ઉગ્ર રોષ : પ્રજાનો આક્રોશ : જો સરકારને ખરેખર પ્રજાની પીડા સમજાતી હોય તો પ્રજાના પરસેવાની કમાણીના નાણાં લેવા પડતી મુશ્કેલીથી છૂટકારો અપાવે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૧૭

દેશમાંથી રદ કરાયેલી ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટોના મામલે કેન્દ્ર સરકાર કે ભાજપના નેતાઓ ભલે સબ સલામતની ગુલબાંગો પોકારતા હોય પરંતુ પરિસ્થિતિ ખૂબ જ ગંભીર છે એક એક રૂપિયા માટે લોકો મોહતાજ થઈ ગયા છે. મોટા કૌભાંડીઓ અને ભ્રષ્ટાચારીઓ બેન્કોમાં પાછલા બારણેથી થેલા ભરી ભરીને નોટોની અદલા-બદલી કરે છે જ્યારે સામાન્ય પ્રજાને રૂા.૨ હજારથી સંતોષ માનવો પડે છે. આવી નાજૂક પરિસ્થિતિમાં કેટલીક બેન્કોએ માનવતાવાદી અભિગમ દાખવવી ગ્રાહકો માટે સુવિધા ઉભી કરી છે જ્યારે કેટલીક બેન્કોએ જાણે ગ્રાહકોની પડી જ ન હોય તેમ ઉડાઉ જવાબ આપવા, પુરતા નાણાં ન આપવા, સમય કરતા વહેલા બેન્ક બંધ કરી દેવી, ગ્રાહકો માટે કોઈ વ્યવસ્થા ન કરવી જેવી ભૂમો ઉઠવા પામી છે. છેલ્લા એક સપ્તાહથી આખા દેશના ગરીબ અને મધ્યમવર્ગના લોકોને બીજુ કાંઈ કામ જ કરવાનું બાકી ન રહ્યું હોય તેમ વહેલી સવારથી જ બેન્કોની લાઈનમાં ઉભા રહી જાય છે. પતિ, પત્ની, બાળકો, ઘરમાં જે હાજર હોય તે વારાફરતી લાઈનમાં ઉભા રહી સાંજ પડે બે-ચાર હજાર રૂપિયા લઈ પાછા આવે છે. જ્યાં જુઓ ત્યાં પણ દહેશત, અરાજકતા અંધાધૂંધી જેવો માહોલ સર્જાયો છે.

જો કે બેન્કોમાં જે લાઈન જોવા મળે છે તે મોટા ભાગે ગરીબ મધ્યમવર્ગ અને નોકરિયાતોની છે. જ્યારે મોટા માથાઓ, કૌભાંડીઓ, કાળાબજારિયાઓ, ભ્રષ્ટાચારીઓને તો આવા કટોકટીના માહોલમાંય ઘી-કેળા થઈ રહયા છે. તેઓ બેન્કોમાં પાછલા બારણે નોટોના થેલા ભરીને જાય છે અને નવી નોટો લઈ બહાર આવે છે. સોશિયલ મીડિયામાં આ અંગેના ફોટા અને વીડિયો પણ વાયરલ થઈ રહયા છે. તેમ છતાં ઈલેક્ટ્રોનિક અને પ્રીન્ટ મીડિયાએ જાણે આંખે પાટા બાંધી લીધા હોય તેમ કશું દેખાતું જ નથી.

બેન્કોમાં કરાયેલી વ્યવસ્થાની વાત કરીએ તો કેટલીક બેન્કોએ માનવતાવાદી અભિગમ અપનાવી નોટ લેવા કે નોટ બદલવા બેન્કોમાં આવતા ગ્રાહકો માટે ખાસ વ્યવસ્થા કરી છે. દાણીલીમડાના એક બેન્ક ગ્રાહક યુનુસભાઈએ જણાવ્યું હતું કે કાંકરિયા રોડ પર આવેલી આઈઓબીમાં ખૂબ જ સારી વ્યવસ્થા કરવામાં આવી છે. સિનિયર સિટિઝન, બેન્કના ખાતેદારો અને ખાતુ નહીં ધરાવતા લોકો માટે અલગ અલગ લાઈન બનાવી લોકોને નાણાં આપી રહયા છે. ઉપરાંત જે લોકોને સ્લીપ ભરવામાં તકલીફ પડતી હોય તે માટે માણસની વ્યવસ્થા કરી છે. સિકયુરિટીની વ્યવસ્થા પણ ખૂબ જ સારી હોવાથી લોકોને તકલીફ પડતી જ નથી. બીજી તરફ અમદાવાદના જમાલપુર ચાર રસ્તા વિસ્તારમાં આવેલી દેના બેન્ક અને એસબીઆઈમાં તો પરિસ્થિતિ એટલી નાજૂક હોય છે કે કેટલાક લોકોને સવારથી ઉભા હોવા છતાં સાંજ સુધી નાણાં મળી શકતા નથી. બે બેન્કો એક જ માળ પર હોવાથી બંનેની લાઈન એક જ હોય છે. આથી અડધા કિલોમીટર જેટલી લાંબી લાઈન લાગે છે. તેમ છતાં ગ્રાહકો માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવતી નથી. જ્યારે વચેટિયાઓ, મળતિયાઓ અને લાગવગ ધરાવતા લોકોને સહેલાઈથી બેન્કમાં પ્રવેશ મળી જાય છે. સિનિયર સિટિઝનો માટે પણ કોઈ જ વ્યવસ્થા કરવામાં આવી નથી.

આ તો બે બેન્કના જ ઉદાહરણ આપવામાં આવ્યા છે. પરંતુ આવી સારી અને નરસી પરિસ્થિતિ બધે જ જોવા મળે છે. ત્યારે જો કેન્દ્ર સરકાર અને ભાજપના નેતાઓ ખરેખર પ્રજાલક્ષી નિર્ણય ગણાવતા હોય તો પ્રજાને ઓછામાં ઓછી તકલીફ થાય તેવી બેન્કોને સુચના આપવી જોઈએ અને પૂરતા નાણાંની વ્યવસ્થા કરે જેથી લોકો પોતાના પરસેવાની કમાઈના નાણાં પોતાના જ ખાતામાંથી સહેલાઈથી અને જોઈએ તેટલા ઉપાડી શકે.

ગુજરાતના સદા ધમધમતા આર્થિક પાટનગર અમદાવાદ સૂમસામ, જનજીવન ઠપ્પ

ચલણી નોટો બદલવાની અને નવી નોટો મેળવવાની પળોજણમાં ધંધા-રોજગાર ઠપ્પ થઈ ગયા છે. લોકો નોકરી ધંધા છોડી સવારથી બેંકોની લાઈનમાં ઊભા રહે છે. પરિણામે રસ્તાઓ અને બજારો વાહનવ્યવહાર અને ગ્રાહકોની અવરજવર વિના સુમસામ ભાસી રહ્યા છે. ગુજરાતના સદા ધમધમતા આર્થિક પાટનગર અહમદઆબાદમાં પણ જનજીવન ઠપ્પ થઈ ગયું છે. પરિણામે રસ્તાઓ સુમસામ અને બેંકોમાં લાંબી કતારો જોવા મળે છે.

મળતિયાનું કામ એક ઝાટકે થઈ જાય છે

પૈસાની લાઈનમાં ઊભા રહેવા કરતાં ભીખ માંગવી સારી કહી વૃદ્ધા રડી પડયાં

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૭

નોટ પ્રતિબંધથી કેન્દ્ર સરકારે જાણે અડધી જંગ જીતી ગઈ હોય તેવી રીતે તેના મંત્રીઓ જશ ખાટવા જાહેરમાં ભાષણ કરે છે. હાડમારી, મુશ્કેલીઓ, કલાકો લાઈનમાં ઊભા રહેવાથી વેઠવી પડતી તકલીફ એ માત્ર સામાન્ય પ્રજા માટે જ છે. કોઈપણ બેંક કે પોસ્ટ ઓફિસની લાઈનમાં અત્યારસુધી કોઈ મંત્રીઓ નથી દેખાયા, બેંકમાં ઓળખાણ ધરાવતા, બંદોબસ્તમાં ઊભેલી પોલીસ તેમજ મંત્રીઓના પ્રિય તથા બિલ્ડરો સાથે સારી સાંઠ-ગાંઠ ધરાવતા લોકોનું કામ અંદરો-અંદર થઈ જાય છે. જ્યારે માત્રને માત્ર ગરીબ પ્રજાને વેઠવાનો વારો આવતા લોકોમાં ધીરજ ખૂટી પડી છે. લાઈનમાં ઊભું રહેવું કરતાં ભીખ માંગવી સારી કહી વૃદ્ધા જાહેરમાં રડી પડી હતી. ૫૦૦ અને ૧૦૦૦ની નોટો પર પ્રતિબંધના નિર્ણયથી સામાન્ય અને ગરીબ લોકો દયનીય સ્થિતિમાં મૂકાયા છે. સવારે ત્રણ વાગ્યાથી પાણી વગર લાઈનમાં ઊભા રહેવાની ફરજ પાડતી કેન્દ્ર સરકારના મંત્રીઓ કેમ લાઈનમાં દેખા દેતાં નથી ? શું તેઓને પૈસાની જરૂર નથી કે નિર્ણય પહેલાંથી તેઓ પાસે નોટો પહોંચાડી દેવાઈ હતી ? અને હવે રોજનું લાવી ગુજરાન ચલાવતી ગરીબ પ્રજાને લાઈનમાં ઊભા રહેવાનો વારો આવ્યો છે. લાઈનોમાં ઊભા રહેલ એક વૃદ્ધાએ લાઈનમાં ઊભું રહેવું કરતાં ભીખ માંગવી સારી તેમ જણાવતા તેની આંખે પાણી આવી ગયું હતું. ઘરનું કામકાજ કોરાણે મૂકી પૈસા લેવાની લાઈનમાં ઊભેલા લોકોમાં ધીરજ ખૂટી પડી છે. ઠેર-ઠેર મારામારી અને ગાળાગાળીના દ્રશ્યો જોવા મળે છે. પ્રજાના આક્રોશ સામે પોલીસ પણ આત્મસમર્પણ કરી દે છે. ત્યારે બેંક કર્મચારીઓ સાથે સારી સાંઠ-ગાંઠ ધરાવતા, બંદોબસ્તમાં ઊભેલી પોલીસ, બિલ્ડરો સાથે સંબંધો, મંત્રીઓના પ્રિય લોકોનું કામ એક ઝાટકે થઈ જાય છે અને માત્ર સહન કરવાનો વારો સામાન્ય પ્રજાને જ કેમ આવે છે ? તેવા પ્રશ્નો લોકમોઢે ચર્ચાઈ રહ્યા છે.

અરવિંદ કેજરીવાલનો ગુજરાત પ્રવાસ મોકૂફ : મંત્રી સત્યેન્દ્ર જૈન આવશે

કેજરીવાલ રાત્રે આવે તેવા પ્રયત્નો : આપ

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનો ગુજરાત પ્રવાસ મોકૂફ રહયો છે. તેમની જગ્યાએ દિલ્હીના હેલ્થ અને પીડબલ્યુડી પ્રધાન સત્યેન્દ્ર જૈન આ કાર્યક્રમમાં મોરારીબાપુ સાથે હાજરી આપશે. અરવિંદ કેજરીવાલ ફરી એકવાર ગુજરાત આવવાના હતા જો કે અન્ય સભાને પગલે તેમનો આ કાર્યક્રમ મોકૂફ રહયો છે. અરવિંદ કેજરીવાલ ગુજરાતમાં મહુવા ખાતેની ડો. કનુ કલસરિયાની હોસ્પિટલમાં ઉદઘાટન કાર્યક્રમમાં મોરારી બાપુ સાથે હાજરી આપવાના હતા. ઉપરાંત સ્થાનિકો સાથે તેઓ બેઠક પણ યોજવાના હતા. આપના ગુલાબસિંહ યાદવે આ કાર્યક્રમની જાહેરાત દરમ્યાન પણ ભાજપ સરકાર પર આક્ષેપો કર્યા હતા. આમ આદમી પાર્ટી ગુજરાતના પ્રભારી ગુલાબસિંહે આજે જણાવ્યું કે, આઠ નવેમ્બરથી આખો દેશ કઈ રીતે પીડાઈ રહયો છે તે સૌ જાણે છે અતયાર સુધીમાં વડાપ્રધાનના આ તઘલખી નિર્ણયના લીધે ૩૩ જેટલા લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે આ માત્ર મોત નથી આ હત્યા છે હું પૂછવા માગુ છું કે આ ૩૩ લોકોમાં કાળુનાણું કોની પાસે હતું ? આમ આદમી પાર્ટીએ જણાવ્યું હતું કે જનવિરોધી નિર્ણયો સામે આજે અરવિંદ કેજરીવાલ અને મમતા બેનર્જી દિલ્હીના આઝાદપુર મંડીમાં પહેલી મહત્વપૂર્ણ સભા કરવા જઈ રહયા છે. જેને પગલે કેજરીવાલના આજના ગુજરાત પ્રવાસને મોકૂફ કરવામાં આવ્યો છે તેમના સાંજે ૪ વાગ્યા બદલે આજે રાત્રે આવવાના પ્રયત્નો થઈ રહયા છે તેમની તરફથી દિલ્હીના હેલ્થ અને પીડબ્લ્યુડી પ્રધાન સત્યેન્દ્ર જૈન સાંજે ૪ કલાકે અમદાવાદ એરપોર્ટ પહોંચશે અને ત્યાંથી મહુવા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

સરકારના અન્ય લેણાંની જેમ રૂા.૫૦૦-૧૦૦૦ની નોટ ચાલશે

હવે સ્ટેમ્પ ડયુટી, જમીન પ્રિમિયમ સહિતના મહેસૂલી વેરા પણ ભરી શકાશે

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૭

રૂા.૫૦૦ અને ૧૦૦૦ના દરની ચલણી નોટો બંધ થવાને પગલે લોકોને પડતી હાડમારી અને એમના કારણે ફેલાઈ રહેલો રોષ ઠાલવવા સરકાર દ્વારા પ્રયાસો કરાઈ રહ્યા છે. વિવિધ પ્રકારના વેરા પેનલ્ટી વગેરેમાં આ ચલણી નોટો સ્વીકારવાનું ચાલુ રાખવાના નિર્ણય બાદ હવે સરકાર દ્વારા સ્ટેમ્પ ડયુટી, આકારણી સહિતના મહેસૂલી વેરા, જમીનના પ્રિમિયમ વગેરેમાં પણ રૂા.૫૦૦-૧૦૦૦ની જૂની નોટો સ્વીકારવાનો નિર્ણય કર્યો છે. આમ મોટાભાગના તમામ પ્રકારના સરકાર પંચાયત-પાલિકાના લેણાં ભરવામાં જૂની નોટો તા.૨૪ નવેમ્બર સુધી ચાલશે. તા.૮મીની રાત્રે વડાપ્રધાન મોદીએ એકાએક રૂા.૫૦૦-૧૦૦૦ની દરની નોટો ચલણમાંથી રદ કરવાની જાહેરાત કરતાં તેને પગલે પ્રજાજનોની રઝળપાટ શરૂ થઈ જવા પામી હતી. બેંકો અને એટીએમ વગેરેના ધરમ-ધક્કા ખાતી પ્રજાની હાડમારી વધતા રોષની લાગણી ફેલાવવા પામી છે. ત્યારે હવે સરકાર તરફથી પ્રજાની હાડમારી ઓછી કરવા કેન્દ્ર સરકાર, રિઝર્વ બેંક વગેરેમાં રજૂઆતો કરવા સાથે સઘન વ્યવસ્થા સહિતના વિવિધ નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. અગાઉ લાઈટ બિલ, મ્યુનિ. તથા પંચાયતના વેરા વગેરેમાં જૂની ૫૦૦-૧૦૦૦ની નોટો સ્વીકારવાનો નિર્ણય લીધા બાદ હવે પ્રજાની સરળતા માટે તથા તેમની જૂની નોટો ઉપયોગમાં આવી જાય તેવો આશયે વધુ એક નિર્ણય લીધો છે. સ્ટેમ્પ ફી અંગે સામાન્ય નાગરિકને તેની ચૂકવણીમાં કોઈ જ મુશ્કેલી ન પડે તે માટે ભારત સરકારના નિર્ણયના પગલે રાજય સરકારે પણ મહત્વનો નિર્ણય લઈ અલગ-અલગ પ્રકારના વેરાઓ રૂા.૫૦૦ તથા રૂા.૧૦૦૦ની જૂની ચલણી નોટ જમા કરાવીને સામાન્ય નાગરિક વેરાઓ ભરી શકશે તેવા આદેશ કર્યા હોવાનું મહેસૂલ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે. રાજય સરકારના વિવિધ વેરાઓ જેવા કે પાણીવેરો, વીજળીના બિલો, બીન ખેતી ઉપરની આકારણી જેવા મહેસૂલી લેણાં, શિક્ષણ ઉપર લોકલ ફંડ, સેસ, પ્રિમિયમની રકમ, સ્ટેમ્પ ડયુટીની રકમ, અલગ-અલગ દંડની રકમ આવી વિવિધ પ્રકારની સરકારની લેણી થયેલી રકમ ૨૪, નવેમ્બર સુધી નાગરિકો જેતે કચેરીમાં જૂની નોટો દ્વારા ચૂકવણી કરી શકશે તેમ વધુમાં જણાવાયું છે.

શરિયતના કાયદામાં હસ્તક્ષેપના વિરોધમાં

ભૂજમાં મુસ્લિમ મહિલાઓની નીકળેલી વિશાળ રેલી : મુસ્લિમ પર્સનલ લો બોર્ડને સમર્થન

મુસ્લિમોની ધાર્મિક સ્વતંત્રતા ન છીનવી લેવા અનુરોધ : કચ્છ કલેક્ટરને આવેદન

ભૂજ,તા.૧૬

કેન્દ્ર સરકાર દ્વારા ત્રણ તલાક અને બહુપત્નીત્વ મુદ્દે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું કરાતા તેના દેશભરના મુસ્લિમ સમાજમાં ઘેરા પડઘા અને પ્રત્યાઘાત પડયા છે અને રોજ બરોજ રેલીઓ, આવેદનપત્રો, ધરણા યોજવાનો સિલસિલો જારી છે. જેમાં આજરોજ મુસ્લિમ મહિલાઓ દ્વારા વિશાળ રેલી કાઢી કચ્છ કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અખીલ કચ્છ સુન્ની મુસ્લિમ હિત રક્ષક સમિતિના પ્રમુખ હાજી જુમા રાયમાએ જણાવેલ કે, જેમ મુસ્લિમ પર્સનલ લો બોર્ડ છે. તેમ ભારતમાં હિન્દુ પર્સનલ લો બોર્ડ, પારસી પર્સનલ લો બોર્ડ, શીખ પર્સનલ લો બોર્ડ, ઈસાઈ પર્સનલ લો બોર્ડ પણ અસ્તીત્વમાં છે. અને ભારતના બંધારણ પ્રમાણે પણ દરેક ધર્મ અને સંપ્રદાયના લોકોને પોત-પોતાની ધાર્મિક માન્યતા પ્રમાણે રીવાજો લગ્ન મરણ કે અને પ્રસંગો ઉજવવાની છૂટ આપવામાં આવી છે અને મુસ્લિમ પર્સનલ લો બોર્ડ ભારતના બંધારણને આધીન છે. ક્યા પણ એક પણ એવો કાનૂન નથી જે બંધારણ સામે ટકરાવમાં હોય તો પછી તેને બદલવો શું કામ જોઈએ. ભારતમાં ૯૯.૯૯ ટકા લોકો મુસ્લિમ પર્સનલ લો બોર્ડનું સમર્થન કરે છે ફક્ત ભાજપની ઊભી કરવામાં આવેલી ૨ થી ૩ મહિલાઓના રીટના આધારે સમગ્ર મુસ્લિમ સમાજને પરેશાન કરવામાં ન આવે વર્તમાન કેન્દ્ર સરકાર દ્વારા મુસ્લિમ મહિલાઓને લિંગ ભેદ દ્વારા થતા અન્યાયથી બચાવવાના ઓઠા હેઠળ ઈસ્લામી શરિયત (મુસ્લિમ પર્સનલ લો)માં હસ્તક્ષેપ થઈ રહ્યો છે. સમગ્ર ભારતમાંથી ભાજપ સરકાર દ્વારા પોતાની ઊભી કરાયેલી ગણતરીની મુસ્લિમોના ખભા ઉપર બંદૂક રાખી નિકાહ, તલાક, હલાલા વગેરેને શરઈ (ધાર્મિક) કાયદાઓ બદલવાની પૈરવી થઈ રહી છે. એન.ડી.એ. સરકારની આ છુપી હિલચાલનો દેશની તમામ મસ્લકની મુસ્લિમ બહેનો બહિષ્કાર કરી રહી છે. ફક્ત કચ્છ જિલ્લામાંથી આશરે એક લાખ જેટલી મુસ્લિમ બહેનોએ સરકારની આ હિલચાલના વિરોધમાં સહીઓ કરી છે અને તેમને ઈસ્લામી શરિયતના કાયદા જ મંજૂર છે અને સમાન નાગરિક ધારાનો વિરોધ કરે છે તેવું કબૂલાતનામું આપ્યું છે.

ઈસ્લામી શરિયતમાં બદલાવ વિશ્વભરના મુસ્લિમો બદલાવી શકે તેમ નથી તો એકાદ-બે ડઝન મુસ્લિમ મહિલાઓને હાથા બનાવી ભારતમાં વસતા તમામ મુસલમાનોની ધાર્મિક સ્વતંત્રતા ન છીનવી લેવામાં આવે તેવી આપની સમક્ષ અમારી માંગ છે.

આ પ્રસંગે અન્ય મુસ્લિમ આગેવાનો મહમદ આગરીયા, મુસ્તાક હીંગોરની, અમીર અલી લોઢીયા, ફકીર મામદ કુંભરી, ગની કુંભાર, હૈદરશા સૈયદ, ઈકબાલ મેઘરા, રજાક ચાકી, નુરમામદ રાયમા, સલીમ રાયમા, કાસમ સમા, મહમદ લાખા વગેરે આગેવાનો હાજર રહેલ. કાર્યક્રમને સફળ બનાવવા ભૂજના તમામ મહિલા આગેવાનો સહિત આયસુબેન સમાએ જહેમત ઉઠાવેલ. આ પ્રસંગે મરીયમબેન, નઝમાબેન વગેરે હાજર રહેલ.

‘ગુજરાત ટુડે’ની અપીલના પડઘા ગુજરાતના ગામે ગામમાં ગૂંજ્યા

સમાજે એક થઈ લડી લેવા આદરી તૈયારી

સમગ્ર ગુજરાતના મુસ્લિમ સમાજની ફિરકા, મસ્લક અને વાળાબંધી દરકિનાર કરી બંધારણીય અધિકારની રક્ષા માટે સમાજ એક જૂથ થઈ પોતાનો અવાજ બુલંદ કરે અને પર્સનલ લોનું રક્ષણ કરે : મઝહબી રેહનુમાઓ તથા સામાજિક અને રાજકીય આગેવાનો લોક જાગૃતિ માટે પ્રયત્ન કરે. ભાગ-૨૯

રાજયભરમાં ગામ-શહેરી કસ્બાના મહેસૂલી સેજા જાહેર કરાયા

તલાટીઓને હવે મહેસૂલી દિશા સૂચન સાથે વિસ્તારોમાં કામ કરવું પડશે

તલાટીઓની મહેસૂલી સેજા (કાર્યક્ષેત્ર)ના મુખ્યમથકે હાજરી જરૂરી

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૭

ગ્રામ્ય કક્ષાથી માંડીને શહેરી કસ્બા વિસ્તારોમાં વિકાસના કામોની સાથે સાથે લોકોની જરૂરિયાતોના વિવિધ મહેસૂલી પ્રશ્નોનું ઝડપી નિરાકરણ આવી શકે તે માટે સરકાર દ્વારા સમગ્ર રાજયમાં તલાટીઓને કામ કરવા માટેના મહેસૂલી સેજાઓ (કાર્યક્ષેત્ર) જાહેર કરવામાં આવ્યા છે. હવે તલાટીઓએ આ સેજાના મુખ્ય મથકમાં હાજર રહી લોકોના પ્રશ્નોનું તાકીદે નિરાકરણ લાવવાનું રહેશે.

ગ્રામ કક્ષાએ સતત વધતા જતા વિકાસ અને નાગરિકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને મહેસૂલી વહીવટને વધુ અસરકારક બનાવવા તેમજ મહેસૂલ ખાતાને લગતા પ્રજાલક્ષી પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવવા મહેસૂલી તલાટીઓની અલગ કેડર દ્વારા આ ગામોના વહીવટ માટે મહેસૂલી સેજાઓ જાહેર કરી (તલાટીનું કાર્યક્ષેત્ર) રાજય સરકારે આરંભ કર્યો છે. મહેસૂલ વિભાગે ગ્રામ કક્ષાના ૩૯૫૪ અને શહેરી કસ્બાના ૫૪૩ સેજા મળીને કુલ ૪૪૯૭ મહેસૂલી સેજાઓ તા.૨૮-૧૦-૨૦૧૬ના પરિપત્રથી જાહેર કર્યા છે. મહેસૂલ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે, મહેસૂલી તલાટીઓ મંજૂર કરેલ સેજાના મુખ્ય મથકમાં હાજર રહીને જે તે પ્રશ્નના નિરાકરણ માટે મહેસૂલ વિભાગ દ્વારા નક્કી કરાયેલ દિશાસૂચન મુજબ કામગીરી કરીને ગ્રામીણ જનતાના પ્રશ્નોનું નિરાકરણ લાવવાનું રહેશે.

મહેસૂલી તલાટીઓને મહેસૂલી સેજાના મુખ્ય મથકે ઉપસ્થિત રહી કરવાની થતી કામગીરીમાં સોમવારથી બુધવાર સુધી સેજાના મુખ્યમથકની કચેરીમાં હાજરી આપવા તથા આ દિવસોમાં જિલ્લાના મહેસૂલી તંત્ર હસ્તકની તમામ કચેરીઓએ કોઈપણ પ્રકારની મિટીંગને બોલાવવા તેમજ મામલતદારોએ પોતાની કચેરીમાં દર ગુરૂવારે મહેસુલ તલાટીની કામગીરીની સમીક્ષા કરવા ઉપરાંત તલાટીઓએ દર અઠવાડિયાના શુક્રવાર/શનિવારે પોતાના સેજાની ક્ષેત્રિય કામગીરીની સમીક્ષા કરવાની રહેશે. સંબંધિત સેજા તલાટીએ પોતાના કાર્યક્ષેત્રમાં આવતા ગામોની ઈ-ધરામાં પડેલ નોંધોની લેન્ડ રેવન્યુ કોડની કલમ :૧૩૫-ડીની નોટિસની સમયસર બજવણી કરી ઈ-ધરા કેન્દ્રમાં સમયસર પરત કરવાની રહેશે.

ત્રણ દિવસથી નાણાં લેવા ધક્કા ખાઈ ધીરજ ગુમાવનાર

નોટના વાંકે ગયો જાન : વાંકાનેરના યુવાને ધક્કાથી કંટાળી જીવન ટૂંકાવ્યુ

વાંકાનેર,તા.૧૭

બેન્કમાં છેલ્લા બે દિવસથી ચલણી નોટ મેળવવા ધકકા ખાતો વાંકાનેરના જોધપરનો મુસ્લિમ યુવાન ધીરજ ગુમાવી બેસતા રેલવે નીચે પડતું મૂકી આત્મહત્યા કરતા પત્ની, બે બાળકો અને બે ભાઈ નોધારા બની ગયા છે. બનાવની જાણ થતા જ મોરબી જી. પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન ગુલામભાઈ પરાસરા ધારાસભ્ય પીરઝાદા, યુનુસભાઈ શેરસિયા સહિતનાં મુસ્લિમ અગ્રણીઓ સરકારી દવાખાને પહોંચી ગયા હતા.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ૧૫ વર્ષ પહેલા પિતાની છત્રછાયા ગુમાવ્યા બાદ બે ભાઈઓ અને પોતાના પરિવારના ભરણ-પોષણની કપરી કામગીરીનો ભાર ઉપાડી પાણી વગરની ટૂંકી જમીન ધરાવતા ૩૭ વર્ષના યુવાનના પરિવારમાં પત્ની, ૧૫ વર્ષની દશમાં ધોરણમાં અભ્યાસ કરતી દીકરી અને ૧૦ વર્ષનો પુત્ર છે. ચાલુ વર્ષે નહિવત વરસાદના કારણે પાણી વગરની જમીન ઉપર પરિવારનું ગુજરાન ચલાવવું કઠીન પડી રહયું હતું. તેવા સંજોગોમાં સરકાર દ્વારા રૂા.૫૦૦ અને ૧૦૦૦ની નોટ પર પ્રતિબંધ મુકતા છેલ્લા બે-બે દિવસથી બેન્કમાં પૈસા માટે વાંકાનેર ધકકા ખાતો આ યુવાન ત્રીજા દિવસે ધીરજ ખોઈ ટ્રેનના પાટા ઉપર જઈ ટ્રેન નીચે પડતું મુકી આત્મહત્યા કરી લીધાની ઘટના સામે આવી છે. સ્વભાવે શાંત અને સ્વમાની એવા શેરસિયા ઈસ્માઈલ અમીભાઈ નામના મોમીન યુવાનને ઘરની પરિસ્થિતિની જાણ સગા સંબંધીઓમાં કરી નથી અને અચાનક આવા પગલાના કારણે જોધપર ગામ શોક મગ્ન બની ગયું છે.

નોટ પ્રતિબંધની અવળી અસર

બાંધકામ ઉદ્યોગ ઠપ્પ થતાં લાખો કડિયા-મજૂરો બેકાર

અમદાવાદ, તા.૧૭

કેન્દ્ર સરકાર દ્વારા મોટી નોટો પર મૂકાયેલા પ્રતિબંધની સૌથી માઠી અસર કડિયા અને મજૂરો પર પડી છે. નોટોના ચક્કરમાં બાંધકામ ઉદ્યોગ ઠપ્પ થઈ જતાં કડિયા મજૂરો સાવ નવરા થઈ ગયા છે. આથી તેમની આર્થિક સ્થિતિ ખૂબ જ કફોડી બની છે. અધૂરામાં તેમની પાસે જે થોડી ઘણી બચત પડી છે તે પણ બદલી શકતા ન હોવાથી તેમને ભૂખ્યા રહેવાનો વારો આવે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. મજૂર અધિકાર મંચના સેક્રેટરી રમેશ શ્રીવાસ્તવે જણાવ્યું છે કે શહેરના લગભગ બે લાખ કડિયા મજૂરોની રોજીરોટી નોટબંધીના ચક્કરમાં છીનવાઈ ગઈ છે. રોજીરોટી મેળવવા શહેરના ૮૦ નાકાઓ પર આવા કડિયા મજૂરો ઉભા રહે છે. પરંતુ નોટોના ચક્કરમાં બાંધકામ ઠપ્પ થઈ ગયું છે. તેમને મજુરી કામ મળવું બંધ થઈ ગયું છે. અમદાવાદમાં કામ કરવાવાળા કડિયા મજૂરોમાં મોટાભાગે આદિવાસી મજૂરો છે. જેઓ સાંજ પડે મજૂરી કરી ઘર આવે ત્યારે જ ઘરનો ચૂલો સળગે છે. આવા લોકો પાસે જે થોડી ઘણી બચત હતી તે પણ હાલ તેઓ બદલાવી શકતા નથી આથી આવા લોકો માટે સરકારે ખાસ વ્યવસ્થા કરવી જોઈએ. તેવી માંગ ઉઠવા પામી છે.

બેન્કમાં જમા થયેલ પેન્શન લેવા આવેલા

૮૦ વર્ષના જૈફ વૃદ્ધાએ કહ્યું, રૂા.૪૦૦૦થી હું ખાઈશ શું અને દવા ક્યાંથી આવશે ?

અમદાવાદ,તા.૧૭

પૈસા ઉપાડવાની લાઈનમાં ગરીબો, વૃધ્ધો, વિકલાંગો સહિત જરૂરિયાતમંદો ભૂખ્યા પેટે કલાકો ઉભા રહે છે. ૧૦ દિવસ થઈ ગયા હોવા છતાં નિભર તંત્ર તેઓની વેદના સમજતું નથી. એક રાષ્ટ્રીયકૃત બેન્કના મેનેજરે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે મારી સમક્ષ દરરોજ એવા બેથી ત્રણ લોકો પૈસાની ફરિયાદ લઈને આવે છે કે, તેઓને જોતા અને ફરિયાદ સાંભળતા પૈસા આપી દેવાનું મન થાય પણ અમે પણ સરકાર સાથે બંધાયેલા હોવાથી કશું કરી શકતા નથી. ૮૦ વર્ષના જૈફ વૃધ્ધા બેન્કમાં પેન્શન જમા થયું કે કેમ ? અને જો થયું હોય તો કેટલા પૈસા મળશે ? તેવો પ્રશ્ન કેશિયરને કર્યો હતો. કેશિયરે સામે જવાબ આપતા જણાવ્યું હતું માજી તમને માત્ર રૂા.૪૦૦૦ મળી શકે છે. જેથી વૃધ્ધાએ તરત જ ગળગળા અવાજમાં કહ્યું હું ખાઈશ શું અને દવા લાવીશ ક્યાંથી ? વૃધ્ધાનાં આ પ્રશ્નથી આસપાસ ઉભેલા લોકોમાં સહાનુભૂતિ જાગી હતી. પરંતુ બધા પૈસાની પળોજણમાં પડયા હોવાથી કોઈ ઈચ્છે તોય કોઈની મદદ કરી શકતું ન હોય તેવો ઘાટ સર્જાયો છે.

www.gujarattoday.in facebook.com/gujarattodaydaily twitter.com/gujarattoday Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : ઐયુબ અલીભાઈ પટેલ એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS